૪૫૪૭

સ્વાધ્યાય

પુસ્તક ૧૪
અંક ૩

અક્ષયતૃતીયા
વિ. સં. ૨૦૩૩



ચિત્રની સમજૂતી માટે જુઓ આ અંકમાં ડૉ. નવીનચંદ્ર આચાર્યનો લેખ

વઢવાણના વાઘેશ્વરી માતાના મન્દિરમાંથી મળેલી શૈવ પ્રતિમા

સ્વાધ્યાય
અને
સંશોધનનું
ત્રૈમાસિક

THE MAHARAJA SAYAJIRAO UNIVERSITY OF BARODA
सत्यं शिवं सुन्दरम्

સંપાદક
અરુણોદય ન. જાની
નિયામક,
પ્રાચ્યવિદ્યા મન્દિર,
વડોદરા

પ્રાચ્યવિદ્યા મન્દિર, મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય, વડોદરા

ચિત્ર ૫

અષ્ટભુજ વિષ્ણુ

[ચિત્રની સમજૂતી માટે જુઓ આ અંકમાં શ્રી વસંત પારેખનો લેખ]

સ્વાધ્યાય

અક્ષયતૃતીયા, વિ. સં. ૨૦૩૩ પુસ્તક ૧૪

એપ્રિલ, ૧૯૭૭ અંક ૩

સોલંકીયુગીન ઇતિહાસનાં કેટલાંક ઉપેક્ષિત પાત્રો

મધુસૂદન ઢાંકી

ગુજરાતના સોલંકીકાલીન ઇતિહાસ વિષે લખનારાઓએ કેટલીક વાર કોઈ કોઈ મહત્ત્વપૂર્ણ મૂળ સ્રોતોના અસ્તિત્વની તેમને જાણ નહીં હોવાને કારણે, કે લખતી વેળાએ આવાં સાધનો ધ્યાન બહાર રહી જવાથી યા અપૂરતી ગવેષણાને કારણે, કેટલાક મહત્ત્વના રાજપુરુષો વિષે કશું કહ્યું નથી, કે કોઈક કિસ્સામાં અલ્પમાત્ર જ ઇશારો કર્યો છે. સોલંકીયુગના ઇતિહાસાલેખનમાં અમુક અંશે ઉપેક્ષિત રહેલા આવાં ત્રણેક પાત્રો વિષે જે કંઈ માહિતી મળી શકે છે તે એમને ભવિષ્યના ગ્રંથોમાં સ્થાન મળે અને એમના વિષે યથોચિત નોંધ લેવાય તેવા આશયથી અહીં રજૂ કરીશું.

આ ત્રણ સંદર્ભગત પાત્રો ચૌલુક્યરાજ ભીમદેવ દ્વિતીય (ઈ. સ. ૧૧૭૮-૧૨૪૨)ના સમયમાં થયેલા રાજમાન્ય અને અધિકાર ભોગવતા રાજપુરુષો છે. એક છે દંડનાયક અભય, બીજા છે રાજપ્રધાન જગદેવ પ્રતિહાર અને ત્રીજા છે મહાપ્રતિહાર સોમરાજદેવ. ચર્ચારંભ કેટલીક સરળતા ખાતર સોમરાજથી કરીશું.

મહારાજ ભીમદેવ દ્વિતીયના સં. ૧૨૬૬; સિંહ સંવત ૯૬=ઈ. સ. ૧૨૧૦ના તામ્રપત્રમાં સુરાષ્ટ્રમંડલના મહાપ્રતિ [હાર] સોમરાજનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે.[1] પ્રસ્તુત સોમરાજ સંબંધમાં વિશેષ અન્વેષણ થયું નથી; પણ સંગીત-વિષયક અદ્યાવધિ અપ્રસિદ્ધ ગ્રંથ સઙ્ગીતરત્નાવલિના કર્તા સોમરાજદેવ અને આ મહાપ્રતિહાર સોમરાજ અભિન્ન જણાય છે. સંગીતરત્નાવલિકાર સુભટ સોમરાજ પ્રારંભે પોતે ચાપોત્કટવંશીય હોવાનું અને ચૌલુક્યનરેન્દ્રના 'વેત્તૃતિલક' (=પ્રતિહાર ચૂડામણિ) પદે હોવાનું જણાવે છે[2]: યથા :

> क्षोणिकल्पतरुः समीक सुभटचापोत्कटग्रामणीर्योगीन्द्रोनवचन्द्रनिर्मलगुणस्फूर्जत्कलानैपुण : ।
> श्रीचौलुक्यनरेन्द्रवेत्तृतिलकः श्रीसोमराजस्वयं विद्वन्मण्डलमण्डलाय तनुते सङ्गीतरत्नावलिम् ॥

---

૧ જુઓ, આચાર્ય ગિરજાશંકર વલ્લભજી, "ગુજરાતના ઐતિહાસિક લેખો", ભાગ ૨ જો, મુંબઈ, ૧૯૩૫, પૃ. ૯૭.

2 *Bharata Kośa,* Ed, M. Ramakrishna Kavi, Tirupati, 1951, p. 4,

આ પછી 'વાદ્યાધ્યાય'ને અંતે 'ચુલુકનૃપતિ' અને 'ચાપોત્કટ'નો ફરીને ઉલ્લેખ કરે છે:[3]

चुलुकनृपतिलक्ष्मीलुब्धसामन्तचक्रप्रबलबलपयोदव्रातसंवर्तवात: ।
अगणितगुणसंमत्स्वेन चापोत्कटानामधिकृततरतिहृद्यां वाद्यविद्यां ततान् ॥

સંદર્ભગત 'ચૌલુક્ય નૃપતિ' કોણ, તેની સ્પષ્ટતા ગ્રંથાન્તે પુષ્પિકામાં કરતાં તેને 'ચૌલુક્યચૂડામણિભીમનૃપ' કહે છે અને પોતાની ગજવિદ્યાના જ્ઞાતા (કે ગજશાળાના ઉપરી?) તરીકે પણ ઓળખાણ આપે છે:[4] યથા :

प्रत्यार्थन्मितिमालकालरजनीदो:स्तम्भबन्धाश्रय
श्रीसंरक्षणसौविद: परकरिस्कन्धच्छिदाकोविद: ।
य: पङ्गुं कुरुतेस्म राज्यमखिलं चौलुक्यचूडामणे:
श्रीमद् भीमनृपस्यनेन तदिदं द्वा:स्थेनशास्त्रकृतम् ॥

આ ભીમદેવ તે 'ભીમદેવ પ્રથમ' (ઈ. સ. ૧૦૨૨-૧૦૬૬) કે 'ભીમદેવ દ્વિતીય' (ઈ. સ. ૧૧૭૮-૧૨૪૦) તેનો ઉત્તર નીચે ટાંકેલ સંદર્ભમાં ગ્રંથકર્તા 'ગીતાધ્યાય'માં આપી રહે છે: ત્યાં ગ્રંથકર્તા પોતે અજયપાળના પ્રતિહાર જગદ્દેવનો પુત્ર હોવાનું જાહેર કરે છે:[5]

सततमजयपाल क्षोणिपालादिसेवासमधिगतगरिष्ठ: प्रतिहार्यप्रतिष्ठ: ।
सकलसुमनिदानं श्रीजगद्देवसूनुर्भूतिपरिणत कीर्त्तिर्गीतमुच्चैस्तवीति ॥

રાજા અજયપાલ (ઈ. સ. ૧૧૭૨-૧૧૭૫), બાલ મૂલરાજ અને ભીમદેવ દ્વિતીયનો પિતા એવં પુરોગામી હતો.

જગદ્દેવ વિષે વિશેષ કહેતાં સોમરાજ તેને 'હમ્મીર લક્ષ્મી હઠરણ'નું અભિધાન આપે છે. એને દઢ, પ્રૌઢ કૃપાણવાળો સંગ્રામવીર, ચાપોત્કટકુળ કમલ દીપક એવો ભીમનૃપનો પ્રતિહાર કહી, પોતે તેનો પુત્ર હોવાનું ફરીને જણાવે છે.[6]

आमीदहम्मीरलक्ष्मीहठहरणदृढप्रौढवल्गत्कृपाण:
संङ्ग्रामोरचापोत्कटकुलनलिनीखण्डचण्डांशुरुपी ।
द्वा: स्थ: श्रीभीमभर्तृर्नृपमुकुटमणि: श्रीजगद्देवनामा
तस्य श्री सोमराज: समजनि तनय: काश्यपीकल्पवृक्ष: ॥

"સંગીતરત્નાવલિ"નો રચનાકાળ સંગ્રહકર્તા કવિ રામચંદ્ર એક સ્થળે ઈ. સ. ૧૧૮૦ અસંદિગ્ધપણે જણાવે છે, તો બીજે સ્થળે પ્રસ્તુત ગ્રંથ ઈ. સ. ૧૨૦૦ના અરસામાં રચાયો હોવાનું કહે છે.[7] એટલું ખરું કે આ ગ્રંથ ભીમદેવની પ્રારંભિક કારકિર્દીના સમયમાં રચાયો હોવો

3 *Cf.* Kavi, p. 5
4 *Cf.* Kavi, p. 17
5 *Cf.* Kavi, p. 5
6 *Ibid.*
7 Kavi, pp. 4 & 17

જોઈએ અને ત્યારે સોમરાજ કવિ કહે છે તેમ, ગજશાળાનો પણ અધિપતિ હોય અને પછી ઈ.સ. ૧૨૧૦ પહેલાં તે સુરાષ્ટ્રમંડલમાં મહાપ્રતિહારરૂપે નિયુક્ત થયો હશે.

સોમરાજ-વિરચિત "સંગીતરત્નાવલિ" એ ભારતીય સંગીત-વિષયક સાહિત્યના ઉત્તમોત્તમ ગ્રંથોમાંનો એક છે. તેમાં પ્રથમ પ્રકરણમાં સંગીત વિષેની સામાન્ય વાત કર્યા બાદ બીજા પ્રકરણમાં સ્વર–ગ્રામ વિષે, ત્રીજામાં પ્રબન્ધગાન સંબંધી, ચોથામાં માર્ગી શૈલીનાં ૬ રાગ અને ૩૬ ભાષાઓ વિષે, પાંચમામાં દેશીરાગની ચર્ચા, છઠ્ઠામાં તાલ વિષય અને સાતમા–આઠમા–નવમા પ્રકરણમાં વાદ્ય વિષયની ચર્ચા કરેલી છે.[૮] સમાસયુક્ત પ્રાસાદિક સંસ્કૃતમાં રચાયેલ સોમરાજનો આ ગ્રંથ મારુ–ગુર્જર પરંપરાની એક બહુમૂલ્ય કૃતિ છે અને ગુજરાતના સાંસ્કૃતિક ઇતિહાસમાં પ્રતિહાર ચૂડામણિ સોમરાજદેવનું અને સોલંકીયુગનું આ એક મહાન યોગદાન છે, જેની નોંધ લેવાની ઘટે. નિજી યોગ્યતા ઉપરાંત તેનો પિતા જગદેવ, ભીમદેવના શાસનતંત્રમાં એક અગ્રણી અધિકારી હોઈ, તે કારણસર પણ સોમરાજને રાજકાજમાં ભાગ લેવાની તક અને સારાં સ્થાન મળ્યાં હશે. પોતાનો, પોતાના કુળનો અને પિતાનો પરિચય સોમરાજ સ્વોદ્ગાર દ્વારા કરાવતા હોઈ, તેની પ્રમાણભૂતતા એવં મૂલ્ય વિષે શંકાને કોઈ જ સ્થાન નથી.

સોમરાજપિતૃ જગદેવ પ્રતિહારના સંબંધમાં બે ધ્યાન ખેંચે તેવા પ્રસંગો આપણને સં. ૧૩૦૫=ઈ. સ. ૧૨૪૯નાં અરસામાં રચાયેલ, ખરતરગચ્છીય આચાર્ય જિનપતિસૂરિના શિષ્ય જિનપાલોપાધ્યાયની "ખરતરગચ્છ–બૃહત્ ગુર્વાવલિ (પૂર્વાર્ધ)"માંથી પ્રાપ્ત થાય છે, જે સમીપ-કાલિક લેખક દ્વારા નોંધાયેલ હોઈ, પૂર્ણતયા વિશ્વસ્ત છે. તેમાં જણાવ્યા અનુસાર,[૯] સં. ૧૨૪૪= ઈ.સ. ૧૧૮૮માં જિનપતિસૂરિ અણહિલવાડપાટણમાં આવેલા ત્યારે તેમણે સુપ્રસિદ્ધ કોટ્યધિપતિ ભાણ્ડશાલિક 'વશ્ય અભયકુમાર' (જેનો પ્રબંધોમાં 'વસાહ આભડ' નામે ઉલ્લેખ થયેલો છે) ને અજયમેરુ (અજમેર)ના સંઘને ઉજ્જયન્ત–શત્રુંજયતીર્થની યાત્રા કરવા માટે લેખિત રાજા-દેશ મેળવી આપવા સૂચન કરેલું, અને શ્રેષ્ઠીવર અભયે રાજપ્રધાન જગદેવને મળી, પ્રસ્તુત આદેશ મેળવી, અજમેરસંઘને તે ખાસ વાહક દ્વારા મોકલી આપેલો અને પછી સૂરીશ્વરે સંઘસહિત યાત્રા કર્યાનો ઉલ્લેખ છે.[૧૦]

બીજો પ્રસંગ છે આ યાત્રામાંથી પાછા વળતાં જિનપતિસૂરિના આશાપલ્લિમાં થયેલા રોકાણ સમયનો. તે વખતે સૂરીશ્વરને ત્યાં પ્રદ્યુમ્નાચાર્ય સાથે (ઉદયનવિહારની યતિ દ્વારા પ્રતિષ્ઠા વિધિયુક્ત ગણાય કે નહીં તે સંબંધમાં) વાદ થયેલો, જેમાં પ્રદ્યુમ્નાચાર્યનો પરાજય થતાં, તેમના અનુરાગી અને અનુયાયી દંડનાયક અભયે સપાદલક્ષના સંઘને રાજા ભીમદેવના નામથી આજ્ઞા આપી, આશાપલ્લિ છોડવા મનાઈ કરી, સંઘની છાવણી ફરતો સો સૈનિકોનો ઘેરો નાખી દીધો અને દરમિયાન માલવા તરફ ગુર્જર કટક સાથે ગયેલા જગદેવ પ્રતિહારને મારતે ઘોડે પત્ર મોકલી, સંઘને લૂંટી ગુજરાતનો ખજાનો તર કરવાની મંજૂરી માગી. ઉત્તરમાં કુપિત થયેલ જગદેવે લખી જણાવ્યું કે મેં મહામહેનતે પૃથ્વીરાજ સાથે સંધિ કરી છે: જો સપાદલક્ષના લોકો પર તમે હાથ નાખશો તો ગધેડાના ઉદરમાં સીવી દઇશ. આથી ચૌદ દિવસથી લાદેલો

8 Kavi, pp. 4–5

૯ સં. આચાર્ય જિનવિજય મુનિ, સિંઘી જૈન ગ્રન્થમાલા [ગ્રન્થાંક ૪૨], મુંબઈ, ૧૯૫૬.

૧૦ એજન, પૃ. ૩૪

ઘેરો ઉઠાવી, દંડનાયક અભયે સંઘને માનસહ વિદાય આપી.[૧૧] ગુર્વાવલિમાં આ ઘટના પછી સાલ સાથેની નોંધ સં. ૧૨૪૫=ઈ. સ. ૧૧૮૯ની મળતી હોઈ, પ્રસ્તુત પ્રસંગ સં. ૧૨૪૫ના પ્રારંભના માસમાં કયારેક બન્યો હશે. આ ઉલ્લેખોથી જગદેવ પ્રતિહારની સત્તા અને ઈ. સ. ૧૧૮૮-૮૯માં તેની વિદ્યમાનતાનું પ્રમાણ મળી રહે છે. બાલ મૂળરાજના સમયમાં ગુજરાત પર ચઢી આવેલ મોજ્જુદ્દીન સુલ્તાનના કટકને પરાજય આપવામાં ભાગ લીધો હોય, કે પછી સિંધના કોઈ અમીર (હમ્મીર) સાથેની લડાઈમાં ભાગ લીધો હોય તેમ જણાય છે. અને તેણે અજયપાળ તેમ જ ભીમદેવ બન્નેની સેવા કર્યાનું અને ભીમદેવના રાજ્યકાળના પ્રારંભિક વર્ષોમાં તો તે દંડનાયકને દબાવી શકે તેવા રાજપ્રધાનના મોટા હોદ્દા પર રહ્યો હોવાનું જણાય છે.

અહીં જે દંડનાયક અભયનો ઉલ્લેખ થયો છે તેના સંબંધમાં તપાસ કરતાં કેટલીક વધુ હકીકતો પ્રાપ્ત થાય છે. સં. ૧૨૪૮=ઈ. સ. ૧૧૯૨માં આશાપલ્લિમાં લખાયેલ "દશવૈકાલિક-ટીકા"ની તાડપત્રીય પ્રતની પ્રશસ્તિમાં તે કાળે દંડનાયક અભયડ હોવાનું જણાવ્યું છે:[૧૨] યથા :

संवत् १२४८ वर्षे श्रावण सुदि ९ सोमे ।
अद्येह आशापल्ल्यां दंड० श्री अभयड प्रतिपत्तौ
लघु दशवैकालिकटीका लिखिता ॥

આથી આગળ બની ગયેલ બનાવ પછીના ત્રીજે-ચોથે વર્ષે પણ તે આશાપલ્લી-કર્ણાવતીમાં જ દંડનાયક હોવાનું સિદ્ધ થાય છે, પ્રબંધોમાં અન્યત્ર 'દંડાધિપ અભય' અને 'દંડપતિ આભૂ'ના જે ઉલ્લેખો પ્રાપ્ત થાય છે તેમાં ઉદ્દેશિત 'અભય' વા 'આભૂ' અને આ આશાપલ્લિના દંડનાયક "અભય" કે 'અભયડ' એક જ વ્યક્તિ છે કે નહીં તે વિષે હવે વિચારીએ.

સોમપ્રભાચાર્યના "કુમારપાલપડિબોહો" (સં. ૧૨૪૧=ઈ. સ. ૧૧૮૫)માં તારંગા પરના કુમારપાળ નિર્મિત અજિતનાથના પ્રાસાદનું બાંધકામ જસદેવ (યશોદેવ)ના પુત્ર 'દંડાધિપ અભય' દ્વારાની (દેખરેખ નીચે) થયાનું કહ્યું છે.[૧૩] અજિતનાથ ચૈત્યની પ્રતિષ્ઠામિતી "વીરવંશાવલિ"માં સં. ૧૨૨૧=ઈ. સ. ૧૧૬૫ આપેલી છે, જે વિશ્વસનીય જણાય છે. પર્વતસ્થિત આ જબરા મેરુમંદિરના બાંધકામમાં દશેક વર્ષ તો સ્હેજે લાગી જાય તે હિસાબે ઓછામાં ઓછું ઈ. સ. ૧૧૫૬માં દંડનાયક અભય પોતાના પદ પર વિદ્યમાન હોવો જોઈએ. સવાલ એ છે કે કુમારપાળના સમયનો દંડાધિપ અભય શું ભીમદેવના સમયમાં, ઈ. સ. ૧૧૯૨ સુધી એ દંડનાયક પદે રહ્યો હતો? અજયપાળના સમયમાં તેની શું સ્થિતિ હતી? કુમારપાળના

---

૧૧ એજન, પૃ. ૪૩. દંડનાયક અભયદેવવાળી વાત અશોકકુમાર મજુમદારે અન્ય સંદર્ભમાં અને અન્ય પ્રયોજન અર્થે ઉલ્લેખ કર્યો છે. See *Chaulukyas of Gujarat*, Bombay, 1956, p. 141.

૧૨ સં. જિનવિજય મુનિ, 'જૈન પુસ્તક પ્રશસ્તિ સંગ્રહ', સિંઘી જૈન ગ્રન્થમાલા, (ગ્રન્થાંક ૧૮), મુંબઇ ૧૯૪૩, પૃ. ૧૧૩.

૧૩ तत्थ ममाएसणं अजिय-जिणिंदस्स मंदिरं तुंगं ।
दंडाहिव-अभएणं जसदेव-सुएणं निम्मवियं ॥

—કુમારપાલપ્રતિબોધ, प्र. ५, पृ. ४४३

(**Ed.** Muniraj Jinvijaya, G. O. S. No. 14, Baroda, 1920)

કપર્દી, આમ્રભટ્ટ અને પછીથી સામન્તસિંહ સરખા જૈન મંત્રીઓનો ઘાત કરાવનાર અને કુમારપાળે બાંધેલ કેટલાંયે જૈન મંદિરો તોડનાર અજયપાળ તારંગાના (કુમારપાલકારિત) જૈન મંદિરના બાંધકામ પર ધ્યાન રાખનારની શું વલે કરે તે પણ વિચારવું જોઈએ. મોટો સંભવ એ છે કે કુમારપાળનો દંડાધિપ અભય અને ભીમદેવનો દંડનાયક અભયડ એ બે ભિન્ન વ્યક્તિઓ હોવી જોઈએ.

આ બાબતમાં કંઈક પ્રમાણ આપણને જિનહર્ષગણિકૃત "વસ્તુપાલચરિત્ર" (સં. ૧૪૯૭=ઈ. સ. ૧૪૪૧)માંથી મળે છે. જિનહર્ષગણિના કથનાનુસાર મંત્રીશ્વર વસ્તુપાલના પિતા અશ્વરાજ કે આસરાજ પ્રાગ્વાટકુળના દંડપતિ આભૂની પુત્રી કુમારદેવીને પરણેલા.[૧૪] આ લગ્ન ઈ. સ. ૧૧૮૦ કે તે પછીના તરતના કાળમાં થયાં હોવાં જોઈએ. બીજા શબ્દોમાં વસ્તુપાલના માતામહ જૈન દંડપતિ આભૂનો સમય અને ભીમદેવના દંડનાયક જૈન અભયનો સમય લગભગ એક જ થાય છે. એક જ સમયે એક જ નામધારી બે દંડનાયકો હોવાનું ઓછું સંભવે છે. જિનહર્ષગણિ આભૂની પૂર્વજાવલિ સામંતસિંહ–શાંતિ–બ્રહ્મનાગ–નાગડપુત્ર–આભૂ એ રીતે આપે છે:[૧૫] પણ કુમારપાળના દંડનાયક અભયના પિતાનું નામ 'નાગડ' નહીં પણ 'જસદેવ' હતું: આથી દંડાધિપ અભય અને દંડપતિ આભૂ એ બન્ને ભિન્ન વ્યક્તિઓ હોવાનું સિદ્ધ થાય છે; પણ ભીમદેવના ઉપર ચર્ચિત દંડનાયક અભયડ અને જિનહર્ષ કથિત દંડપતિ આભૂનો સમય, આગળ કહ્યું તેમ, લગભગ એક જ હોઈ, તે બન્ને અભિન્ન હોવાનો ઘણો સંભવ છે.*

જગદેવ નામધારી પણ જ્ઞાતિએ શ્રીમાલી વણિક એવા એક દંડનાયક કુમારપાલના સમયમાં થયા હોવાનું ગિરનાર પરના સં. ૧૨૫૬=ઈ. સ ૧૨૦૦માં ભરાયેલ નંદીશ્વર દ્વીપના પટ્ટ પર કોરેલ લેખથી જણાય છે.[૧૬] પણ આ દંડનાયક જગદેવ પ્રસ્તુત પ્રતિહાર જગદેવથી કંઈક સમયની દૃષ્ટિએ અને વિશેષતયા નાત–જાત અને ધર્મથી[૧૭] ભિન્ન જણાય છે. આ જગદેવ દંડનાયક સાંપ્રત ઇતિહાસ લેખકોના ધ્યાન બહાર રહ્યા છે; તેમના વિષે પણ અન્વેષણ દ્વારા વિશેષ માહિતી પ્રાપ્ત કરવી જરૂરી છે.[૧૮]

---

૧૪ શ્રી શાંતિસૂરિ જૈન ગ્રંથમાળા, ગ્રંથાંક ૫, અમદાવાદ ૧૯૪૧, પ્રથમ પ્રસ્તાવ ૩૧-૩૨, પૃ. ૧.

૧૫ એજન.

* 'મંત્રીશ આભૂ'એ થારાપદ્રપુરથી સંઘપતિ બની ગિરનાર-શત્રુંજયની યાત્રા કર્યાનો ઉલ્લેખ સોમધર્મગણિકૃત 'ઉપદેશસપ્તતિકા' (સં. ૧૫૦૩=ઈ. સ. ૧૪૪૭)માં આવે છે: (સં. અમૃતલાલ મોહનલાલ, અમદાવાદ, વિ. સં. ૧૯૯૮, પૃ. ૪૩); પણ આ 'મંત્રીશ આભૂ' તે કુમારપાળવાળા દંડનાયક અભયડ કે ભીમદેવવાળા દંડાધિપ આભૂ, કે અન્ય કોઈ તેનો નિર્ણય થઈ શકતો નથી.

૧૬ સં. આચાર્ય ગિરજાશંકર વલ્લભજી, 'ગુજરાતના ઐતિહાસિક લેખો', ભાગ ૩જો, મુંબઈ, ૧૯૪૨, પૃ. ૧૯૨.

૧૭ એક છે ચાવડા મેશ્રી, બીજા છે જૈન વણિક.

૧૮ ભીમદેવના સમયના આ મહાપ્રતિહાર સોમરાજદેવ, જગદેવ પ્રતિહાર અને દંડનાયક અભયડ ઉપરાંત એક બીજા પણ મહત્ત્વના અધિકારી હતા કોશાધિપ મોક્ષદેવ, તેમણે પણ સંગીત–વિષયક એક મહત્ત્વપૂર્ણ ગ્રંથ લખેલો છે. See Kavi, p. IV-V

સલ્તનતસમયનો ગુજરાતી હિન્દુ સમાજ: એક દર્શન

જયન્ત પ્રે. ઠાકર

પૂર્વકાલીન સાંસ્કૃતિક ઇતિહાસનું અધ્યયન ભાવિ જીવન-ઘડતર માટે, સમાજની નવરચના અર્થે, ઉપકારક છે, માર્ગદર્શક છે. તેમાં યે અનેક સંઘર્ષો વચ્ચે અને આક્રમણોની સામે, અત્યન્ત સન્તપ્ત થવા છતાં, વિવિધ રીતે પોતાનું ખમીર ટકાવી રાખનાર પ્રજાનો ઇતિહાસ સવિશેષ મહત્ત્વપૂર્ણ બની રહે છે. અનેક યુગોના આરોહ-અવરોહના ઝંઝાવાતને સફળ રીતે પસાર કરી ભારતીય સંસ્કૃતિ સનાતન રહી શકી છે. મધ્યયુગમાં તે કપરી કસોટીએ ચઢી.

ગુજરાતના છેલ્લા રજપૂત રાજા કરણ વાઘેલાના કરુણ અન્ત પછી લાંબા સમય સુધી (ઈ. સ. ૧૩૦૪ થી ૧૫૭૩) ગુજરાત ઉપર મુસ્લિમ સુલતાનોનું શાસન રહ્યું. 'અન્ધકાર-યુગ' તરીકે ઓળખાતા આ અતિવિકટ સંક્રાન્તિ-સમય દરમિયાન આ પ્રદેશમાં વસતા હિન્દુ-સમાજની સ્થિતિ–પરિસ્થિતિનું ઉપલબ્ધ સાહિત્ય-સાધનોને આધારે કરેલું એક તટસ્થ અને સંક્ષિપ્ત અવલોકન અહીં વિનમ્રભાવે રજૂ કરવામાં આવ્યું છે.

*　　　*　　　*

આવા અધ્યયન માટે ઉપયોગી કેટલાક મહત્ત્વપૂર્ણ સન્દર્ભગ્રન્થોની એક સૂચિ નીચે પ્રમાણે છે :

૧	अबूल् फज़ल :	'आइन्–इ–अकबरी' Eng. trans. by H. Blochmann, Second edition, Delhi; 1965
२	खान अली मुहम्मद :	'मिरात–इ–अहमदी' Eng. trans. by M. F. Lokhandwala, G.O.S. no. 146, Oriental Institute, Baroda; 1965
३	,,	—ગુજરાતી ભાષાન્તર: કૃ. મો. ઝવેરી, ભાગ ૧–૪, ગુજરાત વર્નાક્યૂલર સોસાઈટી, અમદાવાદ; ૧૯૩૪
४	,,	—Supplement; Eng. trans. by Syed Nawab Ali and Charles Norman Seddon, G. O. S. no. 43, Oriental Institute, Baroda; 1928

५ निज़ाम्–उद्–दीन : ' तबकात–इ–अकबरी '
Eng. trans. by Elliot in the 'History of India as Told by Its Own Historians', Vol. V, edited by Dowson, London; 1873

६ फरिश्ता : ' तारीख–इ–फरिश्ता '
Eng. trans. by Elliot in his 'History of India as Told by Its Own Historians', Vol. VI, London, 1875

७ बरनी गिया–उद्–दीन : ' तारीख–इ–फीरोझशाही '
Eng. trans. by Elliot in his 'History of India as Told by Its Own Historians', Vol. III, London, 1871

८ सिकंदर बिन मुहम्मद : ' मिरात–इ–सिकंदरी'
Eng. trans. by Sir E. Clive Bayley in his 'Local Muhammadan Dynasties–Gujarat', 1886

९ ,, —ગુજરાતી ભાષાન્તર : આત્મારામ મોતીરામ દીવાનજી, ગુજરાત વર્નાક્યૂલર સોસાયટી, અમદાવાદ

१० हाजी उद्–दबीर : ' झफर–उल्–वालीह बी मुझफ्फर व आलीही '
Eng. trans. 'An Arabic History of Gujarat' by M. F. Lokhandwala, Vol. I, G.O.S. no. 152, Oriental Institute, Baroda, 1970

११ ,, ' लेखपद्धति '
Ed. by C. D. Dalal and G. K. Shrigondekar, G.O.S. no. 19, Central Library, Baroda; 1925

૧૨ જોટ રત્નમણિરાવ ભીમરાવ ; ' અમદાવાદનો ઇતિહાસ '

૧૩ જોટ રત્નમણિરાવ ભીમરાવ : 'ખંભાતનો ઇતિહાસ', ખંભાત રાજ્ય, ખંભાત; ૧૯૩૫

૧૪ ,, 'ગૂજરાતનું પાટનગર અમદાવાદ', ગૂજરાત સાહિત્ય સભા, અમદાવાદ; ૧૯૨૯

૧૫ ,, 'ગૂજરાતનું વહાણવટું', 'વસંત'નો રજત મહોત્સવ ગ્રન્થ, અમદાવાદ; ૧૯૨૭

૧૬ ,, 'ગુજરાતનો સાંસ્કૃતિક ઇતિહાસ' ઇસ્લામ યુગ, ખંડ ૧–૪, ભો. જે. વિદ્યાભવન, અમદાવાદ; ૧૯૫૯ (પુનર્મુદ્રણ), ૧૯૫૪, ૧૯૫૭, ૧૯૫૯

૧૭ ત્રિવેદી ઇન્દ્રવદન વિ. : 'ગુજરાતમાં મુસ્લિમકાળમાં વપરાયેલા સંવત્સરો', 'Journal of the Gujarat Research Society,' XXXIV. iv/136, ઑક્ટોબર ૧૯૭૨

૧૮ ,, 'મુસ્લિમકાલીન ગુજરાતના હિન્દુ ધર્મસંપ્રદાયો', 'બુદ્ધિપ્રકાશ' ૧૨૨.૭, જુલાઈ ૧૯૭૩

૧૯ દેશાઈ શંભુપ્રસાદ હરપ્રસાદ : 'પ્રભાસ અને સોમનાથ', પ્રભાસ પાટણ; ૧૯૬૫

૨૦ દેસાઈ ઈશ્વરલાલ ઇચ્છારામ : 'સૂરત સોનાની મૂરત', સૂરત; ૧૯૫૮

૨૧ દેસાઈ ગોવિંદભાઈ હાથીભાઈ : 'ગુજરાતનો અર્વાચીન ઇતિહાસ', ગુજરાત વર્નાક્યૂલર સોસાઈટી, અમદાવાદ; ૧૮૯૮

૨૨ ફોર્બ્સ, અલેકઝાન્ડર કિન્લોક : 'રાસમાળા' ગુજરાતી અનુવાદ: રણછોડભાઈ ઉદયરામ, ભાગ ૧ (આવૃત્તિ ત્રીજી), ફાર્બસ ગુજરાતી સભા, મુંબઈ; ૧૯૨૨

23 Commissariat M. S. : 'A History of Gujarat', Vol. I, Longmans, London; 1938

24 ,, : 'Studies in the History of Gujarat', Longmans, London; 1935

25 Danvers F. C. : 'The Portuguese in India', Vols. I-II, London; 1894

26 — : 'Encyclopaedia Britannica', Vol. III, Encyclopaedia Britannica Inc., Chicago; 1973

27 Ibn Baṭṭūṭā : 'The Rehla of Ibn Baṭṭūṭā', Eng. trans. by Mahdi Husain, G. O. S. no. 122, Oriental Institute, Baroda; 1953

28 Rapson E. J. : 'Cambridge History of India', Vol. I, Cambridge; 1922

29 Tod J. (Col.) : 'Travels in Western India', London; 1839

30 Whiteway R. S. : 'The Rise of Portuguese Power in India, 197–14550', London; 1899

આ અતિ–ઉપયોગી સાહિત્ય–સામગ્રીનો આ અધ્યયનમાં છૂટથી ઉપયોગ કરી શકાયો છે અને તે માટે તે સર્વ ગ્રન્થોના લેખકો, સંપાદકો તથા પ્રકાશકોનો આ લેખક અત્યન્ત ઋણી છે.

* * *

સુલતાનોના શાસનને સમયે ગુજરાત પ્રદેશ નાનાં નાનાં અનેક રાજ્યોમાં વિભક્ત થઈ ચૂક્યો હતો અને તેમનામાં ન તો સંપ હતો કે ન સંઘબળ. પરસ્પરની ઈર્ષ્યા અને તેજોદ્વેષને કારણે એ રાજાઓમાં સંકુચિતતા ઘર કરી બેઠી હતી. નાનાં-મોટાં યુદ્ધોમાં જ તેઓ રચ્યા–પચ્યા રહેતા. રાજદ્વારી કુનેહ તો જાણે વિસારે જ પડી હતી. દેશ કે ધર્મને નામે તેમણે ભાગ્યે જ સંપ જાળવ્યો છે.[૧] પરિણામે આગંતુક વિધર્મીઓ પોતાનું શાસન સ્થાપવામાં ફાવી ગયા.[૨]

યથા રાજા તથા પ્રજા. એટલે આ જ પરિસ્થિતિ લોકજીવનમાં પણ વિકસી હતી. સમસ્ત હિન્દુ સમાજની સ્થિતિ ડામાડોળ થઈ ગઈ હતી. સર્વત્ર ભયનો સન્નાટો વ્યાપી ગયો હતો. સુલતાનો, સૂબાઓ અને અમીરો તથા તેમના મળતિયાઓ તરફથી ગુજારાતા ત્રાસની તલવાર તેને માથે લટકતી રહી હતી.

એ કેવળ રાજકીય નહિ પરન્તુ વિશેષતયા સાંસ્કૃતિક આક્રમણ હતું. અનેક વિરોધી તત્ત્વોથી ભરેલી અન્ય વિદેશી જાતિઓને પોતાનામાં સમાવી લેવાનો ચમત્કાર દર્શાવનાર સંસ્કૃતિ મુસલમાનોને અપનાવી ન શકી. આથી સામનો ન કરી શકનાર સમાજમાં શરૂઆતમાં

૧ જોટ રત્નમણિરાવ ભીમરાવ, 'ગૂજરાતનો સાંસ્કૃતિક ઇતિહાસ' (ગૂ. સાં. ઇ.), ખંડ ૩, પૃ. ૬૪૪.

૨ એજન, ખંડ ૧, પૃ. ૩૦૯.

તો ખૂબ નાસભાગ થઈ ગઈ,[3] પરન્તુ ધીમે ધીમે હિન્દુ પ્રજાએ સ્વરક્ષણાર્થે પોતાનાં સર્વ અંગો સંકોચી લીધાં[4] અને સમયને અનુકૂળ રહી 'જેના હાથમાં ડંડો તેને નમસ્કાર' કરીને જીવન ગાળવા લાગી.[5]

પ્રજાનો ઘણો મોટો ભાગ હિન્દુઓનો જ હતો, પરન્તુ કલુષિત રાજકીય વાતાવરણે સર્જેલ ભય અને ત્રાસ એ સમાજમાં વ્યાપી ગયા હતા અને સ્વાર્થ તથા કુસંપની સંકુચિતતાથી પોષાતા હતા. ગુણકર્મવિભાગશ: જે વર્ણવ્યવસ્થા પ્રાચીન સમયથી ચાલી આવતી હતી તેમાં હવે વિકૃતિ પ્રવેશી હતી અને વર્ણોમાં જ્ઞાતિઓ અને ઉપજ્ઞાતિઓના વાડા બંધાવા લાગ્યા હતા. જ્ઞાતિભેદ તો સોલંકી-સમયમાં જ પાંગરવા લાગ્યો હતો. હવે એનાં મૂળ ઊંડાં જવા લાગ્યાં. આ વાડાનાં બન્ધનોએ પારસ્પરિક સંબંધોમાં સવિશેષ સંકુચિતતા આણી અને સમાજના અગ્રેસર ગણાતા બ્રાહ્મણોએ આચાર-વિચાર જાળવવામાં જ સર્વ શક્તિ કેન્દ્રિત કરી![6]

ઇતિહાસને પાને નોંધાયું છે કે મુસલમાન લશ્કર જે રાજ્ય પર ત્રાટકતું તેના આસપાસના પ્રદેશને લૂંટતું, બાળતું, ઉજ્જડ કરી મૂકતું. આથી પ્રજા ત્રાસી ઊઠતી.[7] પાવાગઢને મહમૂદ બેગડાએ ઘેરો ઘાલ્યો તે વીસ માસ સુધી ચાલ્યો, જે દરમિયાન તેના લશ્કરે આજુબાજુનો પ્રદેશ એવો લૂંટ્યો કે એક ઘર એવું ન રહ્યું કે જેમાં અનાજ, પૈસો, ઢોર, કપડાં વગેરે રહ્યું હોય![8] એવો જ ત્રાસ તેણે જૂનાગઢ પર હુમલા કર્યા ત્યારે વર્તાવ્યો.[9] હારીને પકડાયેલ રાજાને મુસલમાન બનવાની ફરજ પડાતી અને જો તે તેમ ન કરે તો તેને મારી નાખવામાં આવતો. જૂનાગઢના છેલ્લા હિન્દુ રાજા રા' મંડલિકને મુસલમાન બનવું પડ્યું,[10] જ્યારે પાવાગઢના જયસિંહ ચૌહાણે ધર્માન્તર ન કરતાં તેને મારી નાખવામાં આવ્યો.[11] હાર નિશ્ચિત થતાં વિજેતા સૈન્યને હાથે શિયળભંગ ન થાય તે સારુ રજપૂત સ્ત્રીઓ સામૂહિક અગ્નિસ્નાન કરતી, જે પ્રણાલિકા

---

૩ આ નાસભાગ એટલે સુધી થઈ કે કેટલાય લોકો મહમૂદ ગઝનીની ચડાઈ વખતે તથા અલાઉદ્દીનના વિજય બાદ સૌરાષ્ટ્રમાંથી સમુદ્રમાર્ગે તથા પગરસ્તે નીકળીને મહારાષ્ટ્ર, કર્ણાટક અને તેલુગુ પ્રાન્તમાં થઈને તામિલનાડુમાં છેક મદુરા સુધી પહોંચી ગયા. આજે પણ તેઓ 'સૌરાષ્ટ્રી' તરીકે ઓળખાય છે. તેમની બાહ્ય વ્યવહારની ભાષા તામિલ છે પરન્તુ આન્તરિક વ્યવહારની ભાષા જૂની ગુજરાતીને મળતી એ ચારે પ્રાન્તોના શબ્દોથી સભર છે. એજન, ખંડ ૧, પૃ. ૧૩૮-૧૪૦ તથા પૃ. ૧૩૯-૧૪૦ ઉપરની પાદટીપ ૧-૨.

૪ એજન, ખંડ ૧, પૃ. ૧૩૯; ખંડ ૪, પૃ. ૯૧૩-૯૧૪.

૫ એજન, ખંડ ૩, પૃ. ૬૬૫; ખંડ ૪, પૃ. ૯૧૩-૯૧૪.

૬ એજન, ખંડ ૨, પૃ. ૪૬૪.

૭ એજન, ખંડ ૨, પૃ. ૪૯૬-૪૯૭.

૮ એજન, ખંડ ૨, પૃ. ૫૩૪.

૯ એજન, ખંડ ૨, પૃ. ૪૯૬-૪૯૭.

૧૦ એજન, ખંડ ૨, પૃ. ૪૯૬-૪૯૭.

૧૧ એજન, ખંડ ૨, પૃ. ૫૩૩.

'જૌહર' તરીકે ઇતિહાસમાં પ્રસિદ્ધ છે. પાવાગઢમાં પણ એમ જ થયેલું.[૧૨] મહમૂદ બેગડાએ ઈ. સ. ૧૪૮૬માં ઝાલાવાડ ઉપર ચઢાઈ કરી ત્યારે તેના પાટનગર કૂવાને એવું ખેદાનમેદાન કરી નાખ્યું કે આજે પણ ત્યાં 'કૂવાનો કેર' કહેવત રૂપ થઈ ગયો છે.[૧૩]

હિન્દુ રાજાએ પણ લૂંટ ચલાવ્યાના પ્રસંગ ઇતિહાસમાં આલેખાયા છે. ઈ. સ. ૧૫૨૦માં ઈડર જીતી મેવાડનો રાણો સાંગો વડનગર ગયો. વેપારીઓ અને બ્રાહ્મણોના એ નગરમાં તેણે લૂંટ ચલાવવા માંડી ત્યારે 'હિન્દુઓના મોટા રાજાધિરાજે બ્રાહ્મણોનું ગામ ન લૂંટવું જોઈએ' એવી વિનંતી ત્યાંના ઝુભારદાર અર્થાત્ જનોઈવાળા બ્રાહ્મણોએ કરી, જે માન્ય રાખી ત્યાંથી ખંડણી લઈ તે વીસનગર ગયો.[૧૪]

મુસલમાનોની ધર્માન્તરપ્રવૃત્તિ સાથે હિન્દુઓની સંકુચિત મનોવૃત્તિ જોડાઈ. બળ-જબરીથી વટલાવેલાને પાછા લેવા એ રૂઢિચુસ્ત સમાજે ના પાડી. વળી હિન્દુ ઠાકોરોની કન્યાઓ સાથે મુસ્લિમ અધિકારીઓએ લગ્ન કર્યાં. આ બન્ને પરિસ્થિતિઓને પરિણામે એક નવી મિશ્ર જાતિ ઊભી થઈ જે 'મોલેસલામ' નામથી ઓળખાઈ.[૧૫] આ લોકો હિન્દુ-મુસ્લિમ બન્નેના રિવાજ પાળે છે અને બન્નેનાં નામ રાખે છે.[૧૬] મહમૂદ બેગડાએ રાણપુરના રાણજી ગોહેલને મારી તેના ભાણેજ હાલુજી પરમારને મુસલમાન બનાવી ગાદી આપી; રાણપુરના મોલેસલામ ઠાકોરોનો તે આદિપુરુષ ગણાય છે.[૧૭] આ જ રીતે ઈમામશાહના પ્રચારના પ્રભાવે 'પીરાણાનો પંથ' સ્થપાયો. ગામડાની ખેડૂત પ્રજા અને વિશેષતઃ લેઉવા તથા કડવા કણબીઓ એ પંથમાં જોડાયા. 'મોમના' અને 'મતિયા' લોકો આ પંથના પ્રચારમાંથી જ ઊભા થયા. જેમના ચમત્કારોની કથાઓથી આ લોકો આકર્ષાતા તે ઈમામશાહ જ્યાં વસતા હતા તે અમદાવાદ પાસેના ગિરમઠા ગામની નજીકનું સ્થળ 'પીરાણા' અર્થાત્ પીરોના સ્થાન તરીકે પ્રસિદ્ધ થયું.[૧૮] આ સંપ્રદાયના પીર સૈયદો વટલાયેલા હિન્દુઓના મુખ્ય પુરુષને અનુયાયીઓના ઝઘડા પતાવવા તથા ભેટ ઉઘરાવવા પોતાના પ્રતિનિધિ તરીકે નીમતા, જે 'કાકા' કહેવાતો. એમાંથી 'કાકા'ઓની સંસ્થા ઊભી થઈ જેના 'આઠિયા', 'સાતિયા' અને 'પાંચિયા' એવા પંથો પડચા. આ પંથના અનુયાયીઓ ગુજરાતના વિવિધ ભાગોમાં પથરાયેલા છે.[૧૯]

---

૧૨ એજન, ખંડ ૨, પૃ. ૫૩૨-૫૩૩.

૧૩ એજન, ખંડ ૨, પૃ. ૫૦૯.

૧૪ એજન, ખંડ ૩, પૃ. ૬૩૬-૬૩૭ તથા તે પરની પાદટીપ ૬૬ જેમાં નિઝામ-ઉદ્-દીનકૃત 'तबकात-इ-अकबरी'ના પૃ. ૩૧૦ તેમ જ સિકંદર-બિન-મહમ્મદકૃત 'मिरात-इ-सिकंदरी' (ગુજરાતી ભાષાન્તર)ના પૃ. ૧૭૮નો ઉલ્લેખ કર્યો છે.

૧૫ એજન, ખંડ ૨, પૃ. ૩૬૦-૩૬૧ તથા તે પરની પાદટીપ ૨૨ જેમાં 'રાસમાળા'ના પૃ. ૭૦૨નો ઉલ્લેખ છે; Commissariat M. S., 'A History of Gujarat', Vol. I, પૃ. ૧૨૬-૧૨૭; જોટ રત્નમણિરાવ ભીમરાવ, 'ગૂજરાતનું પાટનગર અમદાવાદ (ગૂ. પા. અ.)', પૃ. ૬૯૯-૭૦૩.

૧૬ જોટ ર. ભી., 'ગૂ. સાં. ઇ.', ખંડ ૨, પૃ. ૩૬૧ ઉપરની પાદટીપ ૨૩.

૧૭ એજન, ખંડ ૨, પૃ. ૫૧૨ તથા તે પરની પાદટીપ ૮૩.

૧૮ એજન, ખંડ ૨, પૃ. ૪૪૮-૪૪૯ તથા તે પરની પાદટીપ ૪૪-૪૫. Commissariat, *op. cit.*, પૃ. ૧૩૩-૧૪૦

૧૯ જોટ ર. ભી., 'ગૂ. સાં. ઇ., ખંડ ૨, પૃ. ૪૫૦.

વિ. સં. ૧૪૬૨ (ઈ. સ. ૧૪૦૬)ના શ્રાવણ સુદ ૮ના એક શિલાલેખમાં મુઝફ્ફરના સોમનાથ ઉપરના બીજા આક્રમણનો અહેવાલ આપેલો છે તેમાં સ્પષ્ટ જણાવ્યું છે કે બળજબરીથી વટલાવેલા હિન્દુઓને હિન્દુ સમાજે ન અપનાવવાથી તેઓએ 'સોમનાથ પ્રત્ને' એટલે સોમનાથને કારણે તુર્કો અર્થાત્ મુસ્લિમો સામે લડીને પ્રાણ આપ્યા હતા. તેઓમાંના કેટલાકનાં નામ આ શિલાલેખમાં આપ્યાં છે.[૨૦] હિન્દુઓના પવિત્ર તીર્થધામ સોમનાથ પર આક્રમણ કરવું એ તો એક 'ફેશન' થઈ ગઈ હતી.[૨૧] મુઝફ્ફરે ઈ. સ. ૧૩૯૧માં તથા ૧૪૦૬માં સોમનાથ ભાંગ્યું.[૨૨] ઈ. સ. ૧૪૧૪ તથા ૧૪૧૫માં અહમદશાહ પહેલો ત્યાં પાયમાલી કરી ગયો.[૨૩] મહમૂદ બેગડાએ ઈ. સ ૧૪૯૦માં પ્રભાસ પર હુમલો કર્યો.[૨૪] ફિરંગી ગવર્નર ડી કેસ્ટ્રોએ ગુજરાતનાં બંદરો લૂંટવા આજ્ઞા કરી ત્યારે ઈ. સ. ૧૫૪૭માં ફિરંગીઓએ પણ સોમનાથની અવદશા કરી અને એ લોકો પ્રભાસથી વિ. સ. ૧૩૪૩ (ઈ. સ. ૧૨૮૭)નો પ્રખ્યાત ત્રિપુરાન્તક-પ્રશસ્તિનો શિલાલેખ ઉપાડી ગયા જે આજેય પોર્ટુગલના ગામ સિંટ્રામાં છે.[૨૫]

તે જ રીતે ઈ. સ. ૧૪૭૩માં મહમૂદ બેગડાએ હિન્દુઓના સુપ્રસિદ્ધ વૈષ્ણવ તીર્થ દ્વારકા ઉપર ત્રાટકી મન્દિરોનો નાશ કર્યો.[૨૬]

મન્દિરો તોડવા તથા ધર્માન્તર કરાવવા માટે ખાસ અધિકારીઓ પણ નિયુક્ત થતા. 'मिरात-इ-सिकंदरी' અને 'तवारीख-इ-फरिश्ता' દ્વારા જાણવા મળે છે તેમ, સુલતાન અહમદ-શાહ પહેલાએ ઈ. સ. ૧૪૧૪માં મલિક તુહફાહને આ કાર્ય અર્થે નિયુક્ત કરેલો ત્યારે હિન્દુઓ ઉપર જજિયા તથા ખરજ નામના વિશિષ્ટ વેરા લાદવામાં આવેલા.[૨૭] 'काल अलीहे अलसलाम मन बनी अल्लाह के अफझल अलकझा' અર્થાત્ 'અલ્લાહ માટે જે મસ્જિદ બાંધશે તેને સ્વર્ગમાં અલ્લાહ જગ્યા બાંધી આપશે' આવા સ્પષ્ટ શબ્દો માંગરોળ, ઊના અને પ્રભાસના શિલાલેખોમાં કોતરેલા છે તેથી સમજાય છે કે આવી આજ્ઞાની ઓથ લઈને મન્દિરોની મસ્જિદો કરાઈ હશે.[૨૮] ઉપર જણાવ્યા તેવા વેરા હિન્દુઓ ઉપર નાખવાની શરૂઆત તો છેક ગિયાસુદ્દીન તઘલખ (ઈ. સ. ૧૩૨૦–૧૩૨૫)ના સમયમાં થયેલી; પરંતુ તેણે કર એવી રીતે નાખેલા કે જેથી હિન્દુઓ પાસે ન તો ગર્વ કરવા જેટલો પૈસો વધી જાય કે ન તેઓ અસન્તોષથી બળવો કરે ![૨૯]

---

૨૦ દેશાઈ શંભુપ્રસાદ હ., 'પ્રભાસ અને સોમનાથ (પ્ર. સો.)', પૃ. ૨૬૮–૨૬૯.

૨૧ એજન, પૃ. ૨૬૬.

૨૨ એજન, પૃ. ૨૬૩–૨૬૪.

૨૩ એજન, પૃ. ૨૭૨.

૨૪ એજન, પૃ. ૨૭૪–૨૭૫.

૨૫ એજન, પૃ. ૨૭૯–૨૮૦ તથા તે પરની પાદટીપ ૧.

૨૬ નોટ ર. ભી., 'ગૂ. સાં. ઇ.', ખંડ ૨, પૃ. ૫૦૨–૫૦૩ તથા તે પરની પાદટીપ ૬૩ જેમાં 'मिरात-इ-सिकंदरी' (ગુજરાતી ભાષાન્તર)ના પૃ. ૧૦૮નો ઉલ્લેખ કર્યો છે.

૨૭ દેશાઈ શંભુપ્રસાદ હ., ઉપર્યુક્ત, પૃ. ૨૭૧.

૨૮ એજન, પૃ. ૨૭૨ તથા તે પરની પાદટીપ ૧.

૨૯ નોટ ર. ભી., 'ગૂ. સાં. ઇ.', ખંડ ૧, પૃ. ૧૫૫ તથા તે પરની પાદટીપ ૧, જેમાં 'तारीख-इ-फीरोजशाही'ના પૃ. ૨૨૯–૨૩૦નો ઉલ્લેખ કર્યો છે.

એમ જણાવાય છે કે આ કાલખંડમાં ખાનગી ઘરોમાં પણ મૂર્તિપૂજા પર પ્રતિબન્ધ મૂકવામાં આવેલો, હિન્દુઓની તીર્થયાત્રા બંધ કરાયેલી, તેમનો ન્યાય પણ **सराहे मुहम्मदी** મુજબ થવા લાગેલો. ત્યાં સુધી જણાવાયું છે કે આ સમાજને જાહેરમાં ઉત્સવ ઉજવવાની, જ્યોતિષ જોવાની, છત્રી ઓઢવાની, ઘોડે બેસવાની અને સારાં કપડાં પહેરવાની પણ મનાઈ ફરમાવાયેલી.[૩૦]

આવી પરિસ્થિતિમાં યે હિન્દુ પ્રજાનું પોતાના રાજા તરફનું વલણ પ્રેમ-ભક્તિ—નિમક-હલાલીભર્યું રહ્યું હતું એમ ઇતિહાસનાં પાન કહી જાય છે. સુલતાન મહમૂદ ત્રીજો આગવા સત્તાધારી થઈ બેઠેલા દરિયાખાનના પંજામાંથી છૂટીને નાઠો અને દરિયાખાન સાથેના યુદ્ધમાં હાર્યો તે પછી દરિયાખાન અમદાવાદ પાછો ફર્યો તે સમયે લોકોએ દરવાજા બંધ કરી દીધા અને તેને 'નિમકહરામ' કહી પ્રવેશવા ન દીધો. તેથી તેને બહેરામપુર તરફની બારી તોડીને શહેરમાં પ્રવેશવું પડ્યું! દરિયાખાનના અમલથી એકંદરે લોકો સુખી હતા, છતાં તેઓએ આવા સુલતાનને ટેકો આપ્યો તે હકીકત રાજા પ્રત્યેનું પ્રજાનું માનસ વ્યક્ત કરે છે.[૩૧]

વળી એ વાત પણ ધ્યાનમાં રાખવી જોઈએ કે ધાર્મિક બાબતોમાં શાન્તિ કે ત્રાસનો આધાર જે તે સૂબા કે સ્થાનિક અમીર કે અમલદારના વલણ ઉપર જ રહેતો. જ્યારે સારો અમીર આવે ત્યારે હિન્દુ પ્રજાને રાહત મળતી અને જ્યારે ખરાબ અમીર આવે ત્યારે એની સખ્તાઈ આ રાહતનું સાટું વાળી નાખતી.[૩૨] ઈ. સ. ૧૩૭૭માં મલેક મુફરશાહ ફરહત–ઉલ્–મુલ્ક સૂબો થયો તેણે હિન્દુ ઠાકોરો તથા શ્રીમન્તોને ઉત્તેજન આપ્યું. તેના અમલ દરમિયાન પ્રભાસમાં સોમનાથની પૂજા ફરી શરૂ થઈ. પરન્તુ ઈ. સ. ૧૩૯૧માં મુઝફ્ફરખાન સૂબો થતાં તેણે સોમનાથ ભાંગ્યું, એક મન્દિરમાં મસ્જિદ બનાવી, પ્રભાસમાં મૌલવીઓ તથા કાજીઓ નીમ્યા, ઈ. સ. ૧૪૦૨માં બીજી વાર ભાંગ્યું, લૂંટ્યું, હિન્દુઓ દીવમાં ભરાયા જાણી તે કિલ્લો સર કર્યો અને ત્યાં પણ દેવાલયમાં મસ્જિદ બનાવી.[૩૩]

આમ કેટલાંય દેવસ્થાનો ખંડિત થયાં, કેટલાંય ભ્રષ્ટ થયાં, કેટલાંય જીર્ણ થયાં. જીર્ણોદ્ધાર તો શક્ય હતો જ નહિ. જૈન જેવી ધનવાન કોમે પૈસા વેરી આવી વિકટ પરિસ્થિતિમાં પણ બની શકે એટલું ધર્મસ્થળોનું રક્ષણ કર્યું. બ્રાહ્મણો પાસે ધન નહિ હોવાથી તેઓ તેમ કરી શક્યા નહિ.[૩૪]

મહમૂદ બેગડો ઈ. સ. ૧૫૧૧માં મૃત્યુ પામ્યો તે પછી શાસન નબળું પડી જતાં બ્રાહ્મણોએ સોમનાથની પુનઃ પ્રતિષ્ઠા કરી. ત્યાર બાદ અકબરનો વિજયી સેનાપતિ મીરઝાં અઝીઝ કોકા ઈ. સ. ૧૫૯૪માં પ્રભાસ જતાં શહેર કાઝી તથા લશ્કરી અધિકારીએ મન્દિર તોડી મૂર્તિપૂજક

---

૩૦ દેશાઈ શં. હ., ઉપર્યુક્ત, પૃ. ૨૭૮.

૩૧ જોટ ર. ભી., 'ગૂ. સાં. ઇ.' ખંડ ૩, પૃ. ૮૦૧ તથા તે પરની પાદટીપ ૧૯ જેમાં 'सिकंदरी' (ગુ. ભાષા.) પૃ. ૩૨૭નો ઉલ્લેખ કર્યો છે.

૩૨ એજન, ખંડ ૪, પૃ. ૧૦૦૭.

૩૩ દેશાઈ શં. હ., ઉપર્યુક્ત, પૃ. ૨૬૩–૨૬૪, ૨૬૮–૨૬૯.

૩૪ જોટ ર. ભી., 'ગૂ. સાં. ઇ.', ખંડ ૪, પૃ. ૧૦૦૭ તથા તે પરની પાદટીપ ૪.

જનોઈવાળા કાફિરોને મારી નાખવા માટે અરજ ગુજારી. પરન્તુ એ અરજી મંજૂર ન થઈ.[૩૫] પૂજામાં રોકટોક નહિ થાય એમ મીરઝાં કોકાએ કહેતાં પ્રભાસના હિન્દુઓએ આનંદ પામી, સદીઓના ગાળા બાદ, મહારુદ્ર યજ્ઞ કર્યો જેની નોંધ દેસાઈઓના ચોપડાઓમાં આ પ્રમાણે લેવાઈ છે :

"સંવત ૧૬૫૨ વહીશાક સુદ ૩ દને શ્રી સોમનાથજીના સાનિધે મહારૂદ્ર ધરમ શાંતિ ને ધરમ કલાણુ સારુ ભ્રગ મંડલે કીધો. ગંગાજળથી શ્રીને સ્નાન કરાવું ને નગર જમણ કીધું બ્રામણને દક્ષિણા દીધી ગ્રવદાન ભૂમિદાન ને સોનાદાન દીધુ."[૩૬]

આ દાન કોણે દીધાં એનો ઉલ્લેખ નથી. સંભવતઃ હિન્દુ પ્રજાએ ફાળો કરી આ કાર્ય કર્યું હશે.[૩૭]

આમ સુલતાનોના શાસનનો આ સમય ગુજરાતના સામાજિક, ધાર્મિક, સાંસ્કૃતિક ઇતિહાસમાં વિષમ કાળ હતો.[૩૮] છતાં, પ્રાપ્ત થતા તત્કાલીન નિર્દેશો સ્પષ્ટ કરે છે કે હિન્દુઓની મૂર્તિપૂજા બિલકુલ નષ્ટ થઈ ન હતી. હાલ જૂનાગઢ મ્યૂઝિયમમાં સચવાયેલા બે ફારસી શિલાલેખો ઉપરથી આ હકીકત સ્પષ્ટ થાય છે. તે બેઉમાં કોતરેલી રાજાજ્ઞાઓ ન પાળનાર મુસ્લિમોને અલ્લાહ રસૂલના તથા કાફિરોને સરસ્વતીના અથવા તે જે મૂર્તિની પૂજા કરતા હોય તેના સોગંદ આપ્યા છે. આમાંનો એક લેખ હીજરી સન ૮૫૯(ઈ. સ. ૧૪૫૫)નો તથા બીજો હી.સ. ૯૫૦(ઈ. સ. ૧૫૪૩)નો છે.[૩૯] વળી મૂર્તિભંજકોના શાસનના આ કાળમાં પણ લગભગ ૪૦–૫૦ શિવમન્દિરો,[૪૦] શક્તિનાં દશેક મન્દિરો,[૪૧] અને દશ–બાર વૈષ્ણવ મન્દિરો[૪૨] બંધાયાં ઉપરાન્ત સૂર્ય,[૪૩] નવગ્રહો[૪૪] અને ઇન્દ્રાદિ દિક્‌પાલોની[૪૫] ઉપાસનાના પણ અનેક નિર્દેશો મળે છે.

---

૩૫ દેશાઈ શં. હ., ઉપર્યુક્ત, પૃ. ૨૮૧, તે પરની પાદટીપ ૨ તથા પૃ. ૨૮૩. આ લાંબી અરજી ફારસીમાં લખેલી પ્રભાસના શહેર કાઝી સાહેબ મર્હૂમ અબામિયાં બાવામિયાં પાસે હતી અને તે 'પ્રભાસ અને સોમનાથ'ના લેખક શ્રી શંભુપ્રસાદ હરપ્રસાદ દેશાઈએ જાતે વાંચેલી. તેમાંની કેટલીક કડીઓ તેમણે પૃ. ૨૮૩ ઉપર ઉદ્ધૃત કરી છે.

૩૬ એજન, પૃ. ૨૮૩–૨૮૪.

૩૭ એજન, પૃ. ૨૮૪.

૩૮ જોટ ર. ભી., 'ગુ. સાં. ઇ.', ખંડ ૪, પૃ. ૧૦૦૭.

૩૯ દેશાઈ શં, હ.', ઉપર્યુક્ત, પૃ. ૨૮૧–૨૮૨ તથા તે પરની પાદટીપ ૪, જેમાં બીજો લેખ બનાવટી હોવાની શંકા વ્યક્ત કરાઈ છે.

૪૦ ત્રિવેદી ઇન્દ્રવદન વિ., 'મુસ્લિમકાલીન ગુજરાતના હિન્દુ ધર્મસંપ્રદાયો', 'બુદ્ધિપ્રકાશ', ૧૨૨.૭, જુલાઈ ૧૯૭૩, પૃ. ૨૪૭अ.

૪૧ એજન, પૃ. ૨૪૮ ब.

૪૨ એજન, પૃ. ૨૫૦ ब.

૪૩ એજન, પૃ. ૨૫૨ अ.

૪૪ એજન, પૃ. ૨૫૩ अ.

૪૫ એજન, પૃ. ૨૫૩ अ–ब.

આ રીતે હિન્દુ સમાજની ધાર્મિક ભાવના ટકી રહી હતી. પ્રજા વેપારી અને ધનવાન હતી અને તેનો ઘણો મોટો ભાગ હિન્દુઓનો હતો. એટલે એમની આબાદી ન થાય તો રાજ્યને આવકની મુશ્કેલી પડે તેમ હતું. હંમેશ કંઈ ધનવાનોને લૂંટીને કોઈ પણ રાજ્ય નભી શકે જ નહિ. એટલે મુસલમાન સત્તાને આ પ્રજાનો સારો સહકાર મેળવ્યા વિના છૂટકો જ ન હતો. લશ્કરની અવરજવર સિવાય સામાન્ય રીતે ગામડાં વિદેશી કે વિધર્મી અસરથી અલિપ્ત રહ્યાં હોય એમ જણાય છે.[૪૬] મુસલમાન સમાજના નેતાઓ ધાર્મિક બાબતો અને લશ્કર તથા અમીરીમાં મગ્ન હતા ત્યારે હિન્દુ સમાજના ઘણા લોકો વેપાર અને ખેતીમાં પડેલા હતા.[૪૭] પશ્ચિમ હિન્દમાં આવેલા વિદેશી મુસાફરો મુખ્યત્વે આવા વેપારીઓને મળીને જતા હોવાથી ગુજરાતી હિન્દુઓ માટે વાણિયા-' Baniya '-શબ્દ વાપરે છે.[૪૮]

હિન્દુ વેપારીઓના વેપારી માનસનો એક આશ્ચર્યકારક નમૂનો આ કાળના ઇતિહાસમાં નોંધાયેલો છે. દીવ ફિરંગીઓએ કબજે કર્યું અને તેમના ત્રાસથી હિન્દુઓ ત્યાંથી નાસી ગયા તે પછી ત્યાંના ફિરંગી ગવર્નર ડી કૅસ્ટ્રોએ ખંભાતના અખાત ઉપરનાં બધાં બંદરોએ ઢંઢેરો પિટાવ્યો કે ' દીવમાં આવીને જે વેપારી વસશે તેને જાનમાલની સલામતીનું વચન આપવામાં આવે છે. ' આ સાંભળી ઘણા હિન્દુ વેપારીઓ પાછા દીવમાં જઈને વસ્યા ![૪૯]

---

૪૬ જોટ ર. ભી., ' ગૂ. સાં. ઇ. ', ખંડ ૨, પૃ. ૫૯૫-૫૯૬.

૪૭ એજન, ખંડ ૨, પૃ. ૪૬૪.

૪૮ ગુજરાતીઓ પ્રાચીન સમયથી જ વેપાર માટે પ્રસિદ્ધ છે અને મુસ્લિમસમયમાં પણ તેમણે આ કુશળતા જાળવી રાખી હતી. આજે પણ પારસીઓ પોતે ગુજરાતી હોવા છતાં બીજા ગુજરાતી હિન્દુઓના ગાઢ સંપર્કમાં ન આવ્યા હોય તો પણ એમને ' બાનિયા ' કે ' વાન્યા ' કહે છે. બંગાળમાં દલાલોને અને પેઢીના મુનીમોને તેમ જ અનાજના વેપારીને પણ ' બનિયા ' કહેતા. યુરોપિયન લેખકો પશ્ચિમ હિંદના હિન્દુઓને સામાન્ય રીતે ' Banya '—' બન્યા '—કહેતા એવા ઘણા ઉલ્લેખો મળે છે.

ઈરાની અખાત ઉપર એક ઝાડની નીચે હિન્દુ વેપારીઓએ એક મન્દિર બાંધેલું તેથી એ વૃક્ષને યુરોપિયનોએ પહેલું જ ' Banian tree '—' બનિયન ટ્રી ' નામ આપ્યું. વડનાં મોટાં ઝાડ મેળાઓ માટે યોગ્ય હોવાથી પ્રાસંગિક બજારો તેની નીચે ભરાતાં તેથી વાણિયા એમાં ભેગા થતા. તેથી વડને ' Banian '—' બનિયન ' નામ અપાયું. એક મત એવો પણ છે કે યુરોપિયનો સૌથી પહેલાં પશ્ચિમ ભારતની ભૂમિ ઉપર આવ્યા અને એમના દેશમાં ન દેખાતું વડનું વિચિત્ર ઝાડ આ ભૂમિ ઉપર જોઈ બનિયા—વાણિયા—ના દેશનું ખાસ વૃક્ષ ગણી કદાચ એ નામ તે ઝાડને આપ્યું હોય. ગંજીફરાકને ઍંગ્લો-ઇંડિયનો ' Banian '—' બનિયન ' કહે છે. આ ભૂમિ ઉપર બંડી કે કેડિયું પહેરેલા હિન્દુઓને જોયા હશે એટલે એવા પહેરવાના વસ્ત્રને એ નામ આપ્યું હશે. અંગ્રેજ નૌકાસૈન્યમાં હિન્દુ વેપારીઓની લાગણી ખાતર ખારવાઓને અઠવાડિયામાં બે દિવસ માંસ આપવામાં આવતું નહિ અને એ બે દિવસ ' Baniyas' day '—' વાણિયાના દિવસો '—કહેવાતા. પાંજરાપોળને પાશ્ચાત્યો મશ્કરીમાં ' Baniyas' Hospital '—' વાણિયાનું દવાખાનું '—કહેતા. અલી રેઇસ પોતે જ ગુજરાતને ' Land of Banians'—' વાણિઆની ભૂમિ '—કહે છે.—જુઓ જોટ ર. ભી., ' ગૂ. સાં. ઇ. ', ખંડ ૪, પૃ. ૯૧૦-૯૧૧ તથા તે ઉપરની પાદટીપ ૮૦ થી ૮૫; વળી જુઓ Encyclopaedia Britannica, ૧૯૭૩ની આવૃત્તિ, ' Banya ' શબ્દ (પૃ. ૧૩૭૪).

૪૯ જોટ ર. ભી., ' ગૂ. સાં. ઇ. ', ખંડ ૩, પૃ. ૮૬૨ તથા તે પરની પાદટીપ ૯૦.

વળી હિન્દુઓની શક્તિની કદર મુસલમાન અધિકારીઓ કરતા જ ન હતા એમ પણ કહી શકાય તેમ નથી, કારણ કે મુસલમાન અમીરોના હિન્દુ કે જૈન વહીવટદારો–કારભારીઓનાં ઘણાં ઉદાહરણો ઇતિહાસને પાને નોંધાયેલાં છે. અમીરો ખાસ કરીને રાજદ્વારી અને લશ્કરી સ્વભાવના હતા અને એ કાર્યમાં રત રહેતા. એટલે એમની નાણાકીય બાબતો જોવા માટે તેમને હિન્દુ વહીવટદારોની જરૂર પડતી. સુલતાન બહાદુરશાહના શાસન દરમિયાન સૌરાષ્ટ્રના સૂબા મુજાહીદખાનને કવિરાજ અને નૃસિંહ નામના બે જૈન કારભારી હતા.[૫૦] ચંગીઝખાનનો વજીર સુજા નામનો એક વાણિયો હતો. ઉદાર ચંગીઝખાને અકબર પાસેથી નાસી શરણે આવેલા અબ્દુલ્લાખાન ઔરંગને કીમતી માલથી ભરેલાં પોતાનાં બે વહાણો ભેટ આપ્યાં તેથી ખોટું લાગતાં તેના વાણિયા વજીરે કહ્યું : "ખાનજી, આપે જો વહાણોના માલ ઉપર એક વાર નજર કરી હોત તો આપ મારી નોકરીની કીમત કરી શકત." ખાને જવાબ આપ્યો: "ધારો કે એ વહાણો ચલણી અશરફીઓથી ભરેલાં આવ્યાં હોત તો પણ શું ? વહાણો બંદરમાં આવ્યાં ત્યારથી જ તમારી નોકરીની કદર થઈ છે." ચંગીઝખાન જેવા લશ્કરી સ્વભાવના અમીરને એના વાણિયા વજીરે સમુદ્રના આયાત-નિકાસના વેપારમાં પણ યોજ્યો હતો એ સાંસ્કૃતિક દષ્ટિએ મહત્ત્વની વાત ગણાય.[૫૧]

એમ જણાય છે કે બીજી પંક્તિના મોટા હોદ્દા હિન્દુઓને આપવામાં આવતા. મહેસૂલ ખાતું, હિસાબીખાતું વગેરેમાં મોટે ભાગે હિન્દુઓ જ હતા.[૫૨] અમદાવાદ વસાવનાર અહમદશાહના રાજ્યકાળમાં હિન્દુ પ્રધાનો હતા એવા ઉલ્લેખો મળે છે, પણ તેમનાં નામ તવારીખોમાં મળતાં નથી. જૈન સાહિત્યમાં તેના દરબારીઓમાં ગુણરાજ સંઘવી, ગદામંત્રી, કર્મણમંત્રી એવાં નામ પ્રાપ્ત થાય છે.[૫૩] આ સમયમાં હિન્દુઓ અમીરની કક્ષાએ પણ પહોંચી શકતા એવાં ઉદાહરણો નોંધાયાં છે. રાયરાયાં નામનો હિન્દુ અમીર મહમૂદ બેગડાના સમયમાં અમદાવાદમાં હતો. એક અમીર ખુદાવંદખાને મહમૂદને ઉડાડી શાહજાદા અહમદશાહને ગાદીએ બેસાડવાનું કાવતરું રચેલું તેની વાત આ રાયરાયાંએ વજીર બહાઉદ્દીન ઇમાદુલ્મુલ્કને કરતાં તે યોજના નિષ્ફળ ગઈ હતી.[૫૪] મહમૂદ બેગડાના સમયમાં બીજો હિન્દુ અમીર હતો જેનું નામ સુરતમાં ગોપીપુરા તથા ગોપી તળાવ સાથે જોડાયેલું છે તે પ્રખ્યાત નાગર મલિક ગોપી. તેનો ઉલ્લેખ ઈ. સ. ૧૫૧૫માં આવેલા બારબોસાએ પણ કર્યો છે.[૫૫] ફિરંગીઓ સાથેના ગુજરાતના સુલતાનોના ઝઘડામાં તેણે

---

૫૦ એજન, ખંડ ૩, પૃ. ૭૧૮–૭૧૯ તથા તે પરની પાદટીપ ૯૬.

૫૧ એજન, ખંડ ૪, પૃ. ૯૨૨ તથા તે પરની પાદટીપ ૨૬ જેમાં 'सिकंदरी' (ગુ. ભા.)ના પૃ. ૪૩૧–૪૩૨નો નિર્દેશ છે.

૫૨ એજન, ખંડ ૨, પૃ. ૩૫૩.

૫૩ એજન, ખંડ ૨, પૃ. ૩૫૩ ઉપરની પાદટીપ ૭.

૫૪ 'રાયરાયાં' એ ઇલ્કાબ છે. એજન, ખંડ ૨, પૃ. ૫૦૮ તથા તે પરની પાદટીપ ૭૩. આ કાવતરાની વિગત 'तबकात–इ–अकबरी'એ લંબાણથી આપી છે, જ્યારે 'सिकंदरी'એ બહુ ટૂંકો ઉલ્લેખ કર્યો છે.

૫૫ એજન, ખંડ ૩, પૃ. ૬૮૭; Commissariat, 'Studies in the History of Gujarat', પૃ. ૧૦૧–૧૦૨.

મહત્ત્વનો ભાગ ભજવેલો.[૫૬] રાંદેરથી મોટા મોટા વેપારીઓને તેણે સુરતમાં વસાવ્યા હતા.[૫૭] ભોળાનાથ સારાભાઈના ચરિત્રમાં સારાભાઈએ લખેલી ઉર્દૂ નોંધ ઉપરથી સમજાય છે કે આ ગોપીનાથ મલિક ઈ. સ. ૧૫૦૮માં એમના કુટુંબના મોસાળ પક્ષમાં થઈ ગયેલો વડનગરો નાગર હતો.[૫૮] તેનાં ઠાઠમાઠ અને શેહ જાણીતાં હતાં. ઈ. સ. ૧૫૧૦માં અપરાધી ફિરંગી વહાણના ખલાસીઓને તથા ઈ. સ. ૧૫૧૩માં ઈડરના રાવ ભીમને સુલતાન મુઝફ્ફરને સમજાવીને તે ક્ષમા અપાવી શક્યો હતો.[૫૯]

પોતાના માનીતા ચરજી પરમારને ભરદરબારમાં અમીરોએ મારી નખાવતાં ખંજર વડે આપઘાત કરવાની બીક બતાવતા સુલતાન મહમૂદ ત્રીજાનો હાથ પકડી તેનું ખંજર ઝૂંટવી લઈ તેના જખમની સારવાર કરનાર હતો અલપખાન ખત્રી.[૬૦] તેના નામ ઉપરથી તે વટલેલો હિન્દુ હોય એમ લાગે છે.

સામાન્ય રીતે લશ્કરમાં હિન્દુઓ ઊતરતી કક્ષાએ નિમાતા. છતાં હિન્દુ અધિકારીઓનાં નામ પણ મળે છે; પરન્તુ તેમના ઉપરી તો મુસલમાન જ રહેતા એમ સમજાય છે.[૬૧] કુતુબુદ્દીને (ઈ. સ. ૧૪૫૧–૧૪૫૮) મેવાડના રાણા કુંભા સામે લડવા રાય રાયચંદ નાયક અને મલિક ગદાઈને નાગોર મોકલેલા. ‘तबकात–इ–अकबरी’ રાય રાયચંદ નામ આપે છે, જ્યારે ‘सिकंदरी’ રાય અમીચંદ માણેક કહે છે અને શ્રી ગૌ. હ. ઓઝા રાય રામચંદ્ર નામ આપી કૌંસમાં અમીચંદ નામ લખે છે. આથી સ્પષ્ટ થાય છે કે આ હિન્દુ લશ્કરમાં ઊંચી પદવી ધરાવતો હશે.[૬૨] હુમાયુનની સામે પાવાગઢના કિલ્લાનું રક્ષણ બહાદુરશાહે ઇખ્તિયારખાન તથા રાજા નરસિંહદેવને સોંપેલું.[૬૩] વળી છત્રસાલ નામના મોટા હિંદુ નૌકાઅધિકારીનું નામ ‘ફરિશ્તા’ આપે છે.[૬૩अ]

રજપૂતોને પણ ઇલ્કાબો અપાતા. ગુજરાત ઉપર અકબરે હુમલો કર્યો તે અરસામાં જે અમીરોએ ગુજરાતના ભાગો પોતપોતાને હસ્તક લઈ લીધેલા તેવામાંના શેરખાન ફુલાદીને એક કીકો બકાલ નામનો વાણિયો વજીર હતો, જેને તેણે ‘મુવાફિર ઉલ્મુલ્ક’નો ખિતાબ આપ્યો

---

૫૬ એજન, ખંડ ૩, પૃ. ૬૮૭.

૫૭ એજન, ખંડ ૩, પૃ. ૬૮૮; Commissariat, ‘Studies in the History of Gujarat,’ પૃ. ૧૦૭.

૫૮ એજન, ખંડ ૩, પૃ. ૬૮૯ તથા પાદટીપ ૫૪.

૫૯ દેસાઈ ઈશ્વરલાલ ઇચ્છારામ, ‘સૂરત સોનાની મૂરત’, પૃ. ૫.

૬૦ જોટ ર. ભી., ‘ગુ. સાં. ઇ.’, ખંડ ૩, પૃ. ૮૦૩.

૬૧ એજન, ખંડ ૨, પૃ. ૪૬૯.

૬૨ એજન, ખંડ ૨, પૃ. ૪૪૨ તથા તે પરની પાદટીપ ૨૯.

૬૩ એજન, ખંડ ૩, પૃ. ૭૪૪ તથા તે પરની પાદટીપ ૨૮ अ જેમાં ‘अकबरनामा’ પૃ. ૩૦૭, ‘तबकात–इ–अकबरी’, ગુજરાત વિભાગ, પૃ. ૩૭૫ હુમાયુ વિભાગ અને ‘Elliot's History of India’ V, p. 193નો નિર્દેશ કરેલો છે.

૬૩अ. એજન, ખંડ ૨, પૃ. ૫૪૩ તથા તે પરની પાદટીપ ૬૫; ‘तबकात–इ–अकबरी’, પૃ. ૨૮૨.

હતો.[૬૪] આ પહેલાં બહાદુરશાહે ઈ. સ. ૧૫૨૬ના જુલાઈની ૧૧મી તારીખે પોતાના રાજ્યાભિષેક પછી અમદાવાદમાં દરબાર ભર્યો ત્યારે જે નવા ઈલ્કાબો અમીરોને આપ્યા તેમાં કુંભા ગોહેલ નામના રજપૂતને 'રાણા રાવ'નો ઈલ્કાબ આપ્યો હતો.[૬૫]

આ ઉપરથી સમજાય છે કે આ કાળ દરમિયાન હિન્દુઓને ધાર્મિક સ્વતન્ત્રતા નહિ હોય, પરન્તુ સમગ્રતયા હિન્દુ–મુસલમાન પ્રજા સુખી હશે. શહેરોમાં હિન્દુઓ રહી શકતા નહિ, પરાંમાં જ રહેતા, એવી લોકમાન્યતા દસ્તાવેજી પુરાવા પ્રાપ્ત થતાં જૂઠી ઠરે છે[૬૬] 'વસન્તવિલાસ' જેવું સચિત્ર શૃંગાર-કાવ્ય આ સમયમાં જ—કુતુબુદ્દીન અહમદશાહના રાજ્યકાલમાં–રચાયું[૬૭] એ સૂચક હકીકત છે. મહમૂદ બેગડાના સમયમાંય હિન્દુ પ્રજા ઉપદ્રવરહિત સુખશાન્તિમાં હોય એમ લાગે છે.[૬૮] પાંચ સો જેટલા ચોર-લૂટારાને તેણે ફાંસી આપી હતી.[૬૯] એક કવિતામાં કહ્યું છે કે "સોનાની કોથળી એકલો એક જ પુરુષ પૂર્વથી પશ્ચિમ સુધી લઈ જાય છે; ઓ પાદશાહ, તારા ભયથી દુનિયાની તમામ દિશાઓ નિર્ભય છે."[૭૦]

સલ્તનતના સમયમાં વહીવટની બાબતમાં પણ ખાસ ફેરફાર થયા હોય એમ લાગતું નથી. ગામડાંમાં તો પ્રાચીન પ્રણાલિકાઓ દરેક ક્ષેત્રમાં ચાલુ રહી હોય એમ સમજાય છે. દસ્તાવેજોમાં 'પંચકુલ'ની પ્રાચીન હિન્દુ પ્રથા માત્ર મુસલમાન અધિકારીઓનાં નામ સાથે ચાલુ રહી જણાય છે. જે કંઈ ફેરફાર થયા તે મોટાં શહેરોમાં જ થયા લાગે છે. સરકારી કચેરીઓમાં અંગ્રેજોએ અંગ્રેજી ભાષા દાખલ કરી અને મોગલોએ ફારસી દાખલ કરેલી. ગુજરાતના મુસલમાન સુલતાનોએ ફારસી દાખલ કરી હોય એમ લાગતું નથી. દસ્તાવેજો જૂની રીત પ્રમાણે અર્ધસંસ્કૃત–અર્ધ-ગુજરાતીમાં લખેલા મળે છે. ફારસીને કચેરીની ભાષા તરીકે અકબરના હિન્દુ પ્રધાન રાજા ટોડરમલે જ ગુજરાતમાં દાખલ કરી એમ સમજાય છે.[૭૧]

આ સુલતાનોમાં સૌથી વધારે સંસ્કારી અને પ્રજાપ્રેમી હતો મહમૂદ બેગડાનો પુત્ર મુઝફ્ફર બીજો. તેણે વિદ્યાકળાને ઉત્તેજન આપ્યું[૭૨] અને વારાંગના ચંપાબાઈ પાસે સરસ્વતીનું નૃત્ય કરાવ્યું જે માટે સોનાનો હંસ બનાવડાવેલો.[૭૩]

---

૬૪ એજન, ખંડ ૪, પૃ. ૯૨૮ તથા તે પરની પાદટીપ ૫૧–૫૨ જેમાં 'सिकंदरी' (ગુ. ભા.), પૃ. ૪૪૪–૪૪૫ નો નિર્દેશ કર્યો છે.

૬૫ એજન, ખંડ ૩, પૃ. ૭૦૩ તથા તે પરની પાદટીપ ૪૫ જેમાં 'सिकंदरी' પૃ. ૨૩૪ (ગુ.ભા.)નો નિર્દેશ કર્યો છે.

૬૬ એજન, ખંડ ૨, પૃ. ૪૭૧–૪૭૨ તથા તે પરની પાદટીપો ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૧. વળી જુઓ 'मिरात–इ–सिकंदरी' (ગુ. ભા.), પૃ. ૭૮–૮૧ તથા જોટ ર. ભી., 'અમદાવાદનો ઇતિહાસ', પૃ. ૭૦૭.

૬૭ જોટ ર. ભી., ખંડ ૨, પૃ. ૪૬૪ તથા પાદટીપ ૬૯.

૬૮ દેસાઈ ગોવિન્દભાઈ હાથીભાઈ, 'ગુજરાતનો અર્વાચીન ઇતિહાસ', પૃ. ૩૬.

૬૯ જોટ ર. ભી., 'ગૂ. સાં. ઇ.', ખંડ ૨, પૃ. ૫૦૧.

૭૦ દેસાઈ ગો. હા., ઉપર્યુક્ત, પૃ. ૩૬.

૭૧ જોટ ર. ભી., 'ગૂ. સા. ઇ.', ખંડ ૨, પૃ. ૪૭૧-૪૭૨ તથા તે પરની પાદટીપો.

૭૨ એજન, ખંડ ૩, પૃ. ૬૪૮.

૭૩ એજન, ખંડ ૩, પૃ. ૬૫૪-૬૫૫; 'मिरात-इ-सिकंदरी' (ગુ. ભા.), પૃ. ૨૦૩-૨૦૪.

તે સમયની વાવોમાં તથા મસ્જિદોમાં પણ હિન્દુ કારીગરીની અસર જોવા મળે છે. અમદાવાદમાં અસારવામાં પ્રસિદ્ધ 'દાદા હરિની વાવ' છે તે વિ. સં. ૧૫૫૬ (ઈ. સ. ૧૫૦૦)માં મહમૂદ બેગડાના 'અંતઃપુરે સર્વાધિકારિણી બાઈ શ્રીહરિર'એ બંધાવી છે. તે મુસલમાન અમલદારની દેખરેખ નીચે હિન્દુ સ્થપતિએ બાંધી છે, જેમાં એક સંસ્કૃત લેખ તથા વરસ પછી લખેલો ફારસી લેખ છે જે બાંધકામ પૂરું થયાનો લાગે છે. કારીગરોનાં નામ 'ગજધર (ગજ્જર) વૈશ્ય સૂ. વીરા, દેવા, શ્રી ગિરણા મહં. સાવાઆ તથા મહં-વીરા' એમ વંચાય છે. આ વાવના એક ગોખમાં મોરની આકૃતિ છે તે મુસલમાન અમલદારની દેખરેખ નીચે થાય એ કંઈક નવાઈ જેવું લાગે. તેના અષ્ટકોણ કૂવાને પણ હિન્દુ કોતરણીનો સુન્દર કઠેરો છે.[૭૪]

ગુજરાતની શ્રેષ્ઠ વાવ ગણાતી 'અડાલજની વાવ' પણ વિ. સં. ૧૫૫૫ (ઈ. સ. ૧૪૯૯)માં બંધાયેલી. તેના એક ગોખમાં એક હિન્દુ દેવની મૂર્તિ છે અને બીજામાં સાધારણ ગુજરાતી આકારની નવ ગાગરો ત્રણ–ત્રણની હરોળમાં કોતરેલી છે. બીજા માળના અષ્ટકોણ કૂવાની ભીંતમાં નવ ગ્રહોની મૂર્તિઓ કોતરી છે જેમાં બુધની પ્રતિમા ભગવાન બુદ્ધની જેમ પલાંઠી વાળી બેસાડેલી છે! પાણી ઉપરના માળના એક પાટડામાં ઘરગથ્થુ વસ્તુઓ કોતરી છે જેમાં પલંગ, પાણીની શિરોઈ આદિ શયનખંડની સામગ્રી છે, તે ગુજરાતના તે સમયના રાચરચીલાનો ખ્યાલ આપે છે. ડંડાહી (કલોલ–મહેસાણા) જિલ્લાના રાજા વાઘેલા મોકલસિંહના પુત્ર કર્ણના પુત્ર મૂળરાજના પુત્ર મહીપને વીરસિંહ અને જેગ બે પુત્રો હતા. તેમાંના વીરસિંહની ધર્મપત્ની હતી વેણુશની પુત્રી રૂડાદેવી. તેણે પતિના પુણ્યાર્થે ગંગાજળ સરખી આ વાવ બંધાવેલી. આ લેખને અન્તે જૂની ગુજરાતીમાં બે પંક્તિ લખેલી છે: "રૂડાંબાઈએ ભર્થારના પરલોકાર્થે અડાલજમાં વાવ કરાવી." શ્રીમાળી જ્ઞાતિનો મહં ભીમાસુત મરાણ આ વાવનો બાંધનાર હતો.[૭૫]

દાની લીંબડા ગામે જેઠાભાઈ જીવણલાલે વાવ બંધાવી છે તે માટે એક રોજાના તથા એક મસ્જિદના પથ્થર વેચાતા લીધેલા અને એ રીતે તે જૂની સામગ્રીથી બાંધેલી નવી વાવનો નમૂનો છે.[૭૬] પાલનપુરમાંની 'મીઠીવાવ' પણ બાંધણી ઉપરથી આ સમયની લાગે છે; તેમાં પણ દરેક ખંડની બાજુઓમાં હિન્દુ દેવોની સુન્દર મૂર્તિઓ કોતરેલી છે.[૭૭]

ચાંપાનેરની જુમા મસ્જિદમાં હિન્દુ અને મુસ્લિમ એ પરસ્પર વિરુદ્ધ સ્થાપત્યને મિશ્ર કરવાની અનન્ય સિદ્ધિ વ્યક્ત થઈ છે. હિન્દુ 'મેઘનાદ' પ્રકારના મંડપને યોગ્ય સ્થાને ગોઠવીને આખા યે મસ્જિદનો દેખાવ ભવ્ય-રમ્ય દર્શાવવો એ ગુજરાતી સ્થપતિ-કારીગરની બુદ્ધિ-શક્તિનો ઉત્તમ ખ્યાલ આપે છે.[૭૮] સુલતાન મુઝફ્ફર બીજાની સાવકી મા રાણી સબરાઈ કે સિપ્રીની

---

૭૪ જોટ ર. ભી., 'ગૂ. સાં. ઇ.', ખંડ ૨, પૃ. ૫૭૯; જોટ ર. ભી., 'અમદાવાદનો ઇતિહાસ', પૃ. ૬૧૮-૬૧૯.

૭૫ જોટ ર. ભી., 'ગૂ. સાં. ઇ.', ખંડ ૨, પૃ. ૫૭૯-૫૮૧ તથા તે પરની પાદટીપ ૨૯; 'અમદાવાદનો ઇતિહાસ', પૃ. ૬૨૦–૬૨૧.

૭૬ જોટ ર. ભી., 'ગૂ. સાં ઇ.', ખંડ ૨, પૃ. ૫૮૨; 'અમદાવાદનો ઇતિહાસ', પૃ. ૬૨૨.

૭૭ જોટ ર. ભી., 'ગૂ. સાં ઇ.', ખંડ ૨, પૃ. ૫૮૨.

૭૮ એજન, ખંડ ૨, પૃ. ૫૮૪ તથા તે પરની પાદટીપ ૩૬–૩૭.

અમદાવાદમાંની મસ્જિદ થાંભલા–પાટડાની હિન્દુ પદ્ધતિથી બાંધેલી છે. આ મસ્જિદ અમદાવાદનું રત્ન છે તથા દુનિયામાં એક ઉત્તમ નમૂનો ગણાય એવી છે એમ સ્થાપત્યના પ્રસિદ્ધ ઇતિહાસકાર ફર્ગ્યુસન કહે છે, અને ગુજરાતની મસ્જિદોની ટીકા કરનાર જૉન માર્શલ પણ આ અભિપ્રાયમાં સંમત થયા છે.[૭૯]

કેટલાક હિન્દુ સંગીતકાર તથા ગવૈયા પણ આ સમયમાં થઈ ગયા છે. મંઝુ અથવા બૈજુ નામનો સંગીતકાર બહાદુરશાહના દરબારમાં હતો. તેને હુમાયુનના માણસો પકડી ગયેલા. હુમાયુન એના સંગીતથી ખુશ હતો. પરન્તુ એ તો બહાદુરશાહ પાસે નાસી આવ્યો. તેને પાછો આવેલો જોઈ રાજ્ય ગુમાવી બેસનાર બહાદુરશાહે ઉદ્‌ગાર કાઢેલા કે "મેં ગુમાવેલું બધું મને મળી ગયું !"[૮૦]

મહમૂદ ત્રીજાના સમયમાં દરિયાખાન સત્તામાં રહ્યો તે દરમિયાન નાચગાનને ખૂબ ઉત્તેજન મળ્યું. ગલીઓમાં અને શેરીઓમાં સંગીતના સૂર સંભળાતા અને ઉજાણીઓ થતી. દરિયાખાનના દરબારમાં અભુ નાયક નામનો ગવૈયો મુખ્ય હતો. તેનો સ્વર હૃદયસ્પર્શી હોવાથી તવારીખકાર કહે છે કે જાણે એક સદી પહેલાં થઈ ગયેલ ભારત-પ્રસિદ્ધ શ્રેષ્ઠ સંગીતકાર ગોપાળ નાયકના શરીરમાં ફરી જીવ આવ્યો હોય એમ લાગતું હતું. વળી સુપ્રસિદ્ધ બક્ષુ નાયકનો પુત્ર હુસેની, રંગખાન, મેલહી નાયક, ચતુર નાયકના પુત્રો તથા બેમ હરમન ગવૈયા હતા. એના ગાયનના જાદુથી જાણે શુક્ર આસમાનમાંથી ઊતરી એની તાબેદારી સ્વીકારતો. મોહનરાવ, રંગરાવ, દેસાઈરાવ, કહતુરાવ વગેરે નાચગાન કરનારા હતા.[૮૧]

પ્રસ્તુત કાલખંડમાં પ્રચલિત શુકન-અપશુકન વિષેની કેટલીક માન્યતાઓ પણ તવારીખોમાં નોંધાઈ છે. બાદશાહ અકબર બીજી વાર બળવો શમાવવા આવ્યો ત્યારે નવ જ દિવસમાં ૬૦૦ ગાઉનું અંતર કાપી તે સરંજામ સાથે ગુજરાતમાં પહોંચી ગયો હતો, જે તે કાળના ઇતિહાસમાં આશ્ચર્યજનક બીના ગણાય.[૮૨] અમદાવાદ નજીક આવતાં અકબરે બખ્તર પહેર્યું અને 'નૂરેબેઝા' અર્થાત્ શ્વેતપ્રકાશ નામના ઘોડા ઉપર સવાર થયો ત્યારે તે ઘોડો બેસી ગયો. આ પ્રસંગે રાજા ભગવાનદાસે જણાવ્યું કે ત્રણ શુભ શુકન થયાં હતાં: એક, ભાગ્યશાળીનો ઘોડો બેસી જાય; બીજું, લશ્કરની પૂંઠે પવન વાય જે સામા શત્રુની સામે વાતો ગણાય; ત્રીજું, આગળ ધપતા સૈન્ય સાથે ગીધ-કાગડા ઊડે. આથી આપણો વિજય ચોક્કસ છે. અકબર આ સાંભળી ખુશ થયો. યુદ્ધમાં પણ કેવા વહેમો આવતા એનો ખ્યાલ આપનાર આ પ્રસંગ સાંસ્કૃતિક દૃષ્ટિએ મહત્ત્વપૂર્ણ

---

૭૯ એજન, ખંડ ૩, પૃ. ૬૬૨–૬૬૩ તથા પાદટીપ ૧૪૨-૧૪૪.

૮૦ એજન, ખંડ ૩, પૃ. ૭૩૯–૭૪૩; 'मिरात-इ-सिकंदरी' (ગુ. ભા.), પૃ. ૨૯૦. 'मिरात-इ-सिकंदरी'ના લેખકના પિતા આ પ્રસંગના સાક્ષી હતા.

૮૧ નોટ ર. ભી., 'ગૂ. સાં. ઇ.', ખંડ ૩, પૃ. ૭૯૯ તથા તે પરની પાદટીપો ૧૨-૧૩; 'मिरात-इ-सिकंदरी' (ગુ. ભા.), પૃ. ૩૧૬–૩૧૭.

૮૨ નોટ ર. ભી., 'ગૂ. સાં. ઇ.', ખંડ ૪, પૃ. ૯૬૪ તથા પાદટીપ ૬૮ જેમાં 'अकबरनामा', ૩, પૃ. ૭૩–૭૪નો નિર્દેશ કર્યો છે.

લેખાય.[૮૩] સાબરમતી નદી ઊતરતી વખતે અકબરે પોતાનું બખ્તર રાજા દિસચંદને આપેલું તે પાછળ ભૂલીને આવ્યા હતા એ વાતને અકબરે શુભ શુકન તરીકે ગણી કે 'ભાગ્યનો રસ્તો ખુલ્લો છે.'[૮૪] એક સૈનિકે શત્રુના સૈનિકનું માથું કાપી બતાવ્યું તે પણ શુભ શુકન મનાયાં.[૮૫]

બીજા એક રિવાજનો રસમય ઉલ્લેખ આવે છે જે પણ સાંસ્કૃતિક દૃષ્ટિએ મહત્ત્વપૂર્ણ ગણાય એમ છે. ખાનદેશથી ચઢી આવેલ મુબારકશાહની સાથે સુલેહ કરાવનાર '**मिरात-इ-सिकंदरी**'-ના લેખકના પિતા મિયાં મંજૂને ગુજરાતના મુખ્ય અમીર સૈયદ મુબારકે મોટું ઇનામ આપવા માંડયું પણ તે તેણે લીધું નહિ તે પ્રસંગના '**मिरात-इ-सिकंदरी**' (ગુ. ભા.)ના પૃ. ૩૭૯થી ૩૮૬ ઉપરના લાંબા વર્ણનમાં જમણમાં થાળીઓ ઉપાડનારને સેવકી (Tip) આપવાના રિવાજનો સરસ ઉલ્લેખ થયો છે.[૮૬]

'**मिरात-इ-सिकंदरी**' જણાવે છે કે ઈ. સ. ૧૪૫૮માં માત્ર સાત દિવસના સુલતાન દાઉદખાને દીવાબત્તીના તેલમાં અને કબૂતરોને નખાતા દાણામાં યે કરકસર કરવા માંડી. કબૂતરોને દાણા નાખવાની ગુજરાતી પ્રજાની પ્રસિદ્ધ રીત મુસલમાન સુલતાનોએ પણ ચાલુ રાખી હતી એ હકીકત સાંસ્કૃતિક દૃષ્ટિએ સૂચક ગણાય.[૮૭]

ડૉ. ઇન્દ્રવદન વિ. ત્રિવેદીએ પોતાના એક લેખમાં સલ્તનતસમયના અભિલેખોમાંની મિતિઓ, વર્ષગણના વગેરેની ગણતરી આપી તે ઉપરથી એવી તારવણી કાઢી છે કે આ સમય દરમિયાન ચૈત્રાદિ વર્ષ અને પૂર્ણિમાન્ત માસની પદ્ધતિ કરતાં કાર્તિકાદિ વર્ષ અને અમાન્ત માસની પદ્ધતિ મોટે ભાગે વધારે પ્રમાણમાં પ્રચલિત હોવાથી એમ ગણી શકાય કે ગુજરાતમાં ત્યારે કાર્તિકાદિ વર્ષ અને અમાન્ત માસની પદ્ધતિ દિન પ્રતિદિન વધારે પ્રચલિત થતી જતી હશે.[૮૮]

---

૮૩ એજન, ખંડ ૪, પૃ. ૬૬૪ ઉપરની પાદટીપ ૬૭, જેમાં '**तबकात-इ-अकबरी**' (Elliot's History of India, V), પૃ. ૩૬૫ તેમ જ '**मिरात-इ-अहमदी**' (ગુ. ભા.), પૃ. ૧૧૯–૧૨૦નો નિર્દેશ કરેલો છે.

૮૪ એજન, ખંડ ૪, પૃ. ૬૬૬; '**मिरात-इ-अहमदी**' (ગુ. ભા.), પૃ. ૧૨૧–૧૨૨.

૮૫ એજન, ખંડ ૪, પૃ. ૬૬૬; '**मिरात-इ-अहमदी**' (ગુ. ભા.), પૃ. ૧૨૧–૧૨૨.

૮૬ એજન, ખંડ ૪, પૃ. ૮૭૯ તથા તે પરની પાદટીપ ૭.

૮૭ એજન, ખંડ ૨, પૃ. ૪૪૭ તથા તે પરની પાદટીપ ૪૧અ

૮૮ ત્રિવેદી ઇન્દ્રવદન વિ., 'ગુજરાતમાં મુસ્લિમકાળમાં વપરાયેલા સંવત્સરો', Journal of the Gujarat Research Society, પુસ્તક ૩૪, અંક ૪/૧૩૬, ઑક્ટોબર ૧૯૭૨, પૃ. ૩૧૩–૩૨૧. આ તારવણી માટે જુઓ પૃ. ૩૧૫.

કલા અને નીતિ વિશે મેથ્યુ આર્નોલ્ડ

જનાર્દન પાઠક

સાહિત્યવિવેચનમાં કલા અને નીતિવિષયક ચર્ચાવિચારણા આપણે ત્યાં અને પશ્ચિમમાં ઠીક ઠીક પ્રમાણમાં થતી રહી છે. આ પ્રશ્ને ઊહાપોહ પણ ઠીક ઠીક જગવ્યો છે. કોઈ પણ ભાષામાં વિવેચનના પ્રશ્નો વિશે સતત ચિંતન-મનન થતું રહે એ સુચિહ્ન છે જ; પરંતુ જ્યારે તેમાં ઊહાપોહ થાય ત્યારે સર્જનાત્મક સાહિત્ય અને વિવેચન માટે કોઈ નવી જ આબોહવા સર્જાય છે; અને સાહિત્યમાં પ્રવેશી ગયેલાં અસાહિત્યિક મૂલ્યોને સ્થાને સાચાં મૂલ્યોની પ્રતિષ્ઠા થાય છે. એમાં, કલા અને સાહિત્યને માટે ગૌરવવન્તાં મૂલ્યોની પ્રતિષ્ઠા કરવી એ કવિકર્મ છે.

પ્રશ્ન એ છે કે કલા અને નીતિને સંબંધ ખરો કે નહિ ? અને જો હોય તો કેવા પ્રકારનો ? પશ્ચિમમાં કલા અને નીતિ (Art and Morality) વિશે અનેક મતો પ્રવર્તે છે. તે જ પ્રમાણે ગુજરાતી સાહિત્યના સર્જકોમાં પણ ભિન્ન ભિન્ન મતો પ્રવર્તે છે. પ્રશ્ન માત્ર એટલો જ છે કે એ ભિન્ન ભિન્ન મતોમાંથી મતૈક્ય સર્જી શકાય તેવી કોઈ સર્જનાત્મક પરિસ્થિતિ છે ખરી ? અગર તો એ જુદા જુદા મતો હોવા છતાં જેની ઉપાસના થાય છે તે તત્ત્વને આપણે સરખી રીતે સમજી શક્યા છે ખરા ? પામી શક્યા છે ખરા ? અને એ સ્વરૂપને ઓળખી કલામાં આકારબદ્ધ કરી શક્યા છે ખરા ?

કવિનું જગત મમ્મટ કહે છે તેમ नियतिकृतनियमरहिता છે. એ. સી. બ્રેડલી તેને A World by itselt, independent, complete autonomous કહે છે. તો એવા જગતને અવતારવું એ એક બહુ મોટું સાહસ છે. કવિ હંમેશાં એવા પડકારને ઝીલતો આવ્યો છે પણ સાથે તેને ઈશ્વરનું વરદાન પણ મળ્યું છે. કલાકારનો સ્પર્શ એ પેલી દમયંતીની અમૃતસ્રવિયા અંગુલિ છે. એ જેને સ્પર્શ કરે છે તે સર્વને સુંદર કરી મૂકે છે.

'સાહિત્ય દર્પણ નહિ પણ દીપ છે'—એ શ્રી. સુરેશ જોષીના વિધાનમાં ઘણું તથ્ય રહેલું છે. વર્ષોથી આપણે જીવન અને સાહિત્યને સીધો સંબંધ છે એમ કહી 'સાહિત્ય જીવનનું દર્પણ છે' એ ભૂમિકા ઉપર સાહિત્યની પ્રતિષ્ઠા કરી છે. સાહિત્ય પાસે સીધી યા આડકતરી રીતે કશીક અપેક્ષાઓ રાખીએ છીએ. કવિ મમ્મટની પેઠે કેટલાંક પ્રયોજનો પણ ગણાવી કાઢીએ છીએ. 'સાહિત્ય જીવનનું પ્રતિબિંબ છે' તેથી સાહિત્ય દ્વારા જીવનઘડતર થવું જોઈએ એવી આપણી માગણી હોય છે; અને 'style is the man' ઉપરથી આપણે ત્યાં 'શીલ તેવી શૈલી' સૂત્ર પ્રચાર પામ્યું છે.

જીવનમૂલ્યોની કટોકટી અને અરાજકતા જ નવસર્જનની ભૂમિકા તૈયાર કરે છે. અંધાધૂંધીના યુગમાં વ્યક્તિ પોતાને યોગ્ય જીવનમૂલ્યો કાં તો શોધી લે છે અગર તો નવાં જન્માવે છે. જીવનને નવું વ્યક્તિત્વ આપવા, નવો સંસ્કાર આપવા મનુષ્ય પ્રવૃત્ત થાય છે.

એ રીતે અંગ્રેજી સાહિત્યમાં ૧૯મી સદીમાં જીવનમાં અને સાહિત્યમાં જીવનમૂલ્યોની પ્રતિષ્ઠા કરવામાં પ્રવૃત્ત થાય છે કવિવિવેચક મેથ્યુ આર્નોલ્ડ. એ વિક્ટોરિયન યુગનો સમર્થ વિવેચક છે. ૧૯મી સદીનો એનો સમય એ વિજ્ઞાન અને લોકશાહીનો વિકાસ અને સાંસ્કૃતિક અરાજકતાનો સમય છે.

ટૉલ્સ્ટૉય, રસ્કિન અને મેથ્યુ આર્નોલ્ડ–ત્રણેએ નીતિને સાહિત્યમાં પ્રયોજવા અંગે ચર્ચા-વિચારણા કરી છે. રસ્કિન અને આર્નોલ્ડ બન્ને નીતિચુસ્ત હોઈને વ્યવહારુ નીતિને સાહિત્યમાં સીધી રીતે સ્થાન આપે છે. નીતિ મનુષ્યનો સદાચાર ઘડી આપે છે, જીવનમાં સારા–નરસાનો વિવેક કરી આપે છે અને તે પ્રમાણે જીવનને ઘડવાનો આદર્શ નક્કી થાય છે. મેથ્યુ આર્નોલ્ડ એના 'Culture and Anarchy'માં સંસ્કૃતિની વાત કરે છે અને 'Essays in Criticism' ગ્રન્થમાં 'વર્ડ્ઝવર્થ' વિશે લખતાં કહે છે: 'The Question, how to live, is itself a moral idea'. એને મન How to live ? 'કેવી રીતે જીવવું ?' એ મુખ્ય પ્રશ્ન છે. સાહિત્યમાં નીતિનો નીતિની રીતે જ વિચાર કરીને તે કહે છે: "It is important, therefore, to hold fast to this; that Poetry is at bottom a criticism of life; that the greatness of a poet lies in his powerful and beautiful application of ideas to life–to the Question: How to live ? કવિ આદર્શ ચિત્રો દ્વારા જીવનનો વિચાર રજૂ કરે છે.

મેથ્યુ આર્નોલ્ડનાં વચનોનું વિવરણ કરતાં શ્રી. મનસુખલાલ ઝવેરી લખે છે: "જીવનમાં જે નિષિદ્ધ છે કે ત્યાજ્ય છે તે સાહિત્યમાં કદી પણ સિદ્ધ કે ગ્રાહ્ય ન થઈ શકે. જીવનમાં જો લુચ્ચાઈ કે લબાડી કરનાર માણસ માનપાત્ર ન ગણાતો હોય તો સાહિત્યમાં પણ તેવું પાત્ર માનપાત્ર ન જ ગણાય. સાહિત્યને માપવાનો ગજ તે જીવન જ છે." શ્રી. મનસુખલાલે અહીં કલા સ્વતંત્ર છે, નિર્હેતુક તેની લીલા છે તેનો કશો જ વિચાર કર્યા વિના કલા જાણે જીવનને અધીન છે તેવું દાસીકૃત્ય કલા પાસે કરાવ્યું છે. સર્જક કલામાં જીવનનો સંદર્ભ પ્રયોજે છે તે વાત સાચી; પણ માનવીના જીવનનું માત્ર ઘડતર કરવાનો જ કલાનો ઉદ્દેશ નથી. નીતિ માનવીના જીવનની લક્ષ્મણરેખા દોરી આપે છે. કલા નીતિની લક્ષ્મણરેખા ઓળંગી આપે છે.

મેથ્યુ આર્નોલ્ડ રૂઢિપૂજક સાહિત્યકાર છે. અંગ્રેજી સાહિત્યમાં 'કલા ખાતર કલા---Art for the sake of Art' અને 'જીવન ખાતર કલા'—'Art for the sake of life' એમ બે વાદો જે પ્રવર્તે છે તેમાં 'જીવન ખાતર કલા'ના વાદમાં મેથ્યુ આર્નોલ્ડ માને છે. અને તેથી તેની દૃષ્ટિ નીતિચુસ્ત વિશેષ રહી છે. આર્નોલ્ડ કહે છે:—" A poetry of revolt against moral ideas is a poetry of revolt against life; a poetry of indifference towards moral ideas is a poetry of indifference towards life."—'નીતિની ઉપેક્ષા કરનારું સાહિત્ય જીવનની ઉપેક્ષા કરે છે' એમ તેનું માનવું છે. "જે કવિતા નૈતિક મૂલ્યો સામે બંડ ઉઠાવે છે તે કવિતા જીવન સામે બંડ ઉઠાવે છે, જે કવિતા નૈતિક મૂલ્યોની અવગણના કરે છે તે જીવનની પણ અવગણના કરે છે." આમ આર્નોલ્ડ કવિ કરતાં તો શિક્ષક અને ઉપદેશકનું કામ વિશેષ કરતો દેખાય છે. ઉમર ખય્યામની રૂબાયત

છે—"જેટલો સમય મસ્જિદમાં બરબાદ કર્યો, તેનું સાટું મયખાનામાં જઈને વાળીએ." આવો આનંદ મેથ્યુ આર્નોલ્ડ સહી શકે તેમ નથી. એ કવિતાની વ્યાખ્યા આપતાં કહે છે: "Poetry is a criticism of life under the conditions fixed for such a criticism by the Laws of Poetic truth and poetic beauty"—એણે કવિતા કે સાહિત્યને જીવનની સમીક્ષા કહ્યું છે પણ તે જીવનની સમીક્ષા કાવ્યાત્મક સત્ય અને સૌન્દર્યના નિયમોને વશ વર્તીને. પણ આ બધું તે જીવનના સંદર્ભમાં જ વિચારે છે. કવિતા એને મન જીવનની કલા છે. શ્રી. રા. વિ. પાઠક લખે છે: "કલાને જોવાને નીતિની નહિ, પણ કલાની જ—રસની જ દૃષ્ટિ જોઈએ એ ખરું. પણ તેનો અર્થ એવો નથી કે કલા અનીતિમાં રસ લઈ શકે. અને અનીતિમાં રસ લેનાર સાહિત્ય તે સમાજને ભૂંડામાં ભૂંડા શાપરૂપ છે. માણસના મનને તે સૂક્ષ્મમાં સૂક્ષ્મ રીતે વિકૃત અને કુટિલ કરે છે." આર્નોલ્ડ પણ એવું માને છે કે કવિતાએ ઉત્કૃષ્ટ વિચારો—માનવીને ઉન્નત બનાવે તેવા વિચારો—રજૂ કરવા જોઈએ અને ભવ્ય વિષયો લેવા જોઈએ.

તો કલા અને નીતિને શ્રી. ઝવેરી કે શ્રી. પાઠક કે મેથ્યુ આર્નોલ્ડ માને છે તે રીતનો સંબંધ નથી. આ સંબંધમાં ટી. એસ. ઈલિયટ લખે છે: "Morals for the Saint are only a preliminary matter; for the poet a secondary matter... Arnold's poetry has little technical interest. It is academic poetry in the best sense." ઈલિયટનું આ દૃષ્ટિબિન્દુ ઘણું જ સાચું છે. આર્નોલ્ડની કવિતાનું શૈક્ષણિક મૂલ્ય વિશેષ છે. જીવનના પ્રશ્નોની જ આળપંપાળ કરતો સર્જક અને ભાવક શુદ્ધ કલાને ઓળખી શક્તો નથી અને માણી શક્તો નથી. જીવનના પ્રશ્નો હલ કરવા માટે, દર્દી, ડૉકટર પાસે જાય તે રીતે ભાવકે અને સર્જકે કલા પાસે જવાનું નથી. એ એવા પ્રકારના રોગ-નિવારણ માટે કલાનું સર્જન નથી. આવું સાંભળી જેમનું નાકનું ટેરવું ઊંચું ચડી જાય છે તેવા સર્જકો અને ભાવકો માટે હમેશાં કલા અને નીતિ તથા શ્લીલ અને અશ્લીલના પ્રશ્નો ઊભા થાય છે. કલાને કલાની રીતે મૂલવવાનો પ્રયાસ થવો ઘટે. આપણી કવિતા મહાન જીવનદર્શનના ઓઠા હેઠળ જાણે મરવા પડી છે તેવું લાગે છે. સાહિત્યમાં FORMનું ગૌરવ થવું ઘટે. કવિ બોદલેર કહે છે: "Poetry has no end beyond itself. If a poet has followed a moral end, he has diminished his poetic force and the result is likely to be bad." ઓસ્કર વાઈલ્ડ કહે છે: "An ethical sympathy in an artist is an unpardonable mannerism. All art is useless."

ગુજરાતી સાહિત્યમાં શ્રી. મધુ રાય અને શ્રી. ચન્દ્રકાન્ત લક્ષ્મીની કેટલીક વાર્તાઓ ચર્ચાસ્પદ બની છે તે ખાસ કરીને નીતિના પ્રશ્નના કારણે. ઉર્દૂ લેખક સઆદત હસન મન્ટોની 'ખોલ દો' વાર્તાનો પ્રસંગ છે—"એક કન્યા ઉપર ઘણા બધા બળાત્કાર થાય છે ને તેમાં તે બેભાન જેવી બની જાય છે. ત્યાં ડૉકટર આવી પહોંચે છે ને હવા માટે બારી ખોલી નાખવાનું કહે છે તો પેલી સ્ત્રી આ સાંભળી પોતાનાં વસ્ત્રો ખુલ્લાં કરે છે." આ દૃશ્ય કેટલું કરુણ છે! છતાં કોઈ તેને અશ્લીલ પણ ગણે. તેવી જ રીતે 'A woman of Rome' નવલકથામાં રોમની સ્ત્રીનું કરુણ પાત્ર છે પણ તે અશ્લીલ વાર્તા ગણાય તો નવાઈ નહિ. પોતાના જીવનને

ખાતર આવા ‘મોડેલ’ બનવું પડે છે તે જીવનની કરુણતા છે. એટલે માત્ર ઉપદેશોની પાછળ જ પડેલા સર્જકો અને વિવેચકો આ રીતે કલાના રૂપને પામી શક્તા નથી. કલાનો તેની રચનાના સંદર્ભમાં જ વિચાર કરવો ઘટે.

શ્રી. સુરેશ જોષી કહે છેઃ “સાહિત્ય આપણામાં એક સાક્ષીરૂપ ચેતનાનો આવિર્ભાવ સાધી આપે છે, જેને કારણે પરિમિત વ્યક્તિત્વનું તિરોધાન સિદ્ધ કરીને તાટસ્થ્યપૂર્ણ તાદાત્મ્ય વડે આપણે અનુભૂતિઓને નહિ પણ અનુભૂતિઓના આકારને ઓળખતા થઈએ છીએ.”

કલામાં નીતિનો પ્રશ્ન લાવતાં આકૃતિની દૃષ્ટિએ ઉત્તમ ગણાતી કૃતિ પણ સામાન્ય બની જાય છે. વ્યવહારુ નીતિનો ભોગ બન્યાનું દૃષ્ટાન્ત છે કવિ રવીન્દ્રનાથ ટાગોર. તેમની ‘ઘરે બાહિરે’ નવલકથા પર એવો આક્ષેપ થયો હતો કે સંદીપના પાત્ર દ્વારા કવિએ ‘ઘરે બાહિરે’માં સીતાનું અપમાન કર્યું છે. એનો ખાસ્સો લાંબો ખુલાસો કવિએ દુઃખ સાથે કરવો પડ્યો હતો. પણ રવીન્દ્રનાથ કહે છે—“કલાકૃતિને રસની દૃષ્ટિએ તપાસો, નહિ કે તમારા સનાતની સમાજના ઘૂંટી કાઢેલા આદર્શ પ્રમાણે.” અને આ અર્થમાં ‘નીતિ એ કલાની વિષકન્યા છે’ એવું જરૂર લાગશે.

‘Morality’ સાહિત્યમાં નહિ પણ જીવનમાં હોય. આપણાં જીવનમૂલ્યોની સાથે જ તેનો સીધો વિચાર કરી શકાય. મેથ્યુ આર્નોલ્ડ, આપણા કાકા કાલેલકરની પેઠે જીવન-આગ્રહી સાહિત્યકાર છે, તેથી તે કલાનો નીતિનિરપેક્ષ વિચાર કરી શક્તો નથી. એબરક્રોમ્બી કહે છેઃ “To say that the function of literature is to teach us, to convince us, or to make us moal is to step outside of the literary art.”

કલામાં આપણે સર્જકે જે નવું રૂપ આપ્યું છે તેને માણીએ છીએ. એ રૂપને ઓળખવાને બદલે, એને આસ્વાદવાને બદલે જીવનનો ભાર તેની ઉપર લાદી દઈએ તો તેથી આપણે કલાના બહુ મોટા શત્રુ છીએ. કલા અને જીવનને એ. સી. બ્રેડલી કહે છે તેવો ગર્ભિત સંબંધ છે. એ. સી. બ્રેડલી કહે છેઃ—‘There is plenty of connection between life and poetry, but it is, so to say, a connection underground.’

મેથ્યુ આર્નોલ્ડ કહે છેઃ “આજના યુગમાં ધર્મનું કાર્ય કવિતાએ કરવાનું છે.” આનો અર્થ શો થયો? આર્નોલ્ડ સીધી રીતે કાવ્યને ધર્મની સાથે જોતરીને ધર્મમાં જે ગુણો સમાજને ઉપદેશવાના છે તે જ ગુણોની તે કાવ્યમાં અપેક્ષા રાખે છે. અને એ અર્થમાં આર્નોલ્ડની એ મોટી મર્યાદા બની જાય છે. જીવનનો જીવનની રીતે વિચાર કરવાનો છે; ને કલાનો કલાની રીતે વિચાર કરવાનો છે. એ બન્ને ક્ષેત્રો અલગ અલગ છે. એમ તો કવિની સૃષ્ટિ એ બ્રહ્માની સૃષ્ટિથી સ્વતંત્ર છે એમ કહેવાયું છે. પણ કવિની સ્વતંત્રતા કેટલી? અને છતાં આપણે તેનો સ્વતંત્ર વિચાર કરીએ છીએ. તેમ કલા જીવનથી સ્વતંત્ર કેટલી? અને છતાં આપણે તેનો સ્વતંત્ર વિચાર કરવાનો રહે છે. અન્યથા આપણે કલાનું રૂપ પામી શક્તા નથી.[૧]

---

૧ તા. ૧૦-૩-૭૬ના રોજ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીઆયોજિત સાહિત્યમીમાંસા: ઓપ-વર્ગમાં વંચાયેલો નિબંધ

સંદર્ભગ્રન્થો

પાશ્ચાત્ય સાહિત્યમીમાંસાના સીમાસ્તંભો—ડૉ. બહેચરભાઈ પટેલ

સાહિત્યનું ઘડતર—જિતેન્દ્ર દવે

સાહિત્યરંગ—કુંજવિહારી મહેતા

સાહિત્યવિમર્શ—રા. વિ. પાઠક

કાવ્યની શક્તિ—રા. વિ. પાઠક

કાવ્યવિમર્શ—મનસુખલાલ ઝવેરી

કાવ્યચર્ચા—સુરેશ જોષી

સાહિત્યસિદ્ધાંતો—નાયક, દવે

Essays in Criticism (II series)-Matthew Arnold

The Use of poetry and the Use of criticism—T. S. Elliot

The Making of literature—Scott James

An Introduction to the study of literature—Hudson

અસ્તિત્વવાદ

સુનયના દ્વિવેદિયા

સામાન્ય રીતે ફિલસૂફીની વ્યાખ્યા 'તત્ત્વોનું અધ્યયન' એમ કરવામાં આવી છે. આપણા શબ્દ 'તત્ત્વજ્ઞાન'માં આ અર્થ નિહિત છે. ફિલસૂફનું પરમ કર્તવ્ય આભાસ ને યથાર્થ વચ્ચેનો ભેદ નક્કી કરવાનું છે એમ મનાયું છે.

અસ્તિત્વવાદ પણ મૂળ તત્ત્વોનો ઊંડો અભ્યાસ કરવા મથે છે પણ તેણે તત્ત્વ કરતાં અસ્તિત્વને વધારે પ્રાધાન્ય આપ્યું છે. તત્ત્વ અસ્તિત્વ કરતાં વધારે પ્રાથમિક છે એ આદર્શવાદી માન્યતાને તેઓ નકારે છે.

તત્ત્વનો અર્થ 'સામાન્ય, ગુણધર્મ કે જાતિ થાય. અસ્તિત્વ એટલે મુખ્યત્વે **માનવીય** અસ્તિત્વ. આમ તત્ત્વ એ સામાન્ય જાતિ કે સંભાવના છે, જ્યારે અસ્તિત્વ એક વિશિષ્ટ, એક યથાર્થ ગણી શકાય (જે દિક્ ને કાળમાં પ્રસરેલું છે).

તત્ત્વ એ બુદ્ધિગમ્ય પદાર્થ છે, જ્યારે અસ્તિત્વનું ગ્રહણ સ્વાનુભવથી થઈ શકે.

પશ્ચિમી તત્ત્વજ્ઞાનના ઇતિહાસમાં 'સામાન્ય'ને પ્રાથમિક ગણી શકાય કે 'વિશિષ્ટ'ને, તે અંગે ઠીક ઠીક રસપ્રદ ચર્ચા થઈ છે. બુદ્ધિ પ્રથમ, કે ઇન્દ્રિયજ્ઞાન અથવા અન્તઃસ્ફુરણ, તેવો પણ પ્રશ્ન ઊઠ્યો છે. સામાન્ય ને પ્રાધાન્ય આપનારાઓએ, બૌદ્ધિક પ્રાગનુભવીઓએ, ને વસ્તુપરક-વાદીઓએ પ્રથમ માર્ગ સ્વીકાર્યો છે, જ્યારે વ્યક્તિવાદીઓ વિશિષ્ટવાદીઓ ને અનુભવવાદીઓ ને અન્તઃસ્ફુરણવાદીઓએ બીજો માર્ગ સ્વીકાર્યો છે. અસ્તિત્વવાદીઓ આ બીજા વર્ગમાં આવી શકે. તેઓ વ્યક્તિ ને તેના વર્ચસ્વને પ્રાધાન્ય આપે છે. એક વ્યક્તિ, કે જે એક સ્વાનુભવી ભોક્તા, દુઃખ અનુભવતો, ઇચ્છા કરતો, જીવન જીવતો ચેતન અંશ છે, તે માનવતાના અમૂર્ત ખ્યાલ, 'એક વર્ગ, સમાજ, રાષ્ટ્ર કે કોઈ પણ અન્ય જનસમૂહ કરતાં વધારે ચડિયાતો છે.

બીજો મુદ્દો એ છે કે નૈતિક ને સામાજિક વલણમાં અસ્તિત્વવાદીઓ વ્યક્તિવાદી, આત્મસ્વાતંત્ર્યવાદી છે. તેઓ હંમેશાં establishment સામે વિરોધ પોકારતા આવ્યા છે. દા. ત. કીર્કેગાર્ડે ચર્ચ સામે પોતાનો પ્રચંડ વિરોધ નોંધાવ્યો. કીર્કેગાર્ડે માન્યું કે ધાર્મિક સત્તાધારીઓ માણસના સાચા ધાર્મિક વિકાસને કચડી નાખે છે. આધુનિક અસ્તિત્વવાદીઓ જેમકે માર્શલ, હેડીગર ને સાત્રને (જેઓએ યુરોપીય લડાઈ વખતે, ને તે પછી ઘણું દુઃખ ભોગવ્યું છે) બળવાખોરોનું બિરુદ આપી શકાય. યુરોપીય લડાઈઓ નિરંકુશ સત્તા ધરાવનારા જાલિમોએ જ ઊભી કરેલી હતી એવું તેમનું મન્તવ્ય હતું.

વિવિધ મન્તવ્યો ધરાવતા બધા જ અસ્તિત્વવાદીઓ એક રીતે જોઈએ તો સમાનધર્મી જ કહી શકાય, કારણ તેઓ બધાને દલિતો તરફ પ્રેમ હતો ને તેઓ બધા જ વસ્તુપરકતાના વિરોધી હતા. આથી અસ્તિત્વવાદીઓનો (વ્યક્તિવાદી હોવા છતાં) એક સાથે અભ્યાસ કરવો ઉચિત ગણાશે.

ત્રીજો મુદ્દો એ છે કે જ્ઞાનશાસ્ત્રમાં અસ્તિત્ત્વવાદીઓ કંઈક અંશે બુદ્ધિવિરોધીને અ-વસ્તુ લક્ષીવાદી ગણી શકાય. કીર્કેગાર્ડે હેગલના તર્કવાદને પોકાર્યો. તર્કસત્તાવાદ નૈતિક ને ધાર્મિક અનુભવોને બરાબર સમજી શકતો નથી. તેમનું ઊંડાણુ પારખી શકતો નથી. બુદ્ધિના એક માત્ર માપદંડથી તર્કસત્તાવાદ સૃષ્ટિનું મૂલ્યાંકન કરે છે. બુદ્ધિ કેવળ વસ્તુનું બાહ્ય સ્વરૂપ સમજી શકે છે, તેના હાર્દને સમજી શકતી નથી. બધા જ અસ્તિત્વવાદીઓએ બુદ્ધિવાદ સામે પ્રચંડ પ્રહારો કર્યા છે. ટૂંકમાં કહીએ તો બુદ્ધિ માનવ-અનુભવની અંતઃસમૃદ્ધિ ગ્રહી શકતી નથી. વસ્તુપરકતા સામે બધા જ અસ્તિત્વવાદીઓને એક સરખી ચીઢ છે.

આત્મપરકતાવાદ, અન્તઃસ્ફુરણુવાદ romanticism, અને કંઈક અંશે લાગણીને સર્વોપરિ માનતો વાદ અસ્તિત્વવાદીઓના લખાણોમાં અન્તર્ગત છે.

ચોથો મુદ્દો એ છે કે સર્વે અસ્તિત્વવાદીઓ સભાનપણે ને ખુલ્લી રીતે પરાભૌતિકશાસ્ત્રને વખોડે છે. પરાભૌતિકશાસ્ત્ર કેવળ બૌદ્ધિક ખ્યાલો વડે સૃષ્ટિના બંધારણની ખોજ કરે છે ને તે નિષ્ફળ બનવા જ નિર્માયું છે. બુદ્ધિગમ્ય સંકેતો આપણને વસ્તુનું હાર્દ નિર્દેશી શકતા નથી. બધા જ રહસ્યવાદીઓ માફક અસ્તિત્વવાદીઓ 'જાણવું' કરતાં 'હોવું'ને વધારે પ્રાધાન્ય આપે છે.

અસ્તિત્વવાદીઓના બે વિભાગ કરી શકાય. એક આસ્તિક અસ્તિત્વવાદીઓનો ને બીજો નાસ્તિક અસ્તિત્વવાદીઓનો. જાસ્પર્સ માર્શલ ને કીર્કેગાર્ડ પ્રથમ વર્ગમાં આવી શકે જ્યારે હેડેગર ને સાર્ત્ર બીજા વર્ગમાં આવી શકે.

કીર્કેગાર્ડને યોગ્ય જ રીતે ૧૯મી સદીના 'સોક્રેટીસ'નું બિરુદ મળ્યું છે. તેણે અંતરલક્ષી ઘટકને મહત્ત્વ આપ્યું. હેગલે તત્ત્વજ્ઞાનને વધુ પડતું વસ્તુલક્ષી બનાવ્યું હતું. બીજા શબ્દોમાં કહીએ તો હું જે સત્ય કે મૂલ્ય ઝંખું છું તે ફક્ત બુદ્ધિને સંતોષવા માટે નહીં પણ તે મારા સમગ્ર એકમને સંતોષે એવું હોવું જોઈએ. તેનાથી **મને** સંતોષ થવો જોઈએ. નિર્મમતા કેળવવી તે એક આધ્યાત્મિક આપઘાત કરવા બરાબર છે એમ કીર્કેગાર્ડ માનતો હતો.

તર્કશાસ્ત્ર ફક્ત બુદ્ધિની સાઠમારી છે. બધાં જ તર્કશાસ્ત્રો શુષ્ક ખ્યાલોનો અભ્યાસ છે, તે કેવળ અમૂર્ત ખ્યાલો આપી શકે છે. મૂર્ત અસ્તિત્વને ન્યાય નથી આપતું. કીર્કેગાર્ડે સોક્રેટીસને હેગલ સાથે ચર્ચા કરતો ને વિજયી નીવડતો કલ્પ્યો હતો.

કીર્કેગાર્ડે ડેકાર્ટના 'કોજીટો અર્ગો સમ'ને ઉલટાવ્યું 'હું વિચારશીલ છું માટે મારું અસ્તિત્વ છે' એવું ડેકાર્ટનું મન્તવ્ય હતું. કીર્કેગાર્ડ કહે છે 'મારું અસ્તિત્વ છે માટે હું વિચારશીલ છું.' 'હું વિચારશીલ છું' એમાં જ મારા અસ્તિત્વનું સમર્થન છે. ડેકાર્ટના સંશયનો એક માત્ર જવાબ તે વસ્તુલક્ષી વલણનો સદંતર ત્યાગ એ છે. આપણે આપણા અન્તર્ગત વિચારશીલ અસ્તિત્વનો સ્વાનુભવ કરવો જોઈએ.

આ ચેતનવંતો અસ્તિત્વપૂર્ણ આત્મા મુખ્યત્વે કરીને નૈતિક આત્મા છે. તે વધારે તો સભાનપણે જીવન જીવતો એક ક્રિયાશીલ માનવીનો આત્મા છે. તે ફક્ત નિરીક્ષણ કરતો નિષ્ક્રીય દ્રષ્ટા નથી. આને અહંકાર ના કહી શકાય (એના ખરાબ અર્થમાં) કારણ કીર્કેગાર્ડને

ઈશ્વર પર આસ્થા હતી. શ્રેયને પામવા મથતી નૈતિક ઇચ્છાશક્તિ શ્રદ્ધામય ઇચ્છાશક્તિમાં-પરિવર્તન પામે છે, કારણ અનન્ત શ્રેયસાધક છે. નૈતિક ઘર્ષણ 'અસ્તિત્વમય' બની ધર્મનું સ્વરૂપ ગ્રહણ કરે છે.

જાસ્પર્સ માને છે કે હેગલની વિચારસરણી હવે મરી પરવારી છે. વ્યક્તિવાદનો કોઈ કટ્ટર દુશ્મન હોય તો તે આધુનિક ટેકનોલોજીકલ યુગ છે. જાસ્પર્સ ને એક નૂતન કાન્ટિયન અસ્તિત્વ-વાદી કહી શકાય. વિષય-વિષયીના દ્વંદ્વમાં લપટાયેલું આપણું અસ્તિત્વ એક આભાસ છે. આપણે યથાર્થનું પૂર્ણ સ્વરૂપ સમજવું જોઈએ. આ યથાર્થને જાસ્પર્સ 'સારસત્તા' નામ આપે છે. મનુષ્યની પોતાના 'અહમ્'ની પાર જવાની શક્તિ એને પરમ તત્ત્વજ્ઞાની બનાવે છે. કીર્કેગાર્ડે પ્રાકૃતિક વિજ્ઞાનને યોગ્ય ન્યાય આપ્યો નહોતો.

"આપણા જ્ઞાનની અપૂર્ણતા અને સીમિત શક્તિઓ અજ્ઞેય જ્ઞાનાતીત અને અનંત શક્તિપૂર્ણ અસ્તિત્વના ઉદ્દ્ગમનો સંકેત કરે છે. જાસ્પર્સ કહે છે આપણે સ્વતંત્ર છીએ એ પણ સિદ્ધ કરવું શક્ય નથી. કારણ કે અસ્તિત્વ વિષે રજૂ કરવામાં આવેલા સર્વ તર્ક, વસ્તુપરક સત્તાનો નિર્દેશ કરે છે જ્યારે સ્વતંત્રતા એ કોઈ વસ્તુસત્તાનો ગુણ નથી. (મનોહર વર્મા)

હેડેગર આભાસવાદી ફિલસૂફ હર્ષલનો અનુયાયી હતો. હર્ષલની માન્યતા હતી કે દાર્શનિકોએ પ્રકૃતિ જગતમાંથી ધ્યાન ખેંચી લઈને આત્મસ્થ થવું જોઈએ. કારણ કે એવી સ્થિતિમાં જ પ્રકૃતિ—જગત વિષે ચિંતન ને વિશ્લેષણની આવશ્યક ભૂમિકા મળે છે. હેડેગર આ વિચારસરણીને સંમતિ આપે છે. હેડેગર ઉપર કીર્કેગાર્ડના આત્મલક્ષી અન્તઃસ્ફુરણોનો પણ પ્રભાવ પડ્યો. ખાસ કરીને ભય, ચિન્તા, વિગેરે આવેગો પર કીર્કેગાર્ડની માફક જ તેણે ધ્યાન આપ્યું, પણ કીર્કેગાર્ડ આત્મલક્ષી વૃત્તિને જ સત્ય માને છે. જ્યારે હેડેગર આત્મલક્ષણથી પર આવેલા સત્યનું અન્વેષણ કરે છે. ખાસ કરીને ભયની પાછળ જે 'નથીંગ' રહેલું છે તેનો એ સંપૂર્ણ રીતે અભ્યાસ કરે છે.

ડા—સીને (માનવી) પોતાના આત્માની મદદથી જ સત્તાનો અભ્યાસ કરવો જોઈએ પરાભૌતિકશાસ્ત્ર માનવીય ડા—સીનનો આત્મરત અભ્યાસ છે. વ્યક્તિની સચ્ચાઈપૂર્ણ અન્તર્ગત ને અંગત પાસાંઓને તે 'અસ્તિત્વવાદી પાસાં' કહે છે.

મનુષ્યના અન્તર્તમ અસ્તિત્વની પાછળ સારસત્તા કઈ, એ પ્રશ્નનો એ ઊંડો અભ્યાસ કરે છે. તે કહે છેઃ (૧) વ્યક્તિ પોતાની જાતને દુનિયાના એક અંગ તરીકે જુએ છે. (૨) મૃત્યુ (ખાસ કરીને મૃત્યુનો ભય) એક અચૂક અસ્તિત્વ ધરાવે છે.

મનુષ્યના સચ્ચાઈપૂર્ણ અસ્તિત્વને તે તેના ઉપર છલ્લા અસ્તિત્વથી જુદું ગણે છે. ડા—સીનનો નૈતિક ઘર્ષણયુક્ત વિકાસ તે અસ્તિત્વમય 'કેર'ની અભિવ્યક્તિ છે. આ concern—ડે—સીનના મૂળમાં રહેલું છે.

સ્વતંત્રતાને સત્યનું પરમ તત્ત્વ ગણી શકાય. તેઓ અસ્તિત્વમય સ્વતંત્રતાને આગવું મહત્ત્વ આપે છે ને આમ તેઓ સ્પિનોઝાથી તદ્દન જુદા પડે છે. માર્શલ-માર્શલનું મહત્ત્વ તેના નૈતિક પરિણામોના સાધારણીકરણ અને પ્રેરક તત્ત્વોની વ્યાખ્યામાં છે. તે કહે છે કે જો વિશિષ્ટ માનવસમુદાયોને, જેઓ વાસ્તવમાં અસ્તિત્વપૂર્ણ છે, ફાસીસ્ટ કે સામ્યવાદી જેવી

માન્યતાઓ અને વાદોની સીમામાં વર્ગીકૃત કરીને સ્વીકૃત ન કરવામાં આવે તો યુદ્ધોની સંભાવના નહિ રહે. વિશિષ્ટ માનવ–સ્થિતિઓના સ્વતંત્ર નિર્ણયોને 'વાદ' વડે સ્થાનાન્તરિત કરવાથી જ સંઘર્ષ ઉત્પન્ન થાય છે.

સાર્ત્ર સાર્ત્ર એક વિશિષ્ટ આધુનિક ફ્રેન્ચ બુદ્ધિજીવી છે. ચેતનાનો અર્થ ચેતનામય બનવું ને કશાકનો ચેતના વડે અનુભવ કરવો એવો જ અર્થ થઈ શકે. ચેતના અ-ચેતનનો નિર્દેશ કરીને તેનાથી પોતાની જાતને જુદી પાડે છે અને કશાકનો અનુભવ એક સ્વાનુભવ તો છે જ.

આમ બે મુખ્ય તત્ત્વો આગળ પડતાં છે. ચેતના ને કશોક પદાર્થ. ચેતના આવશ્યક રીતે વસ્તુલક્ષી જગતનો સંકેત કરે છે, પણ ચેતના પ્રાથમિક છે. તે એક સ્વતંત્ર એકમ છે, પણ સાર્ત્ર આદર્શવાદી નથી. યથાર્થવાદ ને આદર્શવાદના સંઘર્ષને તેઓ હસી કાઢે છે. સાર્ત્રના વર્ણનમાં ચેતના કઈ રીતે શરીર સાથે સંકળાયેલી છે તેનું વર્ણન આવવું જ જોઈએ. ચેતનાનો સૃષ્ટિના બંધારણ જોડે, અતીત વર્તમાનને ભવિષ્ય જોડે, (જાણવું ઇચ્છવું ને પસંદ કરવું વગેરે ક્રિયાઓ જોડે પણ) શો સંબંધ છે તે ફિલસૂફે પૂરવાર કરી આપવું જોઈએ. આ convincing વર્ણન મનુષ્યાવસ્થાની વાસ્તવિક સ્થિતિનું દ્યોતક છે ને આનાથી નીતિશાસ્ત્રનો પાયો (ને જીવન જીવવાની કળાનો) પણ દઢ રીતે સ્થાપિત કરી શકાશે.

વસ્તુઓની મૂળ અવસ્થાનો અભ્યાસ જ્ઞાનનો આદર્શ છે. આ જો ચેતના વસ્તુ સાથે અતૂટ સંબંધ ધરાવી શકે તો જ શક્ય બને. આમ જ્ઞાન વસ્તુઓનું હાર્દ નથી સમજી શકતું એ કાન્ટિયન માન્યતાને અમુક અંશે નકારી તે કહે છે કે ચેતના જ્યારે દુનિયાથી સભાનપણે અલગ બને છે ત્યારે સૃષ્ટિનું જ્ઞાન આપણને થાય છે.

સાર્ત્ર કહે છે કે આદર્શવાદ ને યથાર્થવાદ મારો અન્ય વ્યક્તિ જોડે શું સંબંધ છે તે બતાવી શકતો નથી. 'એકમનવાદ' Solipsismનું ખંડન આ બે વાદો કરી શકતા નથી. સિદ્ધાંતયા અન્ય વ્યક્તિ 'જે મને જુએ છે' એવી વ્યક્તિ છે 'હું એને જોઉં છું' એવી વ્યક્તિ નથી. અન્ય વ્યક્તિ એક વિષયી છે વિષય નથી. જો હું એક લજ્જાજનક પ્રવૃત્તિમાં લપેટાયેલો હોઉં ને મને કોઈ પકડે તો હું કેવળ સ્વાનુભવ કરતો માનવી નથી રહેતો પરંતુ બીજાને માટે અસ્તિત્વ ધરાવતો માનવી છું એવું ભાન મને થાય છે. મારી સ્વતંત્રતા બીજાની સ્વતંત્રતા વડે સીમિત છે. મારું એક બહિર્રૂપ છે (જે હું સમજી શકતો નથી) જે એક એવું એકમ છે કે જે મનુષ્ય જ ધરાવી શકે છે.

પ્રત્યેક વ્યક્તિ પોતાની ચેતનાના માધ્યમ વડે જગતના સંસર્ગથી પ્રેરિત પોતાની બૌદ્ધિક અને ભાવનાત્મક અનુભૂતિઓના આકલનનું કેન્દ્રબિન્દુ જાતે બનીને પોતાની વિશિષ્ટ સૃષ્ટિનું નિર્માણ કરે છે. આ વિશિષ્ટ સૃષ્ટિ પ્રત્યેક વ્યક્તિની પોતાની આગવી સૃજન ક્રિયા હોય છે. પોતાની શક્તિ, સંભાવનાઓ અને પરિસ્થિતિ વગેરેનું વિશ્લેષણ કરીને વ્યક્તિ ભવિષ્યના કાર્યક્રમની યોજના પોતાના માનસિક જગતમાં કરે છે અને પછી એ કલ્પનાચિત્રોને અનુરૂપ પોતાના વ્યક્તિત્ત્વને ઘડે છે. સ્વનિર્ધારિત મૂલ્યો વડે નિર્મિત પોતાના કલ્પના-ચિત્રની પ્રાપ્તિ પછી તેના આકાંક્ષિત પ્રતીકો બીજું જ સ્વરૂપ ધારણ કરી લે છે અને એ રીતે ક્યારેય સંતુષ્ટ નથી થતો. સ્વતંત્રતાની જીવનશક્તિ માટે અસંતુષ્ટિ એક આવશ્યક પદાર્થ છે. લક્ષ્યપ્રાપ્તિ થયા પછી પૂર્ણ સંતોષ

મળ્યાનો અર્થ થશે–અસ્તિત્વના વર્ગમાંથી સત્તાના વર્ગમાં ભળી જવું. સત્તાને અસ્તિત્વના દ્વૈતનો નાશ કરવો એ જ માનવ–સંઘર્ષનું ધ્યેય છે–જે અસંભવિત છે કારણ તે બંને વિરોધી વસ્તુ છે "

આમ સાર્ત્ર એક અસંતોષી, કલ્પનાચિત્રથી વાસ્તવિક જગતની મર્યાદા ટંકારતો બુદ્ધિજીવી છે જેણે અસ્તિત્વવાદને એક વિશ્વ—ફિલસૂફી બનાવી છે. ફ્રેન્ચ વિદ્યાર્થીઓનો તે એક માનીતો નેતા છે. સામ્યવાદીઓ પ્રત્યે સહાનુભૂતિ ધરાવતો આ ફિલસૂફ સામ્યવાદના dogmatism થી દૂર રહ્યો છે.

અસ્તિત્વવાદનું મૂલ્યાંકન—ફિલસૂફી વિષય—વિષયી વચ્ચે એક અત્યંત રોચક ક્રિયા—**પ્રક્રિયા**ની અભિવ્યક્તિ છે. ફિલસૂફોએ યુગ—માંગને લક્ષ્યમાં રાખીને કાં તો વિષયને પ્રાધાન્ય આપ્યું છે કાં તો 'વિષય'ને. હેગલની વસ્તુપરક ફિલસૂફીએ ફાસીવાદને જન્મ આપ્યો છે, જેનાથી મનુષ્યના વ્યક્તિત્વનો કરુણ હ્રાસ થયો છે. જો આ આપખુદ સત્તાવાદ (ફાસીવાદ કે સામ્યવાદનો) નિરંકુશ રીતે આગળ વધશે તો વ્યક્તિના નિજીપણાનો સંપૂર્ણ વિનાશ થશે એમ અસ્તિત્વવાદ આપણને યોગ્ય ચેતવણી આપે છે.

ગત મહાયુદ્ધોમાં ને તે પછી પ્રવર્તેલી રાજકીય ને સામાજિક અંધાધુંધીમાં જન્મેલા નિરાશાવાદી વાતાવરણ સામે અસ્તિત્વવાદીઓએ યોગ્ય રીતે વિરોધ નોંધાવ્યો છે. અસ્તિત્વવાદને કેટલાક ટીકાકારો 'આધુનિક યુગપ્રવર્તક હિંસા ને નિર્ગઠન સામે પ્રચંડ વિરોધ નોંધાવતી એક ઉન્માદી પ્રવૃત્તિ કહે છે' પણ તેમ નથી. તે મનુષ્યના આત્માનો હ્રાસ કરતી પરિસ્થિતિનો વિરોધ છે ને આ વિરોધશક્તિ જ પુરવાર કરે છે કે મનુષ્યનો આત્મા તાર્કિક અનુભવવાદીઓએ પ્રતિપાદિત કરેલી 'તાર્કિક કલ્પના' માત્ર નથી.

સત્તાવાદનો (ફિલસૂફીમાં કે રાજકીય ક્ષેત્રમાં) પ્રતિયુગ વિરોધ થવો ઘટે અને વ્યક્તિના અસ્તિત્વનું સમર્થન થવું જોઈએ. કોઈ એક સોક્રેટીસ, ઈશુ કે ગાંધી યુગે યુગે પોતાના જીવનનું બલિદાન આપતો રહેશે એવી અસ્તિત્વવાદીઓને શ્રદ્ધા છે.

આમ અસ્તિત્વવાદે (૧) હેગલના સર્વભક્ષી તર્કસત્તાવાદ સામે બળવો પોકારી ફિલસૂફીમાં મહત્ત્વનો ફાળો આપ્યો છે. (૨) અસ્તિત્વવાદનો બીજો મહત્ત્વનો ફાળો તે મનુષ્યના સ્વાતંત્ર્યનું તેણે કરેલું સમર્થન. સ્પિનોઝએ 'વ્યક્તિસ્વાતંત્ર્યના સિદ્ધાંતની ઠીક ઠીક મશ્કરી ઊડાવી છે. તેઓ કહે છે 'જો એક પથ્થરમાં ચેતના હોત તો તે પોતાની જાતને સ્વતંત્ર માની બેસત'.

અસ્તિત્વવાદીઓ કહે છે કે મનુષ્ય દિક્ ને કાળના પરિપાર્શ્વમાં પરિસ્થિતિઓને અનુરૂપ નિર્ણય કરીને પોતાની સારસત્તાને **પોતેજ** નિર્મિત કરે છે તથા ચેતના અને સંકલ્પ વડે નિર્દેશિત થઈને જન્મ **સિદ્ધ સ્વતંત્રતાના અધિકાર**નો ઉપયોગ કરીને પોતાના પ્રત્યેક કર્મ રૂપી પગલાં દ્વારા ભવિષ્યના પથનું નિર્માણ કરતો જાય છે. સાત્રનું કહેવું છે કે મનુષ્યને તેની સ્વતંત્રતા કોઈએ ક્યાંયથી આપેલી નથી. તેનું જ્ઞાન એને જાતે જ થાય છે. આપણે સ્વતંત્ર થવું જોઈએ એ પણ એક ભ્રામક ઉદ્બોધન છે કેમકે આપણે સ્વતંત્ર છીએ જ (We are condemned to be free) આપણે સ્વતંત્ર થવા માટે અભિશાપિત છીએ. મનુષ્ય નિર્ણયો ઘડે છે. તે પોતાની જવાબદારીઓમાંથી છટકી જઈ શકતો નથી. કેટલાક ટીકાકારો અસ્તિત્વવાદને એક 'પલાયનવાદી ફિલસૂફી' કહે છે પણ તેમ નથી. તે નિરાશાવાદી પણ નથી.

તાર્કિક અનુભવવાદીઓએ પણ આત્મસ્વાતંત્ર્યની ઘોષણા કરી છે. તેમણે ' કરવું જોઈએ ' ' ને શકય બનવું ' ' વચ્ચે વ્યવહારૂ (pragmatic) સંબંધ પ્રતિપાદિત કર્યો છે. પણ તાર્કિક અનુભવવાદીઓ સ્વતંત્રતાના પૂર્ણ સ્વરૂપને પામી શકયા નથી. તેમનું સ્વાતંત્ર્યનું વિશ્લેષણ અધૂરું છે. ફક્ત ' કશાકમાંથી મુક્તિ ' તે સ્વતંત્રતા નથી પણ ' કશાક માટે સ્વાતંત્ર્ય 'ને ' કશાક જોડે સ્વાતંત્ર્ય ' એવો પણ સ્વતંત્રતાનો અર્થ થાય.

આમ સ્વતંત્રતાનું સંપૂર્ણ વિશ્લેષણ કરીએ ત્યારે જ માનવ સ્વાતંત્ર્યને તેના સમગ્ર સંદર્ભમાં આપણે સમજી શકીયે. અસ્તિત્વવાદીઓએ યોગ્ય જ રીતે વ્યક્તિને નિર્ણયદર્શક પથપ્રદર્શક વ્યક્તિ માની છે. કોઈવાર એવું પણ બને છે કે મનુષ્ય આ અભિશાપિત સ્વતંત્રતાથી ભડકી જઈ જ્યોતિષશાસ્ત્રમાં ને નિયતિમાં માનતો થઈ જાય છે. તે એના મનની નિર્બળતા બતાવે છે (" The fault lies in us dear Brutus not in the stars ") Shakespeare.

(૩) અસ્તિત્વવાદની ત્રીજી સિદ્ધિ એ છે કે તેણે મનુષ્યના ' સમગ્ર વ્યક્તિત્વ 'ને પ્રાધાન્ય આપ્યું છે. મનુષ્ય કેવળ એક બુદ્ધિજીવી પ્રાણી નથી. તે એક ઇચ્છાશક્તિઓનો સમૂહ છે ને મૂલ્યોનો સર્જક છે. ફિલસૂફીએ જો પોતાના નામને સાર્થક બનાવવું હશે તો મનુષ્યના સર્વાંગી વ્યક્તિત્વને યોગ્ય ન્યાય આપવો પડશે. મનુષ્યના વ્યક્તિત્વનું સુદૃઢ રીતે સંગઠન થાય એ પણ એણે જોવું પડશે. (પણ મનુષ્ય આવું સંપૂર્ણ સંગઠન નથી કરી શકતો કારણ વિશ્વમાં એક એબ્સર્ડ તત્ત્વ છે). આથી એણે નિર્ભ્રાન્ત બનવું પડશે. પ્રો. વિઝડમે અસ્તિત્વવાદને અમુક અંશે પલાયનવાદી કહેલો છે. તેઓ કહે છે " જયારે હું અસ્તિત્વવાદીઓના લખાણોનો અભ્યાસ કરું છું ત્યારે મારામાં એક મૂંઝવતી લાગણી પ્રગટે છે કે આ તો એક પલાયન છે." પણ અસ્તિત્વ-વાદમાં એક જાતની પ્રૌઢતા છે. આ પ્રૌઢતા નિર્ભ્રાન્તપણામાંથી જન્મેલી છે. ' સસ્તો આશાવાદ ' આપણને કદી સાચી ફિલસૂફી આપી શકે નહી. જો આપણે આશાવાદી બનવું જ હશે તો નિરાશાવાદના તબક્કામાંથી પસાર થવુંજ પડશે. જીવનના ખરાબ પાસાને અવગણી ના શકાય. નિર્ભ્રાન્તપણું સેવીને પ્રૌઢ બનેલો માનવી જ સૃષ્ટિને સુધારી શકે. આમ અસ્તિત્વવાદ તે વિચાર-શીલ, સંવેદનશીલ, આધુનિક માનવી માટે એક માત્ર ફિલસૂફી છે.

અસ્તિત્વવાદનો ચોથો ગુણ એ છે કે તે ' દુષ્ટ ', ' પાપ ' વગેરેને યોગ્ય ન્યાય આપે છે. બ્લેકહેમ Six existentialist thinkersમાં કહે છે કે મનુષ્યની સમકાલીન ક્રિયાઓમાં જે યુગે પરમ દુષ્ટતા જોઈ છે તેણે સભાનપણું કેળવી પોતાની જાત સાથે સમાધાન કેળવવું જોઈએ. આદર્શવાદીઓએ સૃષ્ટિના ' દુષ્ટ ' તત્ત્વ ને આભાસ ગણ્યું છે. લાઇબનિઝે આ સૃષ્ટિને ' સર્વે સંભવિત સૃષ્ટિઓમાં સૌથી સરસ સૃષ્ટિ ' કહી છે પણ દુષ્ટતા આપણને આંખે ઊડી વળગે છે. તેને એક આભાસ ગણી હસી ના શકાય. તે પ્રશ્નનું ' દુષ્ટતાની પાર જઈને જ આપણે શ્રેય પામી શકીએ '. ' શ્રેયનો અર્થ ' દુષ્ટ ' વગર સમજી શકાતો નથી ' વગેરે શબ્દપ્રયોગોથી નિરસન ના થઈ શકે. ' આપણે દુઃખ ભોગવવું જ શા માટે પડે છે ' તે એક અર્થપૂર્ણ પ્રશ્ન છે. સૃષ્ટિના એક અનિવાર્ય ઘટક તરીકે જ આપણે ' દુષ્ટ 'ને મૂલવવું પડશે.

પણ અસ્તિત્વવાદ ' દુષ્ટ 'નો નિર્દેશ કરી શકે છે પણ ' દુષ્ટતા 'નો પ્રશ્ન ઉકેલી શકતો નથી. તેનું કારણ અસ્તિત્વવાદ મનુષ્યનું સમગ્ર વિશ્વમાં શું સ્થાન છે તે સમજી શકતો નથી.

અસ્તિત્વવાદીઓ પરાભૌતિકશાસ્ત્રને વખોડે છે. મનુષ્યમાં રહેલી દુષ્ટતાને બરાબર સમજવી જોઈએ. કદાચ ધર્મ જ આ પ્રશ્નનો ઉકેલ લાવી શકે.

હવે આપણે અસ્તિત્વવાદની કેટલીક ક્ષતિઓ જોઈશું. તાર્કિક અનુભવવાદીઓને મતે અસ્તિત્વવાદે 'અસ્તિત્વ' શબ્દ વધારે પડતી છૂટથી વાપર્યો છે, 'અસ્તિત્વ' શબ્દ સંદિગ્ધ છે. તેનું યોગ્ય વિશ્લેષણ થવું ઘટે. 'અસ્તિત્વ' શબ્દ તેના એક યોગ્ય સંદર્ભમાં જ વાપરી શકાય. અસ્તિત્વવાદ 'અસ્તિત્વ'નો વધારે પડતો સામાન્ય અર્થ કરે છે. કવાઈન કહે છે કે To be is to be a value of variable. અસ્તિત્વનો અર્થ કોઈ સંચલિત ઘટકનું મૂલ્ય બનવું એવો જ થઈ શકે. મૂલ્યોનું એક અર્થફલક છે. દા. ત. જ્યારે હું કહું છું કે 'ક્ષ એક માનવી છે' ત્યારે 'ક્ષ'ને સ્થાને હું કોઈ માનવીનું વિશેષ નામ જ મૂકી શકું. દા. ત. સોક્રેટીસ, પ્લેટો વગેરે. અસ્તિત્વ શબ્દ તેના યોગ્ય સંદર્ભ વગર વાપરવો તે ખોટું છે.

'અસ્તિત્વ'નો અર્થ 'અનિવાર્ય અસ્તિત્વ' એવો થઈ શકે જ નહી. આથી અસ્તિત્વ-વાદ એક સાપેક્ષવાદી ફિલસૂફી જ રહે છે. ફક્ત અસ્તિત્વ ધરાવવું એ એક મૂલ્ય ના બની શકે (સિવાય કે ભૂગર્ભ લડાઈ વખતે, જ્યારે મનુષ્યના પ્રાથમિક અસ્તિત્વ (survival)નો પ્રશ્ન મુખ્ય બની ગયો હતો ને આધુનિક અસ્તિત્વવાદ આ પરિસ્થિતિમાંથી જ જન્મેલો હતો).

બીજો મુદ્દો એ છે કે અસ્તિત્વવાદમાં એક જાતનો સૂક્ષ્મ અહંકાર છવાયેલો છે. અસ્તિત્વવાદ ભારતીય ફિલસૂફીએ પાડેલો 'જીવ' ને 'આત્મા'નો ભેદ સમજી શકતો નથી. જીવ ભોક્તા બની શકે છે, દુઃખ અનુભવી શકે છે, ભ્રાન્તિમાંથી પસાર થઈ નિર્ભ્રાન્ત બની શકે છે વગેરે. 'આત્મા' આ બધાથી પર છે.

આપણી ફિલસૂફી અસ્તિત્વવાદ કરતાં કંઈક અંશે ચડિયાતી છે કારણ આપણે आत्मन् ને ब्रह्मन् ને એક માન્યા છે (કોઈ પ્રશ્ન ઉઠાવશે 'अहं ब्रह्मास्मि'—નું શું! તે અહંકાર નથી? જવાબ— 'ના')

ત્રીજી ટીકા આ થઈ શકે; અસ્તિત્વવાદે 'નથીંગ' શબ્દનો દુરુપયોગ કર્યો છે. 'નથીંગ' શબ્દ ને જે ઊંચું પદ આપવામાં આવ્યું છે તે યોગ્ય નથી. 'નથીંગ' nobody એક નામ નથી. તાર્કિક અનુભવવાદીઓએ 'વ્યાકરણનો વિષય' grammatical subject ને 'તાર્કિક વિષય' logical subject એવા બે ભેદ યોગ્ય રીતે પાડચા છે. 'નથીંગ' શબ્દ વ્યાકરણની દષ્ટિએ વિષય બની શકે પણ તે તાર્કિક દષ્ટિએ વિષય ના બની શકે. 'nobody' પણ એક નામ નથી. (સરખાવો—Alice in wonderland 'Nobody won the race.' 'Oh No!' said Alice, 'If it had won the race it would have been there first.' જ્યારે અસ્તિત્વવાદ 'નથીંગનેસ'—સામે પ્રતિયોગિતા' એવો શબ્દપ્રયોગ કરે છે ત્યારે તે રહસ્યવાદી બની જાય છે.

વઢવાણના વાઘેશ્વરી માતાના મંદિરની શિવપ્રતિમા

નવીનચંદ્ર આચાર્ય

સૌરાષ્ટ્રમાં સુરેન્દ્રનગર જિલ્લામાં ભોગાવો નદીને કિનારે આવેલું વઢવાણ શહેર એક પ્રાચીન ઐતિહાસિક સ્થળ છે. પ્રાચીન કાળમાં તે 'વર્ધમાનપુર' નામે પ્રસિદ્ધ હતું. ગુજરાતના અનેક પ્રાચીન ગ્રંથો તથા શિલાલેખોમાંથી[1] આ 'વર્ધમાનપુર'નો ઉલ્લેખ મળે છે. બારમી સદી દરમિયાન તે જૈન ધર્મનું એક મહત્ત્વનું કેન્દ્ર હતું. અહીંની વાઘેલા-સોલંકી કાળ દરમિયાન બંધાયેલ 'માધાવાવ' આજે પણ તેની પ્રાચીન ભવ્યતાનો ખ્યાલ આપે છે.[2] અહીં મહોલ્લાને 'પા' કહે છે. દા.ત. પંચા પા, લીમડી પા વગેરે. શહેરની આસપાસ પ્રાચીન અવશેષ સમો કોટ આવેલો છે, તેના ધોળી પોળ, ખાંડી પોળ નામના બે દરવાજા શહેરની શોભા વધારે છે. અહીંથી લગભગ ૩ કિ.મિ. દૂર, બ્રિટીશ અમલ દરમિયાન વઢવાણ કેમ્પ નામે ઓળખાતું હાલનું સુરેન્દ્રનગર શહેર વસેલું છે. વઢવાણથી ત્યાં જવા માટે ભોગાવો નદી ઉપર પુલ બાંધવામાં આવેલ છે.

વઢવાણ શહેરની મધ્યમાં વાઘેશ્વરી માતાના મંદિરના નામે ઓળખાતું એક પ્રાચીન મંદિર આવેલું છે. અહીં માતાજી ઉપરાંત શિવ તેમ જ અન્ય દેવોની પ્રતિમા પધરાવેલ કેટલાંક નાનાં મંદિરો જોવા મળે છે. વાઘેશ્વરી માતાનું મંદિર પથ્થરનું બાંધેલું છે. સ્થાપત્યની દૃષ્ટિએ આ મંદિર સોલંકી કાળ પછીની શૈલીનું જણાય છે. મંદિરની હાલની સ્થિતિ જોતાં તે કેટલું પુરાણું હશે તે કહેવું મુશ્કેલ બને છે. તેમ છતાં મંદિરના સ્થંભો તેની પ્રાચીન ભવ્યતાનો ખ્યાલ આપે છે.

આ સ્થળ વિષે અનુશ્રુતિ પ્રમાણે જાણવા મળે છે કે, અહીંથી આઠેક કિ.મિ દૂર આવેલ ખમીશાણા ગામનો એક બ્રાહ્મણ અહીં યજમાનવૃત્તિ અર્થે રહેતો હતો. તે રોજ સવારે શંકરની પૂજા કર્યા બાદ ભોજન લેતો. આ તેનો નિત્યક્રમ હતો. એક વખત મુશળધાર વરસાદ પડતાં ભોગાવો નદીમાં ભયંકર પૂર આવ્યું. બ્રાહ્મણ શંકરના મંદિરે પૂજા કરવા ન જઈ શક્યો. નિરાશ થયેલો બ્રાહ્મણ ભૂખ્યો ને તરસ્યો રાત્રે સૂઈ રહ્યો. રાત્રે તેને સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં આદેશ મળ્યો કે તું તારી ગાય બાંધવાની જગા આગળ ખોદ. સવારે સ્વપ્નમાં મળેલ સૂચના અનુસાર બ્રાહ્મણે ખોદવા માંડયું. ખોદતાં ખોદતાં એક સુંદર શિવ પ્રતિમા મળી આવી. પ્રતિમાની યથા-વિધિ પૂજા કરી બ્રાહ્મણે નજીકમાં સ્થાપના કરી. અહીં શિવ સ્વયંભૂ પ્રગટ્યા છે એમ માની લોકોએ પ્રેમથી મંદિર બંધાવ્યું. હાલમાં લોકો આ સ્થળની ખૂબ ભાવપૂર્વક પૂજા કરે છે. અહીં

---

૧ મેરુતુગાચાર્ય, પ્રબંધચિંતામણિ (દુ. કે. શાસ્ત્રી–સંશોધિત), પૃ. ૧૦૪, ૧૪૦. પુરાતન-પ્રબંધસંગ્રહ (સિંઘી જૈન ગ્રંથમાળા), પૃ. ૬૭.

આચાર્ય, ગિ.વ., 'ગુજરાતના ઐતિહાસિક લેખો', લેખ નં. ૨૩૬.

૨ વઢવાણની માધવ વાવમાંથી વિ. સં. ૧૩૫૦નો લેખ મળેલ છે. ગુ. ઐ. લે., ૨૫૪.

વસતા ઔદીચ્ય બ્રાહ્મણો આ મંદિરનો વહીવટ સંભાળે છે. તેની મહત્તા સાચવે છે.[3] આ મંદિરમાં પથ્થરના બાર સ્થંભો આવેલા છે. સ્થંભો નીચેથી ચોરસ અને ઉપરથી ગોળાકાર છે. તેના ઉપર સુંદર કોતરકામ કરેલું નજરે પડે છે. મંદિરના ગર્ભગૃહમાં શિવપ્રતિમા આવેલી છે. મંદિરમાં રંગમંડપ, ચોક વગેરે આવેલા છે. ઘુમટની છતો પ્રાચીન ભવ્યતાનો ખ્યાલ આપે છે. બાજુમાં વાઘેશ્વરી માતા અને શીતળા માતાનાં મંદિર આવેલાં છે.

વાઘેશ્વરી માતાનું મંદિર પ્રાચીન છે પણ તેમાંની પ્રતિમા પ્રાચીન હોય તેમ લાગતું નથી. મંદિરના પ્રવેશદ્વાર આગળ બાજુમાં આવેલ એક પ્રતિમા 'બટુક ભૈરવ'ના નામે ઓળખાય છે. કેટલાક લોકો આ પ્રતિમા જૈન પ્રતિમા હોવાનું માને છે. અહીંની બીજી એક પ્રતિમા 'ચક્રેશ્વરી'-ની હોવાનું મનાય છે. આ મંદિરમાં પણ ગર્ભગૃહ, ગૂઢમંડપ વગેરે આવેલાં છે. મંદિરમાં સ્થંભો ત્રણ ત્રણ હારમાં ગોઠવેલા છે. બાજુમાં કેટલીક દેવકુલિકાઓ આવેલી છે. આ દેવકુલિકાઓ નાનકડાં શૈવમંદિરો છે. વચલા નાના શિવાલયમાં નાનાં નાનાં ત્રણ શિવલિંગો છે. સામે પાર્વતીની સુંદર પ્રતિમા આવેલી છે. શિવાલયની આગળ નંદીનું શિલ્પ છે. બાજુની દીવાલના ગવાક્ષમાં બહુચરાજી માતાના નામે ઓળખાતી એક પ્રતિમા આવેલી છે. લોકો તેની ખૂબ ભક્તિપૂર્વક પૂજા કરે છે. બીજી એક દેવકુલિકામાં 'અન્નપૂર્ણા' દેવીના નામે ઓળખાતી આરસની એક સુંદર પ્રતિમા છે. પ્રતિમા ચતુર્ભુજ છે. દિવસ દરમિયાન તેના ઉપર વસ્ત્રો ઢાંકેલાં રહેતાં હોવાથી તેની પ્રાચીનતાનો ખ્યાલ આવતો નથી.

વાઘેશ્વરી માતાના મંદિરની બાજુમાં શીતળા માતાના મંદિરના નામે ઓળખાતું એક બીજું પ્રાચીન મંદિર છે. આ મંદિરમાં આવેલી એક પ્રતિમા 'બળિયા દેવ'ના નામે ઓળખાય છે. બળિયા દેવની પ્રતિમાનું મસ્તક પ્રમાણમાં ઘણું મોટું દેખાય છે. લોકો તેને 'કાકા બળિયા'ના નામે પૂજે છે. બળિયા દેવની બાજુમાં આવેલી એક પ્રતિમા 'શીતળા માતા'ના નામે ઓળખાય છે. લોકો તેની શ્રદ્ધાપૂર્વક વારતહેવારે પૂજા કરે છે; માનતા માને છે.

આ શીતળા માતાના મંદિર પાસેથી ખોદકામ કરતાં સાથેના ચિત્રમાં દર્શાવેલ એક પ્રાચીન શિવપ્રતિમા મળી આવેલ છે. સફેદ આરસમાંથી બનાવેલ આ શિવ–પાર્વતીની યુગલપ્રતિમા બારમી સદીની છે તે તેના ઉપરના લેખ પરથી સ્પષ્ટ થાય છે. લેખમાં વિ. સં. ૧૧૯૫, સુદ ૧૩, ગુરુવાર એમ સ્પષ્ટ વંચાય છે. લેખના કેટલાક અક્ષરો ઘસાઈ ગયા છે. તેથી લેખ સ્પષ્ટ રીતે વાંચી શકાતો નથી.

પ્રતિમા શિવ–પાર્વતી (ઉમા–મહેશ્વર)ની હોવાનું સ્પષ્ટ જણાય છે: (જુઓ આ અંકના મુખપૃષ્ઠ પરનું ચિત્ર). પાર્વતી શિવની ડાબી સાથળ ઉપર બેઠેલાં દર્શાવેલાં છે. પ્રતિમા ચતુર્ભુજ છે. શિવનો ડાબો પગ વાળેલ છે; જમણો પગ નીચેની બાજુએ લટકતો દર્શાવ્યો છે. જમણા પગની પાસે નંદી છે. આયુધોમાં શિવના જમણા ઉપરના હાથમાં ત્રિશૂળ અને નીચેના હાથમાં બીજોરું છે. ડાબા ઉપરના હાથમાં નાગ દર્શાવેલ છે. પાર્વતીનું શિલ્પ દ્વિભુજ હોવાનું

3 તા. ૪–૪–૭૬ના રોજ મંદિરની રૂબરૂ મુલાકાત લેતાં અહીંના શ્રી સૂર્યકાન્ત દયાશંકર ત્રિવેદી પાસેથી મને આ વિગત જાણવા મળી છે તેનો હું સાભાર સ્વીકાર કરું છું.

જણાય છે. શિવ–પાર્વતી બંનેના કંઠમાં હાર કંડારેલ જોવા મળે છે. પગમાં કડાં દર્શાવેલ છે. પાર્વતીનો જમણો પગ વાળેલ છે અને ડાબો પગ લટકતો રાખેલો બતાવેલો છે. પાર્વતીનો એક હાથ શિવના ખભા ઉપર મૂકેલ છે; બીજા હાથમાં અરીસો જણાય છે. બન્ને શિલ્પોના માથે જટામુકુટ ધારણ કરેલ છે. નંદીની ડાબી બાજુએ ગણેશનું શિલ્પ જોવા મળે છે.[૪] નીચેની પાટલીમાં લેખ કોતરેલ છે. લેખમાં ફક્ત સંવત વંચાય છે બાકીનું લખાણ અસ્પષ્ટ છે.

વાઘેશ્વરી માતાના મંદિરની પાછળની બાજુએ પીપળાના ઝાડ પાસે એક પ્રાચીન વાવ આવેલી છે. વાવ હાલમાં પુરાઈ ગઈ છે પણ તેના પ્રવેશદ્વાર આગળનાં શિખરો તેની પ્રાચીનતાનો ખ્યાલ આપે છે. પ્રવેશદ્વાર પૂર્વાભિમુખ છે. પીપળાની પાસે ગણપતિ, શંકર, નંદી, પાર્વતી, વગેરેની ખંડિત પ્રતિમાઓ પડેલી જોવા મળે છે.

આ ઉપલબ્ધ પ્રતિમા આઠસો વર્ષ જેટલી પ્રાચીન છે. ઉપલબ્ધ સાધનોને આધારે વઢવાણ શહેર લગભગ એક હજાર વર્ષ કરતાં વધારે પ્રાચીન હોવાનું જણાય છે. જૈન ધર્મગ્રંથો ઉપરથી અગિયારમી–બારમી સદીમાં વર્ધમાનપુર જૈન ધર્મનું મહત્ત્વનું કેન્દ્ર હતું. પ્રબંધચિંતામણિ નામનો ગ્રંથ જૈન સૂરિ મેરુતુંગે વર્ધમાનપુરમાં પૂર્ણ કરેલ. આ ઉપલબ્ધ શિવપ્રતિમા (ઉમા-મહેશ્વર) ઉપરથી આ સ્થળે અગિયારમા-બારમા સૈકામાં શૈવ ધર્મનો પણ ઘણો મોટો પ્રભાવ હશે એમ સ્પષ્ટ થાય છે.

---

૪ આ પ્રતિમાનો ફોટોગ્રાફ મેળવી આપવા બદલ વઢવાણના મારા મિત્ર શ્રી આર. વી. ચૌહાણનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

નયચન્દ્રસૂરિકૃત કુમ્ભકર્ણવિક્રમવર્ણનનાં કાવ્યો

અગરચન્દ નાહટા, અનુ. : જયન્ત ઠાકર

સ્વાધ્યાય પુસ્તક ૧૨, અંક ૩માં પંડિત અમૃતલાલ મોહનલાલ–સમ્પાદિત નયચન્દ્રસૂરિકૃત 'કુંભકર્ણવસન્તવિલાસફાગુ' નામની મહત્ત્વપૂર્ણ રચના પ્રકાશિત થઈ છે. આ કાવ્યની એક પ્રાચીન અને મહત્ત્વપૂર્ણ હસ્તપ્રત ઘણાં વર્ષો પૂર્વે મને મળેલી અને તેની મુદ્રણપ્રત પણ મેં મારા ભત્રીજા ભંવરલાલ પાસે તૈયાર કરાવી રાખી હતી. આ કાવ્ય માત્ર ફાગુ અને વસન્ત સમ્બન્ધી જ નહિ પરન્તુ ઐતિહાસિક પણ છે. આથી તેને ટિપ્પણીઓ સાથે પ્રકાશિત કરવાનો મારો વિચાર હતો. પરન્તુ હું બીજાં કાર્યોમાં રોકાયેલો હોવાથી આ ટિપ્પણીઓ લખી શકયો નહિ. આથી મારી મુદ્રણપ્રત એમ ને એમ પડી રહી અને પં. અમૃતલાલજીએ ડભોઈની હસ્તપ્રતને આધારે કાવ્ય પ્રકાશિત કરી દીધું !

એમની હસ્તપ્રતમાં કોઈ કોઈ સ્થળે પાઠ ત્રુટિત છે જે અમારી હસ્તપ્રતમાં સમ્પૂર્ણ છે. પરન્તુ પૃ. ૨૫૬ ઉપર પાંચમું પદ્ય ત્રુટિત છપાયું છે તે અમારી પ્રતિમાં નથી. પૃ. ૨૬૪ ઉપર પદ્યાંક ૨ પછીનો ઘણો ભાગ અમારી હસ્તપ્રતમાં છે જે તેમને મળ્યો નથી. ખેર, બન્ને પ્રતિઓનો આધાર લઈને ફરી કોઈ વાર આ કાવ્ય પ્રકાશિત કરીશું.

પં. અમૃતલાલજીને 'વસન્તવિલાસ'ના અન્તે પ્રશસ્તિ નથી મળી. આથી પોતાના વક્તવ્યમાં તેમણે તેની સંભાવના વ્યક્ત કરી છે. જોકે અમારી હસ્તપ્રતમાં પણ 'વસન્ત-વિલાસ'ની પ્રશસ્તિ તો નથી, પરન્તુ તે પછી 'કુંભકર્ણવિક્રમવર્ણનકાવ્યાનિ' નામથી ૨૦ પદ્યોનું એક પ્રશતિકાવ્ય આવેલું છે જે અમૃતલાલજીની પ્રતિમાં નથી. તેથી તે અપ્રકાશિત ૨૦ શ્લોકોવાળું પ્રશસ્તિકાવ્ય અહીં પ્રકાશિત કરવામાં આવે છે. અન્તિમ શ્લોક અનુસાર આ શ્લોકોના કર્તા પણ નયચન્દ્રસૂરિ જ છે. આથી જો તેને સ્વતંત્ર પ્રશસ્તિકાવ્ય ગણવામાં આવે તો નયચન્દ્રસૂરિનું આ એક નવું મળેલું કાવ્ય લેખાય. આ કાવ્યમાં પણ ઘણાં ઐતિહાસિક તથ્યોનો ઉલ્લેખ મળે છે. તેમાં રાઠોડ રણમલના પ્રસંગનો પણ સંકેત છે. આ ઘટના સંવત્ ૧૪૯૫–૧૫૦૦માં બનેલી હોઈ આ કાવ્ય ત્યાર પછી જ રચાયું હોય એવો સંભવ છે.

પં. અમૃતલાલજીએ 'હમ્મીરમહાકાવ્ય'ના રચયિતા નયચન્દ્રસૂરિ તથા 'રમ્ભામંજરી નાટિકા' અને 'વસન્તવિલાસ'ના રચયિતા નયચન્દ્રસૂરિને એક જ વ્યક્તિ ગણીને 'હમ્મીર-મહાકાવ્ય'નો સમય સંવત્ ૧૪૪૦ની આસપાસનો અનુમાનિત કરેલો હતો તે પાછળ ઠેલાય એમ સૂચવ્યું છે. પણ મને લાગે છે કે જ્યારે ૧૫૦૬માં પ્રતિષ્ઠિત નયચન્દ્રસૂરિનો પ્રતિમાલેખ પ્રાપ્ત થયેલો છે ત્યારે તે જ 'વસન્તવિલાસ' તેમ જ 'પ્રશસ્તિકાવ્ય'ના રચયિતા હોવા જોઈએ, અર્થાત્ આ નયચન્દ્રસૂરિ 'હમ્મીરમહાકાવ્ય'ના કર્તા નયચન્દ્રસૂરિથી ભિન્ન હોવાનો સંભવ વધારે છે. 'હમ્મીરમહાકાવ્ય'ની પ્રાચીનતમ હસ્તપ્રત કોટાના ખરતરગચ્છીય જૈન જ્ઞાનભણ્ડારમાંથી પ્રાપ્ત કરીને મેં મુનિ જિનવિજયજીને મોકલી હતી.

મુનિ જિનવિજયજીએ 'હમ્મીરમહાકાવ્ય'ની હસ્તપ્રતનો લેખનસંવત્ ૧૪૫૨ હોવો જોઈએ એવું જે વિધાન કરેલું તે બરાબર નથી એ બાબતનું સ્પષ્ટીકરણ તો મેં મારા સ્વતંત્ર લેખમાં સપ્રમાણ કર્યું છે; તે 'જૈન સંદેશ'ના શોધાંક ૩૫માં પ્રકાશિત થયો છે. સંવત્ ૧૫૩૨માં કણ્ણુરસી ગચ્છમાં એક બીજા જયસિંહસૂરિ થઈ ગયા છે જેમનો પ્રતિમાલેખ મેં મારા લેખમાં આપ્યો છે અને તેમના શિષ્ય નયહંસે મુનિજીએ જેનો ઉલ્લેખ કર્યો છે તે 'હમ્મીર-મહાકાવ્ય'ની હસ્તપ્રત સંવત્ ૧૫૪૨માં લખી છે. એક જ ગચ્છમાં એક જ નામવાળા આચાર્યોની પુનરાવૃત્તિ થતી રહી છે. આથી નયચન્દ્રસૂરિ પણ થોડાં વર્ષોને અંતરે બે થયા છે અને બન્ને વિદ્વાન કવિ થયા હશે.

અહીં પં. અમૃતલાલને મળેલી 'વસન્તવિલાસ'ની હસ્તપ્રતના બે ત્રુટિત પાઠને અમારી પાસેની હસ્તપ્રતને આધારે પૂર્ણ કરવામાં આવે છે :

(૧) પૃ. ૨૫૪ ઉપર

"युद्धे क्ष्मातलमातनोति स...
श्रीकुम्भकर्णः परम् ॥ १ ॥ છે.

આ પંક્તિમાં सની આગળના બે અક્ષર છૂટી ગયા હતા તે છે "विभुः".

(૨) પૃ. ૨૫૫ ઉપર

'...फलं भवेदवाप्तं वंशस्य वेद चरितं न भवान् किमस्य'

એ પંક્તિમાં જે શરૂઆતના અક્ષરો છૂટી ગયા છે તે છે "रे रे महम्मद".

અહીં એક મહત્ત્વનું સ્પષ્ટીકરણ કરી દેવું આવશ્યક છે કે આ હસ્તપ્રતના લેખકે, વિશ્રામોને અન્તે આવતી પ્રશસ્તિઓમાં 'मालवाधिपति' શબ્દને કેમ છોડી દીધો છે તે સમજાતું નથી. એમ લાગે છે કે હસ્તપ્રતનો લેખક પોતાનો બચાવ કરવા માગતો હતો, પોતાનું નામ પ્રગટ કરવાનું નહોતો ઇચ્છતો. આથી જ પ્રથમ અધિકારના ચારે વિશ્રામોની અંતિમ પ્રશસ્તિમાં 'मालवाधिपति' શબ્દને છોડી દીધો છે. અમારી હસ્તપ્રતમાં ચારે સ્થળે 'मालवा-धिपति' પાઠ છે, જેમ કે :

(१) इति मालवाधिपतिसुभटघटाघटमुद्गरजीकुम्भकर्ण०

(२) इति मालवाधिश्वरमहामुद्गरप्रज्वालनप्रलयज्वलन०

(३) इति मालवाधीश्वरज्वलनोपशमणमहाघनाघन०

(४) इति मालवाधिपतिमहाघनाघनप्रचण्डपवनजीकुम्भकर्ण०

(५) इति मालवाधिपतिप्रचण्डपवनग्रसनभुजगाधिपश्रीकुम्भकर्ण०

(६) इति मालवाधिपतिमहादर्पसर्पगुरुगरुडश्रीकुम्भकर्ण०

(७) इति मालवाधिपतिगरुडनारायणश्रीकुम्भकर्णवसन्तविलासे०

ઉપર કહ્યું તેમ પૃ. ૨૬૪ ઉપર દ્વિતીય અધિકારના બીજા વિશ્રામની બીજી ગાથાની પછીનો તો બહુ મોટો અંશ ડભોઈવાળી હસ્તપ્રતમાં છૂટી ગયો છે એનું કારણ ખરેખર તો એવું છે કે કદાચ ૧ પત્ર કે પૃષ્ઠની નકલ જ કરવાની બાકી રહી ગઈ છે. અમારી હસ્તપ્રતમાં બીજા વિશ્રામનું નામ છે—

"इति रिपुराजसिंहसरभश्रीकुम्भकर्णयुवतीजनशृंगारवर्णने द्वितीयो विश्रामः ॥ ६ ॥"

આ પછી એક વિશ્રામ સમાપ્ત થાય છે તેને અન્તે લખ્યું છે :

"इति श्रीवसन्तविलासे स्मिन० भातीधिका".

આની પછી રતિરસવર્ણનવાળો અધ્યાય આવે છે જેના પ્રથમ વિશ્રામના અન્તે લખ્યું છે :

"इति श्रीवसन्तविलासे रतिरसवर्णने प्रथमो विश्रामः ॥ ६ ॥"

એની પછી પંડિત અમૃતલાલજીએ આપેલ પાઠ આવે છે, અર્થાત્ વચ્ચેનો બધો ભાગ એમની હસ્તપ્રતમાં ઊડી ગયેલો છે.

હવે નીચે ઉપરિનિર્દિષ્ટ 'कुम्भकर्णविक्रमवर्णनकाव्यानि' ઉતારું છું :

स्वच्छंदानन्दकन्दाय विश्वगूह्यज्ञानमूर्त्तये
विश्वैकप्रणिधेयाय नमोस्तु परमात्मने ॥ १ ॥

रोलंबीयति वारिजीयति मुखे राधासुधाया रहः
सारं गीयति रुक्मिणी प्रियतमा वक्रे शशाङ्कीयति
यद्दानीयति सिन्धुजास्तनतटे स्वाकुंमि कुम्भीयति
श्रीकुम्भेश तव श्रिये त्रिपथगं तद्वैष्णवं तन्महः ॥ २ ॥

प्राप्तोत्तमाङ्गो विधुनाधुनायः स्थाणुः सशान्तो भगवाननादिः
अप्यत्र विस्नुधुतगुप्तनामा श्रीकुम्भ भूयाद्भवतः शिवाय ॥ ३ ॥

विश्वेस्मिन्नेकलिङ्गोहमिति मम ततः सेवकाः सन्तु चैक
च्छत्रैश्वर्याः सहायं स्वमिव वितनुते यो न तत्सेवया किम्
ध्यात्वैवेत्येकलिङ्गः स्वमिव तव सृजन् राज्यमेकातपत्रम्
तत्तत्सद्यो विधत्तां स्पृशति तव मनः कुम्भ राजेन्द्र यद्यत् ॥ ४ ॥

अथाखर्वगर्वपर्व्वतप्रदेशसंचरिष्णुन्मदिष्णु रिपुराजकरटिघटाकुंभपीठलुठत्सिन्दूरपूराविशायि वामचरणाम्भोजाग्रेखनखाशूकरस्य । श्रीकुंभकर्ण महावीर नरस्य मालवाधीश्वरमहम्मदसुरत्राणपराजयाविर्भूतप्रभूतपराक्रमवर्णने ।

यथावसरसमुल्लसितवाग्वादिनीवाग्विलासनिर्यासलेशरूपाणि स्वमतिस्वमतिपरिणामावधि विधाननिरपराधानि कतिचित्काव्यानि । यथा ॥—

श्रीहंम्मीरनरेशवंशकमलासंश्लेषकोतूहली
श्रीखेतक्षितिपालविक्रमकथाविश्रामकल्पद्रुमः
श्रीमल्लक्षमहीपतेः प्रतिनिधिर्न्यायाम्बुवारां निधेः ।
श्रीमन्मोकलनन्दनो विजयतां श्रीकुम्भकर्णो नृपः ॥ ५ ॥

वर्याश्चर्यासपर्यासततमपि जने स्माकमस्यानुभावाः
देवेत्याधातुमुच्चैकचिततममहो तो पि साहाय्यमस्य ॥
इत्थं ध्यात्वैकलिङ्गप्रभृतिसुरवरास्त्वद्भुजं भेजिरे
यत्तेनैतस्मिन् जयश्रीर्विलसति समरे कुम्भराजेन्द्र विष्वक् ॥ ६ ॥

अथ मालवाधीश्वर-समागमन-कारणाविष्करणे काव्यं यथा—

सम्प्राप्तो विजयश्रियं स्वकुलजां श्रीकुम्भनाथस्त्वया
देवोद्वाहयितुं स्वयंवरधृतोत्साहां महम्मदराट्
एषा म्लेच्छकुलोद्भवेतिविमुखो स्यांमास्म भूः कर्हिचित्
स्त्रीरत्नं खलु दुःकुलोपजनितैर्नो दूषणैर्दुष्यति ॥ ७ ॥

अथ सारंगपुरादिमालवदेशविनाशे काव्यानि यथा—

अस्माकं वैरशुद्धिर्व्यरचि स्वयतानेन हव्यं मसीतम्
म्लेच्छानां दुर्गभङ्गे प्रबलहुतवहे पातितास्मद्गृहाणाम्
प्रीतैरित्येकलिङ्गप्रभृतिसुरवरैः शिश्रिये त्वद्भुजो यत्
तेनैतस्मिन् जयश्रीर्विलसति समरे कुम्भराजेन्द्र नित्यम् ॥ ८ ॥

कुर्वन्नृक्षोपवासान् निजकुलविधिना मासमूहे शकाना–
मप्यातो ज्ञानमापत्किमपि नहि तपो निर्म्मितं क्वापि मोघं
ज्ञात्वा वीचितिशब्दं शकयुवतिकुले भाविनं कुम्भकर्णात्
प्रागेवान्योन्यहूतिव्यवहृतिषु सतंतामिरभ्यासयद्यत् ॥ ९ ॥

शुद्धाष्टापदसारदाननिपुणो वश्याक्षवारस्थिति–
र्दूतामात्यतुरंगहस्तिपदगं निघ्नन् विरक्षं स्थितम्
राजानं युधि मालवस्य कितवं बध्नंन्नृश्चिरं नन्दता–
च्छ्रीकुम्भश्चतुरंगदेवनविधिं बुद्धया वितन्वन् जयी ॥ १० ॥

अथ केनाप्यभग्नशत्रुसेनाभंगे जयश्रीग्रहे च काव्यम् यथा—

अप्यस्ताखिलदूषणस्य नृपतेः कुम्भस्य लोकोत्तरम्
दृष्टं मन्मथगारवश्यपरता लोभश्च दोषद्वयम्
भुंक्ते निःकरुणं रणे सुसततं सेनां कुमारीं द्विषा–
मादत्ते विजयश्रियं च सकलामप्येकको यत्सदा ॥ ११ ॥

श्रीमत्कुम्भमहीपते तवकरांभोजे लगित्वा जगत्
प्रत्यक्षं प्रतिपक्षभूपतितते: कण्ठे लुठन्त्याः पुनः
विभ्रत्या असतीव्रतं सुविदितं रागं च विष्वग्रतं
त्वत्खड्गव्रतते: किमंचतितमां नैवोचितीं कालिमा ॥ १२ ॥

अथ मालवाधीशस्य सन्धिं विनापि व्यावृत्य गमने कारणभाव्यं यतिजनाशीः काव्यं स्वीयवंशस्वभावकाव्यं यथा—

अस्मै स्वं समारब्धदीदृशमहं निस्तृंशदण्डं ततो
भीतो नेशदसौ महम्मद इति श्रीकुम्भमंस्थाःस्म मा
श्रीकुम्भाय ददे मयेयमवनीत्यालोक्य कर्तुर्लिपिम्
पट्टेशंगमिषेण किन्त्वयमगात् स्वौं कोस्य भक्तः स्वयम् ॥ १३ ॥

सर्वस्मिन् समदस्तयो यतिवरा: सर्व्वे विशेषात्पुन-
र्जैनास्तेन च पक्षपातमुभयं हित्वैतदाशास्महे
यातो यं यवनस्तथैव सततं यायात्प्रतिज्ञां निजाम्
श्रित्वैव स्थित एष कुम्भनृपतिः स्थेयात्तथैवान्वहम् ॥ १४ ॥

श्रीखेतप्रभृतिक्षमापरिवृढक्षुण्णाध्वशेषाध्वग
श्रीमत्कुम्भमहीपते महमदं मास्मावमंस्थाः क्वचित्
प्राक् पित्रा नपितामहेन च नयस्तस्यापि पित्राथवा
क्षुण्णस्तत्र पदं पथि प्रवितरन् सामान्य एषोपि न ॥ १५ ॥

अथाखिलराजमुकुटमाणः कुम्भनाथस्य प्रतिज्ञाकाव्यम्—

ना सम् संति न भाविनः कति न ते ख्याता महीक्षित्तमाः
क्ष्मापीठं प्रबलैर्बलैर्विरचयान्त्यतद्वशं स्वस्वये
भग्नेत्र प्रविधास्यतेद्यदशतोद्यर्घोगिरै वेति यो
दुस्साधान्यपि साधयेत्स नृपतिः श्रीकुम्भ एकः पराम् ॥ १६ ॥

अथ रणमलवधे इतो गतेन शकेशेन हतानां वधेन काव्यद्वयं यथा—

रे रे लोकवराकाः किमु वदथ तरा हंत मिथ्या तदेतत्
कूटं यद्राष्ट्रकूटं रणमलमवधी कुम्भकर्णो नरेन्द्रः
प्राहैषीत्किं त्वसौ तं भवनमनु यमस्य प्रयान्तं मुगीशम्
मार्गेवस्कंदितुं प्राक् सुदफरमलिकं क्षेमकरणं यथाद्वा ॥ १७ ॥

श्रूयन्ते यवनाः पुना रणमलं प्रस्थापिता केचना-
प्यन्वन् रुद्रमुगीशमन्तकपुरीसीमासु तत्सूनुना
तन्मित्रं किल बूढणः प्रतिग्रहीतुं तं सुतो स्यैव वा
युक्तस्तत्प्रहितुं तवापि नृपते कुम्भेश कृत्यं ह्यदः ॥ १८ ॥

के के कुंभ विभो त्वयावतजिताः क्षोणीभृतो न क्षणात्
ब्रूहीखानममुं तवात्र जयतः कोयं विलेवोधुना
हुं ज्ञातं नृपते नयैकवसते सोहं युवायं पुनः
वृद्धस्तत्कथमुत्सहेस्य विजये नूनं विमर्शस्तव ॥ १९ ॥

इति कुंभविभोर्वारिधिवेलावधि सकलराजमुकुटमणेः
नयचंद्रसूरिरतनोदवदातयशःप्रशस्तिमिमाम् ॥ २० ॥

॥ इति श्रीकुंभकर्णविक्रमवर्णनकाव्यानि ॥ छः ॥

ગુજરાતીનો સંત કવિ પંડિત ધનરાજ અધ્વર્યુ અને તેનાં પદ

કાન્તિકુમાર ભટ્ટ

ગુજરાતી સાહિત્યમાં ધનરાજ વિશે એક માત્ર વિદ્દદ્વર્ય શ્રી. કે. કા. શાસ્ત્રીએ પોતાના ગ્રંથ 'કવિચરિત' (પૃ. ૪૦૭)માં લખ્યું છે. શાસ્ત્રીજીએ ગુજરાત વિદ્યાસભાની હસ્તલિખિત પોથી (નં. ૩૪૬)ના એક માત્ર આધારે ધનરાજનું કવિ તરીકેનું મૂલ્યાંકન કર્યું છે. એ હસ્તપ્રતમાં કવિનાં ૨૦ પદો છે, તથા તેના રચયિતા તરીકે ધનરાજના નામનો ઉલ્લેખ છે. એમાં ધનરાજના જીવન વિશેનો કોઈ ઉલ્લેખ મળતો નથી.

શાસ્ત્રીજીએ એ હસ્તપ્રતના આધારે ધનરાજને વિ. સં. ૧૬૫૦ની પૂર્વેના કવિ ગણ્યા છે. એ પ્રતના એક પદ 'અહર્નિશિરાસ'ના અંતમાં કવિના નામનો ઉલ્લેખ આ પ્રમાણે થયો છે :

" इति श्री पंडित धनराज विरचितो अहर्निशिरास समाप्त । "

એ પોથીમાં જે વીસ રચનાઓ લખાયેલી છે, તેનાં નામ આ પ્રમાણે છે: "ખાંડણાં (त्र), ગિરુઆ ગણપતિ (રાસ), ચતુરવદનનું રાસ, વેદપુરાણ, વાણી, ભમારુલી, ઘોડલી, હેલિ, વિનતિ, શોકભાવના, સાહેલડી, વૃદ્ધકારિક, લઘુકારિક, બીકુ, ઉમાહડુ, હિંડલુ, હર્ષભાવના, પદ્મનાભ શ્લોક, સારંગી, ખાંડણાં." જૈનેતર કવિઓમાં ભાગ્યે જ જોવા મળતા દોહા, સોરઠા, ચોપાઈ વગેરે છંદોમાં આ પદો રચાયાં છે. જૈનોની ધાર્મિક સ્તવનોની રસિક પદ્ધતિને ધનરાજે અપનાવી છે. જ્ઞાનના કઠણ વિષયને ધનરાજે એમાં સરળ બનાવ્યો છે. આ પદો વૈરાગ્યપ્રધાન છે. એમાં સંસારની અસારતા, ઉત્પત્તિ, જીવસ્વરૂપ તથા જીવોના ધર્મનું વર્ણન છે. શાસ્ત્રીજીએ ધનરાજને એક સ્વતંત્ર પદકાર તરીકે બિરદાવ્યો છે. આ ધનરાજ રામ–કબીર સંપ્રદાયના ભક્તોમાં સર્વવિદિત છે. સંપ્રદાયમાં એ 'ધનરાજ પંડયા' અથવા 'અધ્યારુજી' તરીકે ઓળખાય છે. એનાં આ જ પદો ને "અધ્યારુજીનાં કીર્તન" તરીકે સંપ્રદાયનો અભણમાં અભણ માણસ પણ જાણે છે. એનો રોજ પાઠ કરે છે. તથા 'વાણી' જેવાં કેટલાંક પદો જીવનના વિધ વિધ પ્રસંગોએ સામુહિક ગીતો રૂપે પણ ગવાય છે. આમ ગુજરાતી સાહિત્યનો આ અજ્ઞાત કવિ એમને મન દેવ જેવો છે, અને એનાં પદો મંત્ર જેવાં છે. એ પદોનાં પાઠથી સાપ–વીંછીનું ઝેર ઉતરે છે, ભૂતપ્રેત દૂર થાય છે.

વિદ્યાસભાની પોથીમાં 'ચતુર્વદનરાસ'ના અંતમાં ધનરાજના નામ પૂર્વે 'પંડિત' શબ્દ લખાયલો છે. "રાસ કીધું પંડિત ધનરાજે" આ ઉપરથી શાસ્ત્રીજીએ 'પંડિત' શબ્દને ધનરાજની ઉપાધિ નહિ પણ અટક માન્યો છે. શાસ્ત્રીજીએ ધનરાજને એક વિદ્વાન બ્રાહ્મણ પણ ગણ્યો છે. એણે પદ્મનાભની કુંડળી બનાવી હતી, એ પરથી એ જ્યોતિષશાસ્ત્રનો પણ જ્ઞાતા જણાય છે. ભાગ્યે જ કોઈ સંતના જન્મસમયની ચોક્કસ માહિતી મળતી હોય છે, ત્યારે પદ્મનાભના જન્મ તથા મૃત્યુનો ચોક્કસ સમય મળે છે, એનું શ્રેય ધનરાજને છે. સંપ્રદાયમાં

એ 'અધ્યારુજી' તરીકે ઓળખાય છે અને એનું નામ ધનરાજ પંડ્યા છે. સંપ્રદાયની બુનિયાદ ગાદીના મુખપત્ર 'જીવણવાણી'ના '૨૦૩૨ના ચૈત્રી અંકમાં લખેલા 'પદ્મનાભ ચરિત્ર'માં ધનરાજના પિતા તરીકે હુકમરાય પંડ્યાનું નામ છે. અધ્વર્યુ યજ્ઞના હોતા બ્રાહ્મણોને અપાતું બિરુદ છે. રામકબીર સંપ્રદાયના ગ્રંથો તથા ભક્તો ધનરાજ પંડ્યાને 'અધ્વર્યુ' તરીકે ઓળખે છે. ઘણાય અભણ ગ્રામજનો ધનરાજનું નામ જાણતા નથી, પણ એમનાં પદોને 'અધ્યારુજીનાં કીરતન' તરીકે ઓળખે છે. આ પરથી 'અધ્વર્યુ' એ ધનરાજની પરંપરિત અટક હોય અને 'પંડ્યા' એની ઉપાધિ હોય એવી સંભાવના જણાય છે.

નીચે વિવિધ ભજન સંગ્રહો તથા તેમાંનાં ધનરાજનાં પદોનો ક્રમવાર ઉલ્લેખ છે :

(૧) उदाभजन सागर (પૃ. ૨૨), ડાયમંડ જ્યુબિલી પ્રેસ, અમદાવાદ (સં. ૧૯૮૨); ગુરવા ગણપતિનો રાસ,—વિનતિ,—બ્રહ્મારુલિ,—હેલી સાહેલી,—ઘોડલી,—વાણી,—આરતી, બીડું,—કડવાં,—વડી કારજ,—લોઢી કારજ,—હરખભોવન,—શોકભોવન,—વેદપુરાણ,—સોરંગી,—પૃથ્વી ધોળ,—સંત સોહાગો,—વડું ધોળ,—પદમ ધોળ,—વાડીનો રાસ,—લઘુરાસ, ચતુર્વદનનો રાસ,—અહર્નિશિનો રાસ,—પસાવલો,—ઉમાવલો,—ખાંડણાં,—હિંડોલા, સાર.

(૨) त्रिकम तारण संग्रह (પૃ. ૯૫) કિશોર પ્રિન્ટીંગ પ્રેસ, બોડેલી (સં. ૨૦૦૯).

"વિનતી—ગરુઆ ગણપતિનો રાસ—વડુ ધોલ, વેદપુરાણ, અહર્નિશનો રાસ, કડવાં, વાણી, લોઢી કારજ, બ્રહ્મારુલી, હેલિ, સાહેલી, ઘોડલી, ચતુર્વદનનો રાસ, સારંગી, બીડું, પદમધોળ, વાડીનો રાસ, લઘુરાસ, પસાવલો, ઉપાવલો, ખાંડણાં, આદ, વડી કારજ, હરખભોવન, હીંદોલા, સોહાગો, શોકભોવન, આરતી."

(૩) 'उदाधर्म पंचरत्नमाला' सं. स्वामी जगदीशचंद्र यदुनाथ (પાન ૧ થી ૮૯) પ્રકાશક—ચેતન પ્રકાશન મંદિર, શિયાબાગ, વડોદરા (સં. ૨૦૨૪)

गुरवा गणपतिनो रास-विनति-ब्रह्मरुलि-हेली-साहेली-धोडली-वाणी-आरती-बीडुं-कडवुं-वडी-कारज-लोढीकारज-हर्षभोवन-शोकभोवन-वेदपुराण-सोरंगी-पृथ्वीधोळ-वडुंधोळ-पदमधोळ-वाडीनो रास-लघुरास-चतुरवदननो रास-अहर्निशिनो रास-संत सोहागो-पसावलो-उमावलो-खांडणा-हिंदाळा।"

(૪) 'श्री पद्मनाभ अध्यारुजीना कीरतन'—सं. स्वामी यदुनाथ, प्र. ચેતન પ્રકાશન મંદિર, શિયાબાગ, વડોદરા, (૧૯૬૫) એમાં પદોનો ક્રમ 'ઉદાધર્મ પંચરત્નમાલા' પ્રમાણે છે.

(૫) 'રામકબીર ભક્ત ભજન સંગ્રહ' (સં. ૨૦૧૪), સંગ્રાહક—ભક્ત સમાજ રામકબીર મંદિર સૂરત, પ્ર. પ્રગતિ મુદ્રણાલય, સૂરત. "વિનતિ—બિડલું—કડવું—સાહેલી—હેલી—ઘોડલી—બ્રહ્મારુલિ, પૃથ્વી ધોળ, વડું ધોળ—ટીકા—વડી કારજ—લોઢી કારજ—હરખભોવન—શોકભોવન, સોરંગી—સોહાગો—ગુરવા ગણપતિનો રાસ,—ચતુર્વદનનો રાસ—અહર્નિશનો રાસ—વાડીનો રાસ—લઘુરાસ—પસાવલો—ખાંડણાં—હિંડોલા—ઉપાવલો—વાણી-પદમધોળ—આરતી."

(૬) વડોદરા વાયડાપોળની નાના પારેખની ગાદીના પુસ્તક-૧ (હ.લિ.પ્રતિ) પ્રમાણે પદોનો ક્રમ—

વિનતિ—ગરુ ગણપત્યનું રાસ—ચતુર્વદનનો રાસ—અહર્નિશનો રાસ—વાડીનો રાસ—લઘુરાસ—બીડું—કડવાં—સાહેલી—હેલી—ઘોડલી—ભમારુલી—પૃથ્વી વિવાહ—વડું ધોલ—વડી કારજ—લોઢી કારજ—હરખભોવન—શોકભોવન—વેદપુરાણ—સોરંગી સંત સોહાગો—પસાવલો—ખાંડણાં—હીંડોલા—ઉમાવલો—વાણી—પદમઘોલ—આરતી !

(૭) 'જીવણજીનો સમાગમ' (પુનિયાદ ગાદી)ના ચોપડામાં લખાવેલાં પદોનો ક્રમ—(સં. ૧૬૬૯–૧૭૩૭) ગરુઆ ગણપતિનો રાસ—વિનતિ—બ્રહ્મારુલિ—હેલી—સાહેલી—ઘોડલી—વાણી—આરતી—બીડું—કડવાં—વડી કારજ—લોઢી કારજ—હર્ષભોવન—શોકભોવન—વેદપુરાણ—સોરંગી—પૃથ્વી વિવાહ—વડું ધોલ—પદમઘોલ—વાડીનો રાસ—લઘુરાસ—ચતુરવદનનો રાસ—અહર્નિશિનો રાસ—સંત સોહાગો—પસાવલો—ખાંડણાં—હિંડોલા—ઉમાવલો.

ઉપરના સાત સંગ્રહોમાં દરેકમાં પં. ધનરાજ અધ્યારુનાં ૨૮ પદો સંગ્રહિત છે. એમાં મહત્ત્વની વાત એ છે કે ભકતોની દષ્ટિએ ક્રમ મહત્ત્વનો નથી; પદો મહત્ત્વનાં છે. વળી જુદા જુદા પદો જુદા જુદા સમયે ગવાય છે. લગ્ન, મૃત્યુ તથા કંઠી બાંધતી વખતે અમુક નિશ્ચિત પદો જ ગવાય છે. એટલે માત્ર પાઠ કરવામાં જ કોઈ એક ક્રમ અપનાવવો પડે છે. એ દષ્ટિએ જીવણજીએ આપેલો ક્રમ જૂનામાં જૂનો ગણાય છતાં પદોની તમામ હસ્તપ્રતોનો પણ અભ્યાસ કરી જૂનામાં જૂની હસ્તપ્રતના ક્રમને સ્વીકારવામાં આવે તોપણ તે ઉચિત જ ગણાશે. ઉપરના વિવિધ સંગ્રહોના ક્રમમાં 'જીવણજીના સમાગમ'ના ગ્રંથમાં આપેલો ક્રમ, કહે છે કે, મૂળ ક્રમ છે. એમ કહેવામાં આવે છે કે, ધનરાજે પદ્મનાભને જે ક્રમમાં આ કીર્તનો કહ્યાં હતાં, આ તે જ ક્રમ છે.

ઉપરના સંગ્રહોમાં દરેકમાં ધનરાજના ૨૮ પદ છે. કેટલાકમાં એની સાથે જીવણજીએ લખેલો "૨૮ પદોનો સાર" પદરૂપે છે. શાસ્ત્રીજીએ ઉલ્લેખ કરેલ પદો કુલ ૨૦ છે. એમાં નીચેના ૮ પદોનો સમાવેશ થતો નથી. "કડવું—પૃથ્વીઘોળ—વડુંઘોળ—સંત સોહાગો—વાડીનો રાસ—લઘુરાસ—પસાવલો તથા આરતી". સંભવ છે કે વિદ્યાસભાની એ હસ્તપ્રત ખંડિત હોય. પુનિયાદના રામકબીર મંદિરમાં પદોની અનેક હસ્તપ્રતો છે તે સૌમાં પણ ૨૮ પદ છે.

ઉદા સંપ્રદાયના પ્રવર્તક સંત જીવણજીએ પદોની સંખ્યા ૨૮ હોવાનું કારણ એ આપ્યું છે કે એમાં ૪ વેદ, ૧૮ પુરાણ તથા ૬ શાસ્ત્ર મળી ૨૮નો સાર છે. એ પરંપરાના એક સંત ત્રિકમદાસે પણ નીચેના કુંડલિયામાં ગુરુના મતનું સમર્થન કર્યું છે.

"ચાર વેદ છ શાસ્ત્ર ને પુરાણ અઢાર ભણંત,
વીસ આઠ સંગ્રહ કરો, 'જીવણ' સત્ય કહંત.
જીવણ સત્ય કહંત, સદા તેહ સંગ્રહ કીજે,
અહર્નિશ વાંચી વિચારી, અમૃત રસ પીજે.
'અધ્યારુજી' પાટણ ભયે, અચવ્યો રસ આગે ધર્યો,
કહે 'ત્રિકમ' સદ્‌ગુરુજીએ, વીસ આઠ સંગ્રહ કર્યો."

—ત્રિકમ તારણ સંગ્રહ (પા. ૧૬૬)

વિદ્યાસભાની હસ્તપ્રત–૩૪૬ ઉપરથી શાસ્ત્રીજીએ જે અવતરણો કવિચરિતમાં આપ્યાં છે, તે તથા તેની સાથે 'ઉદાધર્મપંચરત્નમાલા'નાં એ જ પદનાં અવતરણો આ લેખના અંતમાં

તુલનાર્થે આપવામાં આવ્યાં છે. આ ચારે ભજનસંગ્રહોમાંનાં ધનરાજનાં પદોમાં પાઠફેર સિવાય બીજું કોઈ અંતર નથી. તેથી એક જ સંગ્રહમાંથી અવતરણો આપવામાં આવ્યાં છે. એ જોતાં જણાશે કે ભજનસંગ્રહોમાં સંગૃહીત પદો ધનરાજની હસ્તપ્રતવાળાં પદો જ છે. "હેલી રે, સનકાદિક મુનિ જોગ, જોતાં પાર નહિ એ"વાળી પંક્તિ 'રામકબીર સંગ્રહ'માં છપાઈ નથી. એ સિવાય પદોમાં કોઈ ફેરફાર નથી.

હસ્તપ્રતનાં પદોનાં અવતરણોને ભજનસંગ્રહોનાં પદોનાં આ અવતરણો સાથે સરખાવતાં થોડો પાઠફેર જ માત્ર જણાય છે. 'અહર્નિશિરાસ'ના અવતરણની બીજી પંક્તિ "નિરમલ કરી લિ આપણુ માંહિ!" હસ્તપ્રતમાંની પહેલી પંક્તિ "સ્વામી એક વિનતિ અવધારી" પછી આવે છે, જ્યારે ભજનસંગ્રહોમાં એની આગળ આવે છે. વિદ્યાસભાની હસ્તપ્રતમાં 'હેલી' પદમાં 'હેલી' પંક્તિને છેડે આવે છે જ્યારે ભજનસંગ્રહોમાં તે પંક્તિની શરૂઆતનાં નીચે પ્રમાણે આવે છે.

હસ્તપ્રત—"પરબ્રહ્મ અવિગત એહ! તેહ પહિલુ પરમાત્મા હેલિ" ॥૧॥

ભજનસંગ્રહ—"હેલી રે પરબ્રહ્મ અવિગત જેહ, તેહ પહેલો પરમાતમા એહ" ॥૧॥

'હેલિ' પદની બે પંક્તિઓ "નિશ્ચિ છે. અવિનાશ" અને "આદિ એકલ મલ" હસ્તપ્રત અને ભજનસંગ્રહોમાં ઊલટાસૂલટી છે. તેવી જ રીતે એ પદની 'સેવી સુરિનર નાગ' તથા 'સનકાદિક મુનિયોગ'વાળી પંક્તિઓ પણ ઊલટાસૂલટી છે. એ જ રીતે 'जनम मरण नहीं येह' તથા 'तृपतु विण आधार'વાળી પંક્તિઓ પણ બન્નેમાં ઊલટાસૂલટી છે.

એમાં મહત્ત્વની વાત એ છે કે ભજનસંગ્રહોના 'હેલી' પદની પંક્તિ "હેલી રે કીરત કીજે જેહ બલગુણ સ્તવીએ હરિતણાં એ ॥૧૨॥" હસ્તપ્રતમાં નથી. હકીકત એ છે કે આ પદો બીજી હસ્તપ્રતોમાંથી ઉદ્ધૃત થયેલાં છે.

હસ્તપ્રતનાં પદોની ભાષા જૂની ગુજરાતી છે, તે મહદ્ અંશે તો ભજનસંગ્રહોમાં જળવાઈ રહી છે, છતાં એ પદો સતત ગવાતાં આવ્યાં હોવાથી કેટલાંક શબ્દોનાં રૂપ આધુનિક બની ગયાં છે; જેમ કે તૃપતુ—તૃપ્ત, સબુહ—સર્વ, મુગતા—મુકતા, છિ—છે, ચ્યારિ ખાણિ—ચાર ખાણ, ભાગુ—ભાગ્યો.

હસ્તપ્રતમાંના 'અહર્નિશ રાસ'ની છેલ્લી પંકિતનો 'દુર્બલ' શબ્દ બરાબર નથી. જ્યારે ભજનસંગ્રહમાંનો 'દુર્લભ' શબ્દ જ પંકિતના અર્થને બંધબેસતો જણાય છે. "બ્રહ્મા મહેશ્વરને દુર્લભ એવા પરિબ્રહ્મની કૃપાથી ભવના બંધનો છૂટી જાય છે." એ જ અર્થ ઉચિત લાગે છે. ગુજરાતી સાહિત્યનો એ મધ્યકાલીન કવિ ધનરાજ એ જ રામકબીર સંપ્રદાયના અધ્યારુજી છે, એનાં પ્રમાણ નીચે આપ્યાં છે:

૧. ભજનસંગ્રહોમાં જે પદો 'અધ્યારુજીનાં પદો' તરીકે પ્રસિદ્ધ છે, એ જ પદોમાં રચયિતા તરીકે પં. ધનરાજનું નામ પણ આવે છે.

"વિશ્નુ ભકિત મુકિતફલ કાજે,
રાસ કીધું પંડે ધનરાજે."

૨. રામકબીર સંપ્રદાયના એક સંત જીવણદાસે ધનરાજનો ઉલ્લેખ 'ધનરાજ' અને 'અધ્યારુજી' તરીકે કરેલો છે.

૩. એ જીવણદાસના શિષ્ય કૃષ્ણદાસે લગભગ સં. ૧૭૫૦માં લખેલા **ज्ञानमहिमामां** કવિનો ઉલ્લેખ 'ધનરાજ અધ્યારુ' તરીક જ કરવામાં આવ્યો છે.

"जात कुंभारके जन्म ज भैया। धनराज अध्यारु आप मिलैया॥"

આ રામકબીર સંપ્રદાયના સ્થાપક શ્રી જ્ઞાનીજી અને શ્રી. પદ્મનાભજી હતા. એ બંને કબીર સાહેબના પ્રત્યક્ષ શિષ્યો હતા. ધનરાજ પદ્મનાભના મિત્ર તથા શિષ્ય હતા. પદ્મનાભની ભક્તિના પ્રભાવથી એ એમના શિષ્ય થયા હતા, અને એમનાં જ્ઞાન અને વિદ્વત્તા જોઈને પદ્મનાભે એમને પોતાના મિત્રસમ ગણ્યા હતા. પદ્મનાભ સાથેના એમના સંબંધના અનેક ઉલ્લેખો મળે છે. દાદુના શિષ્ય સંત જગાજીની ભકતમાળમાં બન્નેના નામનો એક સાથે ઉલ્લેખ છે. એ સંપ્રદાયના સંત જીવણદાસે બન્નેએ મળી ભકતોના કામ કર્યાનું જણાવ્યું છે—

"आपे आव लीधा ओलखी, पद्मनाभ-धनराज।
स्वामी सेवक मली 'जीवणा' कियो भक्तनको काज॥"

ज्ञानमहिमाना કર્તા કૃષ્ણદાસે પદ્મનાભને શ્રીકૃષ્ણના અને ધનરાજને સુદામાના અવતાર કહ્યા છે.

"दूजे अवतार धनराज कहाये, सो सुदामा पाटण आये।
जात विप्र अति सुख पाये, राय सधराके दीवान कहाये॥"

આમાં સધરા(સિદ્ધરાજ)ના દિવાન તરીકેનો ઉલ્લેખ દોષપૂર્ણ છે કારણ કે ધનરાજ-પદ્મનાભના સમયમાં પાટણમાં મુસ્લિમ સૂબા ખાનમહમદ(જાફરખાન)નો અધિકાર હતો. હકીકત દોષની મૂળ ભૂલ જીવણજીએ કરી હતી. એમણે ધનરાજને સિદ્ધરાજના દિવાન તરીકે પ્રથમ ઓળખાવ્યા હતા.

અધ્યારુ પાટણ ભયે સિદ્ધરાજ કે દિવાન।
પદ્મનાભકી પ્રીતમેં છોડ દિયા સબ માન॥

સૂબાના તંત્રમાં ધનરાજ કોઈ મોટા અધિકારી હતા. સંભવ છે મુખ્ય કારભારી હોય. સંતોએ પોતાના અતિ આદરણીય પુરુષને મુસ્લિમ શાસકને સ્થાને સિદ્ધરાજના અધિકારી ગણ્યા હોય, એવી સંભાવના લાગે છે. પદ્મનાભનો સમય (સં. ૧૪૫૮–૧૫૬૫) નિશ્ચિત હોવાથી આમાં કોઈ શંકા રહેતી નથી. કૃષ્ણદાસે પદ્મનાભ દ્વારા, અધ્યારુજીના ઉદ્ધારનો ઉલ્લેખ પણ કર્યો છે. તથા પાટણમાં કુંભારને ત્યાં જન્મેલા પદ્મનાભને ધનરાજ અધ્યારુ મળ્યા, અને કબીરની કૃપાથી એમનામાં પણ ભકિતની જ્યોત પ્રગટી એમ લખ્યું છે.

"दास कबीरकी आज्ञा पाई। पाटण मांहे प्रगटे जाई॥
श्री पद्मनाभ नाम धराया। संतनके सुख कारण आया॥
जात कुंभारके जन्मज भैया। धनराज अध्यारु आप मिलैया॥
तहाँ दास कबीर भये सहाई। संत संगत हरि भक्ति दढाही॥"

સંત જીવણદાસે (સં. ૧૬૪૯–૧૭૩૭) દત્તાત્રય અને યદુની માફક પદ્મનાભ અને ધનરાજ મળ્યા હતા, એમ કહ્યું છે.

देवहुतिकु 'जीवणा'। भये कपिलमुनि अवतार।
दत्तात्रय-यदुकु भये। पद्मनाभ–धनराज ॥

સ્વયં ધનરાજે પદ્મનાભનો પરિચય આપ્યો છે. એની પ્રશંસામાં એમણે 'પદ્મનાભ ધોળ'માં આ પ્રમાણે ઉલ્લેખ કર્યો છે :

"શ્રી પદ્મનાભ જોગે અવતર્યા રે, સારાં અવની કાજ।
અમો રંકને કર રતન લાધ્યું, અંગ ઉલટ આજ ॥"

પદ્મનાભના જીવનવૃત્તાંતના જે હસ્તલિખિત ગ્રંથો પ્રાપ્ત થાય છે, તેમાં પણ પદ્મનાભે ધનરાજ સાથે મળીને સંવત ૧૪૭૦માં પાટણમાં વાડીની સ્થાપના કર્યાના ઉલ્લેખો છે. 'ઉદાધર્મ પંચરત્નમાલા' ગ્રંથમાં અધ્યારુજીનાં પદોનો પરિચય (પાન ૯ ૫૨) 'શ્રી પદ્મનાભ અધ્યારુજીનાં કીરતન" નામે આપવામાં આવ્યો છે.

પદ્મનાભ અને અધ્યારુજીની મિલન–કથાનો વિસ્તૃત ઉલ્લેખ પદ્મનાભના ચરિત્ર ગ્રંથોમાં કરવામાં આવ્યો છે. એ અનુસાર પાટણનો સૂબો જાફરખાન તલાવ ખોદાવતો હતો. (એના નામથી પ્રસિદ્ધ એ 'ખાન સરોવર' પાટણમાં આજે પણ છે.) એના પર ધનરાજ અધ્વર્યુ સૂબાના અધિકારી તરીક દેખરેખ રાખતા હતા. પદ્મનાભ જાતે કુંભાર હતા, એટલે એમને ત્યાં માટી ખોદવા આવવું પડતું. ભક્તિના સંસ્કાર હોવાથી પદ્મનાભ સાત દિવસ ભકિતની મસ્તીમાં હોવાથી ગયા નહિ, એટલે એમને બોલાવવામાં આવ્યા. એમણે એ સાત દિવસનું કામ એક દિવસમાં કરી નાખ્યું. માથા પર સાત ટોપલી રહેતી. આ ચમત્કાર જોઈ અધિકારીઓએ સૂબાને એની વાત કરી. સૂબાને પાઠાનું દર્દ હતું અને કોઈ પણ દવાથી મટતું ન હતું. પદ્મનાભે બે જ દિવસમાં માટીના પ્રયોગથી તે મટાડી દીધું. આથી પ્રભાવિત થઈ સૂબાએ એમને સરસ્વતી તટની વિશાળ ભૂમિ દાનમાં આપી. એ ભૂમિ આજે પણ 'પદ્મનાભ મહારાજ'ના નામે (સર્વે નં. ૮૭૯ અને ૮૮૨) ચાલે છે. ધનરાજ પણ પદ્મનાભની ભકિતની શકિતથી પ્રભાવિત થયા અને એમણે પોતાની નોકરી છોડી દીધી. ત્યાર પછી પદ્મનાભ અને ધનરાજે મળીને પાટણમાં સરસ્વતી તટે એક સુંદર વાડીનું સર્જન સં. ૧૪૭૦માં કર્યું હતું. પદ્મનાભ અને ધનરાજનું સ્થાન તે પાટણની આ 'પદ્મવાડી' ધનરાજે પાટણ અને એની વાડીનો ઉલ્લેખ પોતાના પદોમાં અનેક સ્થળોએ કર્યો છે. સંત જીવણદાસે પોતાની વાણીમાં પદ્મનાભના સ્થાન તરીકે પાટણ અને વાડીનો ઉલ્લેખ કર્યો છે.

'કલજુગ બહુત કૃપા કરી, સુરત ધરી મેરે સ્યામ।
પાટણમાં પધારીઆ, પદ્મનાભજી નામ ॥
ધન્ય ધન્ય પદ્મનાભને, જંગલના છો રસિયા।
આગળ પાછળ ઝાડઝૂંડને, વચમાં પોતે વસિયા ॥'

આ સંપ્રદાયમાં વાડીનું મહત્ત્વ દ્વારિકા અને કાશીથી ઓછું નથી, કારણ કે ભક્તો પદ્મનાભને શ્રીકૃષ્ણના અવતાર માને છે. 'પદ્મઘોળ'માં પદ્મનાભના સ્થાનનો પરિચય આપતાં ધનરાજે વાડીની ખ્યાતિ ગાઈ છે.

"દ્વારિકા કાશી કોટિ શિરોમણિ, ખ્યાત વાડી તણી કયમ કહું એ ।
નિરંજન પદ થકી અવતર્યા પરિબ્રહ્મ, પાટણ પ્રજાપતિ શ્રી પદ્મનાભ ॥"

ધનરાજે 'વાડીનો રાસ' પણ રચ્યો છે.

"વૈકુંઠ છાંડી આવીયા, પાટણ વાડી માંય ।
વાડી તે વન રળિયામણું, દિસંતું કૈલાસ ॥"

ધનરાજનો પદ્મનાભ સાથેનો સંબંધ કોઈ પણ જાતની શંકાથી પર લાગે છે, કારણ કે ધનરાજે પોતાનાં પદોમાં વારંવાર પદ્મનાભના નામનો ઉલ્લેખ કર્યો છે:

"શ્રી પદ્મનાભજી એમ ઉચર્યા રે, એહ જ્ઞાન વિચાર ।"—બિડલું
"જે ઝીલશે પરિબ્રહ્મપ્રવાહ, શ્રી પદ્મનાભ તણે પસાય રે ।"—પૃથ્વીઘોળ
"હરિ પરિબ્રહ્મ જે પરિબ્રહ્મ, સ્વામી પદ્મનાભજી તમ શરણ રે ।"—વડીકારજ
"જપી જે પદ્મનાભ પિતાંબર પરિબ્રહ્મ ।"—ઉમાવલો

પદ્મઘોળ (પદ્મનાભશ્લોક)માં તો ધનરાજે પદ્મનાભનો સંપૂર્ણ પરિચય પણ આપ્યો છે. એ આખું પદ "પદ્મનાભ શ્લોક" નામે લખ્યું છે.

શારદાને તીરે જાયો, વેગે મિલાયો વાર ।
પાટણમધ્યે પદ્મ કહીએ, જાણીએ કુંભકાર ॥ ૭ ॥

કરણકારણ પિતા જેહનો, લખમણા જેહની માય ।
પાતાલદે પટરાગણી, જઈ લાગું હરિને પાય ॥ ૮ ॥

આ પદ્મનાભ હિન્દી સાહિત્યમાં અજ્ઞાત હતા. કાશીથી કબીરની આજ્ઞા થતાં ગુજરાતમાં આવેલા, એવો ઉલ્લેખ મળતો હતો, પરંતુ કબીર વિશે સંશોધન કરનાર વિદ્વાનો ગુજરાત બહારના હોવાથી કદાચ એમને પાટણના આ કુંભાર ભક્તની માહિતી મળેલી નહિ. એ સંજોગોમાં ડૉ. મોહનસિંહે પોતાના મહાનિબંધ 'કબીર—હિઝ બાયોગ્રાફી'માં ગુજરાતી સાહિત્યના 'કાન્હડદે પ્રબંધ'ના રચયિતા પદ્મનાભ વિશે કબીરના શિષ્ય હોવાની સંભાવના વ્યક્ત કરી. સંત કબીરનો એક 'પદ્મનાભ' નામે શિષ્ય હતો, એ વિશે તો કોઈ શંકા ન હતી, કારણ કે ભક્તમાલના કર્તા નાભાજીએ કબીરના શિષ્ય તરીકે પદ્મનાભનો ઉલ્લેખ કરેલો છે. "कबीर कृपा ते पद्मनाभ परचो लह्यो ।" આ પંક્તિઓના લેખકે પોતાના મહાનિબંધ "कबीर परंपरा"માં સર્વપ્રથમ આ પદ્મનાભનો સંપૂર્ણ અને પ્રામાણિક પરિચય આપ્યો. ભાગ્યે જ કોઈ સંતના વિષયમાં આટલી પ્રાચીન અને આવી તલસ્પર્શી માહિતી પ્રાપ્ત થતી હોય છે. જ્યારે પદ્મનાભ વિશે નીચેના ચરિત્ર-ગ્રંથો ઉપલબ્ધ થાય છે: (૧) પદ્મનાભ આખ્યાન (સં. ૧૫૬૭) હસ્તલિખિત પ્રતિ-લેખક, માધવદાસ. (૨) પદ્મપુરાણ (સં. ૧૬૬૯) હસ્તલિખિત પ્રતિ-લેખક, મોહન ભટ્ટ. (૩) પદ્મનાભ પુરાણ—પ્ર. શ્રી જ્યેષ્ઠારામ ગોવિંદરામ (૧૯૭૨),

રાજભક્ત પ્રેસ, પાલનપુર. (૪) પદ્મનાભ-આખ્યાન (હસ્તલિખિત)–લે. શ્રી વિષ્ણુદાસ. પદ્મનાભનો જન્મ સં. ૧૪૫૮માં અને મૃત્યુ સં. ૧૫૬૫માં થયું હતું. સં. ૧૫૬૭માં માધવદાસે એમનું ચરિત્ર પાટણની એ વાડીમાં જ બેસીને લખ્યું હતું. પદ્મનાભના એક પુત્રનું નામ માધવદાસ હતું. તેમણે પાછળથી અમદાવાદના ચંડોળા તળાવ પર 'પદ્મવાડી'ની રચના કરી હતી. એ સ્થાન પણ ચંડોલા તળાવ પર હજી છે અને એ માધવદાસની પુત્ર–પરંપરા અમદાવાદમાં છે. એ ગ્રંથના સ્થાન અને સમયનો ઉલ્લેખ ગ્રંથાંતે કરેલો છે.

"સંવત પનરો સડસતો સાર, ચૈત્ર સુદી પુનમ રવિવાર ।
શારદા ત્રુઠે ઉત્તમ તે ઠાર, પવિત્ર પદ્મવાડી મોઝાર ॥"

માધવદાસના 'પદ્મનાભ આખ્યાન'ના આધારે પાટણના વૈદ્ય જયેષ્ઠારામ ગોવિંદરામ જોષીએ ૧૯૭૨માં પાલનપુરના રાજભકત પ્રેસમાં "શ્રી પદ્મનાભ પુરાણ" છપાવ્યું હતું. તેમાં પા. ૪૯ પર ધનરાજે પદ્મનાભની બનાવેલી જન્મકુંડળી આપી છે. તથા પદ્મનાભનો જન્મ સં. ૧૪૫૮ના ચૈત્ર સુદ ૫ને ગુરૂવાર રોહિણી નક્ષત્ર, અભિજિત્ શુક્રમાં, બવકરણ યોગ, મેષ સંક્રાન્તિ દિવસ ઘડી ૧૨ લખ્યો છે. વિ. સં. ૧૬૬૯માં શ્રી મોહન ભટ્ટદ્વારા રચિત 'પદ્મપુરાણ'માં પદ્મનાભના જન્મ વિશે ચોક્કસ માહિતી આપી છે.

"સંવત ચૌદ ને અટ્ઠાવન, મધુમાસ પાવન જાણીએ ।
શુકલ પક્ષે પંચમી, ગુરૂવાર શુદ્ધ પ્રમાણીએ ॥ ૪ ॥
નવકરણ યોગ, સુકાઈ સુંદર, નક્ષત્ર ઉત્તમ રોહિણી ।
દિન ઘટી દ્વાદશ પ્રથમ ચઢતે, અવતર્યા ત્રિભુવન ધણી ॥ ૫ ॥

શ્રી મોહન ભટ્ટના ૨૮ કડવામાં લખાયેલા 'પદ્મનાભ આખ્યાન' (સં. ૧૬૬૯)ની સં. ૧૮૮૦ના આષાડની કૃષ્ણપક્ષની સાતમને રવિવારે સ્વામી રણછોડ નથુ દ્વારા કરવામાં આવેલી નકલની હસ્તપ્રત પુનિયાદના મંદિરમાં છે. તેમાં ધનરાજના અનેક ઉલ્લેખ છે. પદ્મનાભને સૂબા ખાન તરફથી સરસ્વતી તટની જે જમીન મળી હતી, તેમાં સુંદરવાડી બનાવવાનું એ ધનરાજને કહે છે, અને બન્ને સાથે મળી પાટણની દક્ષિણમાં સં. ૧૪૭૦ના કાર્તિક સુદ ૧૪ને આદિતવારના પહેલા પહોરે શુભ લગ્ન નક્ષત્ર ઉત્તરાભાદ્રામાં મુહૂર્ત કરે છે:

"ધનરાજ ભક્તિ ભલી કરે મન તનુ મૂકી માન ॥ ૧૧ ॥
એક સમે શ્રીપદ્મનાભ બોલ્યા વિપ્ર સૂનો ધનરાજ ।
એક મન માહા રે ઉપન્યું તે કહું તુજને આજ ॥ ૧૨ ॥
આપણ પુર સ્હામી સુંદર, સરસ્વતી છે ઇહાં ।
વાટીકા એક વિશાલ, આપણ મલી રચીએ તહાં ॥ ૧૩ ॥
ધનરાજ એવું સાંભળી, પછી બોલીઆ મુખે સોય ।
સ્વામી સેન કરો વેગે કરી, જે મન ઇચ્છા હોય ॥ ૧૪ ॥
ધનરાજ વચને હર્ષ પામ્યા, દીધી તાલી હાથ ।
સરસ્વતીને તટે ગયા, તે મલી બન્ને સાથ ॥ ૧૫ ॥

આમ આમાં બન્નેએ મળી પાટણની વાડી બનાવી હતી એમ સ્પષ્ટ ઉલ્લેખ છે. ધનરાજે એ ' વાડીનો રાસ ' રચ્યો છે. એ વાડીનું મહત્ત્વ સંપ્રદાયમાં અનન્ય છે.

વિષ્ણુદાસ કૃત ' પદ્મનાભ આખ્યાન ' સાત કડવામાં છે. એના કડવા–૩ (રાગ સામેરી)માં ધનરાજને શેષ અને પદ્મનાભને વિષ્ણુના અવતાર કહ્યા છે.

" ધનરાજ તે શેષનાગનો અવતાર નિશ્ચે હોય ॥ ૬ ॥ "

આમ સમગ્ર રીતે જોતાં આ પદોના કર્તા પં. ધનરાજ અધ્વર્યુ કબીરશિષ્ય પદ્મનાભના મિત્ર જેવા શિષ્ય હતા. પદ્મનાભ કુંભાર હતા અને ઝાઝું ભણ્યા હોય એમ લાગતું નથી. સંભવતઃ એટલે જ શિષ્ય હોવા છતાં વિદ્વાન વિપ્ર ધનરાજને મિત્ર સમ ગણ્યા હશે. પાછળથી તો એ ઘર છોડી પદ્મનાભ સાથે પાટણની એ વાડીમાં રહેતા હતા.

ઉદા સંપ્રદાયના મુખપત્ર ' જીવણવાણી 'ના ૨૦૩૨ની ચૈત્રી પૂર્ણિમાના અંકમાં કબીર સાહેબના શિષ્ય અને પાટણના પ્રજાપતિ ભકત પદ્મનાભનું વિસ્તૃત ચરિત્ર આપવામાં આવ્યું છે, તેમાં ધનરાજને ' ધનરાજ પંડ્યા ' તરીકે વર્ણવ્યા છે. તથા એનાં પદો(કીર્તનો)નું તથા પાટણની પદ્મવાડીનું મહત્ત્વ વર્ણવ્યું છે. ધનરાજે પોતાનાં પદોમાં જે વાડીનું મહત્ત્વ ગાયું છે. તથા જે વાડી પદ્મનાભ સાથે મળીને બનાવી હતી તે વાડી પાટણમાં સર્વે નં. ૮૭૯ અને સ. નં. ૮૮૨ (દસ વિઘાં)માં આવેલી છે. એનો આકાર પગના પંજા જેવો છે. એમાં પદ્મનાભનું સમાધિમંદિર, કબીર તથા કમાલની છત્રી, જીવણજીની છત્રી, સૂબા ખાનનો ચોરો તથા ગોમતીકૂપ આજે પણ છે. નજીકમાં મુસાખાને બંધાવેલું તળાવ પણ ' ખાન સરોવર ' તરીકે ઓળખાય છે. પદ્મનાભની પુત્ર તથા શિષ્ય પરંપરાઓ મળે છે. પણ ધનરાજની કોઈ પરંપરા પ્રાપ્ત થતી નથી.

સમગ્ર દૃષ્ટિથી જોતાં ધનરાજ પાટણના હુકમરામ પંડ્યાના વિદ્વાન પુત્ર હતા. તથા સૂબાની સેવામાં મોટા અધિકારી હતા. એમણે કબીરના શિષ્ય પદ્મનાભના પ્રભાવથી નોકરી છોડી એમનું શિષ્યત્વ ગ્રહણ કર્યું હતું. શાસ્ત્રોના પોતાના જ્ઞાનને એમણે અભણ ભકતો સમજી શકે એવી વાણીમાં વ્યકત કર્યું હતું. તથા પદ્મનાભ સાથે મળી એમણે આજની ' પદ્મવાડી 'ની રચના કરી હતી. ઘર છોડી એમણે પદ્મવાડીમાં નિવાસ કર્યો હતો.

ગુજરાત વિદ્યાસભા તથા પ્રાચ્ય વિદ્યામંદિરની હસ્તપ્રતો સિવાય પણ ગુજરાતમાં ધનરાજનાં પદોની અનેક હસ્તપ્રતો મળે એવી સંભાવના છે. એકલી પુનિયાદની ગાદીમાં દસથી બાર ગ્રંથો છે, એમાં કેટલીક હસ્તપ્રતો પણ છે. એ મેળવીને આ પદોનો પાઠ શુદ્ધ કરવાનો પ્રયાસ થાય એ ઇચ્છનીય છે. એ પદોના વિવેચન માટે પણ આ સંપ્રદાયની ભૂમિકા સમજવાની જરૂર છે. સંપ્રદાય તરફથી પણ પુનિયાદ ગાદીના સ્વ. મહંતશ્રી યદુનાથજીએ એ પદોનું વિવેચન કરેલું છે, અને એમાંના ' વાણી ' તથા ' ગરુઆ ગણપતિનો રાસ ' પદોનું વિવેચન એમના મુખપત્ર ' જીવણવાણી 'ના અંક ૧, ૨, ૩, ૬, ૮, તથા ૯માં આપેલું છે. ધનરાજનું પદ ' પદ્મઘોળ ' પદ્મનાભ વિશે અને ' વાડીનો રાસ ' પદ્મવાડી વિશે જ છે. એ જાણ્યા વિના એ પદોનું હાર્દ સમજી શકાય નહિ. સામાન્ય રીતે કબીરની અહીંની શિષ્યપરંપરાના સંતોએ હિન્દીમાં વાણી લખી છે. જ્યારે ધનરાજે અભણ કુંભારો અને બીજા ભકતો સમજી શકે માટે ગુજરાતીમાં પદો લખ્યાં છે, એ એની વિશેષતા છે.

શ્રી કે. કા. શાસ્ત્રીએ ઉક્ત પોથીના આધારે આપેલાં અવતરણો—

१ अहर्निशिरास :

“ स्वामी एक विनति अवधारि । ताहरु बोलरलि संसारि ।
निर्मल करी लि आपण मांहि । एक करी रहि तू सुख मांहि । अ० २९

एक मना ए गाई रास । ते छूटि भय संकट पास ।
ब्रह्ममहेश्वर दुर्बल येह । पसा करूं स्वामी परब्रह्म तेह । अ६०

२ वाणी :

परब्रह्म वाणी परणीई । ब्रह्मांडि जयजयकार ॥ १ ॥
च्यारि खाणि हवी निरमली, भागु मोह संसार ॥ २ ॥
लोप्यां लेखां यमतणां, उठीयुं नरक व्यापार ॥ ३ ॥
बंधन छूटा जीवनां, सहू मूगतू अपार ॥ ४ ॥
मुगता स्थावर जंगम, मुगता सुरनर नाग ॥ ५ ॥
मुगता तापस ऋषि नवग्रह मुगता मुनिवर याग ॥ ६ ॥
हरिहर ब्रह्मा आनंदिया, घरिघरि होऊ उत्साह ॥ ७ ॥
उलट होऊ अति घणु गाईई वाणी अनाह ॥ ८ ॥
घडि घडि गूडिय उछलि, तलीया तोरण बारि रे ॥ ९ ॥
ब्रह्मांड कुल पगरि भर्या । छरि तु हरिष धरेयो ॥१०॥ ”

३ हेलि :

“ परब्रह्म अविगत येह । तेह पहिलु परमातमा हेलि ॥ १ ॥
येहना त्रणि अंश शरजि पालि संहरि हेलि ॥ २ ॥
ब्रह्मादिक छि जीव । तेह तणी गोचर नथी हेलि ॥ ३ ॥
निश्चि छि अविनाश, हासि छतू अछतू करि हेलि ॥ ४ ॥
आदि एकल मल्ल व्याप मांडि तेह अति घणा हेलि ॥ ५ ॥
सनकादिक मुनि योग । तेह तणी गोचर नथी हेलि ॥ ६ ॥
सेवी सुरनर नाग सहूइ हारई आलसि रह्यु हेलि ॥ ७ ॥
येह थूं विगतूं थाई तेणि वली सहू आथमि हेलि ॥ ८ ॥
अकल अभ्रथी अभेद । वेद निरंतर स्तुति करि हेलि ॥ ९ ॥
जनम मरण नहीं येह । येणि ये बेहू शरजियां हेलि ॥ १० ॥
तृपतु विण आहार सुख सघला सेवा करि हेलि ॥ ११ ॥
सवुह तणु ये बाप । मातपिता नहीं येह तणि हेलि ॥ १२ ॥
सवुह तणु ये स्वामी स्वामीअ येह तणि को नथी हेलि ॥ १३ ॥
सवुह डफरू येह । येह डफरू सरज्यु नथी हेलि ॥ १४ ॥

'ઉદાધર્મ પંચરત્નમાલા 'માંથી શાસ્ત્રીજીવાળા પદ્યાંશોનાં અવતરણો—

અહર્નિશિરાસ :

निर्मल કરી લે આપણુમાંહે, એક કરી લે તું શું સહાય ।
સ્વામી એક વિનતિ અવિધાર, તાહરો બોલ એ સંસાર ॥
તાહારા અંશ જપે તુજ નામ, જગ સચરાચર એહ જ કામ ।
એક મને જે ગાય રાસ, એક મને જે સાંભળે રાસ ॥
તે છૂટે ભવબંધન પાશ, બ્રહ્મા મહેશ્વરને દૂર્લભ જેહ ।
પસાયો કરો સ્વામી પરબ્રહ્મ તે, અહર્નિશહરિ પરબ્રહ્મ જપ રે ॥

॥ अथ श्री वाणी ॥

પરબ્રહ્મ વાણી રે પરણીએ । બ્રહ્માંડ જય જયકાર રે ।
ચાર ખાણુ હવી નિરમલી । ભાગ્યો મોહ સંસાર રે ॥ ૧ ॥
લેખાં રે વાલ્યાં રે જમતણા । ઉઠિયા નરક વેહે પાર રે ।
બંધન છૂટ્યાં રે જીવનાં । સહુ મુગતુ હોય આવાર રે ॥ ૨ ॥
મુકતા સૌ સ્થાવર જંગમ । મુકતા સુરનર નાગ રે ।
મુકતા સપ્તઋષિ નવગ્રહે । મુકતા મુનિવર જાગ રે ॥ ૩ ॥
હરિહર બ્રહ્મા આનંદિયા । ઘેર ઘેર ઓચ્છવ હોય રે ।
ઉલટ હોય રે અતિઘણો । ગાઈસુ વાણીનો નાહો રે ॥ ૪ ॥
ઘેર ઘેર ઘોડિયો ઉછલે । તરિયા તોરણુ બાર રે ।
બ્રહ્માંડ ફ્લ ફગર ભર્યાં । છયે રત હર્ષ ધરે જોરે ॥ ૫ ॥

હેલી :

" હેલી રે પરબ્રહ્મ અવિગત જેહ । તેહ પહેલો પરમાતમા એ ॥ ૧ ॥
હેલી રે જેના ત્રણે અંશ । સરજે પાલે ને સંધારે એ ॥ ૨ ॥
હેલી રે બ્રહ્માદિક છે જીવ । તેહ તણે ગોચર નહિ એ ॥ ૩ ॥
હેલી રે આદિ એકલમલ । બાપ માંડે બહુ અતિઘણા એ ॥ ૪ ॥
હેલી રે નિશ્ચલ છે અવિનાશ । હાસ છતુઅછતુ કરે એ ॥ ૫ ॥
હેલી રે સેવે સુરનર નાગ । સહુ તાહારે આઈસે રહુ એ ॥ ૬ ॥
હેલી રે સનકાદિક મુનિ જોગી । જોતાં પાર પામે નહિ એ ॥ ૭ ॥
હેલી રે જેથી વગતું થાય । તેણે વલી સહુ આથમે એ ॥ ૮ ॥
હેલી રે અકલ અલખ અભેદ । વેદ નિરંતર સ્તુતિ કરે એ ॥ ૯ ॥
હેલી રે તૃપ્ત તો છે વણુ આહાર । સુખ સઘળાં સેવા કરે એ ॥ ૧૦ ॥
હેલી રે જન્મમરણુ નહિ જેહ । તેણે એ બહુ સરજિયાં એ ॥ ૧૧ ॥
હેલી રે કીરત કીજે જેહ । બલ ગુણુ સ્તવીએ હરિતણાં એ ॥ ૧૨ ॥
હેલી રે સર્વ તણો જે બાપ । માતપિતા નહિ જેહ તણે એ ॥ ૧૩ ॥
હેલી રે સર્વ તણો જે સ્વામી । સ્વામી તેહ તણો કો નથી એ ॥ ૧૪ ॥

ગ્રંથસૂચિ

૧ *Kabir-his biography*—Dr. Mohansinh.

૨ પદ્મનાભ આખ્યાન—(હસ્તપ્રત) સં. ૧૫૬૭, લે. શ્રી માધવદાસ.

૩ પદ્મપુરાણ—(હસ્તપ્રત) સં. ૧૬૬૯, લે. શ્રી મોહન ભટ્ટ.

૪ પદ્મનાભ આખ્યાન—(હસ્તપ્રત) શ્રી વિષ્ણુદાસ.

૫ પદ્મનાભ પુરાણ—જેઠારામ (સં. ૧૯૭૨), રાજભકત પ્રેસ, પાલનપુર.

૬ ભકતમાલ—નાભાદાસ.

૭ શ્રીજ્ઞાનમહિમા—(સં. ૧૭૫૦), કૃષ્ણદાસ (ઉ. ધ. પં. ર. માલા)

૮ ઉદાભજન સાગર—દ્વારકાદાસ પટેલ, અમદાવાદ. (ઈ. સ. ૧૯૨૬)

૯ ઉદાધર્મ પંચરત્નમાલા—સં. સ્વામી જગદીશચંદ્ર, પુનિયાદ.

૧૦ રામકબીર ભકત ભજન સંગ્રહ—ભકત સમાજ, સુરત.

૧૧ ત્રિકમતારણ સંગ્રહ—સંત ત્રિકમદાસ, કિશોર પ્રિન્ટીંગ પ્રેસ, બોડેલી (સં. ૨૦૦૮)

૧૨ કવિચરિત—શ્રી કે. કા. શાસ્ત્રી, ભા. ૧-૨

૧૩ શ્રી પદ્મનાભ અધ્યારુજીનાં કીરતન—સં. સ્વામી યદુનાથ (૧૯૬૫)

૧૪ कबीर-परंपरा—डॉ. कान्तिकुमार भट्ट (१९७५)

૧૫ 'જીવણજીનો સમાગમ', પુ. ૧૩૩ (હ. લિ. ગ્રંથ), રામકબીર પુસ્તકાલય, પુનિયાદ.

૧૬ વાયડાપોળની ગાદીનું પુસ્તક-૧, રામકબીર પુસ્તકાલય, પુનિયાદ.

૧૭ 'પદ્મનાભનું આખ્યાન'—ક્રમ ૧૨૮ (નોટ ૧૭) રામકબીર પુસ્તકાલય, પુનિયાદ.

૧૮ 'જીવણવાણી' પત્રિકા, વર્ષ ૧, અંક ૧ થી ૧૦

ઝાલોદના ભીલોમાં લગ્નવ્યવસ્થા

અરવિંદ ભટ્ટ, અમરસિંહ મુનિયા

ઝાલોદ ગુજરાતના પંચમહાલ જિલ્લામાં ઉત્તર-પૂર્વે રાજસ્થાન અને મધ્યપ્રદેશની સરહદે અડીને આવેલો વિસ્તાર છે. ૧૯૭૧ની વસતીગણતરી અનુસાર આ વિસ્તારમાં મુખ્યત્વે ભીલોની ૧,૩૪,૦૩૨ જેટલી વસતી છે. સમગ્ર જિલ્લાની કુલ ભીલ વસતીનો અંદાજે ચોથો ભાગ આ વિસ્તારમાં ગણાય છે. આ વિસ્તારના ભીલોમાં કોઈ પેટાજૂથો જોવા મળતાં નથી. ભીલોના સામુદાયિક જીવનમાં શાખ તથા ગોત્રની અગત્ય અનિવાર્યપણે દેખાય છે. તેમનાં ૯૬ જેટલાં ગોત્રો જોવા મળ્યાં છે. ગોત્રજ ભાઈઓ પોતાને 'હગાવાલા' કે 'ભાઈ-બેટા' તરીકે ઓળખાવે છે. હગાવાલા જન્મ, મૃત્યુ, કાયટું, ગુંદરું, જાતર, મેવા, બાધા, આખાડી, ખેતીવાડી, કૂવો કાઢવો, ઘર બાંધવું, થાપડા પાડવા, લગ્નો ગોઠવવાં વગેરે સામાજિક, ધાર્મિક, આર્થિક કે સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં પરસ્પરને મદદ કરવાનું અને વિવિધ વિધિઓમાં મહત્ત્વની ભૂમિકાઓ ભજવે છે. કેટલાંક ગોત્રો, વસતી, શિક્ષણ, લડાયકપણું, જમીન, કે ભગત થઈ જવું વગેરે કારણોસર વર્ચસ્વ ધરાવતાં જોવા મળે છે. સગોત્ર સગાં પોતાને એક જ કાપડી કે પાઘડીના સંબંધીઓ માને છે. તેથી લગ્ન કે ઝઘડા જેવા પ્રસંગોએ બધા સભ્યો એકતાથી વર્તે છે. આમ આ વિસ્તારના ભીલોમાં વંશસગાં અને ગોત્રસગાંનું એક વિશિષ્ટ મહત્ત્વ જોવા મળે છે.

આ વિસ્તારના ભીલોમાં કુટુંબવ્યવસ્થા, લગ્ન, ધર્મ, અર્થ અને સગાઈવ્યવસ્થા એક-બીજા સાથે ગાઢ રીતે સંકળાયેલાં છે. આ ભીલો પિતૃસત્તાક, પિતૃસ્થાની અને પિતૃવંશીય ગોત્ર બહિર્લગ્ન વ્યવસ્થા ધરાવે છે. કુટુંબમાં વારસો પિતા દ્વારા પુત્રને મળે છે. અલગ થયા પછી માતા-પિતા નાના પુત્ર જોડે રહેવાનું પસંદ કરે છે. જમીન મોટા દીકરાને નામે રહે છે. પણ ગાડું, આંબા, મહુડા, ઢોર, જમીનનો ઉપયોગ વગેરે બાબતમાં સંયુક્ત અધિકારો જોવા મળે છે. પુત્ર ન હોય તો દત્તક લેવાની પ્રથા છે. પરિણીત પુત્રીને મિલકતમાં કોઈ જ અધિકાર નથી. તેવી જ રીતે ત્યક્તા કે છૂટાછેડા લીધેલ સ્ત્રીને પણ મિલકત અંગેના કશા જ અધિકારો નથી. ઘરજમાઈ કે નાતબહાર મુકાયેલી વ્યક્તિને બાપની મિલકતમાં અધિકાર છે.

લગ્ન ભીલોના જીવનમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે. કુંવારા રહેવું એ ખરાબ ગણાય છે. વાસનાઓ પૂરી કરવા માટે પણ લગ્ન જરૂરી મનાય છે. વિશ્વાસુ જીવનસાથી, ખેતીવાડીના કામકાજ માટે, વંશવેલો ચાલુ રાખવા વગેરે માટે લગ્ન અનિવાર્ય ગણાય છે. દરેક ભીલ યુવક-યુવતી પુખ્ત ઉંમરે લગ્ન કરે છે.

લગ્નનું ક્ષેત્ર :

(૧) આ વિસ્તારના ભીલો ગોત્ર બહિર્લગ્ન વ્યવસ્થા ધરાવે છે. એટલે કોઈ પણ સંજોગોમાં નજીકનાં લોહીનાં સગાં તથા ગોત્રો કે કુળસગાં વચ્ચે લગ્ન કે જાતીય સંબંધોનો કડક

નિષેધ છે. સગોત્રી સગાં પોતાને એક જ "કાપડી-પાઘડી"ના સંબંધીઓ તરીકે માને છે. ક્વચિત્ સગોત્રી છોકરા-છોકરીઓ વચ્ચે પ્રેમસંબંધો કે જાતીય સંબંધો બંધાય તો સમાજ તેને નિંદે છે, કડક સજા કરવામાં આવે છે; અને જરૂર લાગે જાતિબહિષ્કાર પણ કરવામાં આવે છે.

(૨) પોતાના ગામમાં ને ગામમાં પણ લગ્ન કરવાને આ ભીલો બહુ ઉત્તેજન આપતા નથી. તેઓ ગ્રામબંધુ ભાવનામાં માનતા જોવા મળે છે. એટલે લગ્ન કે જાતીય સંબંધોથી બંધુત્વની ભાવના ખોરવાઈ જાય છે તેમ માને છે. આ ભાવના સવિશેષે તેમના ફળિયા વસવાટમાં તો અતિ તીવ્ર સ્વરૂપે જોવા મળે છે. એક જ ફળિયામાં જુદા જુદા ગોત્રનાં કુટુંબો વસતાં હોય, જેમની વચ્ચે સામાજિક રીતે લગ્નવ્યવહાર માન્ય હોય છતાં એક ફળિયામાંના નિવાસને કારણે "ફળિયા ભાંડુ"નું તત્ત્વ વધુ પ્રબળ સ્વરૂપે અને ભાવાત્મક એકતારૂપે જળવાતું જોવા મળે છે. પરિણામે લગ્ન કે જાતીય વ્યવહારોનો નિષેધ વર્તાય છે. આમ ફળિયામાંની વ્યક્તિઓ સાથેનાં લગ્ન કે ગામમાં ને ગામમાં લગ્ન ફળિયા-એકતા અને ગ્રામ-એકતા કે બંધુતાના ભાવનાના સંબંધોને ઢીલા પાડનારી છે અથવા તેને ફટકો પડે છે તેમ તેઓ માને છે.

(૩) સામાન્યતઃ આ વિસ્તારના ભીલો પિતૃ-માતૃ "પાઘડી અને કાપડી"–પક્ષે ત્રણ ત્રણ પેઢી સુધી લગ્નનો નિષેધ પાળે છે. તેઓ પોતાની કન્યાને પોતાનાથી નીચલા સામાજિક કે આર્થિક દરજ્જાવાળાં કુટુંબોમાં કે ગોત્રોમાં આપતા નથી. કેટલાક ગોત્રો વંશની દૃષ્ટિએ, આર્થિક સદ્ધરતાની દૃષ્ટિએ, બહાદુરી અને હોંશિયારીની દૃષ્ટિએ "ડંકાવાળાં" ગણાય છે, અને વિસ્તારમાં વિશિષ્ટ મહત્ત્વ ધરાવે છે. આવાં ગોત્રો કે ગામોમાં કન્યા આપવાનું તેઓ સાહજિક રીતે પસંદ કરે છે. જ્યાં સગાંનો જથ્થો મોટો હોય ત્યાં સગપણ જોડવાનું વલણ જોવા મળે છે અને "અમારે ઘણું મોટું હગું, જથ્થો છે" તેમ ગૌરવ અનુભવે છે. સામાજિક, ધાર્મિક પ્રસંગોએ મોટું સગું આવે એ એક વિશિષ્ટ મોભો ગણાય છે.

લગ્ન સંબંધો બાંધવામાં તેઓ માને છે કે, "હગાને ટેકે હગું થાય"; "વાડ વના વેલો નો ચડે", ક્યારેક લોહીનાં કે લગ્નનાં સગાં કુટુંબનાં અન્ય કુંવારાંનાં લગ્ન માટેના પાત્રની પસંદગી, ઘર, ગોત્ર વગેરેની ભાળ રાખે છે, તથા તેવું ગોઠવવાનો પ્રયત્ન કરે છે. ફોઈ, બહેન, બનેવી, કાકી, બાબી, ભાભી વગેરે પોતાના કુટુંબના સગાઓ પોતાનાં રક્તસગાંમાં કે લગ્ન સંબંધીઓમાં જાય તેવું સ્પષ્ટ વલણ ધરાવતાં જોવા મળે છે. ક્યારેક ગોત્રજ બહેન કે ફોઈ કોઈ ગામમાં એકલી હોય તો પોતાના સાથ અને સહારા માટે અવનવી લાલચ આપીને પોતાની સાસરીનાં વખાણ કરીને ગામની, ગોત્રની કે કુટુંબની કન્યાનું લગ્ન પોતાના ગામમાં કે પતિના ગોત્રમાં કે પતિના રક્તસગાંમાં ગોઠવવાનો પ્રયત્ન કરે છે.

લગ્નની ઉંમર :

સામાન્ય રીતે ભીલો પુખ્ત વયે જ એટલે ૧૬ થી ૨૦ વર્ષની ઉંમરમાં લગ્ન કરવાનું વલણ ધરાવતા જોવા મળે છે. છતાં ક્વચિત્ નાની ઉંમરે લગ્ન થયેલાં જોવા મળે છે જે માટે કુટુંબની નિરાધાર સ્થિતિ, કોઈ ઉંમરલાયક વ્યક્તિનો ઘરમાં અભાવ જેવાં કારણો જોવા મળે છે. સામાન્યપણે ભીલોમાં કુંવારો ડોસો કે ડોસી ન જ મળે તેવી સ્થિતિ હોય છે. જો વ્યક્તિ

કુંવારી મરી જાય તો તેની વાસનાઓ અતૃપ્ત રહી જાય છે અને તેવી વ્યક્તિની સદ્દગતિ થતી નથી તેમ તેઓ માને છે. એટલે જીવનની સદ્દગતિ માટે પણ લગ્નની અનિવાર્યતા તેમનામાં સ્પષ્ટ પણે જોવા મળે છે.

સાથીની પસંદગીની રીતો :

આ વિસ્તારનાં ભીલોમાં મહદઅંશે માબાપ કે સગાં દ્વારા લગ્નો ગોઠવાતાં હોય છે. તેને પરિણામે કન્યાવિક્રમ–દહેજ પણ સારું એવું આપવું પડે છે. છતાં ઉંમરલાયક છોકરા છોકરી મનમેળ થતાં ભાગી જઈ લગ્ન કરે છે. તેવાં ઉદાહરણો પણ સહેજે મળે છે. મેળામાંથી કોઈ છોકરીને ઉપાડી લઈ જાય અથવા ભાગી જાય તો તેઓ શરૂઆતના થોડા દિવસો પોતાના નજીકના લોહીના સગાંને ત્યાં સંતાઈ રહે છે; પછી માબાપને ખબર કરે. કન્યાપક્ષવાળાને બોલાવવામાં આવે અને 'દાપુ' નક્કી કરવામાં આવે છે. આને "ઝઘડો ભાંગવો", અથવા "લાડી ભાંગવી હે" કહે છે. દાપામાં રોકડા રૂપિયા તથા ઢોર પણ લેવામાં આવે છે. આવા કિસ્સાઓમાં કયારેક દાપુ વધારે પણ લેવામાં આવે છે. આ ઉપરાંત કયારેક આર્થિક પરિસ્થિતિને કારણે સામસામાં સગાં પોતાનાં સગાંને અદલાબદલીમાં પણ પરણાવે છે. તેને તેઓ "હામહટિયાં" કહે છે. આવાં લગ્ન કયારેક સાંસારિક ઝઘડો થતાં તૂટી પણ જાય છે, અને સગાંમાં કૌટુંબિક વિખવાદનાં બી પણ રોપાતાં જોવા મળે છે. આ ઉપરાંત અત્યંત આર્થિક સ્થિતિ નબળી હોય ત્યારે ઘરજમાઈએ જવાનું વલણ પણ સ્પષ્ટ દેખાય છે. પણ આ પ્રમાણ અત્યંત ઓછું છે. તેવું જ આર્થિક સ્થિતિને કારણે નવી પત્ની પરણતાં દાપુ આપવું પડે તેના બદલે મોટાભાઈની વિધવા સાથે લગ્ન કરી લેવું અથવા કુટુંબના ભાઈનાં સંતાનો નિરાધાર ન બની જાય તેવા હેતુસર ભીલોમાં દિયરવટાની સ્થિતિ પણ જોવા મળે છે.

લગ્નવિધિ :

૧ ઓર ઘેર ભાળવા જાવું: સામાન્ય રીતે કન્યાપસંદગીનું કાર્ય માતા-પિતા, કાકા, બાબા, મામા, ફુવા, બનેવી તથા વંશસગાં, ગોત્રસગાં કે કયારેક ગામની વડીલ વ્યક્તિઓ દ્વારા થાય છે. કન્યાના માબાપ સામેથી પૂછવા આવતા નથી કે સામેથી વિવાહ માટે કોઈ પાસે માગણી મૂકતા નથી. પરંતુ વરપક્ષ તરફથી કન્યાની ભાળ શરૂ થાય છે. આવી ભાળ અને માગણી લઈ જનારને "ભાંજગડિયો" કહેવામાં આવે છે. તેને કન્યા તરફથી સંમતિ મળે તે પછી જ વરપક્ષનાં સગાં તથા ગામપટેલ જેવા વડીલો વરનું ઘર જોવા જાય છે. પછી ગમે તો હા પાડે અને ન ગમે તો ના પાડે. કન્યા પસંદ હોય તો સગાઈ કરવા આવીશું એમ કહી શુકન જોઈને દિવસ નક્કી કરી સગાઈ માટે જવાનું ગોઠવે.

૨ હગાઈ કરવા જવું: આ પ્રસંગે વરપક્ષના વંશસગા પુરુષો, ગોત્ર સગાંમાંથી આગેવાન વ્યકિત અને ગામપટેલ કે તથા અગ્રણી ગામવડીલને સાથે લઈ જવામાં આવે છે. હગાઈ કરવા જવા માટે શુકન જોવામાં આવે છે. કાગડી, કાનાહડો,[૧] સારસપક્ષી, ચિબરાં, ઘુવડ, દીતી,[૨] મેલાળી,[૩] પાણિયારી, ગધેડું વગેરે પૈકી કોઈ ડાબા–જમણી બોલે તેના આધારે શુકન-અપશુકન ગણાય છે. અપશુકન થાય તો બીજો દિવસ નક્કી કરે. શુકન-અપશુકનની પરીક્ષા

૧ એક પક્ષી, ૨ એક પક્ષી, ૩ બિલાડી.

ગામના વૃદ્ધ અને અનુભવી વડીલ દ્વારા થાય છે. સગાઈ કરવા જનારા પોતાની સાથે સવા રૂપિયો, નાળિયેર તથા સવાશેર ચોખા લઈ જાય છે. ત્યાં જઈ કન્યાપક્ષનાં સગાં અને ગામ પટેલ સહિત પંચસમક્ષ સગાઈ પેટે રૂા. ૫૧ થી રૂા. ૧૫૧ કન્યાના બાપને આપવામાં આવે છે. કન્યાપક્ષના આગેવાનો "અમારી સાક્ષીમાં આ સગાઈ થઈ છે" તેવી જાહેરાત કરે છે. તે પછી વરનો નાનો ભાઈ કન્યાને નાળિયેર, સવા રૂપિયો તથા ચોખા આપે છે. આમ આને "કાચી સગાઈ" થઈ એમ કહેવામાં આવે છે. આ પ્રસંગે કન્યાપક્ષના ગામ પંચવાળા સગાઈ પેટે વરપક્ષ પાસેથી લાડી-વરના રૂા. ૨–૨૫ ન.પૈસા. અને ગામ પટેલનો લાગાનો રૂા. ૧ લેવામાં આવે છે.

૩ કાપડું: કાપડું કરવા જવું એટલે પાકી સગાઈ કરવા જવું કહેવામાં આવે છે. નક્કી કરેલા દિવસે શુકન જોઈને કોરા ઘડામાં ગોળ લઈ તથા ઢોલીને સાથે લઈને વરપક્ષ જાય છે. કાચી સગાઈમાં મર્યાદિત પુરુષો જ જાય છે પણ કાપડામાં આબાલ વૃદ્ધ સગાં, ગ્રામ સભ્યો અને ક્યારેક મિત્રો પણ એમ કુલ ત્રીસથી ચાળીસ જેટલાં માણસ જાય છે. કન્યાના ગામની હદમાં પ્રવેશતાં ઢોલી ઢોલ વગાડી કન્યાપક્ષને ખબર આપે છે. કન્યાપક્ષવાળા સૌની મહેમાનગતિ કરે છે. ભાંજગડિયો કન્યા તેમ જ વરપક્ષના પંચ સાથે દાપુ નક્કી કરે છે. ક્યારેક વધારે પડતું દાપુ આપવાનું સૂચન થતાં વરનો બાપ પંચમાંથી ઊઠીને ચાલવા પણ માંડે કે બોલાબોલી પણ થાય છે. સામાન્યતઃ દહેજની રકમ રૂા. ૧,૭૦૦ થી માડીને રૂા. ૨,૧૨૫ સુધીની થાય છે. જો કન્યા ભણેલી હોય તો શિક્ષણના થયેલા ખર્ચ પેટે વધારે દહેજ લેવાનું વલણ પણ વિકસવા માંડયું છે. દહેજ નક્કી થયા પછી ગોળનો ઘડો વધાવાય છે. આ વધાવવાના રૂા. ૧૦ વધાવા આવનાર સ્ત્રીને આપવામાં આવે છે. સામાન્યતઃ કન્યાની બહેન, ફોઈ આ કાર્ય કરે છે. આવેલા મહેમાનો તથા ગામસગાં અને આગેવાનોને જમાડવામાં આવે છે. લાડી માટે અલગ બાજ કાઢવામાં આવે છે. વરનો ભાઈ બાજ સાથે રૂા. ૧-૨૫ લાડીના હાથમાં આપે છે. આમ સગાઈ પાકી થઈ ગણાય છે. આ પાકી સગાઈના પ્રતીકરૂપે વેવાઈઓ તથા સગાઈ કરવા આવેલા સૌ પર લાલ રંગ નાખવામાં આવે છે. જે કાપડું કર્યાની ખુશાલીની પ્રતીકાત્મક અભિવ્યક્તિ છે. કાપડા વખતે વરપક્ષ પાસેથી કન્યાપક્ષવાળા "લાગ"–રકમ સગાંઓના દરજ્જાઓ પ્રમાણે "કસૂરા"–દાપા–ના રૂપમાં નીચે પ્રમાણે લે છે:

૧	ઘડા વધાવવાના	રૂા.	૧૦-૦૦	કન્યાની ફોઈ કે બહેનને
૨	કાપડું મહરૂના	રૂા.	૫-૨૫	કન્યાની માતાને
૩	હાથ ધોવડાવવાના	રૂા.	૧-૦૦	કન્યાનો ભાઈ
૪	પિતરાઈ ભાઈઓના	રૂા.	૨-૨૫	પિતરાઈ ભાઈ
૫	હારતિયાના	રૂા.	૧-૫૦	,, ,,
૬	ગીતોના	રૂા.	૧-૨૫	ગોત્રજ બહેનોને
૭	રાંધવાના	રૂા.	૨-૨૫	પિતરાઈ ભાઈઓને
૮	લાડીની બાજ	રૂા.	૧-૨૫	કન્યા
૯	ગામભાંજગડ	રૂા.	૯-૦૦	ગામપંચ

૪ તેલ ચઢાવવું: પીઠી ચોળતાં પહેલાં આ વિધિ કરવામાં આવે છે. નક્કી કરેલા દિવસે પરણનારને પાટલા પર બેસાડી તેના ઉઘાડા શરીરના બરડા પર માથા પરથી બરડે તેલ

ઊતરે તે રીતે કુંવારી છોકરીઓ તેલ નાખી ઊતારવાની ક્રિયા કરે છે. આમ સાત વાર કરવામાં આવે છે. પછી પરણનારના માથા પર ચાર જણ કપડું પકડી તેમાં ડાંગર નાખી સાંબેલાથી ગોત્રની કુંવારી છોકરીઓ ખાંડવાની પ્રતીકાત્મક વિધિ કરે છે. આ વિધિ ગૃહજીવનના આહારના એક મહત્ત્વના પ્રતીક અને ખેતીના વ્યાવસાયિક સ્વરૂપ સાથે સંકળાયેલું છે તેવી અભિવ્યક્તિ થતી જોવા મળે છે. આ વિધિ પછી પરણનારની બહેન, ફોઈ કે ગોત્રની બહેનો ભેગી થઈ સ્નાન કરાવી "ભરાડી"એ–ગોત્રજે લાવવામાં આવે છે. ગામપટેલ કે કોઈ આગેવાન વડીલ અહીં દારૂની ધાર પાડી પૂજા કરાવે છે. સાંબેલાને આંબાનાં સાત પાન બાંધવામાં આવે છે અને સાથે તીર મૂકવામાં આવે છે. ભરાડીમાં ચાંદા–સૂરજનાં ચિત્રો દોરવામાં આવે છે તથા વર, લાડી અને ખોડા હાથપગવાળાં "અણુ ગોરજ્યાં"[૪] દોરવામાં આવે છે. ભરાડીએ થતી પૂજા અને સાંબેલું તથા તીર તેમના ખેતી તથા શિકારી જીવનનાં પ્રતીકોની અભિવ્યક્તિ દર્શાવે છે.

૫ વાનો કાઢવો : પરણનારને બહેન, ફોઈ કે ગોત્રની બહેનો પીઠી ચઢાવે છે. આ પીઠી ચઢાવવાના દિવસોને વાના કાઢવાના દિવસો તરીકે ઓળખવામાં આવે છે. પીઠી ચઢાવ્યા પછી ભરાડીએથી કાકા, બાબા, ફોઈ, બહેન, બનેવી, કુવા, મામા વગેરે વારાફરતી વર કે કન્યાને ઊંચકીને બહાર લાવે છે, અને તેને ખભે બેસાડીને નચાડવામાં આવે છે. આ ક્રિયાને "વાનો કાઢવો" કહેવામાં આવે છે. આવું સાત દિવસ સુધી ચાલે છે. કયારેક એક દિવસે બે ત્રણ વાનાં પણ કાઢવામાં આવે. પણ કુલ સાત વાનાં જ કઢાય છે. દરેક સગું વર કે કન્યાને આ રીતે ઊંચકીને નચાડવામાં એક મહત્ત્વનું સૌભાગ્ય તથા પોતાની વિશિષ્ટ ફરજ માને છે; લ્હાવો સમજે છે. સૌ સગાંને જમાડવામાં આવે છે. વર કે કન્યાને આ દિવસોમાં ઘઉંના રોટલા, ચૂરમું કે મિષ્ટાન્ન જ આપવામાં આવે છે. વાના કાઢવામાં અને પીઠી ચોળવામાં જે કુંવારી છોકરીઓ ભાગ લે છે તેમને "લાગ" રૂપે નાળિયેર તથા ગોળ આપવામાં આવે છે. આ પ્રસંગે ગવાતાં ગીતોમાં વર કે કન્યાનાં નજીકનાં વિવિધ સગાં અને તેમની આ ક્રિયામાંની ફરજ શી છે તેની રજૂઆત થતી જોવા મળે છે.

૬ નોતરાં : "નોતરાં" એટલે ચાંલ્લાનો વિધિ. સગાંઓ યથાશક્તિ વર કે કન્યાને ચાંલ્લો કરી પૈસા આપે છે. મામા, ફુવા, બનેવી, સાળા, સાઢુભાઈ, સસરા, મિત્રો વગેરે આ પ્રસંગે "મામેરાં" લાવે છે. આ પ્રસંગે લોહીનાં સગાં, શાખસગાં, ગોત્રસગાં, લગ્નસગાં અને ગામના વડીલોને ખાસ નિમંત્રણ "નોતરું" આપી બોલાવવામાં આવે છે. આ દિવસે ઘર આગળ માંડવો બનાવવામાં આવે છે. ઘરને શણગારવામાં આવે છે. સાંજે સૌ સગાંને મિજબાની આપવામાં આવે છે. બીજા દિવસે વળામણું આપી વિદાય આપવામાં આવે છે. આ પ્રસંગે વિવિધ સગાંઓની કાર્યભૂમિકા, તેમનાં ગોત્રો સંબંધી વિવિધ ખ્યાલોને રજૂ કરતાં વિવિધ ગીતો ગવાય છે. નોતરાના દિવસે બનેવી કે ફુવાને ખાસ નોતરું આપવું પડે છે. વાના અને નોતરાના દિવસો દરમિયાન કન્યા કે વરને ખાટલા પર બેસવાનો, અન્યને હળવા-મળવાનો તથા બહુ બોલવાનો નિષેધ હોય છે.

૭ જાન : નક્કી કરેલી સવારે જાન કન્યાને ઘેર જવા નીકળે છે. વર નાળિયેર,

---

૪ કન્યાના ગોત્ર તથા ગામસગાં જેઓ કન્યાના લગ્ન પછી બીજા દિવસે કન્યાનું આણું કરવા જાય તે સમૂહ.

તલવાર, ૧૧ રૂપિયો સાથે રાખે છે. સામાન્યતઃ જાન ગાડામાં લઈ જવામાં આવે છે. જાનમાં સગાં ઉપરાંત ગામના વડીલો તથા મિત્રો વગેરે પણ જાય છે. દરેક, રસ્તામાં ખાવા માટે પોતાને ત્યાંથી રોટલા બાંધી લાવે છે. રસ્તે નદી-નાળાં આવતાં વરને ગાડામાંથી ઊંચકી લઈને સામે ગાડામાં બેસાડે છે. નદી ઓળંગતાં ગાડાને પૈંડે નાળિયેર સિંચવામાં આવે છે. આખે રસ્તે ગીતોની રમઝટ ચાલે છે. કન્યાને ગામે પહોંચતાં ઝાડ નીચે વિસામો કરવામાં આવે છે. કન્યાપક્ષવાળાઓ ત્યાં પાણી, બીડી, તમાકુ વગેરેની સગવડ કરે છે. ત્યાં બન્ને પક્ષના જાનૈયા ભેગા થઈ નાચે છે. બીજા દિવસે સવારે બન્ને ગામના ગામપંચોની સમક્ષ અગાઉ નક્કી કર્યા પ્રમાણે "કસૂરો"—દાંપાં ચૂકવાય છે. આમાં જો ખામી રહે તો ઝઘડો થાય. ક્યારેક વર કુંવારો પાછો પણ જાય.

કસૂરો પૂરેપૂરાં ચૂકવાયા બાદ વરપક્ષ તરફથી લાવેલાં કન્યાનાં કપડાં પહેરાવવા માટે વરનો નાનો ભાઈ "પાંજરાં" પેટીમાં મૂકીને અન્ય યુવકોની સાથે કન્યાને ઘેર જાય છે. કન્યાની ફોઈ કે બહેન તેને દીવાથી વધાવી લે છે. પછી વર કન્યાને માંડવે મોડ બાંધીને જાય છે. કન્યાપક્ષની સ્ત્રીઓ ભરેલા ઘડા માથે લઈને તેનું સ્વાગત કરે છે, જેને "ઓરબેડિયું" કહે છે. કન્યાનો ભાઈ "ઓરઘોડો" વરને ઊંચકીને માંડવામાં લઈ જાય છે.

૮ પૂંખવું : કન્યાની મા વરને ઘીનો લઈને પૂંખે છે. પછી વરના ગળામાંની હાંસડી કાઢી રવૈયો, મૂહળું,[5] ગૂહરી, અને "અંગૂસા"થી[6] વધાવવામાં આવે છે અને પછી તે ઘરેણાં ગળામાં પાછાં પહેરાવવામાં આવે છે. લાડીનો ફુવો કે બનેવી લાડીને ઉંચકીને લઈ આવે છે અને વરની ડાબી બાજુ ઊભી રાખે છે. ગામનો જાણકાર વડીલ બન્નેના છેડા બાંધે છે, માથે કપડું ઓઢાડવામાં આવે છે. લાડીનો દિયર બન્નેના હાથ પકડાવે છે. આ ક્રિયાને "હાથીવોડાં" હસ્તમેળાપ કહે છે.

૯ ફેરા ફેરવવા : હસ્તમેળાપ બાદ વરકન્યાને ફેરા ફેરવવામાં આવે છે. આ માટે બ્રાહ્મણને બોલાવવામાં આવતો નથી. કુલ સાત ફેરામાં પહેલા ચાર, વરને આગળ રાખીને અને છેલ્લા ત્રણમાં કન્યાને આગળ રાખી ફેરવવામાં આવે છે. વરના બીજા ફેરા વખતે વરનો સાળો વરના પગ ઉપર પગ મૂકી તેને ફેરા ફરતાં અટકાવે છે. તેના બદલામાં તેને પૈસા આપવામાં આવે છે. આને "હાળા કટારી" કહે છે.

૧૦ ભરાડી પૂજન : ફેરા ફેરવ્યા બાદ વરકન્યાને ભરાડીએ ગોત્રજે લઈ જવામાં આવે છે. ત્યાં કન્યાની ફોઈ કે બહેન બારણું રોકે છે. તેને બદલામાં પૈસા આપવામાં આવે છે. ભરાડીએ વરકન્યાના મોડ છોડવામાં આવે છે. તેમની આગળ "કલુવા"માં રાંધેલો ભાત મૂકવામાં આવે છે, અને દારૂની ધાર પાડી દેવદેવીઓ તથા પિતૃને યાદ કરી વિનંતી કરવામાં આવે છે કે "ખેડાના ખતરી આવેલા જાયલા, નાતના પરનાતના હે મારા માબાપ ઓર-લાડીની ભીડ ભાંગજે, વેરી દુશ્મનને આંદળો કરજે, હરેક વાતનો જીતાવો આલજે અને લાડી,—ઓરનું કરજે, તરેહ પાર ઊતારજે, તાર નામની આહરાની ધાર હૈ." આમ દારૂની ધાર અને નાળિયેર ફોડી આશીર્વાદ લેવામાં આવે છે. વર ત્યાંથી ઊઠીને વરપક્ષની સાથે બહાર જાય છે. કલુવાની

---

૫ સાંબેલું. ૬ એક જાતનું ચાંદીનું ઘરેણું.

થાળી વરપક્ષને મોકલવામાં આવે છે. કન્યાને તૈયાર કરી જાન સાથે વળાવવા તૈયારી કરવામાં આવે છે. કન્યાને વરપક્ષમાં લાવી તેની સાસુના ખોળામાં બેસાડવામાં આવે છે. આ દ્વારા અમારી દીકરી તમને સોંપીએ છીએ અને દીકરીની જેમ તેને સાચવજો તેવા ભાવની અભિવ્યક્તિ થતી જોવા મળે છે.

પોગાં પડમણી : વરને ઘેર જાન પાછી આવ્યા પછી કન્યાને વરની ભરાડીએ બેસાડવામાં આવે છે. અહીં પણ ગૃહપ્રવેશ કરતાં વરની ફોઈ કે બહેન બારણું રોકે છે. બદલામાં પૈસા આપવામાં આવે છે. કન્યા ભરાડીનું પૂજન પૂરું કરી વરપક્ષનાં સગાં, ગામના વડીલો વગેરેને પગે લાગે છે. કન્યાને આ પગે લાગવાના સૌ પૈસા આપે છે. ગૃહપ્રવેશના પ્રતીકરૂપે કન્યા પાસે વાસીદું, પાણી તથા ઉકરડો ખોળવાની વિધિ કરાવવામાં આવે છે. કન્યા પાસે રસોઈ કરાવવામાં આવે છે. આ રસોઈ વરપક્ષનાં અને ગોત્રજ સગાં જમે એટલે કન્યા પોતાના વંશમાં આવી એમ મનાય છે. આમ કન્યાને પોતાના ગોત્રમાં અને વંશમાં દાખલ કરાવાની કે લેવાની આ એક વિશિષ્ટ પ્રક્રિયા અહીં સ્પષ્ટ થાય છે. કન્યા, વંશ કે ગોત્રમાં આવ્યા પછી સૌ સગાંને પગે લાગે છે; સૌ શક્તિ અનુસાર રોકડ રકમ, ગાય, બકરાં, ભેંસ વગેરે તેને ભેટમાં આપે છે.

વરની જાન કન્યાને ત્યાંથી લગ્ન કરી પાછી ફરે તે પહેલાં કન્યાપક્ષનાં વિવિધ સગાંઓને તેમના દરજ્જાના સંદર્ભમાં "લાગ" આપવાના હોય છે જે નીચે પ્રમાણે છે :

ક્રમ	લાગની વિગત	રૂા. ન.પૈ.	સગું
૧	ઑર બિડિજયાના	૧.૨૫	લાડીની ફોઈ કે બહેન
૨	વધાવવાના	૧-૨૫	લાડીનો ફુવો કે બનેવી
૩	ઑર ઘુડાના	૧૦-૦૦	લાડીનો ભાઈ, કે બનેવી કે કાકો
૪	માંડવા તોરણના	૧૦-૦૦	લાડીનો ફુવો કે બનેવી
૫	લાડી ઊંચકવાના	૧-૦૦	લાડીનો ફુવો કે બનેવી
૬	માંડવા ખૂંટાના	૧-૦૦	,, ,,
૭	ગામ ગજરું	૫-૨૫	લાડી પક્ષનાં સગાં
૮	પાંજરું વધાવવાના	૧૦-૨૫	લાડીની ફોઈ કે બહેન
૯	ભરાડી લખવાના	૧૦-૨૫	લાડીનો ફુવો કે બનેવી
૧૦	મોડ છોડવાના	૧-૦૦	,, ,,
૧૧	હળદ દેવાના	૨-૨૫	લાડીની નાની બહેન
૧૨	કલુવાના	૧૦-૨૫	લાડીની મા, કાકી, બાબી, ફોઈ, બહેન
૧૩	લાડી વળાવવાના	૫-૨૫	લાડીની ગોત્રજ બહેનો
૧૪	પૂંખણાના	૫૦-૦૦	લાડીની માને
૧૫	હાળા કટારી	૫-૦૦	લાડીનો નાનો ભાઈ

ક્રમ	લાગની વિગત	રૂ. ન.પૈ.	સગું
૧૬	વરઘોડિયાના	૧-૦૦	લાડીની બહેન
૧૭	લાડીનાં કપડાં પહેરાવવાના	૧-૦૦	લાડીની ફોઈ કે બહેન
૧૮	સળુના	૫-૦૦	લાડીની મા
૧૯	વળામણાના	૨૫-૦૦	લાડીવાળાને ચાંલ્લાના દિવસે આપવાના

૧૨ અણુ ગોરજ્યાં: લગ્નના બીજા દિવસે કન્યાના ગામના તથા ગોત્રસગાં કન્યાને લેવા માટે વરને ગામ જાય છે. તેમને "અણુ ગોરજ્યાં" કહેવામાં આવે છે. તેઓ વરના ઘેર ગીતો ગાતાં ગાતાં જાય છે, રાત રહે છે અને બીજા દિવસે કન્યાને લઈને પાછા ફરે છે. આવા પ્રકારની પ્રથા સાબરકાંઠાના ડુંગરી ગરાસિયાઓમાં જોવા મળે છે તેને તેઓ "આમલાં જવું" કહે છે. આ દ્વારા કન્યા સમગ્ર ગામની દીકરી છે તેવી ભાવના વ્યક્ત થતી જોવા મળે છે. કન્યા પોતાના પિયરમાં સાત આઠ દિવસ રહે છે; બાદ વરના વંશ અને ગોત્રસગા પુરુષો નાળિયેર, ખાંડ અને કાપડું લઈને કન્યાને તેડવા જાય છે. કન્યાને ત્યાં આ દિવસે મહેમાનો માટે ભરાડીએ બકરી મારવામાં આવે છે અને ભોજન આપવામાં આવે છે. બે-ત્રણ મહિના સુધી આવાં નાનાં આણાં ચાલુ રહે છે. પછી જુદા થાય તેમ મોટાં આણાં વાળવામાં આવે. વહુ ઘરમાં મહિના સુધી "નવલી"–નવી ગણાય; પછી બધું ઘરનું કામ કરતી થઈ જાય.

લગ્ન નક્કી થયા પછી કોઈ પણ કારણસર તૂટી જાય ત્યારે "હગું તોડી પાડયું" કહેવામાં આવે છે. લગ્નમાં ઝઘડો કે તેમાંથી ખૂન થાય ત્યારે વાતાવરણ ઘણું તંગ બની જાય છે. આવાં વેરઝેર વંશપરંપરાગત પણ ઊતરે છે. સગાંઓ આવા પ્રસંગો ઝટ ભૂલતા નથી. જરૂર પડે નવું સગું કરવાનું થાય ત્યારે ઉદાહરણો આપી, યાદ રાખી સાવચેતી રાખે. વર કે લાડીને તેલ ચઢી ગયા પછી અકસ્માતથી કોઈ મરી જાય તો તેના કાયટા પછી આપેલી દહેજની રકમ રદ્દ થાય છે. અને નવેસરથી દહેજ નક્કી કરી સાળીવટું કે દિયરવટું કરાય છે, અથવા બીજું લગ્ન કરી લેવામાં આવે છે.

આમ આ વિસ્તારના ભીલોની લગ્નવ્યવસ્થામાં સામાજિક સંબંધોનું મહત્ત્વ વિશેષ જોવા મળે છે. સમગ્ર વિધિઓ સગાઈ સંબંધોની આજુબાજુ વિસ્તરેલી અને સામાજિક, આર્થિક તથા ધાર્મિક પાયા પર રમાયેલી જોવા મળે છે. લગ્નગીતો દ્વારા સગાંની વિવિધ ભૂમિકાઓ, દરજ્જાઓની તથા સંબંધોની સાહજિક મુક્તતાની અભિવ્યક્તિ થતી જોવા મળે છે. આવા પ્રસંગો સગાંઓના મિલન અને એકતાની ગાંઠને વધુ મજબૂત બનાવનારા બની રહે છે. તમામ સામાજિક પ્રસંગોએ વંશ અને ગોત્રસગાં તથા ગામનો સહકાર અનિવાર્ય બને છે. ગમે તેનો પ્રસંગ હોય પણ દરેક પ્રસંગમાં ગ્રામસંગઠન, ગ્રામબંધુતાની ભાવાત્મક એકતા, તેમનાં જીવનના વ્યક્તિગત કે સામૂહિક–સર્વે કાર્યોમાં અભિવ્યક્ત થતી હોય છે. તે તેમના જીવનવ્યવહારને હૂંફ અને ઘાટ આપી સામાજિક સંરચનાના સાતત્યને તથા નિયમનને જાળવી રાખે છે.

મહેસાણા જિલ્લાની બોલીના કેટલાક વિશિષ્ટ શબ્દો

પ્રવીણસિંહ ચાવડા

'સાર્થ જોડણીકોશ'માં નહીં સમાવાયેલા મહેસાણા જિલ્લાની બોલીના કેટલાક શબ્દો એકત્રિત કરવાનો અહીં પ્રયત્ન કર્યો છે. આમાંના કેટલાક શબ્દો મહેસાણા જિલ્લાની બહાર સમગ્ર ઉત્તર ગુજરાત અને બીજે પણ પ્રચલિત છે. અમુક પ્રચલિત શબ્દો (દા. ત. સુનકાર, વિલાસ) અહીં વિશિષ્ટ અર્થમાં વપરાય છે માટે સમાવિષ્ટ કર્યા છે. આમ તો એક ભાષાના શબ્દો એની બોલીઓમાં વિવિધ રૂપો ધારણ કરે. પણ અહીં એવા પાઠભેદવાળા શબ્દો ટાળી આગવો અર્થ ધરાવતા શબ્દો જ બને ત્યાં સુધી નોંધવાનો આગ્રહ રાખ્યો છે.

શબ્દો પાછળનું જીવન અને ભાવસૃષ્ટિ મહેસાણા જિલ્લાના ખેડૂતનાં છે. શબ્દોની યાદીમાંથી એક પ્રજાના જીવનનું સમગ્ર ચિત્ર જાણે ધીમેધીમે આકાર લે છે—એના રિવાજો (ઢૂંઢ, લોકાઈ, પરબ, રૂસણાં, વેલ), મનોરંજન (રંગીલા, વીજળી, મરચી, રૂસણાં), વહેમ (વેણ, વધાવો,) અને પ્રકૃતિ તેમ જ પ્રાણીજગત સાથેનું એનું સામીપ્ય (છોર, છુટકું, વ્હેલ, મોતી, હઠીલો વાણિયો, નીલ, નગરૂં, જેભલ). આ પ્રજાની રમૂજવૃત્તિ, પાડા માટે 'ગામધણી' કે અંગ્રેજી ભાષા માટે 'ગોદ્દૅમ' (God damn!) જેવા શબ્દોના ઉપયોગમાં પ્રગટ થાય છે.

ભૌગોલિક સામીપ્ય અને કેટલીક જ્ઞાતિઓમાં લગ્ન જેવા સામાજિક વ્યવહારોને કારણે અહીંની બોલીમાં રાજસ્થાનીની અસર ઠીક ઠીક વરતાય છે. 'હુકમ' નામાર્થે 'હજૂર'ના અર્થમાં (દા. ત. 'હુકમ પધાર્યા છે.') રાજસ્થાનમાં વપરાય છે. કેટલાક સગપણ-સૂચક શબ્દો 'દાદાભાઈ' (મોટાભાઈ, અને 'ભૂવા' (ફોઈબા) પણ રાજસ્થાનીમાંથી સાબરકાંઠાને રસ્તે આવેલા છે; જોકે આવા અમુક શબ્દોનો ઉપયોગ અમુક જ્ઞાતિઓ, ખાસ કરીને રાજપૂતો, પૂરતો મર્યાદિત છે.

વિનય કે નમ્રતા બતાવવા માટે સામાન્ય વ્યવહારના શબ્દોની જગ્યાએ અમુક વિશિષ્ટ શબ્દોનો ઉપયોગ નોંધપાત્ર છે અને બોલનારનું આભિજાત્ય વ્યક્ત કરે છે. મહેમાન કે માનનીય વ્યક્તિ માટે 'નવરાશ' કે 'અનુકૂળતા'ને બદલે 'વિલાસ' શબ્દ વપરાય, (દા. ત. 'આપને વિલાસ હોય તો પધારશો.'). આ જ રીતે સામાન્ય વ્યવહારમાં 'નહાવું', 'સૂવું' 'હાથ ધોવા' પણ મહેમાન માટે 'ઝીલવું', (અથવા 'ઝીલણ કરવું'), 'પોઢી જવું' 'હાથ નવડાવવા' વગેરે પ્રયોગો વપરાય છે.

અહીં આપેલી યાદી સંપૂર્ણ ન જ હોઈ શકે, પણ કોશકારોના ધ્યાન બહાર રહી ગયેલા શબ્દો યાદ આવ્યા તેમ એકઠા કરી આપવાનો નમ્ર પ્રયત્ન કર્યો છે.

અડકાઉ—ખેતરમાં વાવ્યા વગર ઊગેલું (અનાજ).

અડી પડવું—(કોઈ વસ્તુ કે માણસના અભાવે) કામ અટકી પડવું.

આરે આવવું—(પ્રાણીનું) ઋતુમાં આવવું.

આંગળું—પહેરણ ('અંગ' ઉપરથી).

આંધલી—ઘાસની ગંજી.

કજા—છૂપો ભંડાર.

કની—સહેજ, જરાક.

કંપો—ઓરડીનું ખેતર.

ખોટ—મોટું ઢેકું.

ગલ—(૧) બીડી, સીગરેટનો બળી ગયેલો ભાગ.

(૨) ચલમ કે બીડી પીવાથી હાથમાં પડતો ડાઘ.

ગલ્લર—ગપ્પું.

ગામધણી—પાડો (રમૂજમાં).

ગિરાબો—લેંઘો, પાયજામો.

ગુટકો—ટુચકો, કોયડો.

ગુલાંટ—પાકું, ઉસ્તાદ.

ગુંજાર—ઘરનો છેક છેલ્લો અનાજ ભરવા માટે વપરાતો ઓરડો.

ગુંજુ—ખિસ્સુ.

ગોદ્દેમ—અંગ્રેજી ભાષા (God damn) ઉપરથી દા. ત. 'ઘરમાં ગોદ્દેમ ઘાલવું'.

ગોર—ટુકડો (રોટલાનો).

ચાન્ચી—નાની રોટલી.

ચાવું કરવું—ચાડી ખાવી.

છાંટુ—શણુ, શણુનો છોડ.

છોર—પવનને કારણે જોરથી ત્રાંસો પડતો વરસાદ.

છોલવું—ગપ્પાં મારવાં.

જામશો—ખોટી, અર્થ વગરની ધમાલ.

જાભણું—સગર્ભ (પ્રાણી).

જેભલ—લાલ, ઝેરી કીડીની એક જાત.

જેહકારવું—ઉંટને 'જેહ જેહ' બોલીને નીચે બેસાડવું.

જોડ—બાવળનું ખેતર.

ઝાક વળવી—સંધ્યા થવી.

ઝોળ—શેરવો, સૂપ.

ટાંપુ—સોંપેલું કામ.

ટિખળ— નવાઈ લાગે તેવી વાત, પ્રસંગ.

ટૅનીસ—અડધી બાંયનું પહેરણ (અં. ટૅનીસ રમતી વખતે પહેરવાના પહેરણ ઉપરથી).

ડઈ—ચરાવવા માટે લઈ જવાતાં ઢોરનું ટોળું.

ડબવું—એક જગ્યાએ બેસી જવું.

ડોડું—જુવારનો લીલો, રસવાળો સાંઠો.

ડાગળો—ઉપરનો માળ (આના ઉપરથી પ્રયોગ 'ડાગળી ચસકી').

ઢાપલું—કંઈક કામ કઢાવવા માટે મીઠું મીઠું બોલવું, નમ્રતાનો ડોળ કરવું.

તાપ—પ્રભાવ, ધાક.

દાદાભાઈ—મોટાભાઈ.

દાન—દોડીને પકડવાની એક રમત.

ધનોતપનોત—સર્વનાશ.

ધામેણું—સ્ત્રીને પિયર તરફથી મળતી ગાય કે ભેંસ.

ધરોડવું—દોડવું.

નધરૂં—કીડીઓનું દર.

નજીવું—નાના મનનું, અનુદાર.

નિમાણું—મીંઢું.

નીલ—કાળિયાર.

પટ્ટી મારવી—દોડવું.

પડાળી—ઓસરી.

પરબ—(૧) તહેવાર.

(૨) તહેવારે વસવાયાંને ખાવાનું આપવું તે.

પાછેવાળનું—મોટી ઉંમરે થયેલું અને તેથી લાડકું (બાળક).

પિત્તળ—નકામું (માણસ).

પિયાક—દારૂ પી અને પચાવી શકનાર માણસ.

પેંડાર—ભેંસો ચરાવનાર માણસ.

ફલ્લી લેવું—છોડ કે ઝાડને ઉપર ઉપરથી કાપી લેવું ('ફાલ' (સં.) ઉપરથી).

ફૂલકો—ઝીણી ફૂલેલી રોટલી.

બકાવવું—ગમ્મત ખાતર જૂઠું બોલી છેતરવું.

બંજેટી જવું--નાસી જવું.

બંધુકું—ભેગું, છુટ્ટું નહીં (પૈસા માટે).

બાવજી—બનેવી; વડીલ.

બાવલું—ઢોરનું થાનેલું.

બુટકું—વરસાદનું જોરદાર ઝાપટું.

બુતે—વડે, દ્વારા.

ભંજુર—છોકરાંનું ટોળું (તિરસ્કાર).

ભુંભું—બળતણ માટે વપરાતો સૂકો જુવર.

ભૂવા—ફોઈબા.

ભેખડ જેવું—મજબૂત (કાપડ).

મગા—બાજુ, તરફ.

મઠ—મેઘધનુષ (ક્રિ. મઠ તાણવો).

મરચી—એક ધીમું નૃત્ય.

મારૂ—મારવાડીને માનાર્થે સંબોધન.

મેર—બાજુ, તરફ.

મોતી—પહેલા વરસાદે જેવા મળતું લાલ મખમલી જીવડું.

મોળવા—મોળપ તીખું ખાવાની હિરચા.

રખવાળિયું—તાળું.

રંગીલો—રાસ રમવાનો દાંડિયો.

રાજ—રાજપૂતોનો મહોલ્લો.

રૂસણાં—લગ્ન વખતે ઢોલી દ્વારા ઢોલ વગાડતાં વગાડતાં જમીન ઉપર મૂકેલા પૈસા લેવા માટે કરાતું નૃત્ય.

લલોપત—ખોટી ઉતાવળ.

લવવું—સણકા મારવા, દુખવું.

લસણિયું—લાલચુ.

લૈ—મશ્કરી, મજાક.

લોકાઈ—લોકાચાર, ખરખરો.

લોઢું કરવું—તલવારનો ઘા કરવો (લોખંડ ઉપરથી).

વધાવો—એકી સંખ્યા (જાદુ—મંત્ર, ભુવા વગેરેની ભાષામાં).

વ્હેલ—એક નાનો ઝેરી સાપ જે ગૂંચળું વળી ચાલે છે.

વાઘરણુ—રંગીન, ચટાપટાવાળો પતંગ.

વારણુ—અટકાવે, વારે તે (દવા, મંત્ર).

વાસણુ—દારૂની શીશી.

વિલાસ—નવરાશ, અનુકૂળતા.

વીજળી—નાટકમાં વિદૂષકની પત્ની, તે ઉપરથી મિજાજી, ચબરાક સ્ત્રી.

વેણુ—બેકી સંખ્યા (જાદુ—મંત્ર, ભુવા વગેરેની ભાષામાં).

સચવાણિયું—તાળું ('સાચવવું' ઉપરથી).

સંચવું—છાપરાનાં નળિયાં સરખાં ગોઠવવાં.

સુનકાર—ચિંતા.

સૂંઢવું—આમંત્રવું.

સોનૈયા—નાની માછલીની એક જાત.

હઠીલો વાણિયો—તીડ જેવું વરસાદ વખતે જોવા મળતું જીવડું.

હલો—ઘરમાં માણસોની હાજરીની સુખદ ધમાલ; પ્રવૃત્તિ.

હારવું—ઢોરનું ચરવા જવું.

હારિયું—નાની સુંડલી.

હુકમ—(૧) 'હજૂર'ના અર્થમાં નામ. (દા. ત. હુકમ પધાર્યા છે.)
(૨) 'જી'ના અર્થમાં માનાર્થે.

હોળામાં—હોળી વખતે સળગાવવા બનાવેલાં નાનાં છાણાં.

રોડાનાં કેટલાંક વધુ શિલ્પો

વસંતકુમાર એસ. પારેખ

હાલના સાબરકાંઠા જિલ્લામાં અન્તર્ગત થયેલ ભૂતપૂર્વ ઇડર રાજ્યનાં ઉત્કૃષ્ટ શિલ્પોને પ્રથમ પ્રકાશમાં લાવવાનો યશ, ઇડર રાજ્યના કેળવણી અને પુરાતત્ત્વ ખાતાના નિયામકશ્રી પંઢરીનાથ આ. ઇનામદારને ફાળે જાય છે. હિમ્મતનગરના આર્કયોલૉજિકલ મ્યૂઝિયમમાં સંગ્રહાયેલાં અને બીજાં કેટલાંક શિલ્પોનો સંગ્રહ, તેમણે 'ઇડર સંસ્થાનના કેટલાક અવશેષો' (ઈ. સ. ૧૯૩૬–૩૭) એ શીર્ષકવાળા પુસ્તકમાં પ્રસિદ્ધ કર્યો.[૧] ત્યાર પછી, ડૉ. હર્મન ગોએત્સ,[૨] ડૉ. ઉમાકાન્ત પ્રે. શાહ,[૩] ડૉ. એમ. આર. મજમુદાર,[૪] ડૉ. રમણલાલ નાગરજી મહેતા[૫] અને ડૉ. સૂર્યકાન્ત ન. ચૌધરીએ[૬] આ પ્રદેશનાં પુરાવશેષવિદ્યા, શિલ્પો, તેમની કલાશૈલી, કલાશૈલીનાં પ્રભાવક પરિબળો અને ગુજરાત તેમ જ ભારતના સાંસ્કૃતિક ઇતિહાસમાં તેમનું પ્રદાન, એ સર્વની ચર્ચા પુસ્તકાકારે અથવા જુદાં જુદાં સામયિકોમાં સંશોધન–લેખો દ્વારા કરી છે. આ સર્વ પૈકી, ડૉ. ઉમાકાન્ત શાહે, આ પ્રદેશનાં શિલ્પોની 'સ્કલ્પ્ચર્સ ફ્રૉમ શામળાજી અને રોડા'[૭] એ પુસ્તકમાં વ્યાપક ચર્ચા કરી, તેમનું યોગ્ય મૂલ્યાંકન કરવાનો સમર્થ પ્રયત્ન કર્યો છે. નાણાંના અભાવે, હિમ્મતનગરનું મ્યૂઝિયમ, ઈ. સ. ૧૯૫૩માં બંધ કરવામાં આવ્યું અને તેમાંના સર્વ અવશેષો વડોદરા મ્યૂઝિયમમાં લાવવામાં આવ્યા છે. ૧૯૩૬–૩૭ થી ૧૯૭૭ સુધીના ચાલીસ વર્ષના સમયગાળા દરમિયાન, જે મૂર્તિઓ જે સ્થાને હતી ત્યાં તે આજે નથી; તેમ જ રોડાનાં કેટલાંક મંદિરો પડી જવાથી, ત્યાં તેમની નિશાનીરૂપ

---

૧ ઇનામદાર, પંઢરીનાથ આ., 'ઇડર સંસ્થાનના કેટલાક અવશેષો.'

૨ ગોએત્સ, (ડૉ.) હર્મન, 'જર્નલ ઑફ ધી ગુજરાત રિસર્ચ સોસાયટી' વૉ. ૧૪, ૧૯૫૨.

૩ શાહ, (ડૉ.) ઉમાકાન્ત પ્રે. 'બુલેટીન ઑફ ધી બરોડા મ્યુઝિયમ ઍન્ડ પિકચર ગેલેરી,' વૉ. ૧૦, ૧૧, ૧૩; ૧૩મું વૉલ્યુમ, 'સ્કલ્પ્ચર્સ ફ્રૉમ શામળાજી ઍન્ડ રોડા'નો ખાસ અંક છે; વળી જુઓ ડૉ. શાહના લેખો, 'જર્નલ ઑફ ઇન્ડિયન મ્યૂઝિયમ્સ' વૉ. ૮, ૧૯૫૨, વૉ. ૯, ૧૯૫૩.

૪ મજમુદાર, (ડૉ.) એમ. આર., 'ભારતીય વિદ્યા, વૉ. ૧૫, અંક ૧.

૫ મહેતા, (ડૉ.) રમણલાલ ના.' 'એક્સ્કેવેશન ઍટ દેવની મોરી' (ડૉ. સૂર્યકાન્ત ન. ચૌધરીના સહકારમાં); 'એક્સ્કેવેશન ઍટ શામળાજી (શ્રી એ. જે. પટેલ અને અન્યના સહકારમાં); 'ફાઈવ સ્કલ્પ્ચર્સ ફ્રૉમ દેવની મોરી' એ લેખ પ્રસિદ્ધ થયો, 'વેસ્ટર્ન ઇન્ડિયન આર્ટ' પૃ. ૨૭–૨૯; પ્લેટ નં. ૨૦; 'ક્રોનોલૉજી ઑફ બુદ્ધિસ્ટ સ્તૂપ ઍટ દેવની મોરી' એ લેખ પ્રસિદ્ધ થયો, 'જર્નલ ઑફ ધી ઓરિયેન્ટલ ઇન્સ્ટિટયૂટ, બરોડા' વૉ. ૧૪, ૧૯૬૪–૬૫.

૬ ચૌધરી, (ડૉ.) સૂર્યકાન્ત ન. 'એક્સ્કેવેશન ઑફ એ બુદ્ધિસ્ટ સ્તૂપ ઍન્ડ એ વિહાર ઍટ દેવની મોરી નિયર શામળાજી–નોર્થ ગુજરાત'; 'એ બ્રોન્ઝ સ્ટેચ્યુટ ઑફ એટલાસ ફ્રૉમ શામળાજી; 'લેખ પ્રસિદ્ધ થયા, જર્નલ ઑફ ધી ઓરિયેન્ટલ ઇન્સ્ટિટયૂટ, બરોડા, વૉ. ૯, ૧૯૫૯–૬૦, વૉ. ૧૧, ૧૯૬૧–૬૨.

૭ શાહ, (ડૉ.) ઉમાકાન્ત, એ જ સંદર્ભ.

ચિત્ર ૩

નૃસિંહ

ચિત્ર ૪

નૃ-વરાહ

ઊભણીઓ (Plinths) જ જોવા મળે છે. ટીંટોઈની જે ચાર મૂર્તિઓ પ્રસિદ્ધ થઈ છે[૮] તે નવ મૂર્તિઓના સમૂહ (સપ્ત માતૃકાંઓ, વીણાધર શિવ અને ગણેશ)ની સંભાવના ઊભી કરે છે; પણ ચાર સિવાય, બીજી પાંચ માતૃકાઓનો પત્તો પડતો નથી.

આર્કયૉલૉજી–વિષયક વિપુલ સામગ્રી, શિલ્પો અને અદ્દભુત સ્થાપત્યકલા ધરાવતાં મંદિરોથી સમૃદ્ધ એવા રોડા(જિલ્લે સાબરકાંઠા)ના પ્રાચીન સ્થળના અવશેષો વિષે ડૉ. ઉમાકાન્ત શાહે તેમના પુસ્તક ' સ્કલ્પચર્સ ફ્રૉમ શામળાજી અને રોડા 'માં (ચિત્ર નં. ૬૩ થી ૯૨) વિગતવાર ચર્ચા કરી છે. ભૂતપૂર્વ ઇડર રાજ્યનું આ રોડા, હિમ્મતનગરથી પૂર્વમાં નવ માઈલ પર આવેલું એક નાનું ગામ છે. રોડાનાં જે શિલ્પો પ્રસિદ્ધ થયાં છે. તે ઉપરાંત, સાત મંદિરોના ગોખલાઓમાં અને પ્રવેશદ્વારની બારસાખો પર આવેલાં કેટલાંક નાના કદનાં શિલ્પો હજી અપ્રસિદ્ધ છે. તે પૈકી, નીચેનાં કેટલાંક શિલ્પોની ચર્ચા કરી છે :

આસનસ્થ કેવલમૂર્તિ શિવ—(ચિત્ર ૧; જુઓ આ અંકના પાછલા પૂઠા ઉપરનું ચિત્ર)

કમલાસન પર બેઠેલા શિવના ઉપલા જમણા હાથમાં ત્રિશૂળ અને નીચેના જમણા હાથમાં બીજોરું જણાય છે. ઉપલા ડાબા હાથમાં પરશુ છે અને નીચેનો ડાબો હાથ સાથળ પર મૂકેલો છે. શિવે, વચ્ચે કીર્તિમુખ સહિત જટામુકુટ, એકાવલી હાર, બાજુબંધ, હસ્તવલય, કુંડળ અને ખભાની ડાબી બાજુથી પસાર થતી યજ્ઞોપવીત ધારણ કરેલાં છે. આ મૂર્તિને આઠમા સૈકામાં મૂકી શકાશે.

આસનસ્થ કેવલમૂર્તિ શિવ—(ચિત્ર ૨; જુઓ આ અંકના પાછલા પૂઠાની અંદરની બાજુનું ચિત્ર)

આ ચતુર્ભુજ શિવ યોગી પદ્માસનમાં ધ્યાનમુદ્રામાં છે. ઉપરના બંને ડાબો અને જમણો હાથ, તૂટી ગયેલા છે; બીજા બે હાથ ધ્યાનમુદ્રામાં છે. કમલાસન પર બેઠેલા શિવે, કીર્તિમુખ સહિત જટા મુકુટ, કુંડળ, એકાવલી હાર, બાજુબંધ, હસ્તવલય આદિ ધારણ કરેલાં છે. શિવનાં નયન ધ્યાનમાં ઢળેલાં છે. કલાશૈલી અને સમયાંકન ઉપર્યુક્ત શિવની મૂર્તિને મળતાં આવે છે. કમલાસનને કારણે, કેટલાક[૯] વિદ્વાન આ મૂર્તિને બુદ્ધની મૂર્તિ માને છે, પણ ઉપર્યુક્ત શિવ (ચિત્ર ૧) સાથે સામ્ય ધરાવતી આ મૂર્તિ પણ શિવની છે.[૧૦] આ મૂર્તિને ચાર હાથ છે અને શિવે યજ્ઞોપવીત પણ ધારણ કરેલું છે. બુદ્ધની મૂર્તિમાં ચાર હાથ કે યજ્ઞોપવીત હોતાં નથી. તેથી આ મૂર્તિ બુદ્ધની નથી, પણ શિવની છે.

નૃસિંહ—(ચિત્ર ૩)

લટકતા પગે બેઠેલા ચતુર્ભુજ ભગવાન નૃસિંહ, ખોળામાં આડા પડેલા દૈત્ય હિરણ્યકશિપુનો, બે હાથ વડે પેટ ચીરી, સંહાર કરતા નજરે પડે છે. નૃસિંહના બાકીના બે હાથનાં આયુધ તૂટી ગયેલાં જણાય છે. શિલ્પમાં, અર્ધો નર અને અર્ધો સિંહ એ રીતનું નરસિંહનું આબેહૂબ સ્વરૂપ દર્શાવેલું છે.

---

૮ ઉપર્યુક્ત સંદર્ભ.

૯ સુંદર રાજન, (ડૉ.), કે. વી., 'સમ આઈકૉનોગ્રાફિક એલીમેન્ટ્સ ઑફ પ્રિ-મિડીવલ રાજસ્થાન ટેમ્પલ્સ', એ લેખ પ્રસિદ્ધ થયો, 'લલિતકલા.' અંક ૮, ઑક્ટો. ૧૯૬૦, પૃષ્ઠો ૧૫-૨૪, પ્લેટ ૩, આ. ૫.

૧૦ 'કેવલમૂર્તિ શિવ' નાં આ બન્ને શિલ્પો રોડાનાં છે, પણ તે રોડાના કયા મંદિરનાં છે તે જાણી શકાયું નથી.

રોડાના પાંચમા નંબરના મંદિરની દક્ષિણ તરફની દીવાલના એક ગોખલામાંથી આ શિલ્પ પ્રાપ્ત થયું છે. આ શિલ્પને આશરે ઈસ્વી સનની સાતમી-આઠમી સદીમાં મૂકી શકાય.

નૃ-વરાહ—(ચિત્ર ૪)

રોડાના પાંચમા નંબરના મંદિરની ઉત્તર દિશાની દીવાલ પરના ગોખલામાંથી પ્રાપ્ત થયેલ, પ્રત્યાલીઢાસનમાં ઊભેલા ચતુર્ભુજ ભગવાન નૃ-વરાહના ઉપલા જમણા હાથમાં ગદા અને ડાબા હાથમાં પૃથ્વી માતા ધારણ કરેલાં જણાય છે. નીચેનો જમણો હાથ કટિ પર મૂકેલો છે; પણ નીચેના ડાબા હાથનું આયુધ સ્પષ્ટ દેખાતું નથી. વરાહની ડાબી બાજુએ નીચે પગ આગળ અંજલિ મુદ્રામાં વાયુદેવ હોવાની શકયતા છે, પણ બે પગ વચ્ચે નીચે દેખાતું સ્રીપાત્ર ઓળખી શકાતું નથી. સાતમી-આઠમી સદીનું આ નૃ-વરાહનું શિલ્પ નોંધપાત્ર છે.

અષ્ટભુજ વિષ્ણુ—(ચિત્ર ૫; જુઓ આ અંકના મુખપૃષ્ઠ ઉપરની અંદરની બાજુ ઉપરનું ચિત્ર)

પદ્માસનમાં ધ્યાનમુદ્રામાં બિરાજેલા ભગવાન વિષ્ણુના બે હાથ ધ્યાનમુદ્રામાં છે અને ડાબી-જમણી તરફના નીચલા, વચલા, અને ઉપલા હાથોમાં અનુક્રમે, વરદ મુદ્રા, ચક્ર અને પદ્મ તેમ જ વરદ મુદ્રા, શંખ અને માળા દૃષ્ટિગોચર થાય છે વિષ્ણુએ, કુંડળ, એકાવલી હાર, પદ્માસનમાં વાળેલા પગ નીચે લટકતી વનમાળા, બાજુબંધ, હસ્તવલય આદિ ધારણ કરેલાં છે; મુકુટનો આકાર સ્પષ્ટ જણાતો નથી. સર્વ આયુધો અને મુખાકૃતિ પણ સુસ્પષ્ટ નથી.

રોડાના પાંચમા નંબરના મંદિરની પશ્ચિમ દિશાની દીવાલ પરથી પ્રાપ્ત થયેલ આ શિલ્પ, સાતમી-આઠમી શતાબ્દીમાં મૂકી શકાય. નૃ-વરાહ, નૃસિંહ, અને વિષ્ણુનાં શિલ્પો ધરાવતું આ પાંચમા નંબરનું મંદિર, ભગવાન વિષ્ણુની પૂજા માટે બંધાયું હોય એવી સંભાવના છે.

ઉપર્યુક્ત શિલ્પો, ગુર્જર પ્રતિહારોની આશ્રિત પશ્ચિમ ભારતીય કલા-શૈલી દર્શાવે છે. સાતમાથી દશમા સૈકા સુધીનાં રોડાનાં શિલ્પો અને સ્થાપત્યો એમ દર્શાવે છે કે, ભૂતપૂર્વ ઇડર રાજ્યના આ પ્રદેશમાં, ખેડબ્રહ્મા, શામળાજી, રોડા, દેવની મોરી, ટીંટોઈ આદિ પ્રાચીન સ્થળોએ ક્ષત્રપ, ગુપ્ત અને અનુગુપ્ત યુગમાં જે કલાપ્રવૃત્તિ તેના સૂક્ષ્મ અને વ્યાપક સ્વરૂપમાં ચાલતી હતી તેનું જ સાતત્ય રોડામાં જોવા મળે છે. જેમ છેક દક્ષિણ ગુજરાત પર, વાકાટકો, ત્રૈકૂટકો, કલચૂરિઓ, બાદામીના ચાલુકયો, રાષ્ટ્રકૂટો, કલ્યાણીના ચાલુકયો અને નાન્દીપુરના ગુર્જરોએ પોતપોતાનાં ઇતિહાસ, સંસ્કૃતિ અને કલાવિભાવનાની અસરો કરી તેવી જ રીતે, ઉત્તર ગુજરાત પર અને તેમાં ય ભૂતપૂર્વ ઇડર રાજ્યના આ પ્રદેશ પર, ક્ષત્રપો, ગાન્ધારો, રોમનો, ઇન્ડો-ગ્રીકો, સિથિયનો આદિ પરદેશી પ્રજાઓની સાથે સાથે મૈત્રકો, રાષ્ટ્રકૂટો અને ગુર્જર પ્રતિહારોએ સ્થાપત્ય અને શિલ્પ કલાઓની વિભાવનાઓ પર પ્રબળ અસર કરી છે. શૈવ, વૈષ્ણવ અને બૌદ્ધ એ ત્રણે ય ધર્મના ક્ષત્રયકાલીન તેમ જ ગુપ્ત અને અનુગુપ્તકાલીન અવશેષો, આ પ્રદેશમાંથી સારા પ્રમાણમાં મળે છે. તેથી, એવી સંભાવના છે કે એ ત્રણે ધર્મોનાં પૂજા અને પ્રચાર, આ પ્રદેશમાં સારા પ્રમાણમાં હોવાં જોઈએ.

કવિ દેપાલકૃત ચંદનબાળા ચઉપઇ

સં. વિધાત્રી વોરા

પ્રાસ્તાવિક

૧ પ્રતપરિચય :

આ ચંદનબાળા ચઉપઇના સંપાદનના ઉપયોગમાં બે પ્રતને લીધી છે. ક્રને મૂળ તરીકે રાખી, ખના પાઠભેદ નોંધ્યા છે. બન્ને પ્રત જીર્ણ છે. ક પ્રત પૂ. પુણ્યવિજયજી મહારાજના સંગ્રહમાં નં. ૮૭૦ પર નોંધાયેલી છે અને ખ પ્રત લા. દ. ભંડાર અમદાવાદની નં. ૪૩૦૮ (ગુટકા) પર નોંધાયેલી છે. (પૃ. ૨૬૪ થી ૨૬૮ =) ક પ્રતનાં ૪ પાનાં છે. ખમાં પાનાં ૪૪ છે. ક ૨૧.૫ × ૧૧ સે.મિ., ખ ૨૧.૫ × ૧૭.૫ સે.મિ. છે. કમાં પંક્તિ–૧૪, અક્ષર–૪૫; ખમાં પંક્તિ–૨૫, અક્ષર–૩૯ અને થોડા સુભાષિત જેવા દુહા વધારે છે. પરંતુ ભાષાની દષ્ટિએ ક વધારે જૂની લાગે છે માટે એને મૂળ તરીકે સ્વીકારી છે. કવિનો નામનિર્દેષ કડી, ૧, ૩, ૧૧૦માં આવે છે.

૨ કવિપરિચય :

આ કૃતિ જોતાં પહેલાં, કવિ વિશે થોડું જાણવું જરૂરી લાગે છે. દેપાલ કવિ જ્ઞાતિએ ભોજક છે. ઠાકોર એની અટક છે અને દિલ્હી તરફનો છે. એનો સમય વિ. સં. ૧૫૦૦ થી ૧૫૨૨–૨૬ એટલે કે વિક્રમના સોળમા શતકની પહેલી પચીસીનો છે. એને વિશે વધારે, "સ્વાધ્યાય"ના ૨૦૨૪ના દીપોત્સવી અંકમાં, શ્રી. સોમાભાઈ પારેખ, શ્રી. ઉમાકાન્તભાઈ પી. શાહના સહસંપાદિત "જંબૂસ્વામી પંચભવકથા" નામના લેખમાં એઓએ કવિ વિશે ખૂબ વિગતો આપેલી છે.

આ કવિની ઘણી બધી કૃતિઓ જૈન કથાઓ પર આધારિત છે, ઘણી અપ્રકાશિત છે. એ વિશે પણ "સ્વાધ્યાય"ના (ઉપર સૂચવેલા) લેખમાં આપેલું છે. આ કૃતિ વાંચતાં પણ કવિ નોંધપાત્ર લાગે છે.

કથાવસ્તુ જૈન આગમમાં જાણીતી ચંદનબાળા કથા ઉપર આધારિત છે. શતાનિક રાજા (કોઈ વેરને લીધે) ચંપાનગરી ઉપર હુમલો કરે છે એમાં ચંપાનગરી પડે છે, એનો રાજા દધિવાહન નાસી જાય છે. જીતેલું લશ્કર બેફામ લૂંટ ચલાવે છે. એમાં કોઈ એક સૈનિક કાંઈ ન મળવાથી ફરતો ફરતો રાજમહેલમાં જઈ ચડે છે. ત્યાં એને ધારિણી રાણી અને નાની ચંદનબાળા નજરે ચડે છે. એ બન્નેને ઉપાડી રથમાં બેસાડીને સૈનિક ચાલવા માંડે છે. રસ્તે જતાં ધારિણીને પોતાની પત્ની બનવા સમજાવે છે. પણ ધારિણી તો આવા અપશબ્દો કાને પડતાં આઘાતથી મરી જાય છે. ચંદનબાળાનું કલ્પાંત સૈનિકને પોતાની ભૂલ સમજાવે છે, અને એ નિશ્ચય કરે છે કે, ચંદનબાળાને પોતે બાપની જેમ રાખશે. એની પત્ની ચંદનબાળાને જોઈને ડઘાઈ જાય છે. એને

રાજાના માણસો જોશે તો, સૈનિક એનો શું ખુલાસો આપી શકશે ? એમ સૈનિકને સમજાવે છે અને સૈનિક ચંદનબાળાને વેચવા લઈ જાય છે. પહેલાં કોઈ વેશ્યા એને ખરીદવા તૈયાર થઈ જાય છે, સોદો લગભગ નક્કી થાય છે પણ ચંદનબાળાનું ઊતરી ગયેલું, રોતું મોઢું જોઈને એ વિચાર માંડી વાળે છે. સૈનિકને મનમાં એમ થાય છે કે ધારિણી તો એની ભૂલ—પાપ ને લીધે મરી ગઈ, ચંદનબાળાનું બીજું પાપ ક્યાં બાંધે ? વળી બીજી જગ્યાએ વેચવા જાય છે ત્યાં ધનાવહ નામનો કોઈ નિઃસંતાન શેઠિયો ચંદનબાળા માટે પૂછપરછ કરે છે. ચંદનબાળાને એના પર વિશ્વાસ બેસે છે અને એની જોડે જવા તૈયાર થાય છે. શેઠિયો એને ઘેર પુત્રી તરીકે લઈ જઈ એની પત્નીને સોંપે છે અને પુત્રીવત્ જતન કરવાની ભલામણ કરે છે. મૂલા (ધનાવહની પત્ની) ચંદનબાળાને શોક્ય—ઉપપત્ની—તરીકે ગણે છે. આમ ઘર્ષણનો પ્રવેશ કથામાં કવિ કરાવે છે. આ જગ્યાએ દેપાલ કવિ ખીલે છે અને મૂલા દ્વારા શોક્ય અને શૂળીના સરખામણી કરી શૂળીને શોક્ય કરતાં ચડિયાતી ગણે છે. દેપાલ કવિ આ રીતે કથામાં ઘણી વખતે ખીલે છે. આપણે પછી એ જોઈશું. એક વખત મોડી રાત્રે ધનાવહ આવે છે. મૂલાને ઉઠાડે છે પણ સૂવાનો ઢોંગ કરી મૂલા પડી રહે છે. ચંદનબાળા મૂલાને સૂઈ રહેવાનું કહી, ધનાવહના પગ પખાળવા ઊઠે છે. પગ પખાળતાં એનો લાંબો ચોટલો (કે છૂટા વાળ) નીચે રોળાય છે એટલે ધનાવહ એને પોતાના હાથમાં પકડી રાખે છે. મૂલા આ બધું જુવે છે, પણ એનું શંકિત માનસ એના વહેમને દૃઢ બનાવે છે. અહીંથી કાવ્યમાં ગતિ આવે છે. ધનાવહ સવારે કામે જતાં મૂલા હજામ પાસે ચંદનબાળાના બધા વાળ ઉતરાવી, પગ બાંધીને એક અંધારા ઓરડામાં પૂરી દે છે. શેઠે ત્રણ, ચાર દિવસથી ચંદનબાળાને ન જોતાં એના વિશે મૂલાને પૂછ્યું. મૂલાએ છણકો કરીને " એ તો ગમે ત્યાં રખડતી હશે ? કોણ જાણે કોની સાથે ભટકતી હશે ? એનું ધ્યાન રાખનારા તો ઘણાએ હશે. " મૂલાનું કોણ ધ્યાન રાખે છે વગેરે સામા વળતા પ્રહાર કરી, ચંદનબાળાને ઉતારી પાડતાં, " ચોરી ઉપર શિરજોરી " કરતા બોલ બોલવા લાગી. ધનાવહે બીજે દિવસે સવારે જો ચંદનબાળાની ભાળ ન મળે તો અનશન કરવાનું જાહેર કર્યું. આ બાજુ, ચંદનબાળા રોઈ રોઈને થાકી. પછી પોતાના ભાગ્યને દોષ દેતી ધર્મનું ધ્યાન ધરવા લાગી. નવકાર મંત્રનો સતત જાપ કરવા લાગી. આમ ત્રણ દિવસ એને ભૂખે મારવામાં આવી. આમ ધર્મનું શરણું અને ભૂખે રહેવાથી, ઉપવાસનું ફળ મળ્યું. ધનવાહે આપેલી સત્યાગ્રહની ધમકીના વળતા દિવસે, ઘરની ઘરડી (નિવૃત્ત) દાસીએ ખાનગીમાં ચંદનબાળાની ભાળ આપી. શેઠે દોડતાં જઈ બારણું ઉઘાડી ચંદનબાળાને પોતાના ખોળામાં લઈ લીધી. પોતે ખૂબ રડ્યો. ભૂખી ચંદનબાળાને માટે મૂલાના કહેવાથી (અલબત્ત તિરસ્કારથી) રસોડામાંથી વધ્યાઘટ્યા અડદના બાકળા તે સૂપડામાં લઈ આવ્યો. જોગાનુજોગ વર્ધમાનસ્વામી જે ચાતુર્માસ પારણા માટે ભિક્ષા માટે છ મહિનાથી ફરતા હતા, એમનો અભિગ્રહ પણ પૂરો થયો. ત્રણ ઉપવાસવાળી, માથે મુંડાવાળી, સૂપડામાં અડદના બાકળા લીધા હોય, પગ બાંધેલા હોય, એક પગ ઉંબર બહાર અને એક પગ અંદર હોય (લોઢાની બેડીને લીધે) એવી, રોતી સ્ત્રી એમને ભિક્ષા વહોરાવવા ઊભેલી હતી. દેવે દુંદુભી વગાડ્યાં, ધન, સોનાનો વરસાદ થયો વગેરે દૈવી ચમત્કાર થયા. મૂલા હલકી તો એવી કે એ વરસતું ધન સોનું લેવા આવી પહોંચી; સૈનિક પણ આવ્યો. બન્ને વચ્ચે, ચંદનબાળા ઉપર કોનો અધિકાર પહોંચે (એ રીતે ધન સોનાની માલિકીનો હક્ક ઠરાવવા) એ બાબત, બોલાચાલી, ઝગડો થતાં મારામારી સુધી આવી ગયાં. અહીં પણ દેપાલ કવિ તાનમાં આવી ગયા છે, (કડી ૯૪) એ બન્નેને પેલી વેશ્યા આવીને ટાઢાં પાડે છે. ત્યાં વળી રાજા

શતાનિક પણ ચંદનબાળાના દર્શને આવી પહોંચે છે. મૂલા પોતાનો ઝગડો પડતો મૂકી ત્યાંથી ભાગી છૂટે છે. ચંદનબાળા સૌથી પહેલાં મૂલાનો આભાર માની એને માટે અભયવચન માગી લે છે. સૈનિકને બાપ ગણી, પરોક્ષ રીતે એ જ ચંદનબાળાને આ ઉચ્ચ કક્ષાએ આણવા માટે સૌ પહેલો મદદગાર છે, ધનાવહ પૂર્વભવનો બાપ છે, વગેરે દરેકનો સાથ મળ્યા બદલ દરેકને બિરદાવે છે અને વિરક્તિ લે છે. મહાવીર સ્વામી ચંદનબાળાને પોતાની **પ્રથમ પ્રવર્તિની સ્થાપે** છે. આમ પ્રસંગવૈવિધ્યવાળી કથા સમાપ્ત થાય છે.

દેપાલ કવિ, કવિ તરીકે ધ્યાન ખેંચે એવો સારો કવિ છે. એના આ કાવ્યમાં પ્રસંગ વૈવિધ્યનું તેમ જ રૂપ-રસ-વૈવિધ્ય પણ છે. એના આ કાવ્યમાં મુખ્યત્વે કરુણ, હાસ્ય, અદ્‌ભુત રસોની જમાવટ થયેલી છે. ચંદનબાળાનો એની માતા પાછળનો વિલાપ, સૈનિકનો પશ્ચાત્તાપ વગેરેમાં કરુણરસ મળે છે. કડી ૭ થી ૯ મૂલાનું પાત્ર ખાસ કરીને તો, જ્યારે જ્યારે ધનાવહને એ ટોણાં મારે છે ત્યારે ત્યારે વાચકને હાસ્યરસ પૂરો પાડે છે. એનો ઈર્ષ્યાખોર સ્વભાવ છતો થાય છે; (કડી ૫૧ થી ૬૦); અને એ વાચકના મનથી ઊતરી જાય છે. સૈનિક જોડે મૂલાને, દૈવી ધન માટે ઝગડતી બતાવવા કવિ બે જ પંક્તિમાં ચિત્ર ખડું કરી, વાચકને ખુશ કરી દે છે. "એક વાણિયણ એક રજપૂતિ ભેડિ ભીડઇં બેઉ લાગી ભૂતિ" કડી ૯૪. ચંદનબાળા દ્વારા વર્ધમાન સ્વામીનો અભિગ્રહ પૂરો થાય છે, ત્યારે આકાશવાણી દ્વારા થતો જય જયકાર, દંદુભિનાદ તેમ જ સ્વર્ગમાંથી ધન, સોનાનો વરસાદ વરસે છે વગેરેમાં (કડી ૮૯ થી ૯૨) કવિ અદ્‌ભુત રસનું સુંદર વર્ણન કરે છે.

દેપાલ કવિએ, આ કાવ્ય સંવાદાત્મક પણ બનાવ્યું છે. સૈનિક, ધારિણી પ્રત્યે કરતો બકવાદ, ચંદનબાળાનો વિલાપ, સૈનિકનો પશ્ચાત્તાપ, મૂલાનો છણછણાટ વગેરેમાં સ્વઉક્તિ સરસ છે. ઉપરાંત વેશ્યા અને સૈનિક વચ્ચેની સોદાની વાત, વેશ્યા ચંદનબાળાને (પોતાના) વિશે કાંઈ ન કહેવા શિખામણ આપે છે, ધનાવહ અને મૂલા વચ્ચેનો સંવાદ વગેરેમાં પણ તાદૃશ્ય ચિત્ર ખડું કરે છે. દેપાલ કવિ અલંકારો પણ સારા આપે છે. આમ રસવૈવિધ્ય, વિષયવૈવિધ્ય, વસ્તુસંકલના, સંવાદો, સ્વઉક્તિ વગેરે દ્વારા કાવ્ય સરસ બન્યું છે તો વળી રૂઢિપ્રયોગો, કહેવતોથી કાવ્ય રોચક અને ચમત્કૃતિવાળું બન્યું છે. કવિએ એક બે પરપ્રાંતીય શબ્દોનો પણ ઉપયોગ કર્યો છે.

જે શબ્દોને ગુજરાતી ભાષા જોડે કાંઈ સબંધ નથી, એવા એ શબ્દો—

કગોઝ = દોષ–ધાત (?)
ગોઝ = દોષ
} ના અર્થમાં લાગે છે.

શુદ્ધ ગુજરાતી (ઉ.ગુ.) પ્રયોગ 'સુનઇ પાટણિપા ઇકપિ પાઇક ફિરઇ = પાટણિપાં = નગરમાં. (સરખાવો = આણીપા = આ તરફ; પેલીપા = પેલી તરફ) ખના ૧૧ થી ૧૫ સુભાષિત જેવા દુહા તેમ જ સૈનિકની પત્નીનો કકળાટ (ચંદનબાળાને સૈનિક લાવે છે એને માટે રાજાની તપાસ ચાલશે તો ? એવી બીકથી...) એની દલીલો કડી ૧૦૬ થી ૧૪ વેશ્યા જોડેના પ્રસંગમાંની, સૈનિક–વેશ્યાની વાતચીત, ચંદનબાળા ઉપર થયેલી એથી અસર, આજુબાજુના લોકો ઉપર થયેલી અસર, કડી ૧૯ થી ૨૭, ૨૮ થી ૨૯મી કડી તો પ્રસંગની પરાકાષ્ઠા (climax) આપી દે છે.

વેસ વચન શ્રવણે સાંભલી,
... ...
તુ વસમતી હૂઇ આકુલી;
... ...
પાઇક મુહ સામુ જોઇ,
બોલી સકઇ નહી પણિ તે રોઇ. (૨૮)

અને ૨૯મી કડીમાં ધારિણીના મૃત્યુનો પ્રસંગ સૈનિકના મન ઉપર નીચેની કડી દ્વારા પુનઃ ચિત્રિત થાય છે. જેમ કે,

એક-ગોઝ અણજાણી હૂઇ,
ઇહ આપું તુ બીજી હૂઇ. (૨૯)

અને આગળ ચાલતાં ધનાવહ ચંદનબાળાને ખરીદવા તૈયાર થાય છે ત્યારે ચંદનબાળા જ સોદાની વાત કરે છે; કડી ૩૮ થી ૩૯.

ધનાવહ પોતે જૈન છે, એમ કહેવા માટે આખો જૈનોચાર ટૂંકમાં વર્ણવે છે, કડી ૪૦ થી ૪૬. એમાં પણ,

"ધઉલુ કંદ વિશેષિઇ ટલઇ,
જેહનુ પરિમલ પાછઉ વલઇ." (૧-૨;-૪૪)

આ પંક્તિ (લસણ-ડુંગળી માટે ખાસ હોય એમ લાગે છે) સૂચક છે.

મૂલાનો પહેલેથી ચંદનબાળા પ્રત્યેનો દ્વેષ કડી ૫૧ થી જ છતો થાય છે અને ૫૮ કડી સુધીમાં મૂલાનો આખો સ્વભાવ જ કવિ રોચક રીતે વર્ણવે છે અને મૂલાનું ખલ નાયિકા તરીકેનું પાત્ર ઊભું કરી આપે છે. આ ચરિત્ર વાર્તાની નાયિકા ચંદનબાળા છે, તો ખલ નાયિકા મૂલા છે.

ભોળી ચંદનબાળાના દુઃખનાં મંડાણ કડી ૬૧માં કવિ કરી દે છે:

રુલતી વીણિ તાતઉ જાલવઇ,
મૂલાનું મન પ્રજાલવઇ. (૩-૪;-૬૧)

કડી ૬૫ થી ૬૯માં ચંદનબાળા પ્રત્યે મૂલાએ આચરેલું કુકર્મ કવિ વર્ણવે છે. ચંદનબાળાએ કેદી અવસ્થામાં ધર્મનું શરણું લઈ જૈનાચારના પાયાના સિદ્ધાંતોને આવરી લીધા એથી કરીને ચંદનબાળા પુણ્ય પ્રાપ્ત કરે છે. કર્મના દોષમાંથી એને છુટકારો મળે છે.

અલંકારો

ક કડી—૨માં દૃષ્ટાંત

ખ કડી—૧૧ થી ૧૫માં આવતી ઉપમા; ૧૨, ૧૩, ૧૪નો અર્થાન્તરન્યાસ

ક કડી—૧૭માં ઉપમા

ખ કડી–૮૭ ટીપુડીઃ ઘંટી અને ધાન્ય—કણુ જોડે બે સ્ત્રીના પતિની સરખામણી પણુ સારી કરી છે.

ખની કડી ૮૮નું સુભાષિત પણુ સુંદર છે.

આ કવિનાં સુંદર ભાષા અને કવિત્વ, કવિને યશ અપાવે છે.

આ જ નામની બીજી કૃતિ "ચંદનબાળા રાસ" કવિ આસિગનો "રાજસ્થાન ભારતી"માં શ્રી નાહટાએ પ્રકાશિત કરેલો છે. બન્ને કૃતિને સાથે વાંચતાં અનેરો આસ્વાદ લઈ શકાય છે. આસિગ જૂનો કવિ છે છતાં દેપાલ આગળ ઝાંખો નથી પડતો. બન્નેમાં કાવ્યત્વ અને ચમત્કૃતિ પોતપોતાની રીતે સારાં છે, કારણુ કે વિષય (Theme) અને પાત્રો, કાવ્યની ગતિ અને રસનાં પોષક છે.

વીર જિણુવર (૨) પાય પણુમેવિ,
તઉ પણુમેવિ પરમેસ્વરી ય,
હરિખિ હિયા સુધિ હંસગા મિણિ,
૪ તિહૂયણુ જણુ આણુંદણીય.
વાગવાણિ સરસતિ સામિણિ,
ચંદનબાલ ચરિત ગુણુ, બુદ્ધિમાન સુવિશાલ,
૭ સંઘતણુઉ સપસાઇ તુ કહઇસુ કવિ દેપાલ, (વસ્તુ). (૧)

(હિવ ચઉપઇ)

શતાનીક દધિવાહન વયર,
અછબઇ આવી વીટિઉં નયર,
સીહ સીયાલિઇ દીધઉ દાઉ,*
૧૧ રાંક તણે ભય નાઠઉ રાઉ.* (૨)
દધિવાહન ઘરિ ધારણિ કુયરિ,
ચંદન ક્રમિ કોસંબી નયરિ,
દાન શીલ તપ ચંદનબાલ,—(આંચલી)
૧૫ બુદ્ધિ પ્રમાણિ કહઇ દેપાલ. (૩)

નોંધ: કાવ્યમાં ડાબી બાજુના ક્રમાંક કાવ્યની પંક્તિઓનો ક્રમ દર્શાવે છે અને જમણી બાજુએ કૌંસમાંના ક્રમાંક કાવ્યની કડીનો ક્રમ દર્શાવે છે. પાદટીપમાં પાઠાન્તરો, કાવ્યની પંક્તિઓનાં ક્રમ પ્રમાણે આપેલાં છે.

૨ તુ (ક)
૩ હરખ (ખ)
૪ જણુમણુ (ખ)
૬ ભાણુ (ખ)
૭ કહિસુ (ક)
૮ સિતાનીક (ખ)
૯ અછબા (ખ)
૧૦ સીઅ (ખ) સીયાસિઇ (ખ)
૧૧ પરિ (ખ)
* આ બે પંક્તિ "ખ"માં આપી નથી

શતાનિક ચાલી આવીઉ,
દલિ દીઠઇ દધિવાહન ગઉ,
ધણી વિહૂણીય ચંપા હૂઇ,
૧૯ તુ જણિ (૨) લૂસી જૂજૂઇ. (૪)

સુનઇ પાટણિ પાઇક ફિરઇ,
તેહનઇ હાથિ ન કાઇ ચડઇ,
ફિરતુ (૨) ગિઉ ધવલહ મઝારિ,
૨૩ દીઠી ચંદનબાલ કુંયારિ. (૪ અ)

માડી બેટી એકઇ સાથિ,
બેય ચડીયાં પાઇક નઇ સાથી,
બેયવિ બિયસારી સંચરઇ,
૨૭ મારગિ દુષ્ટ જીભ વાવરયઇ. (૫)

પાઇક ભણઇ નિસુણિ તું નારિ,
... ...
હૂં અજિ પુનુતુ છઉ સંસારિ,
... ...
સ્ત્રી રતન તું અમ્હ ઘરિ આજુ,
૩૧ તુ જાણે મઇ લીધઉ રાજુ. (૫ અ)

નારી તાસ નામ ધારિણી,
તેહ પાયક (પ્રત) અધારિણી,
શીલભંગ કાને સાંભલી,
૩૫ ઊડિઉ હંસ ગિઉ ચલી. (૬)

---

૧૬ સિતાનીકુ (ક)

૧૮ વિહુણી (ખ)

૨૦ પ્રાયક (ખ)

૨૧ કાંઇ

૨૨ ગિઉ ધુલહર મઝારિ (ક)

૨૪ અકઇ (ખ)

૨૫ બેઉ (ખ), ચડી (ખ), હાથિ (ખ)

૨૬ રથિ (ખ), બઇસારીઅ (ખ)

૨૭ વાવરઇ (ખ)

૨૯ પનતઉ (ખ)

૩૦ સીય (ખ), જઉ (ખ)

૩૧ લાધઉ (ખ)

૩૩ પ્રતિ (ખ)

૩૪ સીલભંગ (ખ), શ્રવણે (ખ), સુણી (ખ)

૩૫ ગયઉ (ખ), નીકલી (ખ)

માડીના મેલાવા ટલી,
તુ વસમતુ (પ)ડી તિહાં ટલવલઇ,
માઇ માઇ તું ન હૂઇ ભલી,
૩૯ મઇ મેહતી ચાલી એકલી. (૭)

હું છાંડી અન છાટિઉ દેહુ,
ભલી માઇ તૂં ભલઉ સનેહ,
ક્ષણુ અથ(ધ) ક્ષણુ ન ફિરઉં ઘડી,
૪૩ હું કાંઇ ન મુઇ પરહથિ ચડી. (૮)

પાઇકુ ભણુઇ કિસિઉં મઇ કીઉ,
કુવચન કાંઇ મઇ બોલીઉ,
તું પાઇક બોલઇ તીણુઇ ઠાઇ,
૪૭ સિરિજિઉ ન ટલઇ રહિ (૨) માઇ. (૯)

રહિ (૨) વછિમ ધરિ સંતાપ,
તૂં તું બેટી હું તુ બાપ,
રાજકમરિ રોયંતી વારિ,
૫૧ હાર—દોર—કંકણુ ઊતારિ. (૧૦)

એક લાંખીય એક સાથિ રાહવી,
ધરિ આવ્યા ગેહણી વાહવી,
કુણુઇ અઉ દણાવિઉ દૈવ,
૫૫ ડોલે દેખી ન સકું હેવ. (૧૧)

---

*૩૯ખ માડીના મેલાવા જઉ ટલી,
તઉ વસમતી ગાઢી તિહાં ટલવલઇ,
માઇ માઇ ન હૂઇ ભલી,
મઇ છાંડી ચાલી એકલી. ૭

*૪૭ખ તઉ વસુમતી તવ લાગી પાઇ,
ભણુઇ નહી દિઉ જાવા માઇ,
જિસી ભાવઇ તુ તિસી થાઇ,
પુણુ મઇઠ સરસી લીધી જાઇ. ૯

"ખ"માં કડી ૯ પછી પાંચ સુભાષિત જેવી કડી આપેલી છે. પ્રક્ષેપિત પણ હોઈ શકે અને મૂળ themeમાં એ આવશ્યક ન હોવાથી અહીં લીધી નથી.

૪૮ વછિમ, નધરિ.
૪૯ તઉ તઉં, તોઇ.
૫૦ રોવંતી વારઇ
૫૧ ઊતરિઇ
૫૨ લાંખીઇ, કુ રથિ, રાહવિ
૫૪ કવણુઇ, કીયાણું, આવિઉં
૫૫ દેખા

જઇ જાણુસિ રાઉલિ કોઇ,
ઊતર તારય બાપિ ન હોઇ,
ઇણ્ આવંતી દીસુ,
૫૯ એય રહાવિસિ તુ જાસિઇ સીસ. (૧૨)

આવિ હવ ચડી મઝ–તાઢિ,
મૂરખ મ મરિ (૨) એ કાઢિ,
તુ મન્ જાણુસિ હું સાંસહિઉસ,
૬૩ અહવડાં જઇ જઇ રાઉલિક કહિઉસ. (૧૩)

તૂં લૂસી આવિઉ અપર રાઠ,
તઇ મારિસુ વરિ ખાઇસુ કાઠ,
ઊતરી પડ ઊતર મન માંડિ,
૬૭ મઇ જુ કાજુ તુ છોડી છાંડિ. (૧૪)

બાહરિ પાઇક અતિ ઝૂંઝાર,
ધરિ ધ્રૂજઇ થરથર ગમાર,
તેહ ડાકિણિ નઉ ડારિઉ ડરઇ,
૭૧ સ્ત્રી રતન લેઇ પીઠઇ ધરઇ. (૧૫)

સ્ત્રી પીઠ આવી સાંભલી,
તઉ ઇકિ ધાઇ ઉતાવલી,
ચાલઇ, મારગિ માગઇ સુણ્,
૭૫ અમ્હ આગલિ લેસિઇ તે કુણ્. (૧૬)

સરસી સાત પાંચ છોકરી,
આગિલિ એક હુંતિ ડોકરી,
સ્ત્રીરત્ન દેખી નય, ગહગહિ,
૭૯ માખા મધ જિમ વીટી રહઇ. (૧૭)

---

*૧૨ખ ઇણિ આવંતી એહ આસીસ,
જઉ એ રાખસિ તઉ જાસઇ સીસ,
જઉ જાણેસઇ રાઉલઉ કોઇ,
ઊતર વાહર બાપિ ન હોઇ.

૬૦ આવત ખેવિ મઝતાડિ
૬૧ થાએ, તરિ : પણ મરિ જ બેસે છે
૬૨ સાસહિસુ
૬૩ કહિસુ
૬૬ પરૂતર

૬૮ખ ઝહઝાર
૭૦ ડાયણિ
૭૧ પીઠઇ
૭૫ લેસઇ, કુણ્
૭૯ મધુ

રણિ અભંગુ તું રાઉત રાઉ,
એ અમ્હ આપિન, કરીય પસાઉ,
હીરા માણિક મોતીયં માગી,
૮૩ ધન લઇ કાજિ આપણઇ લાગિ. (૧૮)

ડહડહાટ જા લઇ ન હોઇ,
રણિ રાઉલિ નવિ જાણઇ કોઇ,
તાં લગ એય રાહાવિઉ લવઇ,
૮૭ જિમ અવર ન કોઇ ભોલવઇ. (૧૯)

ચડતું જેહનું ભારી ફૂલ,
તેહ કમાણુસ પૂછઇ મૂલ,
ઇકુ મણુસ ભણિવા કેહું કામ,
૯૧ તેહું માણુસ બીજઉં નામ. (૨૦)

પાઇકુ ભણઇ કણઇ પાંચ સઇ,
તિણિ વાતઇ આણંદી હસઇ,
એક એક રહિઇ છાની કહઇ,
૯૫ નવઇ લાખ નસુ એહ તુલઇ. (૨૧)

મૂલ તો જણુ જાંણી કરી,
તુ તીણઇ અબલા બાહંધરી,
રાજકુંયરિ તિહાં પૂછઇ ઇસિઉં,
૯૯ કરમ કીજઇ તમ્હારય (કીજઇ) કિસિઉં. (૨૨)

---

૮૪ જાં લગઇ

૮૫ રલિ (ક)

૮૬ રહવિઉ (ક)

૮૭ અવરન્ન (ક)

૯૩ તીણુ (ક)

૯૪ ઇકુ ૨, (ખ) છાનઉ; (ખ) કહઇ, (ખ)

૯૫ નવ લાખ નય એહનઉ લહઇ (ખ)

*૨૦ખ જેહનઇ ચડતાં ભારૂ ફૂલ,
તેહનઇ માણસ પૂછઇ મૂલ,
કવણ વહેવા કેહઉ કામ,
તઉ વહમારણિ બીજઉ નામ. (૨૦)

*૨૨ખ મૂલરૂપ જાણી કરી,
તઉ તિણિ અબલા બાંહિં ધરી,
રાજકુમરિ તિહાં પૂછઇ ઇસિંઉ,
કમ મ્હારઇ કીજઇ કિસઉ. (૨૨)

કઇ તમ્હિ બાભણિ, કઇ વાણીઇણિ,
ક્ષત્રી વંશમાં મિ તમ્હિ કવણિ,
૧૦૩ તુમ્હિ બોલઉ આપણઉ સ્વરૂપ. (૨૩) [ક]

રૂપિઇ રૂડી પણિ તોઅઇ ભૂછિ,
કમ્મં અનઇ કુલ મ પૂછિ,
કર્મ અનઇ કુલિ કેહુ કાજ,
૧૦૭ અમ્હ ઘરિ જમણિ ન પૂજય રાજ. (૨૪)

હીંડોલાહટ ખાટ પુઢણુઇ,
પટ્ટઉલા પહરણિ ઉઢણુઇ,
અવરહ તણુઇ જિસ્યા થાપણુઇ,
૧૧૧ નિતુ પિહિરણિ તિસ્યાં આપણુઇ. (૨૫)

રાજ અંતેઉરિ જામલિ ભણુઉ,
.. ..
પુણ તીહ ઉહડવલ ઘણુઉં,
તીહં પાહિઇં હોસિઇ સોહિલઉ,
૧૧૫ આવિ વછિમ ઘરિ દોહિલું. (૨૬)

દેસિઇ દાસિ નિતૂ અંઘોલિ,
ભોજન સાલિ દાલિ ઘૃત ઘોલ,
બીડાં આપણુહાર અતિ ઘણાં,
૧૧૯ બીજા અંગ ભોગ નહીં મણા. (૨૭)

---

*૨૩ખ કઇ તુમિ બાંભણિ કઇ વાણીયણિ,
ક્ષત્રી વંશમાં હે તુમ્હિ કવણિ,
તુમ્હિ બોલઉ આપણાઉં સરૂપ,
તુમ્હ કાંઇ રૂચઇ અમ્હારું રૂપ. (૨૩)

(કમાં ચોથુ ચરણ આપેલું નથી. ૨૩મી કડી ત્રુટક છે.)

૧૦૪ખ રુપિ, પુણ તોઇ

૧૦૫ખ કર્મ ર...નઉ મૂલ મ પૂછિ

૧૦૭ જામલિ નવિ એહ છઇ રાજ

૧૦૮ પુઢણુઉ

૧૦૯ખ પટોલાં

૧૧૦ જઇ કિજઇ;

૧૧૨ અંતેઉર ૧૧૬ક નિલૂ

*૧૧૩ખ તીહાં રઇ છઇ ઉડવલઉ ઘણુઉ ૧૧૯ખ કામણા

વેસવચન શ્રવણે સંભલી,
... ...
તુ વસમતી હૂઈ આકૂલી,
... ...
પાઇક મુહ સામું જોઇ,
૧૨૩ બોલી સકઇ નહી પણિ તે રોઇ. (૨૮)

પાઇક આગઇ જાણઇ રીતિ,
સુજિ સંકેત સાંભરીઉ ચીતિ,
એક ગોઝ અણુજાણી હૂઇ,
૧૨૭ ઇહ આપુ તુ બીજી હૂઇ. (૨૯)

પાઇક ભણઇ તુમ્હે આપુ નહી,
પાઇખલિ ફિરિ તુમ્હિ કાંઇ રહી,
એ તમ્હ હાથે ચડઇ તુ મરઇ,
૧૩૧ એ તુમ્હે કાજ ન કાંઇ સરઇ. (૩૦)

ઘર ઘર વાત વારિ નીગમું,
વયરવાદ આંગિઇ આગમું,
રે ટીટડા, ન જાણુ ગમાર,
૧૩૫ એ મઇલે હૂઇ જ ગવાર. (૩૧)

નગર નાઇકા બોલઇ હસી,
નહી આપુ એ વાત જ કિશી,
મૂલ કરી અવરત્ત પડિઉ,
૧૩૯ પુત્રડ હાથિ અમ્હારઇ ચડિઉ. (૩૨)

---

૧૨૩ ન સકઇ (ખ); ૧૨૪ક આગ; ૧૨૬ખ એગ કઓઝ; ૧૨૭ખ એહ; આપી

* ૨૭મી કડી પછી, નીચેની બે કડી કમાં નથી.

૧ આધિ કહિઇ પરીછઉં આધ,
જાણી જાતિ દીવાલી શરાધ,
કુમરિ ભણઇ હૂં ઇમ વનડી સઉં,
અજીખિ આધ ન ધાઇ સીસ. ૩૮ (ખ) (આ કડી અસ્પષ્ટ છે.)

વિસમી વાત પાતગિ તણી,
મરણ સમી વસુમતી ઇ સુણી,
હા હા દૈવ ભણી અડવડી,
ધર્મમૂર્તિ ધરમ મંડલિ પડી. ૩૯ (ખ)

* ખમાં કની ૩૧મી કડી, કની ૩૨મી કડી પછી આવેલી છે.

૧૩૪ખ જાણઇ ૧૩૬ખ નયાક ૧૩૯ખ ચડઉ

(વસ્તુ છંદ)

ચિત્ત વિસમઇ (૨) અનુ ન ખટકંતિ ખટકઇ,
એક જ માડલી સંઘાતણિ સંઘાત વિછોહીય,
એહ દેહ મઝ વલ્લહીય,
માઇ મિલ્હિ મોહિ મોહિય,
હિવ પુણિ વેસ વિસાહતાં જઉ નવિ જાસિઇ,
૧૪૫ જીવ ! તઉ ધિગ ધારણિ ધૂય ભણઇ,
નિશ્ચઇ ધર મન જીવ. (૩૩)

જઉ વસમતી દોહિલ ઉધરઇ,
તિહા સીલ સખાઇત કરઇ,
જે બુહ બોલી જેહનુ ઝાંક,
૧૪૯ તેહનું દૈવ ઊદા લિઉ નાકુ. (૩૪)

કાલી હોઇ જિસી ડૂંબડી,
હસંઇ લોક પાડઇ બૂંબડી,
નાસઇ કરી સાન આવિ,
૧૫૩ આવી આવિહ વિ જાસિઈ કાન. (૩૫)

પાઇક પાખલિ એકિ લોક ફિરઇ,
બીજા વેરન પૂઠિ કિલગિલઇ,
બાલિ (૨) ભણુતી ઘરિ ગઇ,
૧૫૭ ભૂંડી, છોડી ભલઇ ન લઈ. (૩૬)

૧૪૦ખ ચિંતિ, વસુમતિ, ખટકઇ — ૧૪૨ક તલ્લહીય

૧૪૧ સંઘાતિ ક છોહીય — ૧૪૫ક જીવ તુ ધારણિ ભૂ ભણઇ

ખ કડી ૩૪ જુઠા ઇમ મન માંડિસિ ઘણી,
તઉ તુ રાઉત અરથહ ઘણી,
જઉ વસુમતી અતિ દોહિલઉં ધરઇ,
તિહાં તોઇ સીલ સખાઇંત કરઇ. ૪૬

ખ જે બહુ બોલી જેહનઉ ઝાઝુ
તેહનઉ દૈવ ઊદાલિઉં નાકુ,
જાં જોઈ તાં નાક જ નહીં,
બોલા બોલંતી ઝબકાઇ રહી. ૪૭

૧૫૨ખ બીજી નાસઇ કરતી સાન — ૧૫૫ બીજા વેસિ પૂઠિઇં કલકલઇ

૧૫૪ એક લોક પાયક પાખલિ ફરઇ — ૧૫૭ખ છોહરી

કલિરવ કોલાહલ અતિ ઘણું,
અવસર ટલીઉ વીકિવા તણુઉ,
પાઇક અવર ચહૂટઇ ગઉ,
૧૬૧ સેઠિ ધનાવહ તિહિં આવિઉ. (૩૭)

સાહી બાહ તુ સીતલ અંગ્રુ,
ચંદન નામ હૂઉં અતિ ચંગ,
ચંદનબાલ ભણુઈ સુણિ તાત,
૧૬૫ પછઈ મૂલ પહિલું કરી વાત. (૩૮)

કઇ મન ભીતરિ લોક પ્રવાહ,
કઇ મઈ વીકી લેસિઉ લાહ,
મઇ કમ્મરી કરિસ્યઉ કિસ્યઉ,
૧૬૯ જિસિઉં ચીતિ બેલે તિસિઉં. (૩૯)

તામ ધનાવુ ઘણુ પરિ ભણુઇ,
શ્રી અરિહંત દેવ અમ્હ તણુઇ,
જપાઇ મહમંત્ર અમ્હ તણુઇ,
૧૭૩ જિણિ તૂઠઇ તરીઇ સંસાર. (૪૦)

ત્રિણિ વાર પાણી ગાલીઅઇ,
દીજઇ દાન શીલ પાલીઇ,
તપ કીજઇ ભાવન ભાવીઇ,
૧૭૭ સાત ખત્ર ઘણુ ધન વાવીઇ. (૪૧)

બીદાલ માહિ નવિ લીજઇ દહી,
અથાણુાનઉ નામ જ નહી,
નસિ ભોજન [ન]વિ લીજઇ માઇ,
૧૮૧ મધુ માંખણુ ઘરિ કોઇ નવિ ખાઇ. (૪૨)

૧૬૨ક સાહિબાહ તુ શીલંગ

૧૬૪ખ ચંદણ ભણઇ સુણઇ તમ્હિ તાત

૧૬૫ખ પછઇ મૂલ પચહલઉ વાત

૧૬૬ખ મઇ

૧૬૭ લાહુ

૧૬૮ મઈ કુમરી કરિસિ કિસિઉં

૧૬૯ જિસિઉં ચિતિ મુખિ બોલઉ તિસઉં

૧૭૨ જપઇ મંત્રમહા નવકાર

૧૭૭ સપ્તખેત્રિ

૧૭૯ક અછાણુાના

૧૮૦ખ કિજઇ

રીંગણુ ધિગણુ નઇ પંપોટા,
ગુણ થોડાં પણિ દૂખણ મોટાં,
પંચબરિ ફલ અણુંત કાઇ,
૧૮૫ કંદમૂલ નવિ હૂ લીજઇ માઇ. (૪૩)

ધઉલું કંદ વિશેષિઇ ટલઇ,
... ...
જિહનુ. પરિમલ પાછઉ વલઇ,
ધઉલ કંદ કહઉ એહ કાજિ,
... .
૧૮૯ મુઝ તિણિ નામહિ લીધઇ લાજ. (૪૪)

રુડા બોલઇ તિ અછઇ અનેકિ,
સરસા વિનઇ વિચાર વિવેક,
દેવ પૂજ ગરુયા ગુરુ ભક્તિ,
૧૯૩ સામી વછલ નિજ સારઇ શક્તિ. (૪૫)

સંઘ સહિત ગુરુ પહિરાવીય,
ઇ મનિવર સંઘિ વિહરાવીયઇ,
સુવિહિ જીવહં કીજય તનુ,
૧૯૭ શ્રવાક લિ ચિતામણિ તન્ન. (૪૬)

ઇસિય રીતિ અવધારુ વછિ,
જઉ તમ્હિ ભણઉતં વેચઉ લછિ,
ચંદણુ ભણઇ સુણિ પાયક બાપ,
૨૦૧ અતિ રૂડઉં તઉ ઇહાં છે આપિ. (૪૭)

દાસહ પડદસ જમલિં,
જેમહ દીઠઇ પાપ
ધરમકા જિ ધારણિ ધૂય ભણઇ,
૨૦૫ ભઇસુ ભણી બાપ. (૪૮)*

---

૧૮૫ બાઇ

૧૮૮ક (અસ્પષ્ટ અક્ષર છેઃ લઉદ કહું એહ કાજ

૧૮૯ક મઝ તીણ લીધઇ નામિઇ લાજ

૧૯૦ખ રૂડા બોલ અતિ અછઇ ઘણા અનેક

૧૯૩ક સાંહમી વછલ નિજ શિકતિ

* આ કડી અસ્પષ્ટ છે.

પાઇક લોચન પાણી ભરઇ,
ઘણુ કારણિ કર આઘુ કરઇ,
ધનાવુ ધન દેય બહૂય,
૨૦૯ ચંદણુ સરિસુ ગેહ પહૂતુ. (૪૯)
ગેહણિ બોલાવી ઇમ ભણી,
... ...
આવઉ આપુ વધામણી,
તમ્હ મંદિરિ મઇ આણિઉં રત્ન,
... ...
૨૧૩ એ બેટીનું કરિયો યતંન્ન. (૫૦)
મેલ્હી કરી હાથનું કામ,
આવી ગેહિણિ મૂલા નામ,
જુ તીણિ દીઠઇ નરવય કૂંયરિ,
૨૧૭ ઘણુ પયઠઉ તેહનઇ ઉપરિ. (૫૧)
પાપી ખત્ર અખત્ર નવિ ગણુઇ,
મનિ મઇલું મુખિ બેટી ભણુઇ,
સીલુ બોલી દેસિઉ દાઘ,
૨૨૧ ડોકરીનઇ ઘરિ પયઠઉ વાઘ. (૫૨) *
દૂધ નીયમ લિય મંજારિ,
ઉંદિર સરસી માનઇ હારિ,
એહ વાત જય સાચી હોઇ,
૨૨૫ એહ બેટિ નવિ માનઇ તોઇ. (૫૩)
મઝ પડતી એહ ચડતી વેસા,
મઝ માછ કરવલ્યા કેસા,
વડપણુ તણી વિણાસણિ હાર,
૨૨૯ સંપ્રાપ્તી સઉકિ ઘરબારિ. (૫૪)

૨૦૬ક ભરય
૨૦૭ખ ધન ભણી કર આઘઉ કરઇ
૨૦૮ખ ધન્નવઉ ધન દેઇ બહૂ.
૨૦૯ખ ચંદન સરિસઉ ગેહિ પહૂત.
૨૧૬ખ નરવઇ
૨૧૭ખ તઉ ધુણઉ પઇઠઉ તેહનઇ ઉઅરિ.
૨૨૪ખ તેમ જ એ વાત જય સાચી હોઇ
૨૨૫ક એહ વાત ન માનું તોઇ
૨૨૭ માથઇ
૨૨૮ક વિણાસણ એહ
* કની ૫૧ અને ૫૨ મી કડી ખ માં ઉલટસૂલટ આપેલી છે.

જીભહ હું આગઇ અણુખામણી,
પીહૂરિ સહિ હું અણુખામણી,
૨૩૨ કોઇ ન પાઇ પાણી પલી. (૫૫)

બે ભવ ગ્યા મૂં નિશ્ચઇ રુલી,
એહ કારણિ વિચિઉ જેતલું,
મઇ પરણી તીહ નહી તેતલું,
સિતાનીક રાઇ ચંપા લઇ,
૨૩૭ લૂસડિ આજ અમ્હારય હૂઇ. (૫૬)

*[ધરિ (૨) ઇસિઉં બોલવા લાગી,
અમ્હારઇ કર્મિઇ ચંપા ભાગી,
છોકરડી નઉ એવડઉ મોહ,
૨૪૧ એક ઘડી ન સકઇ વિછોહ. (૫૬ અ)

*એહ તણુઉ મનિ અભિનવ છઉલ,
એક પાખઇ કંઠિ વિલયઇ કુઉલ,
બોલઉ તોઇ બોલાઇ નહી,
૨૪૫ દીહ કેતલા જોઇ મુ રહી. (૫૬ બ)]

અમ્હ વયરી પાઇક પાપીઉ,
જિહાં છાજઇ તિહાં ન આપી ગઉ,
તેહ ધરિડાઇ મરતજ મરણિ,
૨૪૯ કિસું સુંયાલુ હોસિઇ ધરણિ. (૫૭)

બોલુ તુ બોલાઇ નહી,
દીહ કેતલા જોઇ સુ રહી,
એક વાર જઉ ચડિસિઇ હાથિ,
૨૫૩ મરણુ અણુવિસુ ઇહં બિહૂ સાથિ, (૫૮)

૨૩૦ખ હઉં આગઇ જીભઇં આપણી
૨૩૨ખ કેહ; નઇ; પાઉં
૨૩૩ખ બે ભવ ગ્યા હિવ નિશ્ચઇં રુલી
૨૩૪ખ હૂં; વી
૨૫૦ખ બાલઉ, તોઇ
૨૫૨ ચડસિઇ ૨૫૩ વિહું

* ખની ૭૦-૭૧ કડી, જે કની ૫૬મી કડી પછી આવવી જોઈએ તે બે કડી કમાં નથી.

હેરાવઇ નઇ હેરુ કરઇ,
ઘર છાડી નિસિ પાછલિ ફિરઇ,
નીઝરણુ નસિ નાહ ઘર આવઇ,
૨૫૭ ત હિ સાંભલું ભણી બોલાવઇ. (૫૯)

સાંભલતીઅ અતિ બિહરી હુઇ,
જિમ જણુ જાંણુઇ નીદ્રાલૂઇ,
ચંદન ભણુઇ ન જાગઇ માઇ,
૨૬૧ હૂ પગ ધોઇસુ, બઇસુ તાઇ. (૬૦)

તાત તણા ધૂઅ ધોઇ પાગ,
બૂમિઇ વીણિ રુલેવા લાગ,
રુલતી વીણિ તાતઉ જાલવઇ,
૨૬૫ મૂલાનું મન પ્રજાલવઇ. (૬૧)

જેમઇ મન માનિઉં તે તિસિઉ,
પગ ધોયા હિવ થાકઇ કિસિઉં,
એ મઇ વિસ દેઇ મારિસિઇ,
૨૬૯ કઇ પણ સાસિ ઊતારસિઇ. (૬૨)

(દુહા)

ઊગી વિસ વેલડી, નખે ન છેદી જેહિ,
૨૭૧ મન સુદ્ધિઇ મૂલા ભણુઇ, ત્વરિત ન સાધિઉ તેહિ,

પર તન્ન વ સાધિઉં જેહિ, ગોરી પૂછઇ, ગોરહર ઊભી રાયા,
ચઉકિ જે જાંણુઉ, તે કહૂ, સુલી ભલી કિ સુકિ. (૬૩)*
સૂલી એક જ કઠ હૂઇ, સુકિ અનંતુ કઠ્ઠ,
૨૭૫ નિત મરીય, નિતુ મારીઇ, પણુ (૨) હીયડા હઠ. (૬૪)*

૨૫૪ખ હેરનઇ હેરાવઉ કરઇ (અર્થ ક અતે ખ બન્નેમાં અસ્પષ્ટ છે.)
૨૫૫ક ધ ખલિ
૨૫૬ખ નઝણિ નિસિ નીદ્ર ન આવઇ
૨૫૭ તુમ્હિ, કહી
૨૫૮ અતિબહિરી, થાઇખ થાઇ
૨૫૯ જાણ જાણુઇ એહ નિદ્ર હૂઇ
૨૬૦ માત; તાત
૨૬૧ હૂઉ ખ
૨૬૨ખ ધીય, ધોયા
૨૬૩ખ ભૂમિહિ

૨૬૪ તાત
૨૬૫ આ શબ્દ ખ (મન)માં નથી
૨૬૬ખ જેમ મનિ માનિઉ પણ તિસિઉ
૨૬૭ખ કિસઉ
૨૬૮ખ કઇ
૨૬૯ક મઇ સાસિઇ ઉતારિસિઇ
૨૭૦ ઉગતી વિષ વેલડી
૨૭૧ખ તે મરખ મૂલા ભણુઇ
૨૭૧ક આ ચરણ કમાં નથી

નિસિ પરજલી સુર ઊગીઉ,
ઊઠી ધન્ના વહુ ચઉહટ ગયઉ,
ચંદન એક તડી હવી,
૨૭૯ મૂલા તેડાવી ન નાહવી. (૬૫) *

[છંદ બદલાય છે]

વીણિ સુલત (૨) વીણિ સવે સાલ,
વીણિ ગ્રધારી સાડલી સંસાલી,
બહુ જ હારિ હિ વીણિ, સવિહું કડી ચડિ,
૨૮૩ વહઇ વયર વીણિ જ પરિહરિ હિ, વીણિ ઉતારી જોઇ.

વીણિ દૂધ હાછિ તું
ચંદન લીધી બાધિ,
પગ ધોતાં જે બોલ્યા બોલ,
૨૮૭ તે હિવ કહિ કઇ મારુ નિટોલ. (૬૬)

[તિણિ ફેડી નઇ કીધઉ સાર,
મુલાધમ આરંભિઉ ઘાટ,
પૂછઇ ઇતિ હાંકિય દિઇ પ્રહાર,
દધિવાહન ધૂ સહ નિરધાર.]
સુકિ વિણાસી કેહૂ દોસ,
સુકિ મરઇ તુ મનિ સંતોષ,
સુકિ તણી નવિ લાગઇ ગોઝ,
૨૯૧ રાખઇ સુકિ તે માણુસ રોઝ. (૬૭)

કડી ૬૩ અને ૬૪ પછીના ૩ દુહા જે 'ख'માં છે એ 'क'માં નથી એ ૧, ૨, ૩, નંબર નાખી ને આપ્યા છે.

[ઘર ટીપુડી જિમ બે ઘરણિ,
કુણહ સરીખઉ કંત,
કહઉ કિમ આખઉ ઊગરઇ,
ભિરડી આણઇ અંત. ૧ ખ
વરિ કાણઉ, કાલઉં, કૂબડઉં, સઉકિ વિણા પ્રિય સગ્રઃ
સઉકિ સરીસઉ કામદેવ, કાલકૂટ નિતુ વિષ. ૨ખ.
ધનાવહ માનિ બેટડી, ચંદનમન સૂજિ બાપ,
ઇમ્હિઇ મૂલા પાપિણી બાંધઇં કૂડઉં પાપ. ૩ ખ.]

૨૭૬ પરગલી — ૨૭૮ રા હવી
૨૭૭ખ સેઠિ, ચહટઇ, ગઉ — ૨૭૯ તેડાવિઉ

ગોરી પૂછઇ ગુણિયણહ, ઉભી રાયહ ચઉકિ,
જે કો જાણઇ તે કઉ, સૂલી ભલી કઇ સુકિ. ૬૩ખ
સૂલી એક જ કઠડઉ, સુકિ અણંતા કઠ,
નિતુ મરઇ નિતુ મારીયઇ, પગિ પગિ હીયડા હઠ. ૬૪ખ

મૂલા મૂતિ ન મેલ્હઇ, મીલિ ચંદન,
ચંદન ચરણિ ચાંપી આઢીલ,
ઉપાડી લીધી ઉરડઇ,
૨૯૫ લે મેલ્હી ઘરિ કોરઇ. (૬૮)

તાલુ દે અનઇ મૂલા વલી ભણઇ,
મરઇ તુ પૂજઇ રુઉલી,
અંધારઇ ચંદન આકુલી,
૨૯૯ પગિ બાંધી ન સકઇ સલસલ સલી. (૬૯)

જાંણઇ નહી દીવસ નઇ રઇણિ,
ઝરતું નીર, નિવારય નયણિ,
ચંદન મહામંત્ર મનિ જપઇ,
૩૦૩ ત્રિહું ઉપવાસે કર્મ સવિ ખપઇ. (૭૦)

ચંદન ભણઇ જઉ આવઇ મરણ,
તુ અમ્હ વીરરાગ પય–સરણ,
હું નહી બેટી ધારિણીતણી,
૩૦૭ કુણિ હિ આપી જોણી ભણી. (૭૧)

નયર ભંગિ, પાઇકિ ગ્રહી,
મારગિ વહતાં માડી મુઇ,
ઢોર તણી પરિ મૂકી પીઠિ,
૩૧૧ વેસ વિસાહણ આવી દીઠ(ઠી). (૭૨)

એક વાત અતિ રુડી હૂઈ,
દોહિલું છઇ પણિ તિહા નં લઈ,
નિવરું થાનક પાંમિઉ આજ,
૩૧૫ કરિસ્યઉ ધમ્મર્ષ ષાસનનું કાજ. (૭૩)

---

* મૂલા ભણઇ રે ભાઇ, આપણિ કીજઇ છઇ ગોરડી,
માહરા ભરતાર નઇ વાલ્હી છઇ વીણડી,
પાણી લગાડે ઊતારી કોરડી.

૨૯૯ખ પાગ બાધા ન સકઇ સલસલી
૩૦૧ નિવારઇ
૩૦૩ક ત્રિહુ પવસિ
૩૦૫ખ ચાચ
૩૦૭ખ કુણિ હઇ આપ્ણી જો ભણી.
૩૦૮ખ નયરિ ભંગિ હઉ પાયકિ ગ્રહી
૩૦૯ વહતી
૩૧૧ક વેસાહણિ આવી દીઠ
૩૧૪ખ પામ્યઉ
૩૧૫ કરિસઉ

નિતૂ ધનાવહૂ પૂછઇ ઘરણિ,
કુંઅરિ ન દીસઇ કારણિ કવણિ,
આજ ન ભોજન ચંદન પખઇ,
૩૧૯ મૂલા ભણઇ કિસિઉ તુ ઝખઇ. (૭૪)

છોકરડી વીટાવી વાઉ,
ઘડીઇ થાહરિ ન રહઇ પાઉં,
કુણ જાંણઇ કિહાં ડમડમઇ,
૩૨૩ કુણ જાંણઇ કિહ સરસી રમઇ. (૭૫)

આવઇ છઈ છોડાઊ ઘણુઉં,
ઉલખિસિ તાં, એહ તણુઉં,
સગઉં સણીજઉ લે જાઇસિઇ,
૩૨૭ માહરઇ પૂઠિ કુણ ધાઇસિ. (૭૬)

તુમ્હ મનિ છોકરડીનું સોગ,
અમ્હ આપણા ઘરનું ઊદેગ,
એતલું સોનુ આપત વ્યાજિ,
૩૩૧ વરસ બિમણા આવત કાજિ. (૭૭)

ભણઇ ધનાવહ સુધિ ન લહેસુ,
તુ પરભાતિ અણસણ લેસુ,
દાસિ એક જૂની ડોકરી,
૩૩૫ તીણઇ તેડિઉ, એક તડઉકરી. (૭૮)

ગિહિલા ગામટ મૂઢ ગમાર,
ચંદણ મૂઇ કિ કેરિ સાર,
કિ વારઈ જઇ જીવતી હોઈ,
૩૩૯ તુ તું આણઇ ઉરડઇ જોઇ. (૭૯)

---

૩૧૮ માંડી
૩૧૯ ઝખય
૩૨૧ ઘડીઅ ન થાહરઇ એહનું પાઉ
૩૨૨ કવણ
૩૨૫ખ ઉલખિસિઇ જઉ કોઇ એહ તણઉ
૩૨૬ક જઉં, લેઉં
૩૨૭ખ માહરઉ કુણ પૂઠઇ ધાઇસિઇ
૩૨૮ખ છોકડઉ નઉ; શોક
૩૨૯ અરથ
૩૩૦ખ એતલઉં સોનઉ જઉ જે વ્યાજ
૩૩૧ખ વરસિઇ, નિમણઉ, વ્યાજિ
૩૩૩ક અણસુણ
૩૩૪ક વાસિ
૩૩૫ક તિણિ ક તુ
૩૩૬ક ગૂંઠ
૩૩૭ કિસી, કરઇ
૩૩૮ કહિ વારઈં, જીવંતી
૩૩૯ તઉ; તઉં

[વસ્તુ છંદ]

દાસિ ઉત્તમ (૨) અધમ કુલવંતિ,
કુલવંતી આણુઇ મરણુ,
તં જિ મરણુ તેહ નિવારીય,
મૂલા ધનાવહ તણુઉ, બૂડંતઉં કુલ તેણિ તારિય,
તેણુ તારીઇ વિણુ દાનહ, સીયલ તપ તીણું પામી,
૩૪૫ પુણ્યલોક સહુ કો ઇમ ભણુઇ, બાપડલી ધન ધન એ પુણ્ય. (૮૦)

[હિવ ચઉપઇ]

તાલુ ભાંજી પયઠઉ સેઠિ,
અંધારઉં નવિ દેખઇ દ્રેઠિ,
આકુલપણુઇ ધનાવહ જોઇ,
૩૪૯ સાદ કરંતુ ગાઢઇં રોઇ. (૮૧)

દીઠી કુંઅરિ ઉછંગિ લિઇ,
કરમિ અમ્હારઇ તાં નવિ મૂઇ.
ઉરા આગલિ છઇ પટસાલ,
૩૫૩ તીહાં આણી તુ ચંદનબાલ. (૮૨)

મૂલા જોણિઉં સયલ સરુપ,
તઉ પ્રગટિઉં આપણુઉં સરુપ,
માહરઇ ઘરિ એ ખાસિઇ ધાન,
૩૫૭ સાતિઉં દૂધ દહી પકવાન. (૮૩)

૩૪૦ક દાસિઉ ઉત્તમિ (૨) અધમ્મ કુલવંતિ

૩૪૧ખ આણિઉ ૩૪૨ તિણિ

૩૪૩ક મૂલા ધનાવહ તણું એવડઉ દુકુલ.

૩૪૪ખ વિણુ દાણુ; વિણુ સીલ તપા, તીણઇ પામ્યઉ પુણ્ય.

૩૪૫ખ લોક સહૂ કોઇ ઇમ ભણઇ, બાપડલી એ ધન્ય ધન્ય.

૩૪૬ખ તાલઉ

૩૪૭ખ અંધારઇ

૩૪૯ખ કરઇ, [નઇ]

૩૫૦ખ ઉછંગિઇ

૩૫૩ક તી છે. ક આણી

સાતિઉં કૂર સરીસી દાલિ,
દાસિ દીકોલાં દીધી સાન્નિ,
તાલઉં દેઉ અલછિ નીસરી,
૩૬૧ ઉડદ તણા બાકુલ વીસરી. (૮૪)

સેઠિ ધનાવહ થ્યા આકુલા,
સૂપિ કરી આણિયા બાકુલા,
તાં લગ આ આરોગુ માઇ,
૩૬૫ બંધન લોહ ટલાવઉં પાઇ. (૮૫)

ચારઉ લી પૂરી પિત્તલી,
આઇ સીયલી આમલી,
ત્રિહૂં અપવાસ તણઇ પારણઇ,
૩૬૯ દિઉં તઉ ભોજન ચંદણુ ભણઇ, (૮૬)

ઊંબરે બાહરિ મેલ્હિઉ પાગ,
તઉ આઠીલ તણું તુહ લાગ,
ચાલી ન સકઇ રહીઉં અંગ,
૩૭૩ ઊંબરિ ઊભાં રૂડઉ રંગ. (૮૭)

ઉબરિ ઉભાં આવિઉ વીર,
જગ ચિંતામણિ સાહસા ધીર,
વર્ધમાન છ માસ ઉપવાસ,
૩૭૭ કરઇ પારણઉં પૂર આસ. (૮૮)

*[શ્રેયાંસ આદિહં, ચંદન અંતિ,
જિહિં ધરિ જિણ પારણઉં કરંતિ,
કરજોડિ દેપાલ કવિ ભણઇ,
તીહૂં હઉં જાઉં ઊતારણઇ. ૮૮ अ]

૩૫૮ક સરસઉ કુરનઇ સરસી દાલિ
૩૫૯ખ દાસિ દીકોલાં દીધી; સાન્નિ; કમાં આચરણ નથી--કડી ત્રુટક છે.
૩૬૪ખ તેનલઉ એ આરોગઉ મા એ
૩૬૫ લોહડ = લૂહાર (કમાં પણ 'લોહટ' એમ લઇ શકાય).
૩૬૭ખ એ ય સામલી ભણી સીયલી
૩૬૮ખ ઉપવાસ
૩૬૯ખક દાન ભોગ ચંદન ભણઇ
૩૭૦ક ઊબર
૩૭૧ખ ગ્રહ
૩૭૨ સકઇં, અંગુ
૩૭૬ક વરધમાન છ માસ અપવાસ
૩૭૭ખ પૂરઇ
* આ કડી કમાં આપેલી નથી
૩૭૯ખ વનવિઇ

પૂગીઆ સત ચંદનબાલ,
૩૭૯ જય જયારેવ વર્ણવઇ દેપાલ, (૮૯)
જય જય રેવ વર્ણવ બુહ્ણ. લોકિ,
૩૮૧ મૂલાનઇ મુહિ મૂલા ઠોકિ. (૯૦)

તોલ્યા કંચણ તીજ અછ,
વરસઇ બિમણી કોડિ સવા છ,
દેવિઇ દંદભિ તણુઉ નિનાદ,
૩૮૫ મૂલા પાયક લાગઉ વાદ. (૯૧)

પાયક બોલઇ વિપરીત વાણી,*
ચંપા હુંતી અમ્હિ આણી કરી,
તમ્હિ મંદિરિ મેહલ્હી ગ્રહિણુઇ,
૩૮૯ વીકી વીકાણી કુણુ ભણુઈ. (૯૨)

જઉ વીકીવઉ આખિર લિયાવિ,
નહીંતરિ બોલાવિ મ કો સાખિ,
એક વાણીઅણુિ નઇ એક રજપૂત,
૩૯૩ ભેડિ ભિડઇ બે લાગી ભૂતિ. (૯૩)

તે વેઢાવડિ વારણુ હારિ,
બે પુહતી કૂલહા બારિ,
વેસ ભણુઇ સાંભલુ સરુપ,
૩૯૭ પહિલઉં જોઉં અમ્હારઉં રૂપ. (૯૪)

બોલ વડઇ મઝ વીતું ઇમ,
તેહનું ધન તમ્હિ લેસિઉ કીમ,
જઉ એ જિમણુઇ હાથિઇ આપિસિઇ,
૪૦૧ તઉ તે ધર–થાહર થાપિસિઇ. (૯૫)

૩૮૦ક લોક
૩૮૨ખ તોલા કંચણુ તણીઇ જિ આ છ
૩૮૩ક સવ છ
૩૮૪ખ દેવહ; ડુંડુંભિ
૩૮૫ક મૂલાનઇ પાઇકણી વાદ
* આ ચરણ કમાં નથી, કડી ત્રુટક છે.
૩૮૮ખ તુમ્હિ; ખ ગરહણુઇ
૩૯૦ખ જઉ વીચીતઉ આખર દાખિ.
૩૯૨ખ ઇકિ વાણીઅણિ એકિ રજપૂત
૩૯૩અ ભિડઇ બેઉ જિમ લાગઇ ભૂતિ
૩૯૫ક ફિલ
૩૯૬ખ સાંભલઉં
૩૯૭ક પહિલું જોઉ અમ્હારું રૂપ
૩૯૮ખ વાત વડઇ અમ્હ વીતુ ઇમ
૪૦૦ખ જઉ એ જિમણુઇ કરિ આપસ્યઇ
૪૦૧ખ થિર

સિતાનીકુ સંપતઉ રાઉ,
નાઠી રાંડ જીહ વીટિઉ વાઉ,
રાઉણીસિઉં પુહતુ રાઉ જામ,
૪૦૫ દધિવાહન ધૂ દીઠી તામ. (૯૬)

રાણી ભણઇ વછિ ભાણેજિ,*
આવી (૨) આલિંગજ દેજિ,
કણઇ ચૂડિ મંડિત આભરણિ,
ઊભી વીણિ સલછઇ ધરણિ,
દેવાંગના અતિ ઢાલઇ ચમર,
૪૧૧ ચંદન ચરણુ નમઇ અમર. (૯૭)

[ચંદન અમૃત કલાવતી,
ત્રિપતી વિણુ આહાર,
દેવ દિધ આભરણુ હૂઆ,
૪૧૫ સીલ લગઇ સિણગાર. (૯૭ अ)

સીલ પ્રભાવઇ ટલિઉ કુસંગ,
તવ દાસિઇં આવી લહ અભંગ,
ભાવ સહિત બૂહ પર ઉપગાર,
૪૧૯ ચંદણ ગુણ કુણ જાણઇ પાર. (૯૭ ब)

ચંદન બોલઇ તીણઇ ઠાઈં,
મૂલાદેવિ અમ્હારી માઇં,
[ધા]રણિ તૂહી તનવિ કીધઉં,*
૪૨૩ આણઇ રૂઠી કાજ જ સીધઉં. (૯૮)

એહ લગઇ વીરહ પારણઉ,
ભવ સાયર દૂતર તારણઉં,
પિહલુ સિતાનિક ધુરિ રાઉ,
પાછઇ પાયક તણઉ પસાઉ,
જઉ તે વીકત વેસાહાથિ,
૪૨૯ તઉ હું લાગત કિમ પરમથિ. (૯૯)

૪૦૨ક સિતાનિક સિઉ પહૂતું રાઉ — ૪૦૪ખ રાણઉ રાણી બે જોઇ તામ
૪૦૩ક માતી રાંડ — ૪૦૬ખ આવિ વછિ
* આ બે ચરણ પછી [૧૧૮ખ, ૧૧૯ખ] કૌંસમાં આપેલી બે કડી કમાં નથી.
૪૦૮ખ આભરણુ — ૪૦૯ખ બઇઠાં વીણિ સલઇ ધરણિ
૪૧૦ખ તિહિં ખ એક — ૪૨૨ખ ધારણિ તુહી તંનવિ કીધ
૪૨૩ખ ઇણઇ રુડી કાજજિ સીધ
* આ બે ચરણ ખમાં નથી. — ૪૨૭ પાક
૪૨૮ખ વેચત; ખ એ. — ૪૨૯ક પરમાથિ

ધનાવહ પેલા ભવનુ બાપ,
જેહ પસાંઇ નાઠઉ પાપ,
મૂલાતણુ ઘણુઉ ઉપગાર,
૪૩૩ ચંદન માગઇ સંજમ ભાર. (૧૦૦)

યુગતા-યુગનું ધન વાવરઇ,
અવર ધનાવહુ મંદિર ભરઇ,
ચંદનબલ લીધઉં ચ્યારિત,
૪૩૭ કુલ આપણુઉ કીધઉ પાવિત. (૧૦૧)

વીર જનેસર પવતણિ હૂઇ,
સીલ પ્રભાવિઇ શિવપુરિ ગઇ,
ચંદનબાલ ચરિત્ર સાંભલઇ,
૪૪૧ તીહું નરનારિ અફલા ફલઇ. (૧૦૨)

૪૩૦ખ ધનાવઉ પઇલા ભવનઉ બાપ; **ખ** સંયમ
૪૩૨ખ જોઉં મૂલા તણુઉ ઉપગાર
નીચેની ચાર કડી '**ખ**'માં આ પ્રમાણે છે :

ચંદન ભણુઇ જઇ માન્યઉં હોઇ,
મૂલા માઇ મ દૂહવઉં કોઇ,
સાસણિદેવિ આપઇ આ સિકા,
તિંહ વેસની વવી નાસિકા. ૧૨૪

સિધિ યોગિ શાસનદેવિ ભણુઇ,
માગિ (૨) જે મનિ ભૂ તણુઇ,
અવગુણુ માન્યા જઇ તણુઇ ગુણુ કરી,
તઇ જિ જિણવર આસણિ ઉધરી. ૧૨૫

જે જે અણુઉપગાયા,
તીહ તીહ પરઉપગાર,
જઉ કીધઉ તઉ ચંદનઇ,
લીધઉ સંયમ ભાર. ૧૨૬

જગુતય—ગંતઉં ધન વાવરઇ,
અવર ધનાવઉં મંદિર ભરઇ.

પરિશિષ્ટ ૧

કેટલાક રૂઢિપ્રયોગો અને કહેવતો

[૧ ડાબી બાજુના ક્રમાંક રૂઢિપ્રયોગ અને કહેવતોનો ક્રમ દર્શાવે છે.

૨ જમણી બાજુના ક્રમાંકમાં પ્રથમ સંખ્યા પંક્તિનો ક્રમ અને બીજી સંખ્યા કડીનો ક્રમ દર્શાવે છે.]

૧ "સીહ સીયાલિઇં દીધઉ દાઉ." ૩-૨

=સિંહે શિયાળને દાવ આપ્યો.
=સો દહાડા સાસુના અને એક દહાડો વહૂનો.
=લાગ મળ્યો.

૨ "રાંક તણે ભય નાઠઉ રાઉ". ૪-૨

=રાંક(ગરીબ)ના ભયને લીધે રાજા નાસ્યો.

૩ "હાથિ ન કાંઇ ચડઇ". ૨-૩

=કાંઇ હાથે ન આવ્યું-કાંઈ મળ્યું નહીં.

૪ "દુષ્ટ જીભ વાપરીઇ". ૪-૪

=ખરાબ જીભ વાપરી=કુવચન બોલ્યો.

૫ "હૂં અજિ પુનુતુ છણુ સંસારિ". ૨-૫

=હું હજી સુધી પનોતો છું=હું હજી વાંઢો (કુંવારો) છું.

૬ "ભલી માઇ તૂં ભલઉ સનેહ". ૨-૭

=તું ભલી મા! અને ભલો તારો સ્નેહ.
=આ તારો સાચો સ્નેહ નથી.

૭ "ક્ષણુ અથ(ધઃ) ક્ષણુ ન ફિરાઉં ઘડી". ૩-૭

=ક્ષણ અર્ધક્ષણ માટે પણ ઘડી ફરી ન શકે.
=નિશ્ચિત નિર્મેલું ટાળી ન શકાય.

૮ "ઊતર તારય બાપિ ન હોઈ". ૨-૧૨

=તારો બાપ (પણ) જવાબ નહીં આપી શકે.

૯ "તુ મન જાણુસિ હું સાંસહિઉસ". ૩-૧૩

=તું એમ માને છે કે હું આ સહન કરી લઈશ?
=હું શું સાંખી લઈશ એમ તું માને છે?

૧૦ "બાહરિ પાઇક અતિ ઝઝાર, ઘરિ ધ્રૂજઇ થરહર ગમાર". ૧અ ૨-૧૫
=બહાર તો સિપાઈ ઝનૂનવાળો છે પણ ઘરમાં ગમારની જેમ થરથરે છે.
=બહાર તો સિપાઈ બચ્ચા પણ ઘરમાં મીની મ્યાઉ.
=બૈરી પાસે બાયલો. "બા'ર તો મિયાં ફાલકે ફીરે ઘરમાં-બીબી ઝાટકે ઝૂડે" (ગ્રામ્ય પ્રયોગ).

૧૧ "રણિ અભંગ તું રાઉત રાઉ". ૧-૧૮
=રણમાં તું રાજાનો પણ રાજા.
=તું તો યુદ્ધમાં કામનો-તારે યુદ્ધ સાથે લેવાદેવા.

૧૨ ધન લઇ કાજિ આપણઇ લાગિ. ૪-૧૮.
=ધન લઈ, (તું) તારે રસ્તે પડ.

૧૩ "ચડતું જેહનું ભારી ફૂલ"

૧૪ "તેહ કમાણુસ પૂછઇ મુલ". ૨-૨૦
=ઊગતી યુવાની વાળનું મૂલ અંકાય.
=કમાણુસ-ખરાબ માણુસ એનાં મૂલ પૂછે.
"અમ્હ તુમ્હ કાજ કાંઇ સરઇ". ૪-૩૦
=આપણો હેતુ કાંઈ સરશે નહીં.

૧૫ "ઘર ઘર વાત વારિ નિગમુ". ૧-૩૧
=વાત ફેલાઈ ગઈ—ઘેર ઘેર વાત ફેલાઈ ગઈ.

૧૬ "કાલી હોઇ જીસિ ડુંબડી." ૧-૩૫
=ભીલડી જેવી કાળી—કાળી ભીલ જેવી.

૧૭ મુઝ તિણી નામઇ લીધઇ લાજ". ૪-૪૪
=મને એનું નામ લેતાં પણ શરમ આવે છે.

૧૮ "જુ તીણિ દીઠઇ નરવય કુંયરિ ઘણુ પયઠઉ તેહનઇ ઉયરિ". ૩-૪-૫૧
=જ્યાં તેણે રાજકુંવરીને જોઈ કે એની **છાતીએ ઘણ પડ્યો.** (આઘાત લાગ્યો)
=ફાળ પડી, છાતી બેસી ગઈ,—ડર લાગ્યો.

૧૯ "ડોકરીનઇ ઘરિ પયઠઉ વાવ". ૪-૫૩
=ડોશીના ઘરમાં વાઘ પેઠો.
=ડોશી મર્યાનું દુઃખ નથી, જમ ઘરમાં પેઠાનું દુઃખ છે"—કાયમનું સાલ પેઠું.
=કાયમનું દુઃખ ઊભું થાય—પારકી સ્ત્રી ઘરમાં આવવાથી (દીકરી તરીકે આવી હોય તોપણ) એક જાતનો ભય ઊભો થયો.

૨૦ "જીભહ હું આગઇ અણુખામણી".
અને
"હઉં આગઇ જીભઇ આપણી". ૧-૫૫
=જીભની તો હું પહેલેથી અળખામણી છું.
=પહેલેથી જ હું મારી પોતાની જીભવાળી છું.
=આખાબોલી–તોછડી વગેરેના અર્થમાં.

૨૧ "પીહરિ કોઇ ન પાઇ પાણી પલી". ૩-૫૫
=પિયરમાં કોઈ પળી–ચાંગળું પાણી પણ ન પાય,
=નિરાધારના અર્થમાં

૨૨ "એક વાર જઉ જડિસિઇ હાથિ". ૩-૫૮
=એક વાર જો હાથે ચડશે.
=લાગમાં આવશે ત્યારે,

૨૩ "જાણઇ નહી દીવસ નઇ રયણિ". ૧-૭૦
=ન જાણે દિવસ ને રજની.
=રાત દહાડો કાંઈ ખબર પડતી નથી.
=એટલું અંધારું ઘોર અને એકલવાયું.

૨૪ "ઘડીઅ ન થાહરઇ એહનું પાઉ". ૨-૭૬
=એનો પગ ઘડી ભર પણ ટકતો નહીં.
=રખડેલ હતી; જ્યાં ત્યાં રખડતી–ફરતી હતી.

૨૫ "માહરઇ પૂઠિ કુણુ ધાઇસિ". ૪-૭૭
= મારી પાછળ કોણ ધાશે–દોડશે.
= મારી કોને પરવા છે?......ના અર્થમાં.

૨૬ "કરમિ અમ્હારઇ તાં નવિ મૂઇ". ૨-૮૨
= કર્મ-નશીબ મારાં કે મરી નથી.
= સારે નશીબે મરી ગઈ નથી.

૨૭ "ભેડિ ભિડઇ બે લાગી ભૂતિ". ૪-૯૪
= ભૂત વળગ્યું હોય એમ બન્ને જણાં બાથંબાથ આવી ગયાં–મારામારી કરવા લાગ્યા.
= 'ઝનૂની બની ગયાં'ના અર્થમાં.

૨૮ "માતી-રાંડઇ વીટિઉ વાઉ". ૧-૯૭
= મસ્ત (ભાન ભૂલેલી) ગાંડી સ્ત્રીની જેમ નાસી ગઈ.
= પાઠભેદમાં ખમાં "નાંઠી રાંડ" છે. વા વળગ્યો હોય એમ નાસી ગઈ
= બ્હીને નાસી ગઈ.

ગ્રન્થાવલોકન

ખલેલ: લે. શ્રી. રજનીકુમાર પંડયા; **પ્ર.** રૂપાલી **પ્ર**કાશન, અમદાવાદ; પૃ. ૨૦૮ + ૧૦, મૂલ્ય રૂા. ૧૦-૨૫ પૈસા.

આ સંગ્રહની પહેલી વાર્તા 'વાત' જોતાં યે, પ્રથમ સંગ્રહ આપતા આ લેખકની વાર્તા-હથોટી તરત ધ્યાન દોરે એમ છે. એમાં કવિની સૂઝ અને વાર્તાકારની વાતફાવટ બંને સુપેરે પરસ્પરમાં હળ્યાંભળ્યાં છે. મોતીપરનો રાઘવ દવાખાનામાં મરણ પામ્યો છે અને એનો દોસ્ત મનુ, આઠ માઈલ દૂર મોતીપર તરત જાય એમ ડૉકટર સૂચવે છે. એ પળમાંથી વાર્તા ઊપડે છે. એ પળનું ગાંભીર્ય, મનુની મિત્રપ્રીતિ, એની મોતીપર તરત પૂગી ખબર દેવા જતાં વલોવાતી મૂંઝવણ, એનો ઊર્મિઆવેગ, વચ્ચે આવતા ટીંબડી ગામે ય રાઘવના મરણની ખબર દેતાં એને ચડેલો ડૂમો, એમ વાર્તા સંવેદનશીલ નિર્વહણમાં સંવાદ, દૃશ્ય, વિચાર, લાગણીની ઝીણી ઝીણી વીગતે ખૂબ સ્વાભાવિક નિરૂપણ પામતી જાય છે. મનુના આવેગને એની ક્રિયા-મૂંઝવણને ટૂંકાં વાકયોથી લેખક જીવંતતા આપી શકયા છે. ટીંબડીથી મોતીપરને રસ્તે જતા મનુનું આ વર્ણન:

"તડકાને લીધે આંખથી નીચેના ભાગમાં સુકાયેલા આંસુની પોપડી લાગી ગઈ હોય એમ લાગતું હતું." (પૃ. ૬)

—લેખકની ઝીણી નજરને અચ્છો ઉઠાવ આપે છે. પરંતુ મોતીપર પૂગતાં જ કેશલો જ "કાં મનુ મામા?" કહેતોક, "ખબર પડી?......રાઘવભાઈ ગુજરી ગયા" એમ કહે છે અને મનુને આંચકો લાગે છે! ત્યાં વાર્તાની દિશા વળાંક લઈ કેન્દ્ર તરફ ભાવકને વાળે છે. ટીંબડીવાળા ગલાભાઈએ હમેશની શહેરની ખેપે જતાં વચ્ચે મોતીપરમાં ખબર આપેલી અને તેથી મોતીપર આખું વાત જાણતું થઈ ગયું હતું. એ જાણતાં જ જિગરી ભાઈબંધના મોતે ખળભળી ઊઠેલો મનુ "લે કે જો કામકાજ.. તને ખબર નહીં હોય પણ મેં જ..." એમ કેશલાને કહી, ગલાને જોતાં જ, "કાં, મેં જ તમને પેલી વાત કરી હતી ને? ત્યાં ટીંબડીમાં......" એમ બોલી, આજુબાજુના ત્રણ-ચારને ય કહે છે કે "મેં જ પહેલાવહેલી (વાત) કરેલી હો! નો માનતા હો તો પૂછજો..." ઉપાડનું ઘેરું કે આ અંતનું હળવું લાગતું દૃશ્ય માણસના મનના વૈચિત્ર્યને જીવંત-પ્રત્યક્ષ કરી આપે છે, એમાં કારણ છે વાર્તાકારની સહૃદયતા અને માર્મિક નજર. ભાઈબંધ ગયે ભાંગી પડતો મનુ યે માણસ છે અને માણસનું મન તો એવું વિચિત્ર, કે ભાંગી પડે એ ક્ષણથી જ એનું બીજું અદીઠ પોતીકાપણું ઝટ દેતુંકને ડૉકિયું કરે! રાઘવના મૃત્યુ કરતાં, અંતે જાણે મનુને વધુ મહત્ત્વનું લાગે છે, પોતે આ ખબર પહેલી લાવ્યો હતો—ટીંબડીના ગલાભાઈએ પણ 'વાત' તો સાંભળેલી પોતાને મુખે જ—એનું! ટૂંકી વાર્તાની કલા આ પહેલી વાર્તા 'વાત'માં સુવાંગ અભિવ્યક્તિ પામી લાગશે. લેખકને 'જોતાં' આવડયું છે, 'આલેખતાં' પણ આવડયું છે.

'ચાલો' વાર્તામાં વળી એક્સિડન્ટમાં શિરીષ મૃત્યુ પામ્યાની ખબર, એને ઘેર જઈ, ભાભી નિશાને કેમ આપવી એ મૂંઝવણે ઘેરાયેલો મિત્ર અનિલ છેવટ, "એક્સીડન્ટ થયો છે શિરીષને. રસ્તામાં જ એનું..." કહે છે જ, ત્યારનું નિશાનું ચિત્ર જોઈએ: "એમણે બેબીને ખોળામાં લીધી ને પછી બારી બહાર કશેક દૂર દૂર તાકીને જોતાં હોય એમ આંખો કરી. હોઠ પરથી આછો કંપ પસાર થઈ ગયો. પછી મારા તરફ જોઈને એકદમ નજર ખૂંપાડીને રૂક્ષ અવાજે કહ્યું: 'ચાલો'......" (પૃ. ૧૦૩).

આવા સમાચાર દઈ નિશા ભાભીને મૃત્યુસ્થળે-શિરીષ પાસે કઈ રીતે લઈ જવાં. નીકળતાં પહેલાંના નિશાના પત્ની-ગૃહિણી તરીકેના પ્રત્યક્ષ સરલમધુર શબ્દો-વર્તાવ વચ્ચે મૂળ વાત કેમ છેડવી એમ મુંઝાતો મિત્ર અનિલ વાર્તામાં છવાયેલો હતો, તે અહીં અંતની ત્રણ લીટીએ ખસી જાય છે અને વાર્તાનું અસલફોકસ તો પ્રેમાળ ગૃહિણી-પત્ની નિશાના સ્ત્રીત્વના ખમીર પર જ મંડાયાનુ કળાઈ જાય છે. 'વાત' અને 'ચાલો' બંને વાર્તામાં પરિસ્થિતિ-વસ્તુ એક છતાં અભિગમ, કલાનો અભિગમ ભિન્ન વરતાય છે. 'વાત'માં મિત્ર મનુનો 'ઇગો' અને અહીં 'ચાલો'માં નિશાનો 'ઇગો', સાવ ભિન્ન તાસીરે, બેઉ વાર્તાઓનું અનોખાપણું પણ સૂચવે છે. બેઉ વાર્તામાં શીર્ષકની સૂઝ ધ્યાન ખેંચે જ. શીર્ષકસૂઝ, આમે આ લેખકનું એક વૈશિષ્ટ્ય છે. "આ લોકો..." વાર્તામાં પણ હૉસ્પિટલમાં મરણની ઘડીએ તોળાતા બે દરદીઓની ચિંતાતુર પત્નીઓ ગીતા અને 'કોઈ ટેકો આપવાવાળું' નહીં એવી ગામડિયણને જોડાજોડ આલેખતાં, ચિંતાતુર પળોમાં સમદુખિયણ ગીતા ગામડિયણ માટે દ્રવે છે પરંતુ તેનો અકિંચન પતિ ન બચ્યાનું જાણી, પછી તરત પોતાનો પતિ ઊગરી ગયાનું જોતાં જ એ પોતાની સુખની એ પળમાં ઘેલી થઈ ડૂબી તો એવી જાય છે, કે સ્ટ્રેચરમાં સૂતેલો પતિ ગામડિયણના રડવાનો અવાજ સાંભળી પૂછે છે, કે આ શેનો અવાજ, ત્યારે ગીતા ઝડપથી કહે છે, "ગમે તેનો"! અને આગળનો અંત આ રહ્યો: "પછી......કંટાળો બતાવતાં કહ્યું, "આ લોકો પણ સમજતાં નથી. દવાખાનામાં કેવી બૂમાબૂમ કરી મૂકે છે?" (પૃ ૪૦).

આ ગીતા ચિંતાક્ષણોમાં હૉસ્પિટલની "ખંધી અશાંતિ" વચ્ચે "ટંડે પેટે પસાર થતાં હૉસ્પિટલનાં માણસો"ને ચીડથી જોતાં વિચારતી હતી, 'કેવા છે આ લોકો?' પેલાં 'વાત'ના મનુ પ્રત્યે કે 'આ લોકો...'ની ગીતા તરફ ભાવકનું મન કૂણું તો રહે જ એ પ્રકારે વાર્તાકાર સંદર્ભ રચે છે એ અહીં અગત્યનું છે. વ્યંગની આ રીતિ કલાકારને સહજ એમ અહીં પ્રગટી છે.

'ખલેલ'ના આ સંગ્રહમાં લેખકની વ્યંગ-મર્મની છટા આમ વિવિધ પેરે મૂર્ત થતી જ રહી છે. પેલો 'અંતરિયાળ'નો દિલીપ મૃત મિત્ર જેંતીના રોમાન્સની વાતો સંભારતાં જાણે પોતાના રોમાન્સની જ એ જૂની વાતો હોય એમ પત્ની આગળ બધું વર્ણવે છે અને પ્રેમાળ ચતુર પત્ની વચ્ચે સાચી રગ અણુસારવા જાય ત્યાં ગૂંગળાય છે એ, એ વાત જુઓ. 'દાબ' વાર્તામાં બૈરાં પર દાબ રાખવો જ જોઈએ અને પોતે રાખે છે એમ હાંકયે જતો પ્રીતમ ખરેખર તો પૈસાની તંગીએ પત્નીને જાતે જ સ્વચ્છંદી થવા દે છે છતાં 'દાબ' રાખવાનું તો ઠેઠ લગી વાજું વગાડતો જ રહે છે એ જુઓ. નિરૂપણની તાજગી અલબત્ત 'અંતરિયાળ'માં ઝળકે છે, એવી 'દાબ'માં ઝળકતી નથી.

વસ્તુ-આયોજન-વહનની દૃષ્ટિએ રૂઢ પ્રણાલીની વાર્તાઓ પણ અહીં મળે છે. એમાં ' મોરચા 'માંનું અંતે પ્રગટતું પિતા કાનજીભાઈનું વાત્સલ્યદર્શન શાંત-કરુણ-ભવ્યની રુચિર મુદ્રા રચે છે. એમાંનું ગામડાના ઘરમાંની સ્ત્રીઓનું આ ચિત્ર યાદ રહે એવું છે :

" બારીની ફ્રેમમાં ગોઠવાયેલી આકૃતિઓ ખળભળીને પાણીમાં ખોવાઈ જતા પ્રતિબિંબની માફક અદૃશ્ય થઈ ગઈ. " (પૃ. ૩૩).

રૂઢ પ્રણાલીની વાર્તાઓમાં ' સાયરન ', ' ઉંબરો ', ' તરસ ', ' યાદ ', ' મોં ' જેવી, કે ખાસ તો નિરૂપણ અદાથી નવીન ઢબી થયેલી ' સમ-વિષમ '. યા વસ્તુ-સ્વરૂની દૃષ્ટિથી ચિત્રાત્મક નિબંધ જેવી ' હોવું-ન હોવું ' જેવી વાર્તાઓ આ સંગ્રહના લેખકની વાર્તાકાર તરીકેની અન્યત્ર પ્રગટ એવી શક્તિને પૂરતો ન્યાય આપનારી વાર્તાઓ ન ગણાય.

સંગ્રહને નામ અર્પતી વાર્તા ' ખલેલ 'માં નોકરીની ફરજ-કદરને જ મુખ્ય લેખી જિંદગીના બીજા જે-તે ' ચાર્મ 'ને તેમાં ખલેલ જ માનતા પોલિસ અધિકારી દવાખાનામાં સારવારના દિવસોમાં નર્સ અંજનાની પીઠે ઉપસઉપસ થતી બ્રેસિયરની પટ્ટીને તાકે તો છે જ, પણ પછી તો એનાં બાવડાં ય પકડે છે ! અંજના બારી કને ધસે છે. અંજનાની ચીસે બહાર એકઠા થયેલા લોકો જોતાં આ પોલીસ અધિકારીની દશા ? " એકાએક એનું હૃદય બંધ પડી ગયું ". (પૃ. ૧૧૭). આ અંત કંઈક વારતાશાઈ ખરો. જિંદગીને ' વર્શિપ '— આરાધના, ફરજના પૂજનરૂપે જોનાર, મનને ખેંચતા ' ચાર્મ 'ને ખલેલ ગણે એ ખયાલે શીર્ષક પ્રેર્યું અને એ શીર્ષકે સંગ્રહનું નામ પણ નક્કી કરી આપ્યું. એ જોતાં આ વાર્તા સંગ્રહની પ્રતિનિધિ લેખાય એવી શક્તિસૂચક નહીં.

' ભડકો ' કે ' નામ વગરનો માણસ ' વાર્તાઓ સંગ્રહની સારી વાર્તાઓમાં ગણાય; પહેલી એના નાયક કેશુના મનમાં ઈર્ષ્યાએ જ પેટાવેલા સમજના ભડકાના સ્ફોટક અંતથી અને બીજી એમાંના હચમચાવી નાખતા શાંતકરુણ વાસ્તવથી. પહેલીમાં ખેતર આસપાસની, તો બીજીમાં ' ઘર '. વચ્ચે સ્વાર્થે ઊભા કરેલા પરાયાપણાની છબી સજીવ થઈ ઊઠી છે. ' બારી 'માં પત્ની, નાઈટડ્યૂટી કરતો પતિ ઘેર આવતાં એના બોલ-સહવાસની ઝંખનાએ કેવી તત્પર અને એમાં અંતે નિરાશ થતાં કેવી ભગ્ન થાય છે એવી સાદી વાત છે, પણ લેખકે પત્નીના સંવેદનની ભાત ઝીણી કલમે ઉપસાવી છે. આ ત્રણે વાર્તા સૂચવે છે અને બીજી ઘણી વાર્તાઓ પણ દર્શાવે છે તેમ શીર્ષકની પસંદગીમાં લેખકની કલ્પના સારી સફળતાને વરી છે. એમાં ક્યાંક જ શીર્ષકની ઝમક વાર્તાની સમગ્ર કલાથી વિસંગત જણાવાની. ભાવકને વાર્તા વાંચવા તરત ખેંચે અને વાર્તા પૂરી થયે વિચાર કે સંવેદનમાં એનું મન ઘેરી લે એવું શીર્ષક માંડવું એ વાર્તાકારની એક મોટી ખૂબી આ લેખકમાં છે.

' ખલેલ 'ની આ પચીસ વાર્તાઓમાં સહૃદય અને કુશલ વાર્તાલેખકની પ્રતીતિ અધઝાઝેરી વાર્તાઓમાં થાય એમ છે. લેખકની સંવેદના—જીવનસૂઝ કોઈ વાદ-વિજ્ઞાનની ખીંટીએ ટીંગાઈ જતી નથી, તેમ એમની કલમને ય કોઈ આ–તે ગ્રહનું ઘેલું વળગતું નથી એ આ સંગ્રહની સમગ્ર છાપ અભિનંદનીય છે. પ્રસંગ, પાત્રનું મન-વર્તન, આજુબાજુનો સૂચક-પૂરક સંજોગસંદર્ભ,

એ સર્વનું શીર્ષકથી માંડી અંત અથવા બયાન-વર્ણનથી માંડી સંવાદ પર્યન્તનું પ્રોજેકશન કલાકારની હેસિયતે પેશ કરવાનું લેખકને ફાવે છે; સારું ફાવ્યું છે. તેથી જ પ્રથમ વાર્તાસંગ્રહ સાથે જ આ લેખક આપણા વાર્તાક્ષેત્રે યશના અધિકારી નીવડે છે. સાહિત્ય-કલાની દરેક બુલંદ કૃતિ ચાલુ જીવનવ્યવહારમાં ' ખલેલ ' પહોંચાડે એમ માનવસમાજ-સંસ્કૃતિ સદાયે ઝંખે. આ સંગ્રહ જોતાં ઇચ્છીએ કે એવી ' ખલેલ ', આવી વાર્તાઓ આપી, લેખક જરૂર પહોંચાડે.

હસિત બૂચ

* * *

ઉદ્ગાર : લે. વિજય શાસ્ત્રી; પ્ર. સુવાસિત સાહિત્ય પ્રકાશન, ૧-૩૭૮૭, મોટી દેસાઈ પોળ, સૂરત; પૃ. ૨૦૦, મૂલ્ય: બાર રૂપિયા.

પ્રાચીન-અર્વાચીન કવિઓની કાવ્યકૃતિ પર ટૂંકા આસ્વાદ–લેખો લખવાની પ્રવૃત્તિ તો હવે જાણે રૂઢ બની રહી છે ત્યારે વિવિધ લેખો-કાવ્યોમાંથી ચૂંટી કાઢેલી પંક્તિ-પંક્તિઓ પરના આસ્વાદ લેખોનો સંચય ' ઉદ્ગાર ' નામે પ્રકટ થાય છે. એમાં લગભગ ૯૯ ટકા તો ગદ્યપંક્તિઓ જ છે. એની પસંદગી પાછળ કોઈ ચોક્કસ ધોરણ જળવાયું હોવાનું જણાતું નથી. તેમાં વૈવિધ્ય છે પણ ચિંતન અને રસાત્મકતાની દૃષ્ટિએ કોઈ વિશિષ્ટતા નથી.

' ઉદ્ગાર 'નાં ૫૧ અવતરણો પૈકી ૨૮ તો પાશ્ચાત્ય વિદ્વાનોનાં જ વિધાનોના અનુવાદો છે. રાધાકૃષ્ણનનાં ૨, ટાગોરનાં ૬, ખલીલ જિબ્રાનનું ૧ અને ભર્તૃહરિ, કાલિદાસ, બુદ્ધ-મહાવીરનાં એક એક વાકય લેવાની લેખકે ઉદારતા દાખલી છે. વિસ્મયની વાત તો એ છે કે આ મેળામાં રમણભાઈ અને મહીપતરામ નીલકંઠ, સુરેશ દલાલ તથા સુરેશ જોષી એક એક વિધાન સાથે ભળી ગયા છે! હા, વચ્ચે અખો ભગત આવીને કહી જાય છે કે " તમે આવાં ડાહ્યાં કયાંથી થયાં ? "

જીવનની ઉદાત્તતાને આછો સ્પર્શ કરતાં મોટા ભાગનાં વિધાનોનું-રસદર્શી તો ન કહી શકાય–વિચારવિસ્તરણ જે તે પંક્તિના સમગ્ર કથયિતવ્યના ધ્વનિને મનમાં રાખીને લેખકે કરેલા સ્વૈરવિહાર જેવું લાગે છે. આથી મૂળ વાકયના અનુસંધાનમાં વિચારવિસ્તાર વહેતો રહેવાને બદલે ઘણે સ્થળે, વિષાયાન્તર થતું રહ્યું છે, છતાં જ્યાં લેખક મૂળ પંક્તિના વિચારને વળગી રહ્યા છે ત્યાં તેમનું આલેખન આસ્વાદ્ય બન્યું છે. ઘણે સ્થળે તો એમ જ લાગે છે કે, પોતાને અભિપ્રેત વિચાર કે વ્યંગને ટિંગાડવા માટે અનુકૂળ ખીંટીઓ તરીકે લેખકે આ કે તે પંક્તિઓની પસંદગી કરી છે. વળી આ અવતરણોને તેના મૂળ લખાણના સંદર્ભમાંથી છૂટાં પાડીને મૂલવવાનું દુઃસાહસ એના સત્યનું ખંડિત દર્શન કરાવે છે. આના કરતાં તો લેખકે જે તે વિષય પર સ્વતંત્ર રીતે લઘુનિબંધો લખ્યા હોય તો વધુ યોગ્ય ગણાત. એક બે દાખલા તપાસીએ:

સંત રવિદાસે કયાંક કહ્યું કે " પ્રાણ જ પ્રાણને ટકાવી શકે છે ", તો ' ઉદગાર 'ના લેખકે એ પંક્તિ પર ' કલામાં નીતિ '(એક અશ્લીલ ચર્ચા)નો કેવો વિચિત્ર શબ્દવિસ્તાર કર્યો !

' પ્રભુ મારા પર શાથી પ્રસન્ન થશે ? " એ મહીપતરામની પંક્તિ પર લેખકે મહીપતરામનું જ ઉત્તરપ્રવચન અવતીર્ણ કરી તે પરનો શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદીનો અભિપ્રાય ઉતાર્યો કે આ

"પ્રવચનમાં ઊંડાણ નથી" અને "કટાક્ષ કરવામાં જાતે ક્ષુલ્લક થવાય છે." શ્રી શાસ્ત્રીએ તો અંતમાં એક પરિચ્છેદમાં એટલું જ જણાવ્યું કે પ્રો. ત્રિવેદીનો અભિપ્રાય બરાબર નથી. આ પ્રકારની પંક્તિની પસંદગીનું પ્રયોજન શું ?

'એકલતા', 'હૃદયની ઉષ્મા', 'સત્ય', 'સુખ', 'તે મહાન છે', 'યુદ્ધ કર્યું ?', 'પ્રેમ', જેવા લઘુ લેખોમાં તો નર્યો સીધો ઉપદેશ તરી આવે છે.

"આખરે તો સત્યનો જ જય છે" વાક્યના લેખકનું નામ ખબર ન હોવાથી નથી આપ્યું એમ તેઓ જણાવે છે ત્યારે સહેજ હસવું આવે છે. **सत्यमेव जयते** કે **सत्यान्नास्ति परो धर्मः** જેવાં સનાતન મંત્રવાક્યોનો પડઘો તો અનેક વિભૂતિઓનાં પ્રવચનો-લેખોમાં પડતો હોય છે!

"I know only the skin of the earth......" પાબ્લો નેરુદાની આ પંક્તિનો "હું તો માત્ર ધરાને જ ઓળખું છું......" એવો અનુવાદ લેખકે પોતે જ કરી એનો અર્થવિસ્તાર સરસ કર્યો છે. પણ આ અનુવાદમાં મૂળ 'Skin' શબ્દ છૂટી ગયો છે અને તેથી અર્થચ્છાયામાં થોડો ફેર પડે છે, તેનું શું ?

'માનવીયતા', 'અનામ ધરા', 'તપશ્ચર્યા', 'વૃક્ષોની કેફિયત', 'સ્વાર્થ', 'શબ્દ પ્રેમ', 'આત્મવિસ્મૃતિ', 'દુઃખ અને આપણે', 'મૂલ્યો', 'જોનાથન...', 'અ-સંગત!' જેવા લેખો અર્થરહસ્યના સ્ફોટપૂર્વક રસિક વિવરણની હદ સુધી પહોંચી જાય છે. એવાં આસ્વાદ્ય અને હૃદયસ્પર્શી લખાણોમાં શ્રી શાસ્ત્રીનાં પણ કેટલાંક એવાં મિતાક્ષરી ચિંતનગર્ભ વિધાનો મળી આવે છે કે જેનો અર્થવિસ્તાર કરવા માટે કોઈ બીજો લેખક પસંદગી કરવા લલચાય. દા. ત.,

"કર્મ**નો** સંન્યાસ નહીં પણ કર્મ**માં** સંન્યાસ ઇષ્ટ છે." (૩૧)

"માણસ મરી ચૂક્યો છે, તેનો અગ્નિસંસ્કાર કોણ જાણે ક્યારે થશે?" (૩૮)

"પડછાયા જેટલું 'પરાયું' 'સ્વજન' કદાચ માનવીના ભાગ્યમાં બીજું કોઈ નથી ? (૮૪)

"આપણી વચ્ચે દૈહિક નૈકટ્ય છે પણ હાર્દિક દૈર્ય છે." (૯૯)

"કૂતરો પૂંછડી પટપટાવીને પગ ચાટી શકે પણ એવી જ આશા સિંહ પાસે કેમ રાખી શકાય ?" (૧૦૪)

'ઉદ્‌ગાર'માં શ્રી વિજય શાસ્ત્રીની સાહિત્યાભિમુખતા, સદ્‌વિચારરુચિ, વિશાળ વાચન અને રોચક રીતે રજૂઆત કરવાની આલેખનશક્તિની પ્રતીતિ થાય છે. હવે પછીના સંપાદનમાં ચોક્કસ અને ઊંચું ધોરણ જળવાય, સંકલના ઉપસી આવે અને અર્થવિસ્તાર રસદર્શી વિવરણરૂપ બની રહે જેથી કૃતિ સાહિત્યિક મૂલ્યને પણ વરી રહે એવી અપેક્ષા સહ લેખકને અભિનંદન.

મહેન્દ્રકુમાર મો. દેસાઈ (કુમાર)

* * *

વમળનાં વન: (કાવ્યસંગ્રહ); લેખક: શ્રી જગદીશ જોષી; પ્રકાશક: વોરા એન્ડ કંપની, અમદાવાદ-૧; પૃ. ૨૮+૧૬૦ મૂલ્ય: રૂા.૨૫.

વિષાદના વિકંપની કવિતા

'વમળનાં વન' શ્રી. જગદીશ જોશીનો 'આકાશ' પછીનો બીજો કાવ્યસંગ્રહ છે. એમાંની ૧૧૪ જેટલી રચનાઓમાં મુખ્યત્વે ગીતો અને અછાંદસ કૃતિઓનો સમાવેશ થાય છે. થોડીક ગઝલરચનાઓ, સૉનેટ અને છંદોબદ્ધ કાવ્યો પણ એમાં સ્થાન પામ્યાં છે. આ બધી કૃતિઓમાં પ્રધાનપણે જે એક સૂર સંભળાય છે તે વિસંવાદમાંથી પ્રગટતી વેદનાનો છે. જીવન અને જગતમાં પ્રવર્તતાં હતાશા, વિફલતા, અંજપો ને એકલતાને કવિ અનેક રીતે, કયારેક અંગત ભાવરૂપે તો કયારેક વ્યાપક મનોદશારૂપે નિરૂપે છે. માણસ વૈશ્વિક સંવાદથી, એની આસપાસની દુનિયાના વ્યવહારથી અને પોતાના આંતર ભાવજગતથી પણ જાણે વિખૂટો પડી ગયો છે, અળગો પડી ગયો છે. આ અલગતાનું ભાન એનામાં વેદનાની ને એકલતાની લાગણી જન્માવે છે. આ જગતમાં બે જણનું પ્રેમથી મળવું એ ઘટના જ વિરલ છે. ને ધારો કે એવી ઘટના ઘટી, તોપણ તેના સાર્થકય અંગે, એની આત્મસંતર્પકતા અંગે તો શંકા જ રહે છે. એવા મિલનમાં પ્રાપ્તિના સંતોષ કરતાં અપ્રાપ્તિનો અજંપો જ વધારે અનુભવવા મળે છે:

માનો કે આપણે ખાધું–પીધું અને માનો કે રાજ!
થોડું કીધું યે રાજ,
પણ ઝૂરતા આ ઓરતાનું શું ? (પૃ. ૧)

બે વ્યક્તિઓના મિલન સંભવમાંથી જન્મતો આ પ્રશ્ન જીવનવ્યાપી આધ્યાત્મિક પ્રશ્ન બની રહે છે. માણસને જાણે એવો શાપ મળ્યો છે કે એને જે મળે તે અધૂરું જ મળે ને એનો અસંતોષ સદાય જાગતો જ રહે. પેલો કવિ જે પોતાને માટે કહે છે તે માણસ જાતને માટે ય સાચું છે કે "How great my grief, my joys how few! અહીં આ જગતમાં તો શ્રી. જોશી કહે છે તેમ ખોબો ભરીને હસવાનું અને કૂવો ભરીને રોવાનું છે. (પૃ. ૧૫) આવી સ્થિતિમાં માણસને ઉદાસીન થઈ જવાનું મન થાય, સુખદુઃખ મનમાં ન આણવાનો સંકલ્પ કરવાનું મન થાય ને પૂરી વૈરાગ્યવૃત્તિથી તો નહીં પણ વેદનાના ઝનૂનથી એનાથી કહેવાઈ જાય:

આ હળ્યામળ્યાના હરખ શોકને માંડી વાળો
કોઈ નહીં ને તમે...
હવે તો ઉમટયા થૈને સાવ અજાણ્યા લોક
લોકને માંડી વાળો!

(પૃ. ૧૫૭)

શ્રી જોશીની કાવ્યપ્રતિભાનો ઉત્ફુલ્લ ઉન્મેષ એમનાં ગીતોમાં વિશેષ જોવા મળે છે. આ ગીતોમાં રાગઢાળનું વૈવિધ્ય ઝાઝું નથી; લયનાં અવનવાં આંદોલનો ઉપર પંક્તિઓને ઝુલાવવાનો પ્રયાસ નથી; આપણા રમેશ પારેખ જેવા કેટલાક નવકવિઓએ ગીતને જે નવો હિલોળ-ઉછાળ

આપ્યો છે તેવું પણ નથી; છતાં સુકુમારતા, નજાકત અનેક ગીતોમાં સારી પેઠે ઊતરી છે. ગીતની વાણીમાં ભાવલહરીઓ એવી એકાકાર થઈ જવી જોઈએ કે શબ્દ અર્થનો વાહક છે એવું ન લાગે, શબ્દના ઠાઠમાં જ અર્થનો આકૂડો અનુભવ થાય. શ્રી. જોશી પાસે ગીતોચિત નમનીય વાણી છે ને એને તળપદી લોકબોલીનો પાસ પણ લાગેલો છે. નવપ્રણયની અનુભૂતિની નાજુક વાત કવિએ લોકજીવનના રોજબરોજના વ્યવહારમાં કેવી કુશળતાથી ઢાળી છે !

પ્હેલા પરોઢના પાતળિયા અંધારે
અટવાતી પાનિયુંમાં કેડી
આંખ કરી ઝીણી ને કૂવામાં જોયું તો
જળમાં સળગે છે એક મેડી
માથે અધૂકડી આ ગાગર મેલીને હાલ્ય
સપનાંઓ માંજશું સમેત ! (પૃ. ૮)

પણ પ્રણયના આવા મુગ્ધ સંવેદન કરતાં એમનાં ગીતોમાં એના વૈફલ્યની, અધૂરપની વાત વિશેષ ગવાઈ છે પ્રીતિના લીલા રંગ ઊપટી જાય છે, ચાહેલાંનાં પગલાં વાસ્તવની વિષમ ધૂળમાં ખોવાઈ જાય છે, સૂકાં પાન જેવાં સ્મરણો ખખડે છે ને ચરણો સ્વજનને સાદ પાડે છે :

દ્વારે લટકેલ સૂકાં સૂકાં તોરણ મહીં
ખખડે છે સ્મરણોની ભરતીઃ

× × ×

ખોવાયા સાથીનાં પગલાંઓ ફંફોસી
ચરણો આ પાડે છે સાદ. (પૃ. ૧૧)

સામાન્ય રીતે શ્રી. જોશીનાં ગીતોનો ઉપાડ આકર્ષક હોય છે; એમાં સમુચિત શબ્દવિન્યાસ ને વર્ણધ્વનિસામ્યની ખૂબીભરી ચમત્કારિક ગોઠવણી હોય છે. છતાં કયારેક એવી લાગણી થાય છે ખરી કે ગીત વધારે પડતું કુપ્ય બની ગયું છે, વાચ્યના વૈભવમાં વ્યંજના ઝાંખી પડી ગઈ છે. 'શો ફાયદો' (પૃ. ૯)ના ઉપાડની પંક્તિઓનો વિન્યાસ ગદ્યનો જ લાગે છે; ને 'તે હવે તમને કહેવાથી શો ફાયદો' જેવી ઉક્તિની ગદ્યાળુતા ખૂંચે છે.

અછાંદસ રચનાનો એક લાભ એ છે કે એમાં વાણીને કોઈ નિયમિત વ્યવસ્થામાં વહેવાનું નથી હોતું. પણ આ લાભ કયારેક કાવ્ય માટે ગેરલાભ પણ બની જતો હોય છે; ખાસ તો ત્યારે જ્યારે કવિનું પોતાનું આંતર કલાશિસ્ત શિથિલ બને. પદ્યબંધ છોડીને વાણીને કાવ્યોચિત ઠાઠમાં રાખવી, એમાં નર્તન-ઉડ્ડયન લાવવું એમાં કવિની કસોટી છે. કવિ જો સાવધ ન રહે તો રચનામાં પત્રકારિયા વાણી પ્રવેશી જાય, ભાષણિયા લઢણો આવી જાય ને કૃતિની વ્યંજનાત્મકતા અળપાઈ જાય. આવી નિર્બંધ રચનાઓને અનુચિત ને અનાવશ્યક પ્રસ્તારનો ભય પણ ખરો. શ્રી જોશીની કેટલીક અછાંદસ રચનાઓ વાણીના સંયમને લીધે તથા પ્રયુક્ત કલ્પનો, પ્રતીકો આદિના ઔચિત્યને લીધે વ્યંજનાત્મક ને ધારદાર બની છે તો વળી કેટલીક પ્રસ્તારી ને અતિ મુખર

પણ બની ગઈ છે. અછાંદસ કવિતાની શકયતાઓ ને ક્ષમતાઓનો સફળતાપૂર્વક લાભ લેવાયેલો જોવો હોય તો સંગ્રહની 'તારા વિના' (પૃ. ૨૨), 'મોતિયો' (પૃ. ૨૬), 'ચાલો આપણે' (પૃ. ૬૦), 'મારાં ગીતોને' (પૃ. ૯૪) અને 'ત્રિ-કોણ' (પૃ. ૧૦૬) જેવી કૃતિઓમાં તે જડશે; એની મર્યાદાઓ જોવી હોય તો તે 'Freedom at Midnight વાંચ્યા પછી...' (પૃ. ૭૦) અને 'શોકસભા પહેલાં અને પછી' (પૃ. ૧૪૮) જેવી કૃતિઓમાં છે.

શ્રી. જોશીએ એમના સંગ્રહમાં ગઝલ અને સૉનેટ કૃતિઓ થોડી જ આપી છે. આજની ગઝલ હવે ઇતર કવિતાથી નોખાં લક્ષણો એના છંદમાં અને મુક્તક પ્રકારના શેરો પૂરતી જ ધરાવે છે એમ કહી શકાય. ગઝલનો પ્રત્યેક શેર ધારદાર, ચોટદાર હોવો જોઈએ કેમ જે એમાં કૃતિ સમગ્રના ભાવની અપેક્ષાએ હરેક શેરનો ભાવ વિશેષ જ ઘણુંખરું આસ્વાદ-વિષય હોય છે. શ્રી. જોશીની ગઝલ રચનાના કેટલાક શેર કયાંક ઉક્તિવૈચિત્ર્યથી તો કયાંક અર્થચમત્કૃતિથી આસ્વાદ્ય બન્યા છે :

તમને મળું નહીં કે ન મળવા કહી શકું
હું પણ હવે રહું છું કયાં મારા નિવાસમાં ? (પૃ. ૭૫)

* * *

એક ફૂલ ઊતરતું'તું ધીરે ટેકો લઈને ગમગીનીનો
આ લ્હેર અડી, વળ ખાઈ ગયું: પગથાર હવે કોને માટે ? (પૃ. ૭૯)

* * *

દોરી રહી છે આમ તું કોના મિલનનું ચિત્ર ?
મારા વિરહમાં આપણો આખો ચિતાર છે. (પૃ. ૮૦)
ગેલમાં આવીને ભીની ફૂંક મારી એ છતાં,
દીપને અમળાઈને ઊઠી જતાં ના આવડયું. (પૃ. ૮૭)

સંગ્રહની ચાર સૉનેટ રચનાઓમાં કવિનો ભાવ-વિચારનો સ્પંદ કંઈક મંદ રહે છે, જોઈએ તેટલો ઉગ્ર-દીપ્ત બનતો જણાતો નથી. છતાં '(વિ)ચિત્ર' (પૃ. ૩૧) અને 'ક્ષણોના કિલ્લામાં'ની વર્ણનસમૃદ્ધિ ધ્યાન ખેંચે એવી જરૂર છે. 'નિયતિકૃત નિત્યક્રમથી' છૂટવા મથનારનો આર્ત પ્રલાપ હૃદયસ્પર્થી છે પણ કૃતિનો ઉત્તરાર્ધ એટલો અસરકારક બનતો નથી. ચારમાંનું 'હવે તો' (પૃ. ૫૬) એના સ્પષ્ટ ભાવવળાંક અને અંતમાં સધાતી ચોટને લીધે વધારે આસ્વાદ્ય બન્યું છે. વિતથ પ્રણયની અનુભૂતિથી ત્રસ્ત હૃદયની સુખદ પ્રણયાનુભવની અભિલાષા એમાં સુપેરે વ્યક્ત થઈ છે.

સમગ્રતયા જોતાં 'વમળનાં વન' કવિની ભાવસમૃદ્ધિને વાણીની અવનવી ભંગિઓમાં, રૂઢારૂઢ પ્રતીક પ્રતિરૂપોમાં વિશદતાથી મૂર્ત કરતો રૂડો કાવ્યગ્રંથ છે.

જયન્ત પાઠક

* * *

પ્રિયકાન્ત મણિયાર: લેખક—શ્રી નલિન રાવળ, સંપાદક ડૉ. રમણલાલ જોષી, 'ગુજરાતી ગ્રંથકાર શ્રેણી: ૧', કુમકુમ પ્રકાશન, અમદાવાદ, પૃ. ૯૪, મૂલ્ય રૂા. ૫=૦૦.

અંગ્રેજી સાહિત્યમાં જુદા જુદા સાહિત્યકારો વિશે નાની પુસ્તિકાઓની એક કરતાં વધુ શ્રેણી ઉપલબ્ધ છે. આપણે ત્યાં સાહિત્ય અકાદમી અને નેશનલ બુક ટ્રસ્ટે ભારતીય સાહિત્યકારો વિશે આ પ્રકારની શ્રેણીઓ આરંભી છે. પરંતુ ગુજરાતીમાં વિવિધ સર્જકોનાં જીવન-કવનને મૂલવતી આવી પુસ્તિકાઓની ઊણપ વર્તાતાં સુજ્ઞ વિવેચક ડૉ. રમણલાલ જોષીએ 'ગંભીરતાના ભાન સાથે' આ પ્રકારની લઘુ ગ્રંથોની (મોનોગ્રાફ) શ્રેણી શરૂ કરી છે, તે અભિનંદનીય છે.

ઉપર્યુક્ત શ્રેણીનો પ્રથમ મણકો એટલે શ્રી નલિન રાવળકૃત 'પ્રિયકાન્ત મણિયાર' નામની ૭ ખંડોમાં વહેંચાયેલી ૯૪ પૃષ્ઠો ધરાવતી પુસ્તિકા. શ્રી નલિન પ્રિયકાન્તના અંતરંગ મિત્ર હોવાને કારણે પ્રિયકાન્તના અને તેમની કવિતાના વિવિધ તબક્કાઓના નજીકના સાક્ષી છે. એટલે લેખકે કવિશ્રીના શૈશવથી માંડીને મૃત્યુ પર્યંતના સર્વ પ્રસંગોની શ્રદ્ધેય માહિતી પૂરી પાડી છે. લેખક પોતે પણ '૫૦ પછીના અગ્રણી નવોદિત કવિઓમાંના એક હોવાથી પ્રિયકાન્તની વિકાસોન્મુખી કવિતાનાં વિવિધ પરિબળોની અને તેમની કવિતાની પૂર્ણ તાટસ્થ્ય સાથે મૂલવણી કરી છે. તેઓની અંગત મૈત્રી આ પ્રકારની વિવેચનામાં બાધક ન નીવડતાં કાવ્યરહસ્યને પામવા ઉપકારક નીવડી છે.

પ્રથમ ખંડમાં લેખકે શિશુ બચુભાઈ ઉર્ફે બાબુલાલ વીરમગામ-સુરેન્દ્રનગર અને પછી અમદાવાદમાં હાથીદાંતની ચૂડીઓ ઉતારવાના અનેક કોલાહલભર્યા વ્યવસાયમાં કેવું એકાંત રચી શકતા તેનો સ-રસ ચિતાર આપ્યો છે. માતા પ્રેમકુંવર, શિક્ષક જગજીવનરામ વગેરેથી માંડીને અમદાવાદની બુધસભાનો અત્રે જીવંત પરિચય મળે છે. 'વહી જતા જળના સમથલ વહેળા જેવો' બચુભાઈનો કાવ્યપાઠ, 'પ્રચંડ જલઘોધ સમું' પ્રિયકાન્ત અને પિનાકિનનું છૂટું સુદીર્ઘ હાસ્ય, યોગીકવિ મકરન્દ અને રસિક કવિ પ્રિયકાન્તની મિત્રજોડી, કવિમિત્રોના મિલન સમી બાલાહનુમાનના નાકે આવેલી દોઢ હાથની નાની ઓરડી...વગેરે અનેકવિધ દૃશ્યોને લેખકે નાટચકારની અદાથી પૂરેપૂરાં ચગવ્યાં છે. કવિ પ્રિયકાન્તને મકરન્દ, હસમુખ વગેરે અનેક કવિઓની મૈત્રીનો તથા સવિશેષ તો વિહરતી વિદ્યાપીઠ સમા શ્રી નિરંજન ભગતના હૂંફાળા માર્ગદર્શનનો અનેરો લાભ મળ્યો છે. પ્રિયકાન્તે ગુરુજન તરીકે કરેલા જાહેર ઉલ્લેખને નિરંજન ભગત ભલે સૌજન્યપૂર્વક અસ્વીકારે (જુઓ: "એ એમનો મુગ્ધ ભ્રમ હતો"—પ્રિયમિત્ર: 'પ્રિયકાન્ત મણિયાર', ગ્રંથ, જુલાઈ, ૧૯૭૬) પરંતુ પ્રસ્તુત લઘુગ્રંથ વાંચતાં પ્રિયકાન્તનો એ ઋણસ્વીકાર સહજ લાગશે. પ્રિયકાન્તની પ્રારંભની કાવ્યબાનીને મઠારવામાં–વિકસાવવામાં અને તેને વિશિષ્ટ સંદર્ભમાં પ્રયોજવામાં આ કવિતાશિક્ષકનો મહત્ત્વનો ફાળો છે.

બાકીના પાંચ ખંડોમાં લેખકે કવિના પાંચ પ્રસિદ્ધ અને બે અપ્રસિદ્ધ કાવ્યસંગ્રહોની સોદાહરણ આલોચના કરી છે. '૫૦ પછીની રાજેન્દ્ર, નિરંજન, મકરન્દ, બાલમુકુન્દ, ઉશનસ્ વગેરેની કાવ્યબાનીના ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં પ્રિયકાન્તની વિસ્મયમઢી કવિતાનું 'શુભઘડી'એ થયેલા આગમનનું અત્રે વિશ્લેષણ થયું છે, તે નોંધપાત્ર છે. 'પ્રતીક' કવિનો પ્રથમ કાવ્યસંગ્રહ

હોવા છતાં તેની આગવી તાજપભરી મુદ્રા અને વ્યંજનાસભર ચિત્રાત્મકતાને લીધે ભાવકોમાં વધુ પ્રિય થઈ પડચો છે. ઉમાશંકર અને નિરંજન ભગતની માફક લેખક પણ તેના પર વરસી પડચા છે: "કાવ્યબંધારણની રીતે 'પ્રતીક'ની એક એક રચના બેનમૂન છે." (પૃ. ૩૨). આ વિધાનના અનુસંધાનમાં લેખકે રાધાનાં હૃદયસ્પંદનોને વાચા આપતાં અનેક ગીતોની સાથે 'ખીલા', 'કબૂતરો', 'ધ્વનિ', 'એક ગાય' વગેરે કાવ્યોનો રસાસ્વાદ કરાવ્યો છે.

ત્રીજા ખંડની ચર્ચા 'અશબ્દ રાત્રિ'ની આસપાસ ચાલે છે. લેખકનો સર્જનકર્મ સાથે અપરોક્ષ નાતો હોવાને કારણે આ કાવ્યસંગ્રહની ચર્ચા '૩૩ કાવ્યો' (નિ. ભ.), 'નમેલી સાંજ' (હ. પા.), 'ઉદ્‌ગાર' (ન. રા.) વગેરે તત્કાલીન સંગ્રહોના સંદર્ભમાં કરે છે અને કાવ્યબાની તથા ભાષાબંધારણની દૃષ્ટિએ આ સર્વમાં રહેલા અદ્‌ભુત સામ્યને સવિગત તપાસે છે. પ્રિયકાન્તનાં કાવ્યોમાં વિષય બદલતાં એક જ છંદ ('ચાલતાં ચાલતાં' અને 'કંચુકી બંધ છૂટચા'નો અનુષ્ટુપ; 'વિભ્રમે' અને 'ખિસકોલીઓ'નો અભ્યસ્ત ઝૂલણા વગેરે) કેવો નોખો ચહેરો ધારણ કરે છે તેની આલોચના ધ્યાનપાત્ર નીવડી છે. 'હાથી', 'અશ્વ', 'અશબ્દ રાત્રિ', 'આપણે' વગેરે પરિચિત રચનાઓના ભાવવિશ્વને સ્પર્શતાં લેખકે કવિની ઉત્કટ સંવેદનશક્તિ અને કલ્પનકળાને પ્રશંસી છે.

ચોથા ખંડમાં લેખક ૧૯૬૬માં પ્રકાશિત થયેલા 'સ્પર્શ'નાં આકર્ષક ગીતોના ભાવલોકને તે જ વખતે પ્રસિદ્ધ થયેલા 'મૌન', 'એકાન્ત' અને 'નિર્માળ' સંગ્રહોના સંદર્ભે અવલોકે છે. લેખકે 'સમીપ' અને 'પ્રબલગતિ' તથા અપ્રસિદ્ધ કાવ્યસંગ્રહો 'વ્યોમલિપિ' અને 'લીલેરો ઢાળ'ની અનુક્રમે પાંચમા અને છઠ્ઠા ખંડમાં સમીક્ષા કરતાં પ્રિયકાન્તે અમેરિકા-પ્રવાસ દરમ્યાન વિસ્ફારિત નયને શિશુસહજ કુતૂહલ અને આશ્ચર્યથી જે કાંઈ જોયું-અનુભવ્યું તેના સંવેદનરૂપે રચાયેલી રચનાઓને ('યશવંતને ઉત્તર', 'ન્યૂયોર્ક-એક હરણ' વગેરે) પૂરતી તટસ્થતાથી ચર્ચી છે. 'ક્રૌંચવધ', 'નચિકેતા', 'ઈસુની ઉક્તિ' વગેરેમાં સુપ્રસિદ્ધ પુરાણ-કલ્પનોને વિશિષ્ટ સંદર્ભમાં પ્રયોજી કવિએ અર્પેલા આગવા નિરીક્ષણોની તથા પ્રવાહી ગદ્યમાં આપેલી કેટલીક રચનાઓની લેખકે સટીક નોંધ લીધી છે.

આમ લેખકે, પ્રિયકાન્તનાં લગભગ બધાં જ પ્રમુખ કાવ્યોને આ પુસ્તિકામાં આવરી લઈ આ સંવેદનપટુ કવિની અઢી દાયકાની પ્રવાસયાત્રાનો અત્યંત સૂક્ષ્મતાથી પરિચય કરાવ્યો છે. નિજ અનુભવનું-બહુધા વિસ્મયનું-કાવ્યમાં કેવું અદ્‌ભુત રસાયણ થાય છે તથા છંદો, પ્રતીકો, કલ્પનો વગેરે સાથે કવિ કેવી રીતે કામ પાડે છે તેના ઐતિહાસિક અને કૃતિલક્ષી આલેખમાં લેખકે પ્રિયકાન્તની સુરમ્ય માનસ-છબી કંડારી છે. પ્રિયકાન્તનું લગભગ બીજું હૃદય બની ચૂકેલા શ્રી નલિન રાવળે કવિનાં જીવન-કવન પરત્વે કેટલીક અંગત ભૂમિકા પૂરી પાડી કવિના સમગ્ર વ્યક્તિત્વને પામવા માટેની કેટલીક ખૂટતી કડીઓ આપી મિત્રધર્મ બજાવ્યો છે. 'એકરાર' પાછળની કવિની નિજ-સંવેદના અને તે કાવ્યનો 'ખીલા' નામે થયેલો આમૂલ કાયાકલ્પ કે અમેરિકાપ્રવાસ દ્વારા ફિલાડેલ્ફિયામાં પન્નાબેન સાથે પાંગરેલી કાવ્યમૈત્રી વગેરે આધારભૂત માહિતી કવિના અંતરંગી મિત્ર જ આપી શકે ને! કવિ-વિવેચક નલિન, પ્રિયકાન્તની કાવ્ય-સૃષ્ટિને અવલોકતાં પોતાના અંગત ગમા-અણગમા વિના સંકોચે વ્યક્ત કરે છે: (અ) 'ખીલા'ની

ભાષા સંબંધી: 'આ એક અસહ્ય પરિસ્થિતિ છે. કાવ્ય કાં ચોખ્ખું ગદ્યમાં હોવું જોઈએ કાં ચોખ્ખું પદ્યમાં હોવું જોઈએ;' (પૃ. ૨૪). (બ) 'નક્કી અહીંઆ હું રહું છું'ની ચર્ચા કરતાં: 'આ કાવ્યમાં પ્રયોજાયેલી હળવી શૈલી પછીથી ઘણાએકે અજમાવેલી પણ પરિણામ નર્યાં અનુકરણોમાં આવેલું.' (પૃ. ૫૮).

તો શ્રી નલિન કેટલેક સ્થળે યોગ્ય રીતે પ્રિયકાન્ત પર વારી જાય છે. જુઓ રાધાકૃષ્ણના અતિ પરિચિત પ્રતીક સંબંધી: 'પ્રિયકાન્તે આપણી પ્રેમ-ભક્તિ કવિતાપ્રકારના આ પારંપરિક પ્રતીકને એવી સબળ રીતે પ્રયોજ્યું છે કે આ પરંપરાના ઉત્તમ કવિઓમાં તે સહેજે સ્થાન લઈ શકે.' (પૃ. ૬૩)

વિશ્વના વ્યતિકરોને વિસ્મયભાવે નિહાળતા આ 'ફૂલોના કવિ'નું મહેફીલને તોડી અચાનક મૂરઝાઈ જવું એ અન્ય મિત્રોની માફક નલિનને માટે આશ્ચર્ય—આઘાતની ઘટના હતી. તેથી આ અંજલિલેખ બનતા મોનોગ્રાફમાં લેખકની કલમમાં તાજગી અને મુગ્ધતાનાં દર્શન થાય છે. તેમ છતાં વિવેચક નલિન મિત્રની સર્જનાત્મક પ્રવૃત્તિનું મૂલ્યાંકન કરતી વખતે એટલા જ તટસ્થ અને સ્વસ્થ રહ્યા છે તે નીચેનાં કેટલાંક વિધાનો પરથી જોઈ શકાશે:

(૧) થોડીએક સૉનેટરચનાઓ પણ છે; જોકે આ સ્વરૂપમાં પ્રિયકાન્તે નહીંવત્ કામ કર્યું છે. (પૃ. ૬૬)

(૨) 'સમીપ'માં કેટલીક ગઝલો છે પણ મિજાજ અને સ્વરૂપની દૃષ્ટિએ આ ગઝલો કોઈ આગવી છાપ મૂકી જતી નથી. (પૃ. ૭૨)

(૩) 'તું વસ્ત્રમાં હોય છે ત્યારે' તેમ જ 'શાવર' આ બે કૃતિઓ ભાવ અને ભાષા દૃષ્ટિએ અસુંદર છે. (પૃ. ૮૯)

(૪) ગમે તેવા ધારદાર શબ્દપ્રયોગો કે તીવ્ર કલ્પનો છતાં આ પ્રકારની શય્યાસુખની કવિતા એક જડ વર્ણનની આગળ જતી નથી. (પૃ. ૬૬)

આ પ્રકારની શ્રેણીનું આયોજન કરવા બદલ સંપાદકશ્રી પણ તેટલા જ અભિનંદનને પાત્ર છે. 'ગુજરાતી ગ્રંથકાર શ્રેણી'ના બીજા મણકાઓ પણ અપેક્ષિત સાહિત્યિક ધોરણોવાળા સત્ત્વશીલ નીવડે તેવી ભાવના સહ આ પુસ્તિકાને આવકારીએ છીએ.

લવકુમાર મ. દેસાઈ

* * *

સાભાર સ્વીકાર

૧ **ગ્રીસનો પ્રાચીન ઇતિહાસ :** લે. પ્રા. ચંદ્રકાન્ત પટેલ, **પ્ર.** યુનિવર્સિટી ગ્રન્થનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ–૩૮૦ ૦૦૬, પૃ. ૬ + ૨૪૪, કિંમત : રૂા. ૧૨=૦૦ પૈસા.

૨ **ઇસ્લામ દર્શન :** લે. શ્રી. ઈસ્માલભાઈ નાગોરી, **પ્ર.** સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર, પૃ. ૨૦૭, કિંમત : રૂા. ૧૨=૦૦ પૈસા.

૩ **શીખદર્શન :** લે. શ્રી. ઉપેન્દ્રરાય જ. સાંડેસરા, પ્ર. સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર, પૃ. vii + ૨૭૪, કિંમત રૂા. ૧૦=૦૦ પૈસા.

૪ **સોલંકી કાલ :** (ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ, ગ્રંથ–૪) : સં. શ્રી રસિકલાલ છો. પરીખ અને શ્રી હરિપ્રસાદ ગં. શાસ્ત્રી, **પ્ર.** ભો. જ. અધ્યયન–સંશોધન વિદ્યાભવન, ર. છો. માર્ગ, અમદાવાદ–૩૮૦ ૦૦૯, પ્ર. ૩૨ + ૬૨૮ + ૩૪, કિંમત : રૂા. ૯=૫૫ પૈસા.

૫ **ज्ञातार्थवीथी :** સં. શ્રી. પી. યુ. શાસ્ત્રી, પ્ર. ભારતીય પ્રાચ્ય તત્ત્વપ્રકાશન સમિતિ, પિંડવાડા, પૃ. ૪૪ + ૮૪, કિંમત : રૂા. ૩ = ૦૦ પૈસા.

૬ **રામાયણ દર્શન :** લે. મહાત્માશ્રી યોગેશ્વરજી, પ્ર. સાહિત્ય સંગમ, ગોપીપુરા, બાવાસીદી, સુરત–૧, પૃ. ૫૫૮, કિંમત : રૂા. ૨૦ = ૦૦ પૈસા.

૭ **સહજ :** લે. શ્રી વાડીલાલ ડગલી, પ્ર. બાલગોવિંદ પ્રકાશન, ગાંધી માર્ગ, અમદાવાદ–૩૮૦૦૦૧, પૃ. ૮ + ૧૧૨, કિંમત : રૂા. ૧૦ = ૦૦ પૈસા.

૮ **પલ દો પલ :** લે. કુ. હરિન મજીઠિયા, **પ્ર.** આનંદ, જુબેલી, પોરબંદર, પૃ. ૫૬, કિંમત : છાપેલ નથી.

૯ **કબીર સત્ય પ્રકાશ :** લે. અને **પ્ર.** શ્રી યોગીરાજ પૂ. તપસ્વી, શ્રી તપસ્વી સાહેબ, કબીર આશ્રમ, લીંબડી (સૌરાષ્ટ્ર), કિંમત : છાપેલ નથી.

૧૦ **ભાષા-સાહિત્ય દ્વારા રાષ્ટ્રીય એકતા :** સં. શ્રી મોહનભાઈ પટેલ અને શ્રી ચંદ્રકાંત શેઠ, પ્ર. વ્યવસ્થાપક ટ્રસ્ટી, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦૦૧૪, પૃ. ૨૪+૩૮+૫૮, કિંમત: રૂા. ૫=૦૦ પૈસા.

૧૧ **ભાષાપરિચય અને ગુજરાતી ભાષાનું સ્વરૂપ:** લે. પ્રો. જયંત કોઠારી, **પ્ર.** યુનિવર્સિટી ગ્રન્થ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ–૩૮૦૦૦૬, પૃ. ૧૨+૩૩૦, કિંમત રૂા. ૯=૦૦ પૈસા.

૧૨ **હસ્તાક્ષર :** લે. શ્રી સુરેશ દલાલ, પ્ર. વોરા એન્ડ કંપની, ગાંધી ચેમ્બર્સ, ગાંધી માર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૧, પૃ. ૩૨, કિંમત : છાપેલ નથી.

સ્વાધ્યાય

પુસ્તક ૧૪ : અંક ૩ મે, ૧૯૭૭

અક્ષયતૃતીયા વિ. સં. ૨૦૩૩

અનુક્રમ

		પૃષ્ઠાંક
૧.	સોલંકીયુગીન ઇતિહાસનાં કેટલાંક ઉપેક્ષિત પાત્રો—મધુસૂદન ઢાંકી ...	૨૨૫
૨.	સલ્તનત સમયનો ગુજરાતી હિન્દુ-સમાજ : એક દર્શન—જયન્ત ઠાકર ...	૨૩૦
૩.	કલા અને નીતિ વિશે મેથ્યુ આર્નોલ્ડ—જનાર્દન પાઠક ...	૨૪૬
૪.	અસ્તિત્વવાદ—સુનયના દિવેટિયા ...	૨૫૧
૫.	વઢવાણના વાઘેશ્વરી માતાના મંદિરની શિવ-પ્રતિમા—નવીનચંદ્ર આચાર્ય ...	૨૫૮
૬.	નયચન્દ્રસૂરિકૃત કુમ્ભકર્ણ વિક્રમવર્ણનનાં કાવ્યો—અગરચન્દ નાહટા, અનુ.: જયન્ત ઠાકર ...	૨૬૧
૭.	ગુજરાતીનો સંત કવિ પંડિત ધનરાજ અધ્વર્યુ અને તેનાં પદ —કાન્તિકુમાર ભટ્ટ ...	૨૬૭
૮.	ઝાલોદના ભીલોમાં લગ્નવ્યવસ્થા—અરવિંદ ભટ્ટ, અમરસિંહ મુનિયા ...	૨૭૯
૯.	મહેસાણા જિલ્લાની બોલીના કેટલાક વિશિષ્ટ શબ્દો —પ્રવીણસિંહ ચાવડા ...	૨૮૭
૧૦.	રોડાનાં કેટલાંક વધુ શિલ્પો—વસંતકુમાર એસ. પારેખ ...	૨૯૨
૧૧.	કવિ દેપાલકૃત ચંદનબાળા ચઉપઈ—સં. વિદ્યાત્રી વોરા ...	૨૯૫
૧૨.	ગ્રન્થાવલોકન ...	૩૨૩
૧૩.	સાભાર સ્વીકાર ...	૩૩૪

Statement about the ownership and other particulars about newspapers

SVĀDHYĀYA (स्वाध्याय)

(To be published in the first issue every year after the last day of February)

FORM IV

(See Rule 8)

1 *Place of the Publication* :	Oriental Institute, M. S. University of Baroda, Baroda
2 *Periodicity of its Publication* :	Three Months—November, February May and August
3 *Printer's Name* :	Dr. A. N. Jani
(*Whether citizen of India*)	Yes
(*If foreigner, state the country of origin*)	
Address :	Sultanpura, Jamkhana's Pole, Baroda-390 001
4 *Publisher's Name* :	Dr. A. N. Jani
(*Whether citizen of India* ?)	Yes
(*If foreigner, state the country of origin*)	
Address :	Sultanpura, Jamkhana's Pole, Baroda-390 001
5 *Editor's Name* :	Dr. A. N. Jani
(*Whether citizen of India* ?)	Yes
(*If foreigner, state the country of origin*)	
Address :	Sultanpura, Jamkhana's Pole, Baroda-390 001
6 *Names & addresses of Individuals who own the newspaper and partners or shareholders holding more than one per cent of the total capital*	The M. S. University of Baroda, Baroda

I, A. N. Jani, hereby declare that the particulars given above are true to the best of my knowledge and belief.

A. N. Jani
Signature of Publisher

કૈ. મહારાજા સયાજીરાવ ત્રીજા સ્મારક સંશોધન

ઇનામી નિબંધ: ૧૯૭૬–૭૭

કૈ. મહારાજા સયાજીરાવ સ્મારક સંશોધન સમિતિ તરફથી **"ગુજરાતનો ઔદ્યોગિક વિકાસ: તેની સમસ્યાઓ અને ક્ષિતિજો"** એ વિષય ઉપર ઈનામી નિબંધ લખાવવાનો નિર્ણય થયો છે, અને તે માટેની હરિફાઈમાં, આ ટ્રસ્ટફંડના નિયમ પ્રમાણે ગુજરાત રાજ્યના બનાસકાંઠા, સાબરકાંઠા, મહેસાણા, અમરેલી, વડોદરા, અમદાવાદ, ખેડા, પંચમહાલ, ભરૂચ, સુરત, અને વલસાડ જિલ્લાનો કોઈ પણ વતની ભાગ લઈ શકશે. હરીફાઈમાં ભાગ લેવા ઇચ્છનારે પોતાનો નિબંધ તા. ૧-૭-૧૯૭૭ સુધીમાં નીચેના સરનામે મોકલવો. શ્રેષ્ઠ નિબંધ લખનારને રૂા. ૫૦૦-૦૦ (રૂા. પાંચસો)નું ઈનામ આપવામાં આવશે. નિબંધ ફુલસ્કેપ કાગળની એક બાજુએ સ્વચ્છ અક્ષરે લખવો. નિબંધનો વિસ્તાર, ઓછામાં ઓછો દસ હજાર શબ્દોનો હોવો જોઈએ, અને તે પચીસ હજાર શબ્દોથી વધવો જોઈએ નહિ. નિબંધ ગુજરાતી, હિન્દી અને મરાઠી એ ત્રણમાંથી ગમે તે એક ભાષામાં લખી શકશે.

સહી: **રણજિત મો. પટેલ**

મંત્રી

કૈ. મહારાજા સયાજીરાવ ત્રીજા
સ્મારક સંશોધન સમિતિ,
ગુજરાતી વિભાગ,
ફેકલ્ટી ઑફ આર્ટ્સ,
ટિળક રોડ, વડોદરા-૩૯૦ ૦૦૨

વૃક્ષોની વૃદ્ધિ આપણી સમૃદ્ધિ

ગામેગામે ગ્રામવન ઊભાં કરી તેનું જતન કરીએ

માહિતી-ગુજરાત-૭૭

WINNING COMBINATION

The farmer combines the best of bullocks to win the race. 'Jyoti' makes and combines a perfect motor and a perfect pump to bring you 'UNIBUILT'

'Jyoti'—pioneers in pumps and motors—have matched the best of both in 'UNIBUILT'. Because of 'Jyoti' expertise, know-how and long-standing research...and because it is a one-unit pump-motor... 'UNIBUILT' works better—provides greater output of water—requires minimum power consumption. You can safely depend on long-lasting, trouble-free 'UNIBUILT' to win the grow-more-food race!

UNIBUILT®

Jyoti Ltd. BARODA

HYDRAULICS ELECTRICALS POWER ELECTRONICS

Marketed by

JYOTI MARKETING AND PROJECTS LIMITED.

Bombay Shopping Centre, R.C. Dutt Road
Race Course Circle, Baroda 390 005

everest/790/JY

ગ્લાયકોડિનની તો મને ખાત્રીજ હતી

એમને ખાંસીમાં એ ઝટ રાહત આપે છે

ગ્લાયકોડિને ખાંસીની બીજી દવાઓ કરતાં ભારતભરમાં વધુમાં વધુ લોકોની ખાંસી દૂર કરી છે.

માટે જ એ સૌથી આગળ છે.

જ્યાં જ્યાં ખાંસીની અસર હોય છે, તે દરેક ભાગ પર ગ્લાયકોડિન ઝટ અસર કરે છે અને ચોક્કસ રાહત આપે છે.

- ગળાનો ચચરાટ મટાડે છે.
- છાતીનો ભરાવો દૂર કરે છે અને શરદી-ખાંસીથી છૂટકારો આપે છે.
- છાતીની જકડન દૂર કરે છે, જેથી આપ આસાનીથી શ્વાસ લઈ શકો છો... અને આરામથી ઉંઘી શકો છો.

ગમે તેવી ખાંસી હોય—એના પર પૂરો કાબૂ મેળવવા માટે આપ મધુર સ્વાદવાળી ગ્લાયકોડિન પર ભરોસો રાખી શકો છો.

Alembic

ગ્લાયકોડિન — ભારતમાં ખાંસીને પછાડનાર ચૅમ્પિયન...
વિશ્વસનીય દવાઓ બનાવનારી કંપની એલેમ્બિક તરફથી.

everest/520/ACW-gj

શ્રી સયાજી સાહિત્યમાલા

		રૂ. ન.પૈ.
૧	**ગુજરાતી ભાષાશાસ્ત્ર** (ભાગ ૨, ખંડ ૩)—પ્રો. કે. કા. શાસ્ત્રી	૮=૦૦
૨	**આપણું વિશ્વ**—શ્રી. છોટુભાઈ સુથાર	૯=૦૦
૩	**આપણી ખનિજસંપત્તિ**—ડૉ. ન. મૂ. શાહ	૪=૦૦
૪	**ભારતીય સંસ્કૃતિ**—(મૂળ લેખક: સ્વ. રમણલાલ વ. દેસાઈ) સંક્ષેપકાર: શ્રી. કિશોરકાન્ત યાજ્ઞિક	૪=૦૦
૫	**કૈલાસ**—સ્વામી પ્રણવતીર્થજી	૧૩=૦૦
૬	**અંબિકા, કોટેશ્વર અને કુંભારિયા**—શ્રી. કનૈયાલાલ ભાઈશંકર દવે	૫=૫૦
૭	**ઐતિહાસિક લેખસંગ્રહ**—પંડિત લાલચંદ ભ. ગાંધી	૧૮=૦૦
૮	**હરિભદ્રસૂરિ**—પ્રો. હીરાલાલ ર. કાપડિયા	૧૧=૦૦
૯	**માનવસર્જિત વસ્ત્રતંતુઓ**—શ્રી. પદ્મકાન્ત ર. શાહ	૧૦=૫૦
૧૦	**ભવાઈના વેશની વાર્તાઓ**—શ્રી. ભરતરામ ભા. મહેતા	૩=૦૦
૧૧	**શ્રીમદ્ ભાગવત (ગુજરાતી અનુવાદ)**—સ્વ. નાગરદાસ અમરજી પંડ્યા	૮=૦૦
૧૨	**ગુજરાત સ્થળનામ સંસદ વ્યાખ્યાનમાલા,** ભાગ ૧	૯=૦૦
૧૩	**આધુનિક ગુજરાતના સંતો**—ડૉ. કેશવલાલ ઠક્કર	૯=૦૦
૧૪	**કુદરતની રીતે વધુ આરોગ્ય**—શ્રી. શાંતિલાલ પુરોહિત	૭=૫૦
૧૫	**ભારત-રત્ન**—શ્રી. ઉપેન્દ્રરાય સાંડેસરા	૧૫=૫૦
૧૬	**ફારસી સાહિત્યનો ઇતિહાસ**—શ્રી. એમ. એફ. લોખંડવાલા	૬=૦૦
૧૭	**મહાગુજરાતના મુસલમાનો, ભાગ ૧-૨**—શ્રી કરીમ મહંમદ માસ્તર	૧૭=૦૦
૧૮	**ઓખામંડળના વાઘેરો**—શ્રી કલ્યાણરાય ન. જોશી	૧૩=૦૦
૧૯	**ગુજરાત: એક દર્શન** (બીજી આવૃત્તિ)—શ્રી શિવપ્રસાદ રાજગોર	૧૫=૫૦
૨૦	**પેટ્રોલિયમ**—શ્રી પદ્મકાન્ત ર. શાહ	૧૩=૦૦
૨૧	**પંચદશીતાત્પર્ય**—સ્વામી પ્રણવતીર્થજી	૬=૦૦
૨૨	**અખો અને મધ્યકાલીન સન્તપરંપરા**—ડૉ. યો. જ. ત્રિપાઠી	૧૪=૫૦
૨૩	**શ્રીમદ્ ભાગવત: ભાગ ૨**—સ્વ. નાગરદાસ અ. પંડ્યા	૧૧=૫૦
૨૪	**ચરકનો સ્વાધ્યાય, ભાગ ૧**—શ્રી બાપાલાલ ગ. વૈદ્ય	૨૬=૦૦
૨૫	**આકાશના દીવા**—સ્વ. રજનીકાન્ત મોદી (બાળકો માટે)	૪=૦૦
૨૬	**માતા અને બાળક**—શ્રીમતી વત્સલા મહેતા (માતુશ્રી જમનાબાઈ ગ્રન્થમાળા, પુષ્પ ૫)	૮=૦૦
૨૭	**ગુજરાતનો પૉટરી ઉદ્યોગ**—શ્રી શાંતિલાલ પી. પુરોહિત (૧૯૭૫), પાન ૧૦૩	૮=૭૫
૨૮	**ઊંડાણનો તાગ**—શ્રી છોટુભાઈ સુથાર (૧૯૭૫)	૧૫=૦૦
૨૯	**મીરાંબાઈ: એક મનન**—લે.: ડૉ. મંજુલાલ ર મજમુદાર (દ્વિતીય આવૃત્તિ–ઈ. સ. ૧૯૭૫)	૧૯=૦૦
૩૦.	**પ્રસંગશતક:** લે. ભરતરામ ભા. મહેતા (બાળકો માટે)	૬=૫૦

પ્રાપ્તિસ્થાન: **યુનિવર્સિટી પુસ્તકવેચાણ વિભાગ,**
મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી પ્રેસ, રાજમહેલ દરવાજા પાસે,
રાજમહેલ રોડ, વડોદરા–૩૯૦ ૦૦૧

સ્વાધ્યાય

સ્વાધ્યાય અને સંશોધનનું ત્રૈમાસિક

૧. વર્ષમાં ચાર અંક બહાર પડે છે—દીપોત્સવી અંક, વસંતપંચમી અંક, અક્ષયતૃતીયા અંક અને જન્માષ્ટમી અંક.

૨. **લવાજમ :**

—ભારતમાં....રૂ. ૨૦=૦૦ ન.પૈ. (ટપાલખર્ચ સાથે)
—પરદેશમાં : યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા માટે....૬ ડૉલર
યુરોપ અને અન્ય દેશો માટે....પૌં. ૨.૫૦

૩. આખા વર્ષના ગ્રાહકો લવાજમના વર્ષની શરૂઆતથી જ નોંધવામાં આવે છે. લવાજમ અગાઉથી સ્વીકારવામાં આવે છે. લવાજમ મોકલતી વખતે કયા વૉલ્યુમ માટે લવાજમ મોકલ્યું છે તે સ્પષ્ટ જણાવવું. લવાજમ ડાયરેકટર, ઓરિયેન્ટલ ઇન્સ્ટિટ્યુટ, વડોદરા, એ નામે મોકલવું.

૪. **જાહેરાતો :**

આ ત્રૈમાસિકમાં જાહેરાતો આપવા માટે લખો—
સંપાદક, 'સ્વાધ્યાય', પ્રાચ્યવિદ્યા મન્દિર, લોકમાન્ય ટિળક રોડ,
વડોદરા–૩૯૦ ૦૦૨

૫. **લેખકોને વિજ્ઞપ્તિ**

'સ્વાધ્યાય'માં પ્રસિદ્ધ થવા માટે, પાનની એક જ બાજુએ, શાહીથી સુવાચ્ય અક્ષરે લખેલા લેખો મોકલવા લેખકોને વિનંતી છે; શકય હોય તો લેખ ટાઈપ કરી મોકલવા જરૂરી છે. ગૂજરાત વિદ્યાપીઠના જોડણીકોશ પ્રમાણેની જોડણી રાખવી આવશ્યક છે.

પ્રાચ્યવિદ્યા મન્દિર,
લોકમાન્ય ટિળક રોડ,
વડોદરા—૩૯૦ ૦૦૨

સંપાદક

મુદ્રક: શ્રી રમણલાલ જે. પટેલ, મૅનેજર, ધી મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઑફ બરોડા પ્રેસ (સાધના પ્રેસ), રાજમહેલ રોડ, વડોદરા; પ્રકાશક : ડૉ. અરુણોદય ન. જાની, નિયામક, પ્રાચ્યવિદ્યા મન્દિર, મ. સ. વિશ્વવિદ્યાલય, વડોદરા, મે, '૭૭.

ચિત્ર ૨

આસનસ્થ કેવલમૂર્તિ શિવયોગી

[ચિત્રની સમજૂતી માટે જુઓ આ અંકમાં શ્રી વસંત પારેખનો લેખ]



ચિત્ર ૧

આસનસ્થ કેવલમૂર્તિ શિવ

[ચિત્રની સમજૂતી માટે જુઓ આ અંકમાં શ્રી વસંત પારેખનો લેખ]